સાપ્તાહિક
# મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1689/57

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 24
■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ જયેષ્ઠ વદ-૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26

રવિવાર, ૧૫ જૂન, ૨૦૨૫, (૧૬ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦

ઉત્સવ પૂર્તિ ૫ થી ૧૧

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# દક્ષિણ આફ્રિકાએ રચ્યો ઈતિહાસઃ ટેસ્ટમાં વર્લ્ડ ચૅમ્પિયન

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 91,440/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

MBBS ADMISSION
NEET Marks 113-400?
Budget 5-10 Lakh/Year?
Kaise Milega?
VISHWA Since-1999
70 3030 66 11 www.vmap.co.in

## ‘ચૉકર્સ’ની દાયકાઓ જૂની છાપ ભૂંસી નાખી

## ૨૭ વર્ષે જીત્યા મોટી ટ્રોફીઃ ટેસ્ટના વર્લ્ડ કપમાં માર્કરમ લૉર્ડ્સની ફાઇનલમાં બન્યો ‘લૉર્ડ’: ઑસ્ટ્રેલિયા ટાઇટલ ન જાળવી શક્યું




**વિજયનો ઉન્માદઃ** લંડનમાં લૉર્ડ્સના મેદાન પર શનિવારે રમાયેલી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં દક્ષિણ આફ્રિકાની ટીમે ઑસ્ટ્રેલિયા સામે વિજય મેળવ્યા બાદ હાથમાં વિજેતા ટ્રોફી લઈને ટીમના સભ્યો સાથે ઉજવણી કરી રહેલો દક્ષિણ આફ્રિકાની ટીમનો કૅપ્ટન ટેમ્બા બવુમા. (એજન્સી)

લંડનઃ સાઉથ આફ્રિકાએ અહીં શનિવારે સાંજે લૉર્ડ્સમાં નવો ઇતિહાસ સર્જ્યો હતો. ઑસ્ટ્રેલિયા સામેની વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની ફાઇનલમાં ટેમ્બા બવુમાની ટીમે વિજય મેળવીને સાઉથ આફ્રિકાને પ્રથમ વાર ક્રિકેટ જગતની મોટી અને અમૂલ્ય ટ્રોફી અપાવી. સાઉથ આફ્રિકાએ ૨૮૨ રનનો લક્ષ્યાંક શનિવારના ચોથા દિવસે ફક્ત પાંચ વિકેટના ભોગે (૨૮૨/૫) મેળવી લીધો હતો. ઓપનર એઇડન માર્કરમ (૧૩૬ રન, ૨૦૭ બૉલ, ૧૪ ફોર) આ ઐતિહાસિક જીતનો સુપર-હીરો હતો. સાઉથ આફ્રિકાની જ નહીં, સમગ્ર ક્રિકેટ વિશ્વની જનતા તેને ‘લૉર્ડ્સના લૉર્ડ’ તરીકે ઓળખશે, કારણકે તેણે સાઉથ આફ્રિકાને દાયકાઓથી નડી રહેલી ‘ચૉકર્સ’ની છાપ દૂર કરાવી આપી છે.

૧૯૯૦ના દાયકામાં રંગભેદની નીતિ ત્યજીને ફરી ક્રિકેટ જગતમાં પ્રવેશેલા સાઉથ આફ્રિકાના ક્રિકેટ ઇતિહાસમાં બવુમાની ટીમનું અને ખાસ કરીને માર્કરમનું નામ સુવર્ણ અક્ષરે લખાશે. આઇસીસીના ચૅરમૅન જય શાહ તેમ જ ક્રિકેટ વર્લ્ડના બીજા અનેક મહાનુભાવો આ અવસરે લૉર્ડ્સમાં હાજર હતા. સાઉથ આફ્રિકાના ખેલાડીઓની પત્ની-ગર્લફ્રેન્ડ તેમ જ પરિવારજનો પણ બેહદ ખુશ હતા.

સાઉથ આફ્રિકા આ પહેલાં ફક્ત એક ટ્રોફી જીત્યું હતું. ૧૯૯૮માં એ ટ્રોફી વિલ્સ ઇન્ટરનૅશનલ કપની હતી. ત્યાર પછી ટૂર્નામેન્ટોની સેમિ ફાઇનલ કે ફાઇનલમાં પહોંચીને પણ છેવટે હારી બેસતા સાઉથ આફ્રિકા હવે ‘ચૉકર્સ’ નથી રહ્યું. તેઓ ૧૯૯૮ની આઇસીસી નૉકઆઉટ ટ્રોફી જીત્યા બાદ છેક ૨૭ વર્ષે મોટી ટ્રોફી જીત્યા છે.

જે કામ ભારત બે વખત (૨૦૨૧માં, ૨૦૨૩માં) ડબ્લ્યૂટીસીની ફાઇનલમાં પહોંચ્યા પછી ન કરી શક્યું એ કામ સાઉથ આફ્રિકાએ એક જ વખત (૨૦૨૫માં) ફાઇનલમાં પહોંચીને કરી દેખાડ્યું છે.

સાઉથ આફ્રિકાને આ સન્માન અપાવવામાં અશ્વેત કૅપ્ટન ટેમ્બા બવુમા (૬૬ રન, ૧૩૪ બૉલ, પાંચ ફોર)નું પણ બહુમૂલ્ય યોગદાન છે. તેણે ત્રીજી વિકેટ માટે માર્કરમ સાથે ૧૪૭ રનની અમૂલ્ય ભાગીદારી કરી હતી. મૅચને અંતે સાઉથ આફ્રિકાનો ડેવિડ બેડિંગમ (૨૧ અણનમ, ૪૯ બૉલ, એક ફોર) અણનમ રહ્યો હતો. તેની સાથે વિકેટકીપર કાઇલ વેરેની (ચાર રન, ૧૩ બૉલ) પણ (જુઓ પાનું ૨) ▸▸

મુંબઈ સમાચાર
વર્ષ ૨૦૪
પહેલી જુલાઈ, ૨૦૨૫ના
સમગ્ર એશિયાનું ગૌરવ સમાન સૌથી જૂનું અખબાર
‘‘મુંબઈ સમાચાર’’ પ્રવેશે છે ૨૦૪મા વર્ષમાં...
‘‘મુંબઈ સમાચાર’’ના સ્થાપના દિવસે દર વર્ષે કંઈક હટકે કરવાની પરંપરા રહી છે અને આ પરંપરાને આગળ વધારતા આ વર્ષે આપણે નવાજીએ એવા લોકોને કે જેઓ આપણા જીવનદાતા છે... આ પ્રસંગે
૧૫ ડોક્ટરનું સન્માન કરવામાં આવશે
જેમનું તેમના ક્ષેત્રમાં અનન્ય યોગદાન રહ્યું છે
પહેલી જુલાઈના સાંજે સાત વાગ્યે
સ્થળ : નહેરુ સેન્ટર ઓડિટોરિયમ, મુંબઈ
દર વર્ષની જેમ ગીત-સંગીતનો જલસો તો ખરો જ...
કાર્યક્રમની વધુ વિગતો માટે જોતા રહો
મુંબઈ સમાચાર

# ઈરાનનો ઈઝરાયલ પર ડ્રોન અને મિસાઈલથી હુમલોઃ ત્રણનાં મોત



**ઈન્સ્પેક્શનઃ** ઈરાને શનિવારે ઈઝરાયલના રિશોન લૅઝન વિસ્તાર પર કરેલા મિસાઈલ હુમલામાં નાશ પામેલા ઘરોનું ઈન્સ્પેક્શન કરી રહેલા સુરક્ષા દળના જવાનો. (એજન્સી)

દુબઈઃ ઈઝરાયલે ઈરાનના અણુમથક અને સશસ્ત્ર દળ પર કરેલા શ્રેણીબદ્ધ હુમલાના જવાબમાં ઈરાને શનિવારે વહેલી સવારે ઈઝરાયલ પર ડ્રોન અને મિસાઈલ હુમલો કર્યો હતો.

આ હુમલામાં એક મહિલા સહિત ઓછામાં ઓછા ત્રણ જણનાં મોત થયાં હોવા ઉપરાંત ડઝનબંધ લોકો ઘાયલ થયા હોવાનાં અહેવાલ છે.

હુમલાને કારણે તેલ અવીવમાં એક મહિલા સહિત ૩૪ જણ ઘાયલ થયા હોવાનું ઈઝરાયલની અર્ધતબીબી સેવાના અધિકારીઓએ કહ્યું હતું.

હુમલામાં ચાર ઘરને ગંભીર નુકસાન થયું હોવાનું ઈઝરાયલની ફાયર ઍન્ડ રેસ્ક્યૂ સર્વિસ એજન્સીએ કહ્યું હતું.

ઈરાનના ચાવીરૂપ અણુ સંસ્થાનો અને ટોચના જનરલ તેમ જ વૈજ્ઞાનિકોની હત્યા કરવા ઈઝરાયલે યુદ્ધવિમાનો અને દાણચોરી મારફતે મેળવેલા અત્યાધુનિક (જુઓ પાનું ૨) ▸▸

# નરેન્દ્ર મોદી કેનેડામાં જી-૭ શિખર પરિષદમાં ભાગ લેશે

## ક્રોએશિયાની મુલાકાત લેનારા પ્રથમ ભારતીય વડા પ્રધાન

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી રવિવારથી કેનેડા સહિત ત્રણ દેશની મુલાકાતે જશે. આ મુલાકાત દરમિયાન મોદી કેનેડામાં યોજાનારી જી-૭ શિખર પરિષદમાં પણ ભાગ લેશે. દ્વિપક્ષી સંબંધો સુધારવા અને સહકાર વધારવા મોદી સાયપ્રસ તેમ જ ક્રોએશિયાની મુલાકાત પણ લેશે. ક્રોએશિયાની મુલાકાત લેનારાં તે પ્રથમ ભારતીય વડા પ્રધાન છે.

પ્રમુખ નિકૉસ ક્રિસ્ટોડૉલાઈડ્સના આમંત્રણને માન આપીને મોદી સૌપ્રથમ સાયપ્રસની મુલાકાતે જશે.

સાયપ્રસની રાજધાની નિકોસિયામાં મોદી પ્રમુખ નિકૉસ ક્રિસ્ટોડૉલાઈડ્સ સાથે વાતચીત કરશે અને લિમાસૉલ ખાતે બિઝનેસ લીડરોને સંબોધન કરશે. આ મુલાકાત બંને દેશ વચ્ચેના દ્વિપક્ષી સંબંધો અને સહકાર વધારવાની પ્રતિબદ્ધતાને (જુઓ પાનું ૨) ▸▸

ગુજરાતનો ડંકો

# ‘નીટ’ યુજી ૨૦૨૫માં બે ગુજરાતી વિદ્યાર્થીઓ ટોપ-૧૦માં, રિઝલ્ટ જાહેર!

નવી દિલ્હીઃ નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા ‘નીટ’ યુજી ૨૦૨૫નાં પરિણામો જાહેર કરી દેવામાં આવ્યા છે. ઉમેદવારો સત્તાવાર વેબસાઇટ ક્ષયયર્.ક્ષિફિં.ક્ષશભ.શક્ષ પર જઈને પોતાનું પરિણામ જોઈ શકે છે. આ ઉપરાંત, વિદ્યાર્થીઓને તેમના રજિસ્ટર્ડ ઈમેલ ઍડ્રેસ પર પણ પરિણામ મોકલવામાં આવી રહ્યાં છે. રાજસ્થાનના હનુમાનગઢના મહેશ કુમારે પ્રથમ સ્થાન મેળવ્યું છે, જ્યારે ટોપ ૧૦ યાદીમાં ગુજરાતના બે વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. ‘નીટ’ યુજી ૨૦૨૫નાં પરિણામો જાહેર થઈ કરી દેવામાં આવ્યાં છે. રાજસ્થાનના હનુમાનગઢના મહેશ કુમારે પ્રથમ (જુઓ પાનું ૨) ▸▸

# જો ઈરાન મિસાઈલ છોડવાનું ચાલુ રાખશે તો ‘તહરાન સળગશે’: ઈઝરાયલ

જેરુસલેમ : સંરક્ષણ પ્રધાન ઇઝરાયલ કાત્ઝે ઈરાનને ચેતવણી આપી છે કે ‘‘જો (અલી) ખામેની ઈઝરાયલી હોમ ફ્રન્ટ પર મિસાઈલ છોડવાનું ચાલુ રાખશે, તો તહરાન સળગશે,’’ એમ ઇઝરાયલી સંરક્ષણ પ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું.

ઈઝરાયલ દ્વારા ઈરાનના પરમાણુ, મિસાઈલ અને લશ્કરી સંકુલ પર હુમલા બાદ ઈરાને ઈઝરાયલ પર બદલો લેવા માટે હુમલો કર્યા બાદ તેમની ટિપ્પણી આવી છે.

‘‘ઈરાની સરમુખત્યાર ઈરાનના નાગરિકોને બંધકોમાં ફેરવી રહ્યા છે અને એક એવી વાસ્તવિકતા બનાવી રહ્યા છે જેમાં તેઓ, ખાસ કરીને તહરાનના રહેવાસીઓ, ઈઝરાયલી નાગરિકો પરના ગુનાહિત હુમલા માટે ભારે કિંમત ચૂકવશે,’’ કાત્ઝે ઈઝરાયલી સંરક્ષણ દળો (આઇડીએફ) ચીફ ઓફ સ્ટાફ એયાલ ઝમીર, મોસાદના ડિરેક્ટર ડેવિડ બાર્નીઆ અને અન્ય ટોચના લશ્કરી અધિકારીઓ સાથે પરિસ્થિતિનાં મૂલ્યાંકન દરમિયાન જણાવ્યું હતું. ઇઝરાયલે અત્યાર સુધી પોતાના હુમલાઓ ઇરાની પરમાણુ અને લશ્કરી સ્થાપનો સુધી મર્યાદિત રાખ્યા છે અને તેમની સાથે જોડાયેલા મુખ્ય અધિકારીઓને નિશાન (જુઓ પાનું ૨) ▸▸

# સરકારે કરી ઉચ્ચ સ્તરીય સમિતિની રચના

નવી દિલ્હીઃ ઍર ઈન્ડિયા વિમાન દુર્ઘટનાનું કારણ તપાસવા સરકારે કેન્દ્રીય ગૃહ સચિવના વડપણ હેઠળ ઉચ્ચસ્તરીય સમિતિની રચના કરી છે. આ સમિતિ અમદાવાદ વિમાન દુર્ઘટનાનાં કારણોની ચકાસણી કરશે અને ભવિષ્યમાં આવી દુર્ઘટના ન સર્જાય તે માટે વ્યાપક માર્ગદર્શિકા તૈયાર કરશે.

નાગરિકી ઉડ્ડયન ખાતાએ કહ્યું હતું કે આ સમિતિ ઘટનાને મામલે તપાસ કરી રહેલી અન્ય સંબંધિત સંસ્થાઓની સબ્સ્ટિટ્યૂટ તરીકે કામ નહીં કરે.

આ સમિતિ ભવિષ્યમાં આ પ્રકારની ઘટના ન બને તે માટે સ્ટાન્ડર્ડ ઑપરેટિંગ પ્રોસિજર (એસઓપી) ઘડી કાઢવા પર ધ્યાન કેન્દ્રીત કરશે.

બારમી જૂને લંડન ગૅટવિક જઈ રહેલું બૉઈંગ ૭૮૭-૮ વિમાન અમદાવાદ ઍરપોર્ટ પરથી ઉડ્ડયન ભર્યાનાં તુરંત બાદ તૂટી પડતાં વિમાનમાં સવાર ૨૪૨માંથી ક્રૂ મેમ્બર સહિત ૨૪૧ પ્રવાસી ઉપરાંત (જુઓ પાનું ૨) ▸▸




## મૃતદેહો પરિવારજનોને સોંપવાની શરૂઆત

અમદાવાદઃ ૧૨ જૂનના રોજ અમદાવાદના મેઘાણીનગરમાં થયેલી ભયાનક વિમાન દુર્ઘટનાનાં મૃતકોના મૃતદેહોને તેમના પરિવારજનોને સુપરત કરવાની પ્રક્રિયા શરૂ ધરવામાં આવી છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલના ૧૨૦૦ બેડ હોસ્પિટલ સામે આવેલા પોસ્ટ મોર્ટમ રૂમ ખાતેથી આ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.મળતી વિગતો અનુસાર ૨૪૮ લોકોના ડીએનએ સેમ્પલનું વેરિફિકેશન થઈ ચૂક્યું છે, અને તેમાંથી ૩૯ મૃતદેહોના ડીએનએ તેમના પરિવારજનોના ડીએનએ સાથે મેચ થયા છે. આ મેચ થયેલા મૃતદેહોને પરિવારજનોને સોંપવામાં આવી રહ્યા છે. મૃતદેહોને (જુઓ પાનું ૨) ▸▸

# આઇએમએની અપીલ બાદ તરત જ ટાટા ગ્રૂપ આવ્યું મદદે

નવી દિલ્હી : એર ઇન્ડિયા વિમાન દુર્ઘટનાએ સમગ્ર દેશને હચમચાવી નાખ્યો છે. ૧૨ જૂનના રોજ થયેલા આ ભયાનક અકસ્માતમાં ૨૭૪ લોકોનાં મોત થયાં હતાં. મૃતકોમાં ફક્ત વિમાનમાં સવાર મુસાફરો જ નહીં પરંતુ જમીન પર રહેલા ઘણા લોકો પણ સામેલ હતા. અમદાવાદમાં થયેલા આ અકસ્માતમાં બીજે મેડિકલ કોલેજના ઘણા વિદ્યાર્થીઓ પણ હાજર હતા, જેમાંથી કેટલાક ઘાયલ થયા હતા અને કેટલાકે જીવ ગુમાવ્યો હતો. આ દુઃખદ ઘટના બાદ, હવે આ વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો માટે મદદની માગ કરવામાં આવી રહી છે.

ઇન્ડિયન મેડિકલ એસોસિયેશનની ગુજરાત રાજ્ય શાખાએ ટાટા સન્સના ચેરમેન એન. ચંદ્રશેખરનને પત્ર લખીને બીજે મેડિકલ કોલેજના (જુઓ પાનું ૨) ▸▸

## એર ઈન્ડિયા મૃતકોના પરિવારને ₹ પચીસ લાખની સહાય આપશે

નવી દિલ્હીઃ અમદાવાદમાં ૧૨ જૂનના રોજ લંડન જતી એર ઇન્ડિયાની ડ્રીમલાઇનર વિમાન દુર્ઘટનામાં ૨૪૨ લોકો સવાર હતા, જેમાંથી માત્ર એક જ મુસાફર બચી શક્યો હતો. વિમાન મેડિકલ કોલેજ હોસ્ટેલ સાથે અથડાતા ત્યાં હાજર અનેક લોકોનાં પણ મોત થયાં છે. આ કરુણ ઘટના બાદ એર ઈન્ડિયાએ પીડિત પરિવારોને મદદ કરવાની જાહેરાત કરી છે. એરલાઈન્સે દુર્ઘટનાના પીડિત પરિવારોને તાત્કાલિક રાહત આપવા માટે ૨૫-૨૫ લાખ રૂપિયાની વચગાળાની સહાય આપવાની આજે સત્તાવાર જાહેરાત કરી છે.

એર ઈન્ડિયાએ કહ્યું કે, અમે આ દુઃખ સમયમાં પીડિત પરિવારોની સાથે ઊભા છીએ. અમારા કર્મચારીઓ તેઓને તમામ મદદ (જુઓ પાનું ૨) ▸▸

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૧૫-૬-૨૦૨૫ થી તા. ૨૧-૬-૨૦૨૫

ગ્રહગોચરઃ આ સપ્તાહના પ્રારંભે સૂર્યનારાયણ તા. ૧૭મીએ મિથુન રાશિમાં પ્રવેશે છે. મંગળ સિંહ રાશિમાં માર્ગી ભ્રમણ કરે છે. બુધ સમગ્ર સપ્તાહમાં મિથુન રાશિમાં શીઘ્ર ગતિએ માર્ગી ભ્રમણ કરે છે. ગુરુ મિથુન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર મેષ રાશિમાં ભ્રમણ કરે છે. શનિ મીન રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર તા.૧૬મીએ કુંભમાં, તા.૧૮મીએ મીનમાં, તા. ૨૦મીએ મેષમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા રોકાણ માટેની તક મેળવશો. પ્રવાસ દ્વારા નોકરીના કામકાજ પૂર્ણ થશે. પ્રવાસમાં નવી ઓળખાણો થાય. વ્યવસાયમાં નાણાંની પ્રવૃત્તિઓ સફળ બની રહેશે. કળા, નાટ્યપ્રવૃત્તિઓમાં પ્રગતિ સાધી શકશો. વ્યાપારમાં યશ મેળવશો. મહિલાઓને સંતાનના જવાબદારીના કામકાજમાં સફળતાનો અનુભવ થાય. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં વાંચન અભ્યાસ માટે અનુકૂળ તકો પ્રાપ્ત થતી જણાશે.

વૃષભ (બ, વ, ઉ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના વેપારમાંથી નાણાં આવક મેળવી શકશો. નોકરીના કામકાજ માટે દૂરના સ્થળનો પ્રવાસ જણાય છે. કારોબારની નાણાં આવકની વૃદ્ધિ થશે. નાણાં ખર્ચનાં સાધનો ઉપર કાબૂ રાખી શકશો. જરૂરી નાણાંનો વ્યવહાર સાચવી શકશો. મહિલાઓને પરિવારના સંબંધઓમાં યશસ્વી અનુભવ થશે. મહિલાઓને સંતાનના જવાબદારીના કામકાજ સફળતાથી પૂર્ણ થતાં જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવી પ્રવૃત્તિઓમાં સફળતાનો અનુભવ થાય.

મિથુન (ક, છ, ઘ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવશો. વેપાર લાભદાયી બનશે. નોકરીમાં પરિવર્તનો જણાય છે. નોકરીની પ્રવૃત્તિઓમાં યશ મેળવશો. હસ્તગત કાર્ય સફળતાથી પૂર્ણ કરી શકશો. કારોબારની નાણાં આવકની વૃદ્ધિ થશે. વ્યાપારમાં નવા મિત્રો મેળવી શકશો. વેપાર વધશે. મહિલાઓને કુટુંબ જીવનનો યશસ્વી અનુભવ થાય. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં ધાર્યા મુજબના શૈક્ષણિક કામકાજમાં અનુકૂળતાઓ જણાશે.

કર્ક (ડ, હ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરી માટે તા. ૧૬, ૧૭, ૧૮ શુભ જણાય છે. જૂનાં અધૂરાં કાર્યો સફળતાથી પૂર્ણ કરી શકશો. ભાગીદાર સાથેના મતભેદોનો ઉકેલ આવશે. કઠીન પ્રવાસ, કામકાજ આ સપ્તાહમાં જન્મકુંડળીના આધારે જોઈ લેવા જરૂરી છે. મહિલાઓને જરૂરી મદદનીશ મળી રહેશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં કુટુંબીજનોનું માર્ગદર્શન, પ્રોત્સાહન પ્રાપ્ત થશે.

સિંહ (મ, ટ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં મિત્રો, માર્ગદર્શક બની રહેશે. નવું જ્ઞાન પણ મેળવી શકશો. નોકરીમાં તા. ૧૭, ૧૯ શુભ પુરવાર થશે. નોકરીમાં અધિકારીનો સહયોગ મેળવશો. ભાગીદાર સાથેના મતભેદોનો ઉકેલ આવશે. કારોબારનો પ્રવાસ સફળ પુરવાર થશે. વેપાર વધશે. મહિલાઓને નોકરીની પ્રવૃત્તિમાં યશસ્વી અનુભવ થાય. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા કામકાજ માટે અનુકૂળ તકો પ્રાપ્ત થતી જણાશે.

કન્યા (પ, ઠ, ણ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણની અનુકૂળ તકો પ્રાપ્ત થતી જણાશે. નોકરી માટે તા. ૧૬,૧૮, ૧૯ શુભ જણાય છે. કાર્યક્ષેત્રે સફળતાનો અનુભવ થશે. મિત્રોમાં યશસ્વી અનુભવ થાય. અર્થવ્યવસ્થા વધુ સક્ષમ પુરવાર થશે. મહિલાઓને પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અધ્યનના કામકાજ સફળ બનતા જણાશે. શૈક્ષણિક પ્રવાસ પણ સફળ પુરવાર થશે.

તુલા (ર, ત)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવશો. પરંતુ વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. તા. ૧૬, ૧૯, ૨૦ના નોકરીના કામકાજ સફળ બનતા જણાશે. કારોબારમાં ભાગીદાર મેળવશો. મિત્રો ઉપયોગી જણાશે. સંતાન કાર્યક્ષેત્રે ઉપયોગી થશે. વેપારમાં અનુકૂળ તકો મેળવશો. મહિલાઓને આ સપ્તાહમાં પડોશ મિત્રોનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં કુટુંબીજનોનું પ્રોત્સાહન પ્રાપ્ત કરશે.

વૃશ્ચિક (ન, ય)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપારના કામકાજમાં સંભાળવું જરૂરી છે. નાણાં ખર્ચ કાર્યક્ષેત્રે અધિક જણાય છે. પરંતુ નાણાંઆવક જળવાશે. નાણાંના સાધનો વધુ મજબૂત પુરવાર થશે. પ્રવાસ સફળ બની રહેશે. મહિલાઓને તીર્થપ્રવાસની સફળતા પ્રાપ્ત થતી જણાશે. વૈચારિક મતભેદો દૂર થવાથી મહિલાઓને કુટુંબના પ્રસંગોમાં ઉત્સાહ અને સફળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં વાંચન અભ્યાસ પૂર્ણ કરી શકશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક, નવું રોકાણ સફળ બની રહેશે. ભાગીદાર કાર્યક્ષેત્રે ઉપયોગી થાય. નોકરીમાં તા. ૧૭, ૧૯, ૨૦ શુભ પુરવાર થશે. નોકરીની પ્રવૃત્તિઓ સફળતાથી પૂર્ણ કરી શકશો. જવાબદારીઓ પૂર્ણ કરવામાં સફળ રહેશો. મહિલાઓને આ સપ્તાહમાં પરિવારના સભ્યોનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અભ્યાસના કામકાજ સફળતાથી પૂર્ણ થતાં જણાશે.

મકર (ખ.જ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં જૂનાં રોકાણમાંથી નાણાં મેળવી શકશો. નોકરીમાં સહકાર્યકરોનો સહયોગ મેળવશો. ઉપરી અધિકારી ઉપયોગી થશે. કારોબારમાં નવા કામકાજ ઉમેરાશે. નાણાં આવકની વૃદ્ધિ થશે. વ્યક્તિગત મૂંઝવણ દૂર થવાથી મહિલાઓને પરિવારની જવાબદારીઓ પૂર્ણ કરવામાં અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને સહઅધ્યાયીઓનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે.

કુંભ (ગ, શ, સ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના કામકાજમાં સફળતાથી આત્મવિશ્વાસ અનુભવશો. શૅરબજારનો વેપાર વધશે. નોકરીમાં સહકાર્યકરો ઉપયોગી થશે. નોકરીમાં નવા કામકાજનો પ્રારંભ પણ થાય. કાર્યક્ષેત્રે આત્મવિશ્વાસ દઢ બનશે. કુટુંબ જીવનના સુખદ અનુભવ મહિલાઓને પ્રાપ્ત થતાં જણાશે. જીવનસાથી સાથેના મતભેદોનો ઉકેલ આવશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં કુટુંબીજનોનું પ્રોત્સાહન પ્રાપ્ત થતું જણાશે.

મીન (દ, ચ, ઝ, થ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના કામકાજમાં વાયદાનો વેપાર ટાળવો જરૂરી છે. નોકરીમાં મોટી જવાબદારીના વચનોથી દૂર રહેવું જરૂરી છે. અધિકારી દ્વારા નોકરીમાં સફળતા અનુભવશો. જૂનાં અધૂરા કામકાજ પૂર્ણ કરી શકશો. નોકરીમાં સહકાર્યકરો પણ ઉપયોગી થશે. વેપારની પ્રવૃત્તિઓમાં પ્રગતિ જણાશે. નાણાં આવકની વૃદ્ધિ થશે. મહિલાઓને કુટુંબના સભ્યોનો સહયોગ નિજી પ્રવૃત્તિઓમાં પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં અભ્યાસમાં એકાગ્રતા દાખવી શકશે. ■

## આજનું પંચાંગ

### ઉત્તરાયણ - સૌર ગ્રીષ્મઋતુ,

### રવિવાર, તા. ૧૫-૬-૨૦૨૫, સૂર્ય મિથુનમાં પ્રવેશ

ભારતીય દ્દિનાંક ૨૫, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૭
વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭,
જયેષ્ઠ વદ–૪
જૈન વીર સંવત ૨૫૫૧, માહે જયેષ્ઠ, તિથિ વદ–૪
પારસી શહેનશાહી રોજ ૫મો સ્પેન્દાર્મદ,
માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
પારસી કદમી રોજ ૫મો સ્પેન્દાર્મદ,
માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૨૭મો આસમાન,
માહે ૪થો તીર, સને ૧૩૯૪
મુસ્લિમ રોજ ૧૮મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
મીસરી રોજ ૧૯મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
નક્ષત્ર શ્રવણ મધ્યરાત્રિ પછી ક. ૨૪–૫૯ સુધી, પછી ઘનિષ્ઠા.
ચંદ્ર મકરમાં.
ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ).
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૨, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૫, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૪, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૪, સ્ટા. ટા.
– ઃમુંબઈ સમુદ્રમાં ભરતી ઓટઃ – દ્ધ
ભરતીઃ બપોરે ક. ૧૪–૪૪, મધ્યરાત્રિ પછી ક. ૦૨–૩૧ (તા. ૧૬)
ઓટઃ સવારે ક. ૦૭–૪૪, રાત્રે ક. ૨૦–૫૯
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’નામ સંવત્સર, જયેષ્ઠ કૃષ્ણ–ચતુર્થી. સૂર્ય મિથુનમાં સવારે ક. ૦૬–૪૫. મું. ૩૦. સામ્યાર્ઘ, સંક્રાંતિ પુણ્યકાળ ૦૬–૪૫થી ક. ૧૨–૩૯. રાજસ સંક્રાંતિ (ઓરિસ્સા), સૂર્ય મહાનક્ષત્ર મૃગશીર્ષમાં, વાહન શિયાળ.
શુભાશુભ દ્દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.

મુહૂર્ત વિશેષઃ
શ્રી વિષ્ણુ લક્ષ્મી પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી ગણેશપૂજા, શ્રી તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર પાઠ વાંચન, આકડાના ગણપતિનું પૂજન, વૈધુતિ જન્મયોગ શાંતિ પૂજા, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, સૂર્ય–ચંદ્ર ગ્રહદેવતાનું પૂજન, ગાયત્રી જાપ હવન, પરદેશગમનનું પસ્તાનું, સંક્રાંતિ પુણ્યકાળમાં તીર્થસ્નાન, સૂર્યપૂજા, વિષ્ણુપૂજા, શિવપૂજા, તર્પણ શ્રાદ્ધ, દાન, ભોજન, જપ, તપ, તીર્થદેવતાનું પૂજન વિશેષરૂપે, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, વિદ્યારંભ, વાહનસવારી.
આચમનઃ ચંદ્ર–શુક્ર ચતુષ્કોણ ઉડાઉ સ્વભાવ, મંગળ–હર્ષલ ચતુષ્કોણ અતિ ઉગ્ર, ગુરુ–શનિ ચતુષ્કોણ અપ્રમાણિક.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–શુક્ર ચતુષ્કોણ, મંગળ–હર્ષલ ચતુષ્કોણ, ગુરુ–શનિ ચતુષ્કોણ.
ગ્રહગોચરઃ સૂર્ય–વૃષભ / મિથુન, મંગળ–સિંહ, બુધ–મિથુન, ગુરુ–મિથુન, શુક્ર–મેષ શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યુન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૧૫-૬-૨૦૨૫ થી તા. ૨૧-૬-૨૦૨૫

રવિવાર, જયેષ્ઠ વદ–૪, વિ. સં. ૨૦૮૧, તા. ૧૫મી જૂન, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર શ્રવણ મધ્યરાત્રિ પછી ક. ૨૪–૫૯ સુધી, પછી ઘનિષ્ઠા. ચંદ્ર મકર રાશિ પર જન્માક્ષર. સૂર્ય મિથુનમાં સવારે ક. ૦૬–૪૫. મું. ૩૦. સામ્યાર્ઘ, સંક્રાંતિ પુણ્યકાળ ૦૬–૪૩થી ક.૧૩–૦૭. રાજસ સંક્રાંતિ (ઓરિસ્સા). શુભ કાર્ય વર્જ્ય છે.

સોમવાર, જયેષ્ઠ વદ–૫, તા. ૧૬મી. નક્ષત્ર ઘનિષ્ઠા મધ્યરાત્રિ પછી ક. ૨૫–૧૩ સુધી, પછી શતભિષા. ચંદ્ર મકરમાં બપોરે ક. ૧૩–૦૯ સુધી, પછી કુંભ રાશિ પર જન્માક્ષર. નાગપંચમી (બંગાળ), પંચક પ્રારંભ બપોરે ક. ૧૩–૦૯. શુભ દિવસ. લગ્ન.

મંગળવાર, જયેષ્ઠ વદ–૬, તા. ૧૭મી, નક્ષત્ર શતભિષા મધ્યરાત્રિ પછી ક. ૨૫–૦૧ સુધી (તા. ૧૮) પછી પૂર્વાભાદ્રપદા. ચંદ્ર કુંભ રાશિ પર જન્માક્ષર. પંચક, ભદ્રા બપોરે ક. ૧૪–૪૬થી ૨૬–૧૩. શુભ કાર્ય વર્જ્ય છે.

બુધવાર, જયેષ્ઠ વદ–૭, તા. ૧૮મી, નક્ષત્ર પૂર્વાભાદ્રપદા મધ્યરાત્રિ પછી ક. ૨૪–૨૨ સુધી (તા. ૧૯) પછી ઉત્તરા ભાદ્રપદા. ચંદ્ર કુંભમાં સાંજે ક. ૧૮–૩૪ સુધી, પછી મીન રાશિ પર જન્માક્ષર. કાલાષ્ટમી, પંચક. સામાન્ય દિવસ.

ગુરુવાર, જયેષ્ઠ વદ–૮, તા. ૧૯મી, નક્ષત્ર ઉત્તરા ભાદ્રપદા રાત્રે ક. ૨૩–૧૬ સુધી, પછી રેવતી.

ચંદ્ર મીન રાશિ પર જન્માક્ષર. પંચક. શુભ દિવસ.લગ્ન.

શુક્રવાર, જયેષ્ઠ વદ–૯, તા. ૨૦મી, નક્ષત્ર રેવતી ૨૧–૪૪ સુધી, પછી અશ્વિની. ચંદ્ર મીનમાં રાત્રે ક. ૨૧–૪૪ સુધી, પછી મેષ રાશિ પર જન્માક્ષર. ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૦–૩૮. અમૃતસિદ્ધિ યોગ સૂર્યોદયથી ૨૧–૪૫, પંચક સમાપ્તિ રાત્રે ક. ૨૧–૪૪. સામાન્ય દિવસ. લગ્ન.

શનિવાર, જયેષ્ઠ વદ–૧૦, તા. ૨૧મી, નક્ષત્ર અશ્વિની રાત્રે ક. ૧૯–૪૯ સુધી, પછી ભરણી. ચંદ્ર મેષ રાશિ પર જન્માક્ષર. એકાદશી ક્ષય તિથિ છે. યોગિની સ્માર્ત એકાદશી (સાકર), ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૭–૧૮. સૂર્ય સાયન કર્કમાં સવારે ક. ૦૮–૧૩. દક્ષિણાયન આરંભ, સૌર વર્ષાઋતુ પ્રારંભ, અયન પુણ્યકાળ સવારે ક. ૦૮–૧૩ સુધી. શુભ કાર્ય વર્જ્ય છે. ■

# ઈઝરાયલ અને ઈરાનની લડાઈમાં ફસાયા જમ્મુ અને કાશ્મીરના ૧,૩૦૦ વિદ્યાર્થી

*સુરેશ એસ ડુગ્ગર*

જમ્મુ : ઈઝરાયલ અને ઈરાન વચ્ચેની લડાઈમાં જમ્મુ અને કાશ્મીરના ૧,૩૦૦ વિદ્યાર્થી ફસાઈ ગયા છે. તેમની સલામતી અંગે જમ્મુ અને કાશ્મીરના અનેક ઘરોમાં ચિંતાનો માહોલ છે. કુટુંબીજનો સતત કેન્દ્ર સરકારને આગ્રહ કરી રહ્યા છે કે તેમને ત્યાંથી બહાર કઢાય. મુખ્ય પ્રધાન ઉમર અબ્દુલ્લા અને તેમના પિતા ફારૂકે તેમને માટે કેન્દ્ર સરકારને વિનંતી કરી છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચે લડાઈ ફાટી નીકળી છે. આને લીધે ઈરાનમાં અભ્યાસ કરનાર જમ્મુ અને કાશ્મીરના વિદ્યાર્થીઓ અંગે ચિંતાની લાગણી ફેલાઈ ગઈ છે. ઉમરે વિદેશ મંત્રાલયને વિનંતી કરી છે કે તે ઈરાનમાં રહેલા વિદ્યાર્થીઓની સુરક્ષાની તકેદારી લે.

તેમણે એક્સ પર વિદેશ મંત્રાલયને ટેગ કરીને પોસ્ટ લખી હતી કે ઈરાનમાં ફસાયેલા કાશ્મીરી વિદ્યાર્થીઓની સુરક્ષા તત્કાળ સુનિશ્ચિત કરવામાં આવે. અમે વિકટ સમયમાં તેમની સાથે છે. અમારા વિદ્યાર્થીઓની સલામતીના દરેક પગલાં લેવામાં આવે. કાશ્મીર વિદ્યાર્થી સંઘે કેન્દ્ર સરકારને અપીલ કરી છે કે ઈરાનમાં ફસાયેલા વિદ્યાર્થીઓને વહેલામાં વહેલી તકે ભારત લાવવામાં આવે. આ વિદ્યાર્થીઓ પ્રોફેશનલ કોર્સમાં અને ખાસ કરીને એમબીબીએસનો અભ્યાસ કરી રહ્યા હતા. વિદ્યાર્થી સંઘે કહ્યું હતું કે અનેક કૉલેજ લશ્કરી મથકોની નજીક છે, જ્યાં હુમલાનો ખતરો ઘણો છે. ગુરુવાર રાતથી હુમલા અને સાયરનનો અવાજ વિદ્યાર્થીઓને સુવા દેતા નથી. વિદ્યાર્થીઓ તેમને લાચાર સ્થિતિમાં જોઈ રહ્યા છે. તેમના કુટુંબીજનો વ્યાકુળ છે. અનેક વિદ્યાર્થીઓએ કહ્યું હતું કે અમે બહુ ડરી ગયા છે. વિદ્યાર્થીના માતાપિતા ઘરે ચિંતિત છે. નેશનલ કોન્ફરન્સના અધ્યક્ષ ડૉ. ફારૂક અબ્દુલ્લાએ આ મુદ્દે ચિંતા વ્યક્ત કરતા કહ્યું હતું કે ભારત સરકારે તરત જ કાર્યવાહી કરવી જોઈએ.પક્ષના મુખ્યાલયે એક નિવેદન બહાર પાડીને કહ્યું હતું કે ઈઝરાયલ અને ઈરાન સંયમ રાખે અને તંગદિલી દૂર કરવા વાતચીત કરે. તેમણે ભારતના વિદેશ મંત્રાલયને અનુરોધ કર્યો હતો કે ઈરાનમાં ભણી રહેલા કાશ્મીરી વિદ્યાર્થીઓની સુરક્ષાની તકેદારી લેવા તમામ પગલાં લેવામાં આવે. તેમના કુટુંબીજનો ઘણા ચિંતિત છે. આ વિકટ સમયે અમે તેમની સાથે છે. ■

# અમેરિકામાં હુમલાખોરોએ સાંસદની કરી હત્યા

ન્યૂ યૉર્કઃ અમેરિકાના મિનેસોટામાં પોલીસના વેશમાં આવેલા શૂટરે બે સાંસદના ઘરમાં ઘૂસીને ગોળી મારી હતી. આ ઘટનામાં મહિલા સાંસદ અને તેનાં પતિનું મોત થયું હતું. સ્ટેટ સેનેટર જૉન હૉફમેન અને સ્ટેટ રિપ્રેઝન્ટેટિવ મૉલિસા હાર્ટમેન પર તેમનાં જ ઘરમાં હુમલો કરવામાં આવ્યો હતો. સ્થાનિક અધિકારીઓએ આને ટાર્ગેટેડ હુમલો લેખાવ્યો હતો. હુમલામાં હૉફમેન ઘાયલ થયા હતા તો મૉલિસા હાર્ટમેન અને તેનાં પતિનું મૃત્યુ થયું હતું. આ ગોળીબાર મિનિયાપોલિસના ઉપનગર ચેમ્પલિન અને બ્રૂકલિન પાર્કસ્થિત તેમનાં નિવાસસ્થાને થયો હતો. પ્રાથમિક તપાસ મુજબ હુમલાખોર પોલીસના વેશમાં હતો. જોકે હુમલા પાછળનું કારણ જાણી શકાયું નથી. હુમલાખોરો પોલીસના વેશમાં હતા અને તેની કારમાંથી મળી આવેલા મેનિફેસ્ટોમાં સંભવિત ટાર્ગેટ તરીકે અન્ય નેતાઓ અને જનપ્રતિનિધિઓના નામ પણ હતા. પત્રકારોને આપેલી મુલાકાતમાં મિનેસોટાના ગવર્નર ટિમ વૉલ્ઝે કહ્યું હતું કે આપણે માત્ર મિનસોટામાં જ નહીં, પરંતુ સંપૂર્ણ દેશમાં તમામ પ્રકારની રાજકીય હિંસાના વિરોધમાં ઊભા થવું પડશે. ■

## પહેલા પાનાનું ચાલુ

### સાઉથ આફ્રિકાએ

અણનમ હતો. ઑસ્ટ્રેલિયા વતી મિચલ સ્ટાર્કે સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી.

શનિવારે ચોથા દિવસે ડિફેન્ડિંગ ચૅમ્પિયન ઑસ્ટ્રેલિયાના કૅપ્ટન પૅટ કમિન્સે હરીફ ટીમ સાઉથ આફ્રિકાના સુકાની ટેમ્બા બવુમાને આઉટ કરીને તેની લાંબી લડતનો અંત લાવી દીધો હતો. કમિન્સે કલાકે ૮૪ માઇલની ઝડપવાળો બૉલ ઑફ સ્ટમ્પની બહાર ફેંક્યો હતો અને એમાં બવુમાના બૅટની હળવી કટ લાગી જતાં વિકેટકીપર ઍલેક્સ કૅરીએ સુંદર કૅચ ઝીલી લીધો હતો.

બવુમાની વિકેટ વખતે સાઉથ આફ્રિકાનો સ્કોર ૨૧૭ રન હતો અને તેની ટીમે જીતવા માટે બીજા ૬૫ રન કરવાના બાકી હતા. ત્યારે સાઉથ આફ્રિકાની સ્થિતિ નાજુક થઈ હતી, પણ છેવટે તેઓ જીતીને જ રહ્યા.

ઑસ્ટ્રેલિયા આ ફાઇનલ જીતીને ટેસ્ટના આ વર્લ્ડ કપની ટ્રોફી જાળવી રાખનાર પ્રથમ દેશ બનવાનો હતો, પરંતુ સાઉથ આફ્રિકાને ઐતિહાસિક ટાઇટલ જીતીને એનું સપનું ચકનાચૂર કરી નાખ્યું છે.

ઑસ્ટ્રેલિયાએ પ્રથમ દાવમાં ૨૧૨ રન કર્યા પછી સાઉથ આફ્રિકા ૧૩૮ રન બનાવી શકતા કાંગારૂઓએ ૭૪ રનની લીડ લીધી હતી. જોકે ઑસ્ટ્રેલિયા બીજી ઇનિંગ્સમાં ૨૦૭ રન કરી શકતા ટેમ્બા બવુમાની ટીમને જીતવા ૨૮૨ રનનો સાધારણ ટાર્ગેટ મળ્યો હતો જે તેમણે ચોથા દિવસે લંચના સેશન પહેલાં જ મેળવી લીધો.■

### ‘નીટ’ યુજી

સ્થાન મેળવ્યું છે, જ્યારે ઈન્દોરના

ઉત્કર્ષ અવધિયા બીજા ક્રમે અને મહારાષ્ટ્રના કૃષાંગ જોશી ત્રીજા સ્થાને રહ્યા છે. ટોપ પાંચમાં દિલ્હીના મૃણાલ કિશોર ઝા ચોથા સ્થાને અને અવિકા અગ્રવાલ પાંચમા સ્થાને છે, જેમાં પ્રથમ ચાર સ્થાનો પર વિદ્યાર્થીઓ અને પાંચમા સ્થાને એક વિદ્યાર્થિની છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતના બે વિદ્યાર્થીઓ, જેનિલ વિનોદભાઈ ભાયાણી છઠ્ઠા સ્થાને અને ઝા ભવ્ય ચિરાગ આઠમા સ્થાને છે. બંને વિદ્યાર્થીએ ટોપ-૧૦માં સ્થાન મેળવીને રાજ્યનું ગૌરવ વધાર્યું છે.

ઉલ્લેખનીય છે કે ‘નીટ’ યુજી ૨૦૨૫ની પરીક્ષામાં ગુજરાતના ૮૧૬૦૫ વિદ્યાથીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું, જે પૈકી ૮૦૧૫૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. તેમાંથી ૫૦૦૪૦ વિદ્યાર્થીઓ ઉત્તિર્ણ થયા છે. ■

### નરેન્દ્ર મોદી

વધુ મજબૂત બનાવશે.

કેનેડાના પ્રમુખ માર્ક કાર્નિના આમંત્રણને પગલે મોદી ૧૬ અને ૧૭ જૂને કેનેડાની મુલાકાતે જશે અને ત્યાં યોજાનારી જી-૭ શિખર પરિષદમાં ભાગ લેશે.

મોદી જી-૭ શિખર પરિષદમાં સતત છઠ્ઠીવાર હાજરી આપશે. જી-શિખર પરિષદમાં મોદી જી-૭ દેશ સહિત અન્ય આમંત્રિત દેશના નેતાઓ સાથે ઊર્જા, સુરક્ષા, ટૅક્નોલૉજી ઍન્ડ ઈનોવેશન તેમ જ ખાસ કરીને એઆઈ એનર્જી ઍન્ડ ક્વાન્ટમ સંબંધિત મુદ્દે વિચારોની આપલે કરશે.

જી-૭ ગ્રૂપમાં કેનેડા, ફ્રાન્સ, જર્મની, ઈટલી, જાપાન, યુએસ અને યુકે જેવા વિશ્વના ઍડવાન્સ અર્થતંત્રનો સમાવેશ થાય છે.

૧૮મી જૂને મોદી ક્રોએશિયાની મુલાકાતે જશે અને વડા પ્રધાન ઍન્દ્રેજ પ્લૅન્કોવિકને મળશે.

દ્વિપક્ષી સંબંધો સુધારવા અને બંને દેશ વચ્ચેનો સહકાર વધારવા મોદી પ્લૅન્કોવિક સાથે મંત્રણા કરશે અને ક્રોએશિયાના પ્રમુખ ઝૉરાન મિલાનૉવિકને પણ મળશે.

છેલ્લા બે દાયકા કરતાં પણ વધુ સમય બાદ ક્રોએશિયાની મુલાકાતે જનારા મોદી પ્રથમ ભારતીય વડા પ્રધાન હશે એમ જણાવતાં વિદેશ ખાતાએ શનિવારે જાહેરાત કરી હતી કે આ મુલાકાત દ્વિપક્ષી સંબંધો માટે સીમાચિહ્નરૂપ હશે. (એજન્સી) ■

### મૃતકોના મૃતદેહોને

લઈ જવા માટે વડોદરાથી ટ્રક ભરીને કોફિન લાવવામાં આવ્યા છે. વહીવટીતંત્ર દ્વારા મૃતદેહોની ઓળખ પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરીને પરિવારજનોને વહેલી તકે મૃતદેહો સુપરત કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે વહીવટીતંત્ર દ્વારા મૃતદેહોને તેમના પરિવારને સોંપવા માટેની તૈયારી કરવામાં આવી હતી અને તેના ભાગરૂપે ૧૯૨ એમ્બ્યુલન્સ અને શબવાહિનીઓને સિવિલ ખાતે સ્ટેન્ડબાય રાખવામાં આવી હતી. તંત્ર દ્વારા તમામ મૃતદેહોને તેમના પરિવારને સન્માન સાથે સોંપવામાં આવશે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. નોંધનીય છે કે, આજે ઘટનાસ્થળ પરથી કાટમાળ કાઢતી વખતે પ્લેનના પાછળના ભાગેથી એક મૃતદેહ મળી આવ્યો હતો. જેને પોસ્ટમોર્ટમ માટે અમદાવાદ સિવિલ હૉસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. ■

### ઈરાનનો

ડ્રોનનો ઉપયોગ કર્યો હતો.

ઈરાન અણુશસ્ત્રો બનાવવાની દિશામાં વધુ આગળ વધે તે પહેલાં જ આ હુમલો કરવો જરૂરી હોવાનું ઈઝરાયલે કહ્યું હતું.

જોકે નિષ્ણાતો અને અમેરિકાની સરકારે ભારપૂર્વક કહ્યું હતું કે ઈઝરાયલના હુમલા અગાઉ ઈરાન અણુશસ્ત્રો બનાવવા સક્રિયપણે કાર્યરત નહોતું.

ઈઝરાયલ પર ડ્રોન અને મિસાઈલ હુમલો કરી ઈરાને વળતો જવાબ આપ્યો હતો. ઈરાને કરેલા વળતા હુમલાને કારણે જેરુસલેમ અને તેલ અવીવનું આકાશ વિસ્ફોટના અવાજથી ધમધમી ઊઠ્યું હતું અને ઈમારતો ધરાશાયી થઈ ગઈ હતી. ઈઝરાયલની સેનાએ નાગરિકોને સુરક્ષિત સ્થળે ખસી જવાની વિનંતી કરી હતી. આ હુમલાને કારણે બંને દેશ વચ્ચેની અણુ વાટાઘાટ પડી ભાંગે તેવી શક્યતા છે. ઈઝરાયલે ઈરાન પર કરેલા હુમલાએ અણુકરારને મામલે રવિવારે ઓમાનમાં અમેરિકા અને ઈરાન વચ્ચે યોજાનારી બેઠક સામે પણ પ્રશ્નાર્થ ઊભો કરી દીધો છે.

ઈઝરાયલે કરેલા હુમલા બાદ ઈરાનના વિદેશ ખાતાના પ્રવક્તા ઈસ્માઈલ બાઘેઈએ અણુકરારને મુદ્દે અમેરિકા સાથેની વાટાઘાટને અર્થવિહિન લેખાવી હતી.

ઈઝરાયલે ઈરાન પર હુમલો કરીને તમામ હદ પાર કરી દીધી હોવાનું તેમણે કહ્યું હતું.

ઈરાનના સુપ્રીમ નેતા આયાતોલ્લાહ અલી ખૌમેનીએ રેકોર્ડેડ મેસેજમાં કહ્યું હતું કે ઈઝારાયલે કરેલા આ ગુનામાંથી અમે તેને સુરક્ષિત રીતે છટકી જવા નહીં દઈએ. અમેરિકાની ઍર ડિફેન્સ સિસ્ટમ ઈરાન દ્વારા ઈઝરાયલ પર છોડવામાં આવેલા ડ્રોન અને મિસાઈલને નિષ્ક્રિય કરવામાં મદદ કરી રહી છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચે પૂર્ણકક્ષાનું યુદ્ધ ફાટી નીકળે એવી શંકા સેવવામાં આવી રહી છે.

એ વિસ્તારના અન્ય દેશો ઈઝરાયલ અને ઈરાન બંનેને તાત્કાલિક યુદ્ધ રોકી દેવાની વિનંતી કરી રહ્યા છે. ઈરાન-ઈઝરાયલ વચ્ચેના યુદ્ધને કારણે એ વિસ્તારની વિમાનસેવા ખોરવાઈ ગઈ છે. (એજન્સી)■

### આઇએમએની

અસરગ્રસ્ત વિદ્યાર્થીઓ માટે નાણાકીય અને માનવતાવાદી સહાયની અપીલ કરી છે. આઇએમએએ તેના પત્રમાં લખ્યું છે- અમે તમને નમ્ર વિનંતી કરીએ છીએ કે આ દુર્ભાગ્યપૂર્ણ અકસ્માતમાં ઘાયલ થયેલા અથવા જીવ ગુમાવનારા સ્થળ પર હાજર મેડિકલ વિદ્યાર્થીઓને નાણાકીય સહાય અને જરૂરી મદદ પૂરી પાડો. પત્રમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે એર ઇન્ડિયાએ તેના મુસાફરોના પરિવારોને એક કરોડ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી છે, આવી સ્થિતિમાં, મેડિકલ વિદ્યાર્થીઓ પ્રત્યે પણ આવી જ સહાનુભૂતિ અને સહયોગ દર્શાવવો જોઈએ. આઇએમએ એ લખ્યું, આ વિદ્યાર્થીઓ ફક્ત પીડિતો જ નહોતા, પરંતુ ભવિષ્યના ડોક્ટર હતા, તેમના પરિવારો પણ મદદના હકદાર છે. આઇએમએની અપીલના થોડા કલાકો પછી, એર ઇન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર અને સીઇઓ કેમ્પબેલ વિલ્સને એક વીડિયો સંદેશમાં જાહેરાત કરી કે ટાટા ગ્રૂપ અકસ્માતમાં જીવ ગુમાવનારા દરેક વ્યક્તિના પરિવારને એક કરોડ રૂપિયાનું વળતર આપશે. ઉપરાંત, ટાટા ગ્રૂપ ઘાયલ થયેલા લોકોની તમામ સારવારનો ખર્ચ પણ ઉઠાવશે. તેમણે ભાવનાત્મક રીતે કહ્યું, અમે આ ભરપાઈ ન થઈ શકે તેવા નુકસાનથી ખૂબ જ દુઃખી છીએ અને અસરગ્રસ્તો પ્રત્યે સંવેદના વ્યક્ત કરીએ છીએ.

આઇએમએ અને તબીબી સમુદાયે ટાટા ગ્રૂપની સંવેદનશીલતા, ઝડપી પ્રતિભાવ અને જવાબદાર વલણની પ્રશંસા કરી છે. કેમ્પબેલ વિલ્સને કહ્યું કે તેઓ પોતે ઘટનાસ્થળની મુલાકાત લીધી છે અને સરકારી અધિકારીઓને મળ્યા છે. તે જ સમયે, તેમણે ખાતરી પણ આપી કે એર ઇન્ડિયા તપાસમાં સંપૂર્ણ સહયોગ કરશે અને લાંબા સમય સુધી પીડિત પરિવારો સાથે જોડાયેલા રહેશે. ■

### ઍર ઈન્ડિયા

કરવા માટે સતત કામ કરી રહ્યા છે. આ દુઃખદ ઘટનાથી અમને આઘાત લાગ્યો છે. અમે જીવ ગુમાવનારાઓના પરિવારજનો સાથે શોક વ્યક્ત કરીએ છીએ. અમે પીડિતોના પરિવારને તાત્કાલીક રાહત આપવાની જાહેરાત કરી છે, જે તેમના મુશ્કેલ સમયમાં સહારો બનવાનો અમારો પ્રયાસ છે. ■

### જો ઈરાન

બનાવ્યા છે.

આઇડીએફએ જણાવ્યું હતું કે, ઇરાને ગઈકાલે રાતથી અનેક બેરેજમાં ઇઝરાયલ પર લગભગ ૨૦૦ બેલિસ્ટિક મિસાઇલ છોડી છે.

મોટાભાગની મિસાઇલોને હવાઈ સંરક્ષણ દ્વારા અટકાવવામાં આવી હતી, એવો દાવો તેણે કર્યો હતો.

લગભગ ૨૫%, એટલે કે ૫૦ થી ઓછીને, ‘‘પ્રોટોકોલ અનુસાર’’ અટકાવવામાં આવી ન હતી જે તેમને કોઈપણ મહત્ત્વપૂર્ણ માળખાને નુકસાન પહોંચાડ્યા વિના ખુલ્લા વિસ્તારોમાં પ્રહાર કરવાની મંજૂરી આપે છે.

‘‘ઓછી સંખ્યામાં’’ મિસાઇલોએ હવાઈ સંરક્ષણ વચ્ચેથી પહોંચીને જાનહાનિ અને નુકસાન પહોંચાડ્યું હતુ, જેમાં મધ્ય ઇઝરાયલમાં તેલ અવીવ, રામત ગાન અને રિશોન લેઝિયનના રહેણાંક વિસ્તારોનો સમાવેશ થાય છે, એમ સેનાએ જણાવ્યું હતું.

ઈરાની મિસાઇલ હુમલામાં ત્રણ ઇઝરાયલી માર્યા ગયા હોવાનું કહેવાય છે અને લગભગ ૭૦ અન્ય ઘાયલ થયા છે.

આઇડીએફ એ જણાવ્યું હતું કે હવાઈ મથકો સહિત તેના તમામ થાણાઓ રાબેતા મુજબ કાર્યરત છે અને તેમની કાર્યક્ષમતાને કોઈ નુકસાન થયું નથી.

શુક્રવારે ફાયર કરાયેલા ૧૦૦ ડ્રોન ઉપરાંત, રાત્રે ઇઝરાયલ પર ફાયર કરાયેલા અનેક ડ્રોનને ઇઝરાયલી વાયુસેના અને નૌકાદળ દ્વારા તોડી પાડવામાં આવ્યા હતા.

દરમિયાન, ઝમીર અને ઇઝરાયલી વાયુસેનાના વડા, ટોમર બારે કહ્યું છે કે ‘‘તહરાનનો માર્ગ મોકળો થઈ ગયો છે‘‘, તેમણે ભાર મૂક્યો છે કે યોજના અનુસાર, વાયુસેનાના ફાઇટર જેટ તહરાનમાં લક્ષ્યો પર હુમલા કરવાનું શરૂ કરશે.’’

યુદ્ધની શરૂઆત પછી પહેલી વાર, ઇઝરાયલથી ૧૫૦૦ કિલોમીટરથી વધુ દૂર, વાયુસેનાના ડઝનેક ફાઇટર જેટ્સે તેહરાનના આકાશ પર ઉડાન ભરીને તહરાન વિસ્તારમાં સંરક્ષણ પ્રણાલીઓ પર હુમલો કર્યો હતો. ■

### સરકારે કરી

વિમાન જે મૅડિકલ કૉલેજના પરિસરમાં તૂટી પડ્યું હતું ત્યાં હાજર અન્ય અનેક લોકોનાં પણ મોત થયાં હતાં.

ઍરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યૂરો (એએઆઈબી) દ્વારા આ જીવલેણ દુર્ઘટનાને મામલે તપાસ કરવામાં આવી રહી છે.

૧૩મી જૂને બહાર પાડવામાં આવેલા આદેશમાં જણાવ્યાનુસાર કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહનના વડપણ હેઠળની આ સમિતિમાં સિવિલ એવિયેશન સેક્રેટરી અને ગૃહ ખાતાના વધારાના સચિવ ઉપરાંત ગુજરાતના ગૃહ ખાતાના પ્રતિનિધિ, ગુજરાત ડિઝાસ્ટર રિસ્પોન્સ ઑથોરિટી, અમદાવાદ પોલીસ કમિશનર, ભારતીય હવાઈદળના ડિરેક્ટર જનરલ ઑફ ઈન્સ્પેક્શન ઍન્ડ સેફ્ટી, ડિરેક્ટર જનરલ ઑફ બ્યૂરો ઑફ સિવિલ એવિયેશન સિક્યોરિટી (બીસીએએસ) અને ડિરેક્ટર જનરલ ઑફ સિવિલ એવિયેશન (ડીજીસીએ), સ્પેશિયલ ડિરેક્ટર ઑફ ઈન્ટેલિજન્સ બ્યૂરો અને ડિરેક્ટર ઑફ ધ ડિરેક્ટરેટ ઑફ ફૉરેન્સિક સાયન્સ સર્વિસિસ પણ સભ્ય છે.

ઉડ્ડયન ક્ષેત્રના નિષ્ણાતો, એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેટરો અને કાયદાકીય સલાહકારોનો પણ આ સમિતિમાં સમાવેશ કરવામાં આવે એવી શક્યતા હોવાનું બહાર પાડવામાં આવેલા આદેશમાં જણાવવામાં આવ્યું હતું.

આ સમિતિ વિમાન દુર્ઘટનાનું મૂળ કારણ શોધવાના તેમ જ મૅકેનિકલ ખામી, માનવભૂલ, હવામાનની સ્થિતિ, નિયામકોએ તૈયાર કરેલા નિયમોનું પાલન સહિતનાં પરિબળોની આકારણી કરવાના પ્રયાસ કરશે

ભવિષ્યમાં આવી દુર્ઘટના ન સર્જાય તે માટે આ સમિતિ વ્યાપક સુધારાઓની ભલામણ કરશે અને એને લગતી વ્યાપક માર્ગદર્શિકા પણ તૈયાર કરશે.

આ પ્રકારની ઘટના ન બને તે માટે સમિતિ વર્તમાન માર્ગદર્શિકાની પણ ચકાસણી કરશે અને વ્યાપક એસઓપી તૈયાર કરી દુર્ઘટના બાદની પરિસ્થિતિને અસરકારક રીતે હાથ ધરી શકાય તે માટે નીતિઓમાં ફેરફાર, સંચાલનમાં સુધારા તેમ જ સઘન તાલીમ માટે ભલામણ કરશે. સમિતિ તમામ રેકોર્ડ, વિમાનનો ડેટા, કોકપીટ વોઈસ રેકોર્ડર, ઍરક્રાફ્ટ મેન્ટેનન્સ તેમ જ એટીસી રેકોર્ડ મેળવી શકશે અને સાક્ષીઓની પૂછપરછ કરી શકશે. આ દુર્ઘટનામાં કોઈ વિદેશી નાગરિક કે વિમાનના ઉત્પાદનમાં વિદેશી એજન્સી સંડોવાયેલી હશે તો સમિતિ આંતરરાષ્ટ્રીય એજન્સીઓનો સહયોગ મેળવશે. (એજન્સી)■

# થાણેમાં ૧૨ હજાર કરોડના ખર્ચે ચાર વર્ષમાં રિંગ રેલ મેટ્રો

થાણેઃ થાણેના રહેવાસીઓની મુસાફરી આરામદાયક બનાવવા અને તેમનો સમય બચાવવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારે થાણે શહેરમાં રિંગ રેલ મેટ્રો (સર્ક્યુલર મેટ્રો)ના કામને મંજૂરી આપી દીધી છે. પ્રથમ તબક્કામાં આ પ્રોજેક્ટ માટે ૧૪૦૦ કરોડ રૂપિયાના ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે અને મંજૂરી પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે ટૂંક સમયમાં આ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે. થાણેના સંસદ સભ્ય નરેશ મ્હસ્કેએ શુક્રવારે મેટ્રો અધિકારીઓ સાથેની બેઠક બાદ જણાવ્યું હતું કે આ મેટ્રો લાઈનનું કામ ડિસેમ્બર ૨૦૨૯ પહેલાં પૂર્ણ થઈ જશે.

થાણેના વધતા જતા વિસ્તરણને ધ્યાનમાં રાખીને પૂર્વ મુખ્ય પ્રધાન અને હાલના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ થાણેના લોકોને ટ્રાફિકની સમસ્યામાંથી મુક્ત કરવા માટે થાણે હેઠળની રીંગ રેલ મેટ્રોનું કામ ઝડપી બનાવ્યું છે. આ પ્રોજેક્ટને કેન્દ્ર સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી છે અને નોંધપાત્ર ભંડોળ ફાળવવામાં આવ્યું છે.

૧૨,૨૦૦ કરોડ રૂપિયાના આ રિંગ રેલ મેટ્રો પ્રોજેક્ટ ૨૯ કિ.મી. લાંબો છે. ૨૬ કિ.મી. જમીન પર અને ૩ કિ.મી. ટ્રેન ભૂગર્ભમાં દોડશે. તેના રૂટ નક્કી કરી દેવામાં આવ્યા છે. કુલ ૨૨ સ્ટેશન એલિવેટેડ કરવામાં આવશે અને બે સ્ટેશનો ભૂગર્ભમાં હશે. આ પ્રોજેક્ટમાં વાગળે એસ્ટેટ, રોડ નં. ૨૨, લોકમાન્ય નગર, પોખરણ રોડ નં. ૧, પોખરણ રોડ નં. ૨, ગ્લેડી અલ્વારિસ રોડ, હિરાનંદાની મેડોઝ, હિરાનંદાની એસ્ટેટ, કોલશેત, બાળકુમ, રાબોડી, થાણે કોલેજ રોડ, થાણે સ્ટેશન પરિસરનો સમાવેશ થાય છે. ■



**પાદ્ય પૂજા...** ગણેશોત્સવને બે-ત્રણ મહિનાની વાર છે ત્યારે મૂર્તિકારોએ બાપ્પાની મૂર્તિઓ બનાવવાનું શરૂ કરી દીધું છે. શનિવારે સંકષ્ટી ચતુર્થીના મુહૂર્તે લાલબાગના રાજાના ચરણની પૂજા સાથે મૂર્તિ ઘડવાનું શરૂ કરાયું હતું.

# વિશ્વાસકુમાર રમેશની જેમ ૧૯૯૩ના પ્લેન ક્રેશમાં પણ થયો હતો એક વ્યક્તિનો ચમત્કારી બચાવ

છત્રપતિ સંભાજી નગરઃ અમદાવાદમાં એર ઇન્ડિયાનું વિમાન તૂટી પડતાં દેશવાસીઓ આઘાત અનુભવી રહ્યા છે ત્યારે મહારાષ્ટ્રના પરભણી વિસ્તારની એક વ્યક્તિ ૩૨ વર્ષ પહેલાં આવા જ અકસ્માતમાં બચી ગઈ હતી. પોતે મૃત્યુને હાથતાળી આપી કેવી રીતે ઉગરી ગયો હતો એની સ્મૃતિઓ તાજી કરી હતી.

પરભણી જિલ્લાના જિન્ટુરના ભૂતપૂર્વ મ્યુનિસિપલ કાઉન્સિલ પ્રમુખ વસંત શિંદેએ જણાવ્યું હતું કે તેઓ ૧૯૯૩ની દુર્ઘટનામાં બચી ગયા હતા. આ દુર્ઘટનામાં ૫૫ લોકોએ જીવ ગુમાવ્યા હતા. વિમાને ઉડ્ડયન કર્યા પછી આ અકસ્માત થયો હતો. શિંદે ૨૬ એપ્રિલ, ૧૯૯૩ના રોજ ઔરંગાબાદ જિલ્લાના ચિકલઠાણા એરપોર્ટ (હવે છત્રપતિ સંભાજી નગર)થી ટેકઓફ કરનારા ઇન્ડિયન એરલાઇન્સના વિમાનમાં સવાર હતા.

જોકે ઔરંગાબાદ - મુંબઈ ફ્લાઈટ ૪૯૧ના લેન્ડિંગ ગિયરની રન-વેના છેવાડે એક ટ્રક સાથે ટક્કર થઈ હતી અને ત્યાર બાદ ખેતરમાં ક્રેશ-લેન્ડિંગ પહેલાં હાઈ-ટેન્શન પાવર લાઈન્સ સાથે અથડાતા તેના ત્રણ ટુકડા થઈ ગયા હતા અને આગ લાગી હતી. વિમાનમાં સવાર ૧૧૨ મુસાફરોમાંથી ૫૫ના મૃત્યુ થયા હતા.

શિંદેએ જણાવ્યું હતું કે 'હું અને કોંગ્રેસના વિધાનસભ્ય રામપ્રસાદ બોરડીકર એક કાર્યક્રમ માટે મુંબઈ જઈ રહ્યા હતા. છેલ્લી ઘડીએ ટિકિટ મળી અને કોકપીટની બાજુમાં અમારી સીટ હતી. ટેક-ઓફ માટે જરૂરી સ્પીડ વિમાનની નહોતી અને પાછળના ભાગમાં લેન્ડિંગ ગિયર ૧૧ કેવી પાવરલાઇનમાં ઉડાન ભરતા પહેલા એરપોર્ટની બહાર એક ટ્રક સાથે ટક્કર થઈ હતી જેમાં સદનસીબે કોઈ પુરવઠો નહોતો. વિમાનમાં ઘોર અંધારું હતું. પાયલટ ફ્લાઇટને એક ખુલ્લા મેદાનમાં લઈ ગયો, જ્યાં તેના ત્રણ ટુકડા થઈ ગયા હતા.'

ઘટનાક્રમ વિશે શિંદેએ વધુમાં જણાવ્યું હતું કે વિમાનનો દરવાજો ખૂલ્યો ત્યારે આશાનું કિરણ દેખાયું હતું. ક્ષણનો વિચાર કર્યા વિના હું બહાર કૂદી પડ્યો. મને સામાન્ય ઈજા થઈ હતી, પણ હું ભાનમાં હતો.

આ પહેલા એક ન્યૂઝ ચેનલ સાથે વાત કરતા તેમણે કહ્યું હતું કે 'મને અને બોરડીકરને પાછળની સીટ ઓફર કરવામાં આવી હતી, પરંતુ અમે કોકપિટની પાસે બેસવાનું પસંદ કર્યું. અમે ભાગી શક્યા પરંતુ પાછળના ભાગમાં બેઠેલા લોકો આગમાં બળીને ભડથું થઈ ગયા હતા.' (પીટીઆઈ)■

# નાગપુરમાં ₹૮,000 કરોડનો હેલિકોપ્ટર મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ સ્થપાશે

મુંબઈઃ મેક્સ એરોસ્પેસ એન્ડ એવિએશન પ્રાઇવેટ લિમિટેડ અને રાજ્યના ઉદ્યોગ વિભાગ વચ્ચે શુક્રવારે થયેલા સમજૂતી કરાર (એમઓયુ) સાથે નાગપુરમાં ટૂંક સમયમાં આશરે ₹૮,૦૦૦ કરોડના રોકાણ સાથે હેલિકોપ્ટર મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ શરૂ થવાનો છે.

મુખ્ય પ્રધાન અને અન્ય વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં ઉદ્યોગ સચિવ પી. અંબાલાગન અને મેક્સ એરોસ્પેસના અધ્યક્ષ ભરત મલકાની વચ્ચે એમઓયુ પર હસ્તાક્ષર થયા હતા. એમઓયુ અનુસાર મેક્સ એરોસ્પેસ નાગપુરમાં હેલિકોપ્ટર મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ શરૂ કરશે જે ૨૦૨૬માં કાર્યરત થવાની ધારણા છે. આ પ્રોજેક્ટ આગામી આઠ વર્ષમાં આશરે ₹૮,૦૦૦ કરોડના રોકાણ સાથે આશરે ૨,૦૦૦ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકોનું સર્જન કરે તેવી અપેક્ષા છે. આ હેલિકોપ્ટરના કસ્ટમાઇઝેશન અને પૂર્ણ કક્ષાના ઉત્પાદન માટે મહારાષ્ટ્રનો પ્રથમ સમર્પિત પ્રોજેક્ટ હશે. આ પહેલથી મહારાષ્ટ્ર એરોસ્પેસ ઉત્પાદન માટે એક મહત્વપૂર્ણ કેન્દ્ર તરીકે ઉભરી આવશે. આ પ્રસંગે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મેક્સ એરોસ્પેસે મહારાષ્ટ્ર અને ખાસ કરીને નાગપુરની પસંદગી કરી એ બદલ ખુશી વ્યક્ત કરી હતી. ■

# જેએનપીએથી મુંબઈ ફક્ત ૨૫ મિનિટમાં

## આવતી કાલથી એર કન્ડિશન્ડ ઈબોટ સર્વિસ

ઉરણઃ જવાહરલાલ નહેરુ પોર્ટ ઓથોરિટી (જેએનપીએ)ના બંદર અને મુંબઈ વચ્ચે એરકન્ડિશન્ડ ઇબોટ સર્વિસ સોમવારથી શરૂ થશે. આ બોટથી જેએનપીએથી મુંબઈનું અંતર માત્ર ૨૫ મિનિટમાં કાપી શકાશે. હાલ જેએનપીએ અને ગેટવે ઓફ ઇન્ડિયા વચ્ચે સર્વિસ ચાલુ છે. હાલમાં વરસાદની ઋતુમાં જેએનપીએ અને ભાઉચા ધક્કા વચ્ચે સર્વિસ ચાલે છે. આ પ્રવાસમાં એક કલાકનો સમય લાગતો હતો, પરંતુ નવી શરૂ થયેલી સર્વિસથી એક કલાકની મુસાફરી માત્ર ૨૫ મિનિટમાં જ કરી શકાશે.

જેએનપીએ બંદર અને મુંબઈ વચ્ચેની વાતાનુકૂલિત ઈબોટને કારણે ઉરણના રહેવાસીઓ ઠંડકમાં મુસાફરી કરી શકશે. આ ઝડપી મુસાફરી માટે વધારાના દર લેવામાં આવશે. જેએનપીએ બોર્ડ ઓફ ડિરેક્ટર્સે જેએનપીએ બંદર પર ગેટવે ઓફ ઇન્ડિયા રૂટ પર લાકડાની બોટની મુસાફરી બંધ કરવાનો નિર્ણય લીધો છે. આગામી નવા વર્ષથી પોર્ટથી મુંબઈ સુધી મુસાફરોને લઈ જવા માટે અત્યાધુનિક સ્પીડ બોટ દોડાવાશે. ■

# કોસ્ટલ રોડની ટનલમાં કાર ઊંધી વળીઃ ડ્રાઈવર બચી ગયો

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં વરસાદ વચ્ચે કોસ્ટલ રોડની ટનલમાં પૂરપાટ વેગે આવી રહેલી કાર સ્કીડ થયા બાદ ઊંધી વળી ગઇ હતી.

કોસ્ટલ રોડની ટનલમાં શુક્રવારે સાંજના આ અકસ્માત થયો હતો, જેમાં કારનો ડ્રાઇવર બચી ગયો હતો, પણ અકસ્માતને કારણે થોડા સમય માટે ટ્રાફિક જૅમ થયો હતો.

નરીમન પોઇન્ટ તરફ પૂરપાટ વેગે જઇ રહેલી કાર ટનલમાં ભીના માર્ગને કારણે સ્કીડ થઇ હતી અને બાદમાં ઊંધી વળી ગઇ હતી, જેમાં કારને નુકસાન થયું હતું. ડ્રાઇવરે સીટ બેલ્ટ બાંધી હતી અને અકસ્માત બાદ તરત જ બંને એરબેગ ખૂલી ગઇ હતી.

દરમિયાન અકસ્માતની જાણ થતાં ટ્રાફિક પોલીસ, આરટીઓ, કોસ્ટલ રોડ ઇમર્જન્સી ટીમની સાથે એમ્બ્યુલન્સ તથા ટોઇંગ વેનને પણ ઘટનાસ્થળે પાઠવાઇ હતી. ડ્રાઇવરને બચાવી લેવામાં આવ્યો હતો અને બાદમાં ટોઇંગ વેનની મદદથી કારને ત્યાંથી હટાવાઇ હતી. ■



# છત્રપતિ સંભાજી નગરમાં જમીન વિવાદ બાબતોની સુનાવણી ઓનલાઇન

છત્રપતિ સંભાજી નગરઃ મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજી નગરમાં વિભાગીય કમિશનરના કાર્યાલયમાં જમીન અંગેના વિવાદોના નિરાકરણ માટે સુનાવણી હવેથી ઓનલાઇન થશે અને કેસની સ્થિતિ વિશેની માહિતી આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની મદદથી ઉપલબ્ધ કરાવવામાં આવશે એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

વહીવટીતંત્રે આ માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે અને આ પગલાથી લોકોના સમય અને નાણાંની બચત થવાની ધારણા છે એમ વિભાગીય કમિશનર જિતેન્દ્ર પાપલકરે શુક્રવારે જણાવ્યું હતું.

મરાઠવાડાના તમામ આઠ જિલ્લાઓમાંથી જમીન વિવાદ બાબતોની સુનાવણી છત્રપતિ સંભાજી નગરમાં વિભાગીય કમિશનરની ઓફિસમાં થાય છે. સુનાવણી માટે લોકોએ દૂરદૂરના વિસ્તારમાં જવું પડે છે. વિવિધ કારણોસર સુનાવણી મુલતવી રાખવામાં આવે ત્યારે તેમનો પ્રવાસ નિરર્થક બની જાય છે.

વિગતો આપતા પાપલકરે જણાવ્યું હતું કે આઠ જિલ્લાના ખૂણે ખૂણેથી લોકો સુનાવણી માટે છત્રપતિ સંભાજી નગર આવે છે. એક જ સુનાવણી માટે મુસાફરીમાં આશરે ૪,૦૦૦ થી ૫,૦૦૦ રૂપિયા ખર્ચ થાય છે અને કેટલીકવાર સુનાવણી નથી થતી. સિસ્ટમ ઓનલાઇન થવાથી લોકો તેમની સુનાવણી વિશેની જાણકારી વેબસાઇટ પરથી મળી શકશે. અમે સપ્ટેમ્બરથી નવી રીતે કામ શરૂ કરવાની અપેક્ષા રાખીએ છીએ. આ પગલાથી કેસોના ઝડપી નિકાલ કરવામાં મદદ મળશે. (પીટીઆઈ)■

# થાણેમાં પાંચ માળની બિલ્ડિંગના ફ્લેટમાં પ્લાસ્ટર તૂટી પડ્યુંઃ કોઈ જખમી નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણે (પશ્ચિમ)માં ચંદનવાડીમાં પાંચ માળની લગભગ ૩૦ વર્ષ જૂની બિલ્ડિંગના પહેલા માળા પર આવેલા ફ્લેટનું પ્લાસ્ટર તૂટી પડ્યું હતું. સદ્નસીબે ઘરમાં રહેલી મહિલા બચી ગઈ હતી.

થાણે ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ ચંદનવાડી વિસ્તારમાં નટેશ્વર મંદિર નજીક ગ્રાઉન્ડ પ્લસ પાંચ માળની સાઈ આનંદ સોસાયટી નામની બિલ્ડિંગ આવેલી છે. શનિવારે સવારના ૯.૩૨ વાગે બિલ્ડિંગના પહેલા માળે આવેલા ૧૦૪ નંબરના ફ્લેટના હૉલનું સિલિંગનું પ્લાસ્ટ તૂટી પડ્યું હતું અને બાકીનું પ્લાસ્ટર જોખમી હાલતમાં હતું. સદ્નસીબે એ



સમયે ઘરમાં રહેતા ૫૭ વર્ષના મહિલા કલાવતી પવાર એ સમયે રસોડામાં હોવાથી બચી ગયા હતા. આ બિલ્ડિંગ લગભગ ૩૦ વર્ષ જૂની છે અને તેમાં ૫૧ ફ્લેટ આવેલા છે. ■

# ઉલ્હાસનગરની હૉસ્પિટલમાં ભૂલથી જીવતો માણસ મૃત જાહેર

## અંતિમસંસ્કારની તૈયારી વખતે જાગી ગયો

થાણેઃ થાણે જિલ્લાના ઉલ્હાસનગરની એક હૉસ્પિટલમાં ડોક્ટરે મૃત જાહેર કરવામાં આવેલી એક વ્યક્તિનો પરિવાર તેના અંતિમ સંસ્કારની તૈયારી કરી રહ્યો હતો ત્યારે અચાનક તે જાગી ગયો હતો.

કમળાના રોગથી પીડાતા અભિમન્યુ તાયડેને બેચેની અને તકલીફની ફરિયાદ બાદ તાત્કાલિક સ્થાનિક હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો એમ તેના સગાએ શનિવારે જણાવ્યું હતું. હૉસ્પિટલના ડોક્ટરે ડેથ સર્ટિફિકેટ આપ્યા બાદ પરિવારે અંતિમ સંસ્કારની તૈયારી શરૂ કરી હતી. જોકે, અચાનક અભિમન્યુ જાગી ગયો હતો, એમ સગાઓએ જણાવ્યું હતું.

હૉસ્પિટલના એક ડોક્ટરે તેની ભૂલ સ્વીકારી હતી પરંતુ તેણે દાવો કર્યો હતો કે પરિવારે જ તાયડેનું અવસાન થયું હોવાની જાણ કરી ત્યારે તેણે માનવતાવાદી ધોરણે ડેથ સર્ટિફિકેટ આપ્યું હતું. હાલ તાયડેની સારવાર અન્ય હૉસ્પિટલમાં કરવામાં આવી રહી છે.

હૉસ્પિટલની બેદરકારી સંદર્ભે શું કાર્યવાહી કરવામાં આવશે તે અંગે ઉલ્હાસનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના તબીબી આરોગ્ય અધિકારીનો સંપર્ક કરવાના પ્રયત્નો અનુત્તરિત રહ્યા હતા. (પીટીઆઈ)■

# બચ્ચુ કડુનું ભૂખ હડતાળ આંદોલન સ્થગિત! મહાયુતિ સરકારે ત્રણ આશ્વાસન આપ્યા

## સરકાર તરફથી લેખિત ખાતરી મળ્યા બાદ પ્રહાર જનશક્તિ પાર્ટીના નેતા બચ્ચુ કડુએ આંદોલન સહિત અન્ય તમામ વિરોધને સ્થગિત કરવાની જાહેરાત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પ્રહાર જનશક્તિ પાર્ટીના નેતા બચ્ચુ કડુએ ખેડૂતોની લોન માફી સહિતની ૧૭ વિવિધ માગણીઓ માટે શરૂ કરેલી ભૂખહડતાળ આખરે પાછી ખેંચી છે. મહાયુતિ સરકારે તેમના આંદોલનની નોંધ લીધી હતી અને બચ્ચુ કડુને લેખિત ખાતરી આપી. તે પછી બચ્ચુ કડુએ જાહેરાત કરી હતી કે તેઓ ભૂખ હડતાળ આંદોલન અને ચક્કા જામ આંદોલનને સ્થગિત કરી રહ્યા છે. બચ્ચુ કડુએ ખેડૂતોની લોન માફી અને દિવ્યાંગો માટે ભંડોળ સહિતની ૧૭ માગણીઓ માટે આઠમી જૂનથી ભૂખ હડતાળ આંદોલન શરૂ કર્યું હતું. આ આંદોલન તિવાસા તાલુકાના મોઝરીમાં શરૂ થયું હતું. વિરોધ પક્ષના નેતાઓ સહિત વિવિધ સંગઠનોએ બચ્ચુ કડુના આંદોલનને સમર્થન જાહેર કર્યું હતું. રાજ્યના મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ આંદોલન સ્થળની મુલાકાત લીધી હતી અને બચ્ચુ કડુને મળ્યા હતા. આ મુલાકાત દરમિયાન તેમણે બચ્ચુ કડુ સાથે વિવિધ મુદ્દે ચર્ચા કરી હતી. ત્યારબાદ તેમણે સરકાર વતી બચ્ચુ કડુને લેખિત ખાતરી આપી હતી. ખેડૂત લોન માફી માટે ૧૫ દિવસમાં એક ઉચ્ચ સ્તરીય સમિતિની નિમણૂક કરવામાં આવશે. સમિતિનો અહેવાલ મળ્યા બાદ, લોન માફી અંગે નિર્ણય લેવામાં આવશે અને ડિફોલ્ટર ખેડૂતોની પાસેથી ફરજિયાત વસૂલાત સ્થગિત કરવા અને નવી લોન ફાળવવા અંગેનો નિર્ણય લેવા માટે એક બેઠક યોજવામાં આવશે. દિવ્યાંગોના માનદ વેતનમાં વધારા અંગે ૩૦ જૂનથી શરૂ થતા વિધાનસભાના સત્રમાં રજૂ થનારી પૂરક માગણીમાં જોગવાઈ કરવામાં આવશે, એવી પણ ખાતરી આપવામાં આવી હતી. સંબંધિત પ્રધાન અને મુખ્ય પ્રધાન સાથે બેઠક કરીને બાકીના મુદ્દાઓનું નિરાકરણ લાવવામાં આવશે.

સરકારે મુખ્ય માંગણીઓ અંગે લેખિત ખાતરી આપ્યા બાદ, બચ્ચુ કડુએ જાહેરાત કરી હતી કે તેઓ ચક્કા જામ આંદોલન સ્થગિત કરી રહ્યા છે. 'દરેક વ્યક્તિએ નોંધ લેવી જોઈએ કે સરકાર તરફથી લેખિત ખાતરી મળ્યા બાદ ભૂખ હડતાળ આંદોલન સ્થગિત કરવામાં આવ્યું છે. ઉપરાંત રવિવારે (૧૫ જૂન) યોજાનાર ચક્કા જામ પણ મુલતવી રાખવામાં આવ્યો છે,' એમ બચ્ચુ કડુએ સોશિયલ મીડિયા દ્વારા જણાવ્યું હતું. ■

# જો તમે કૃષિ લોન માફ ન કરી શકો તો ખુરશી છોડી દોઃ કૉંગ્રેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકાર જો કૃષિ લોન માફીના પોતાના વચનો પૂરા ન કરી શકે અને મહિલાઓને દર મહિને ૨૧૦૦ રૂપિયા ન આપી શકે તો તેણે રાજીનામું આપી દેવું જોઈએ, એવા શબ્દોમાં રાજ્ય કોંગ્રેસના વડા હર્ષવર્ધન સપકાળે શનિવારે જણાવ્યું હતું.

કમોસમી વરસાદ અને પાકના પોષણક્ષમ ભાવ ન મળવાને કારણે ખેડૂતોને મુશ્કેલી પડી રહી હોવા છતાં, મહાયુતિ સરકાર કૃષિ લોન માફીની જાહેરાતમાં વિલંબ કરી રહી છે, એમ સપકાળે અહીં એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું.

'જ્યારે આ સરકાર કોર્પોરેટ્સને હજારો કરોડો રૂપિયા આપી શકે છે, તો તેની પાસે ખેડૂતો દ્વારા લેવામાં આવેલી લોન માફી કરવા અને મહિલાઓને સહાય આપવા માટે પૈસા કેમ નથી?' એવો સવાલ કરતાં તેમણે જણાવ્યું હતું કે, જો તમે લાડકી બહેનોને ૨૧૦૦ રૂપિયા અને ખેડૂતોને લોન માફી ન આપી શકો તો તમારી ખુરશીઓ ખાલી કરો.

તેમણે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર પર પુણેમાં એક કાર્યક્રમમાં લોન માફીનો મુદ્દો ઉઠાવનારા ખેડૂતોને ધમકાવવાનો પણ આરોપ લગાવ્યો હતો.

'આવું ઘમંડ સહન કરવામાં આવશે નહીં. પ્રધાનોએ યાદ રાખવું જોઈએ કે તેઓ જાહેર સેવક છે, માલિક નથી. (લોન માફી) મુદ્દાની તપાસ માટે સમિતિ બનાવવાનો સરકારનો પ્રસ્તાવ વિલંબ કરવાની યુક્તિ છે. ચૂંટણીમાં વચનો આપવામાં આવ્યા ત્યારે સમિતિની કોઈ વાત થઈ ન હતી. હવે જ્યારે ખેડૂતો મુશ્કેલીમાં છે, ત્યારે સરકાર પ્રક્રિયાગત બહાના પાછળ છુપાઈ રહી છે,' એવો દાવો સપકાળે કર્યો હતો. ■

### શ્રી સત્તાવીસ દશા પોરવાડ જ્ઞાતિજન માટે અગત્યની સૂચના

શ્રી સત્તાવીસ દશા પોરવાડ સોશિયલ ગ્રુપ ટ્રસ્ટ (રજી. નં. એ-૩૩૦૫, મુંબઈ), પુખ્તવયના સર્વજ્ઞાતિજનને સાધારણ સભ્યપદ માટે સહર્ષ આમંત્રિત કરે છે.આ અંગેનો વિગતવાર પરિપત્ર (સરક્યુલર) એપ્રિલ-૨૦૨૫માં સ્પીડ પોસ્ટ દ્વારા મોકલેલ છે. જો સંજોગોવસાત આપને ન મળ્યો હોય તો આપ નીચે જણાવેલ ટ્રસ્ટીઓનો સંપર્ક ફોન દ્વારા કરશો અથવા ઈમેલ કરશોજી.

વિજય બેન્કર (બકુલ) મો.: 9892425959
અજય હસમુખલાલ શાહ મો.: 9820154318
Email : sdpsocial grouptrust@gmail.com
શ્રી ડાહ્યાભાઈ લલ્લુભાઈ મેમોરિયલ હોલ ઈ-બિલ્ડીંગ, ખીરાનગર, એસ.વી. રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૪.

# બાળકી સાથે દુષ્કર્મઃ નરાધમને ૨૦ વર્ષની કેદ

થાણેઃ ૨૦૨૨માં છ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ આચરવા બદલ થાણે જિલ્લાની કોર્ટે આરોપીને ૨૦ વર્ષની સખત કેદ ફટકારી હતી.

વિશેષ કોર્ટના જજ ડી.એ. દેશમુખે શુક્રવારે આરોપી અનવર બાબુ શેખને ભારતીય દંડસંહિતા અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટની કલમો હેઠળ દોષી ઠેરવ્યો હતો અને તેને સજા ઉપરાંત ૧૦ હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો.

વિશેષ સરકારી વકીલ સંધ્યા એચ. મ્હાત્રેએ કોર્ટને જણાવ્યું હતું કે ૬ એપ્રિલ, ૨૦૨૨ના રોજ છ વર્ષની બાળકી ઘર નજીક રમી રહી હતી ત્યારે પડોશમાં રહેતો આરોપી તેની પાસે આવ્યો હતો અને તેને પોતાના ઘરે લઇ ગયો હતો, જ્યાં બાળકી સાથે તેણે દુષ્કર્મ આચર્યું હતું. આરોપીને દોષી ઠેરવતી વખતે કોર્ટે તબીબી અહેવાલો, પીડિતા અને પડોશીઓ સહિત ફરિયાદ પક્ષના અન્ય સાક્ષીદારો પર આધાર રાખ્યો હતો. (પીટીઆઇ)■













સાંગલીમાં મેફેડ્રોનની ફેક્ટરી

# યુએઇથી પ્રત્યર્પણ કરાયેલા વૉન્ટેડ ડ્રગ પેડલરની મુંબઈ પોલીસે કસ્ટડી લીધી

મુંબઈ: સાંગલીમાં ફેક્ટરી ઊભી કરીને મેફેડ્રોનનું ઉત્પાદન કરવાના કેસમાં વૉન્ટેડ ડ્રગ પેડલર તાહેર સલીમ ડોલાનું ઇન્ટરપોલ મારફત સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઇ) દ્વારા યુએઇથી પ્રત્યર્પણ કરવામાં આવ્યું હતું. બાદમાં મુંબઈ પોલીસે ડોલાની કસ્ટડી લીધી હતી.

સાંગલી ખાતે તાહેર ડોલા ડ્રગ્સનું ઉત્પાદન કરવાની ફેક્ટરી ચલાવતો હતો. પોલીસે આ ફેક્ટરીમાં રેઇડ પાડી હતી અને ૨૫૨ કરોડ રૂપિયાની કિંમતનું ૧૨૬.૧૪૧ કિલોગ્રામ મેફેડ્રોન (એમડી) જપ્ત કરવામાં આવ્યું હતું.

તપાસમાં એવું જાણવા મળ્યું હતું કે તાહેર વિદેશમાં બેઠાં બેઠાં આ ફેક્ટરીનાં સૂત્રો ચલાવતો હતો. બાદમાં પોલીસની વિનંતી પર ઇન્ટરપોલ થકી સીબીઆઇ દ્વારા ૨૫ નવેમ્બર, ૨૦૨૪ના રોજ તાહેર વિરુદ્ધ રેડ કોર્નર નોટિસ જારી કરવામાં આવી હતી.

નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરો (એનસીબી)-અબુ ધાબી દ્વારા ૨૭ જાન્યુઆરીએ સીબીઆઇને જાણકારી અપાઇ હતી કે તાહેરની યુએઇમાં ધરપકડ કરવામાં આવી છે. બાદમાં મુંબઈ પોલીસ દ્વારા કેન્દ્રીય ગૃહ મંત્રાલય અને વિદેશી બાબતોના મંત્રાલય મારફત તાહેરને ભારતને સોંપી દેવા માટે યુએઇમાં વિનંતી મોકલવામાં આવી હતી.

ઇન્ટરનૅશનલ પોલીસ કો-ઓપરેશન યુનિટ (આઇપીસીયુ), સીબીઆઇ દ્વારા એનસીબી-અબુ ધાબી સાથે સહયોગમાં તાહેરને ગુરુવારે ભારતમાં લાવવામાં સફળતા મેળવવામાં આવી હતી. તેને મુંબઈ લાવ્યા બાદ ક્રાઇમ બ્રાન્ચને સોંપવામાં આવ્યો હતો. (પીટીઆઇ) ■

# કુણાલ કામરા સામે વિશેષાધિકાર ભંગની કાર્યવાહી થશે

મુંબઈ: કુણાલ કામરા ફરી એક વાર મુશ્કેલીમાં મુકાયા છે. મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને નિશાન બનાવતા તેમના પેરોડી ગીતના મુદ્દે હવે તેમની સામે વિશેષાધિકાર ભંગની કાર્યવાહી શરૂ થવાની તૈયારીમાં છે, એમ એક વરિષ્ઠ અધિકારીએ શનિવારે માહિતી આપી હતી. આ માહિતી આપ્યા બાદ કામરાએ વિશેષાધિકાર ભંગના અહેવાલને રિટ્વિટ કરતાં એવી ટિપ્પણી કરી હતી કે ખરો વિશ્વાસઘાત તો લોકોને જાહેર પરિવહનમાં રોજ મરવા દેવાનો છે. તેમનો ઉલ્લેખ મુંબઈમાં લોકલ ટ્રેન અકસ્માતમાં ચાર લોકોનાં મૃત્યુ થયાં તે હતો.

ભાજપના વિધાનસભ્ય પ્રવીણ દરેકરે માર્ચમાં બજેટ સત્ર દરમિયાન રાજ્ય વિધાન પરિષદમાં હાસ્ય કલાકાર કુણાલ કામરા અને શિવસેના (યુબીટી)ના પ્રવક્તા સુષ્મા અંધારે વિરુદ્ધ વિશેષાધિકાર ભંગની નોટિસ રજૂ કરી હતી. વિધાનસભાના સચિવ જિતેન્દ્ર ભોલેએ જણાવ્યું હતું કે, 'વિધાન પરિષદના અધ્યક્ષ રામ શિંદેએ ભાજપ એમએલસી પ્રસાદ લાડની આગેવાની હેઠળની વિશેષાધિકાર સમિતિને નોટિસ મોકલી છે.'

લાડે જણાવ્યું હતું કે તેમના નેતૃત્વ હેઠળની સમિતિએ વિશેષાધિકાર ભંગની નોટિસની ચર્ચા કરવા માટે બેઠક કરી હતી, કામરા અને અંધારેને નોટિસ જારી કરવાની પ્રક્રિયા શરૂ કરી હતી.રાજકારણીઓ અને સેલિબ્રિટીઓના ભોગે બોલ્ડ કોમેડી અને વ્યંગ માટે જાણીતા કામરાએ માર્ચમાં શિવસેના પ્રમુખને નિશાન બનાવતું ગીત રજૂ કર્યા બાદ શિંદેના સમર્થકોના આક્રોશ સહન કરવાનો વારો આવ્યો હતો. ■

# મુંબઈમાં, DAV ગ્રૂપ ચેન્નઈ દ્વારા સિવિલ સર્વિસ IASની તૈયારીનો રેસિડેન્શિયલ પ્રોગ્રામ

મુંબઈ: કોઈપણ ડિગ્રી પુરી કરી લીધા પછી જેઓને ભવિષ્યની સફળ કારકિર્દીના સર્વોત્તમ ઉત્તુંગ શિખરો સર કરીને ખુબજ મહત્વાકાંક્ષી, ધ્યેય નિષ્ઠ, સમાજ સેવા દ્વારા દેશ અને લોકહિતની અદમ્ય ઈચ્છા, અકલ્પનીય પડકારો અને આહવાનો નો સામનો કરવાની દ્રઢ મનોકામના હોય તો, તેઓ દિલ્હીની વાટ પકડીને, સફળતા મેળવવા સિવિલ સર્વિસ IAS, IPS પરીક્ષાની તૈયારીમાં લાગી જાય છે. દિલ્હીમાં આઇએએસની વ્યવસ્થિત તૈયારી કરવા બધા વિષયોના જરૂરી પુસ્તકો, અમુક અથવા બધા વિષયોમાં કોચિંગ, રહેવા, જમવાનો અને બીજા પરચુરણ ખર્ચ બધું મળીને એક વર્ષનો લગભગ ૧૦ થી ૧૫ લાખનો ખર્ચ થઇ શકે છે. ઘણા હોનહાર હોશિયાર વિદ્યાર્થીઓ આર્થિક અભાવને લઈને દિલ્હી જઈ શકતા નથી. ચેન્નઈ મદ્રાસનું DAV SMK FOMRA Group, (બિરલા), પોન્ડીચેરીનું વૈદિક વિદ્યા કેન્દ્ર અને મુંબઈથી મહર્ષિ દયાનંદ ફાઉન્ડેશન IAS એકેડેમીના સહયોગથી મુંબઈ મહારાષ્ટ્ર, ગુજરાતના વિદ્યાર્થીઓને હવે IASની તૈયારી કરવા દિલ્હી જવાની જરૂર નથી.

મુંબઈમાં ઉપરોક્ત સંસ્થાઓના સહયોગથી, સિવિલ સર્વિસ IASની તૈયારી કરવા માટે ૧૦ મહિનાના નિવાસી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિદ્યાર્થીઓને રહેવા, જમવાની સગવડતા સાથે માર્ગદર્શન, પુસ્તકો, કોચિંગ ની સગવડતા વિવિધ વિષયોના નિષ્ણાંત ઉપરાંત નિવૃત્ત તથા કાર્યરત IAS, IPS, IFS, IRS અધિકારીઓ દ્વારા પુરી પાડીને સઘન તૈયારી કરાવવામાં આવશે. DAV ગ્રુપ ચેન્નઈના નિવાસી IASની તૈયારી કરાવવાના ૨૦૨૪-૨૫ ની બેચમાં ૯ વિદ્યાર્થીઓને જળહળતી સફળતા મેળવીને ૯ સ્પર્ધકો IAS, IPS અને બીજી ઊંચી પોસ્ટમાં પસંદગી પામ્યા છે. મુંબઈમાં દસ મહિનાનો આ નિવાસી કાર્યક્રમ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે સંપૂર્ણપણે નિઃશુલ્ક રહેશે અને અમુક વિદ્યાર્થીઓને આંશિક રીતે ફીસ ભરવી પડશે. મુંબઈમાં વિદ્યાર્થીઓ મહર્ષિ દયાનંદ ફાઉન્ડેશન IAS એકેડેમીની લાઈબ્રેરીનો લાભ લઇ શકશે.

ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ 22/6/2025 છે.

પસંદગી પરીક્ષા ભારતના વિવિધ કેન્દ્રોમાં 29/6/2025ના રોજ લેવામાં આવશે. વધારે માહિતી અને અરજી માટે સંપર્ક કરવો. **વ્રજ પટેલ**, મહર્ષિ દયાનંદ ફાઉન્ડેશન IAS Academy, પામ વ્યુ બિલ્ડીંગ, A વિંગ, પહેલે માળે, સ્વામી નારાયણ મંદિર પાસે, લખમશી નપુ રોડ, દાદર, પૂર્વ - મુંબઈ -14. ■

## છેલ્લા પાનાનું ચાલુ

### નીટ યુજી ૨૦૨૫ના

(એનટીએ)ના અધિકારીઓ સાથે પોતાના સારા સંબંધ હોવાનો દાવો આરોપીઓ કરતા હતા. એનટીએમાં સેટિંગ કરીને વધુ ગુણ મેળવી આપવાને નામે આરોપીઓએ અનેક ઉમેદવારો તથા તેમના વાલીઓને પાસેથી લાખો રૂપિયા પડાવ્યા હતા. આ અંગે ૯ જૂનના રોજ ફરિયાદ નોંધાવવામાં આવતાં ગુનો દાખલ કરાયો હતો. સીબીઆઇએ મામલાને ગંભીરતાથી લઇ સઘન તપાસ આદરી હતી. બંને આરોપીની મુંબઇ અને સાંગલીથી ૯ અને ૧૦ જૂને ધરપકડ કરવામાં આવી હતી.

પોતે પ્રભાવશાળી વ્યક્તિ છે એવું બતાવીને આરોપીઓ ઇચ્છુક ઉમેદવારો અને તેના વાલીઓને પરેલમાંની મોટી હૉટેલોમાં બોલાવતા હતા. આરોપી સંદીપ શાહની એનટીએના ઉચ્ચ અધિકારીઓ સાથે નિકટતા છે, જેની પાસેથી નીટ યુજી ૨૦૨૫ના ગુણ વધારી આપી શકે છે, એમ કહીં ઉમેદવાર દીઠ તે ૯૦-૯૦ લાખ રૂપિયા લેતો હતો. એક ઉમેદવારના વાલીઓએ તેને ૮૭.૫ લાખ રૂપિયા આપ્યા હતા. શાહ એવો દાવો પણ કરતો હતો કે પરિણામ વિધિસર રીતે જાહેર થવાના છ કલાક અગાઉ ગુણ વધારવામાં આવ્યા છે તેની વિગત ઉમેદવારોને પ્રાપ્ત થશે, એમ સીબીઆઇએ કહ્યું હતું.

સંદીપ શાહ તેના સાગરીત સલીમ પટેલ સાથે સતત સંપર્કમાં હતો. સંદીપ નવી મુંબઈમાં એડમિશન કન્સલટન્સી કંપની ચલાવતો હતો. તેમનો અન્ય એક સાગરીત પણ પુણેમાં આવી જ કન્સલટન્સી ચલાવતો હતો, જેની શોધ ચલાવાઇ રહી છે.

આરોપીઓના મોબાઇલ જપ્ત કરી ફોરેન્સિક તપાસ કરાવવામાં આવતાં સંભાવ્ય ઉમેદવારો, તેમના રોલ નંબર, એડમિટ કાર્ડસ, ઓએમઆર શીટ અને હવાલા નેટવર્ક થકી આર્થિક વ્યવહારના પુરાવા સહિતની વિગતો ધરાવતી વાંધાજનક ચેટ્સ મળી આવી છે. બંને આરોપીને કોર્ટમાં હાજર કરાતાં તેમને ૧૬ જૂન સુધી સીબીઆઇ કસ્ટડી ફટકારાઇ હતી. ■

### રાજ્યમાં કોરોનાના નવા

સાર્વજનિક આરોગ્યા ખાતાએ જણાવ્યું હતું. જાન્યુઆરી, ૨૦૨૫થી અત્યાર સુધી કુલ ૨૧,૦૬૭ કોરોનાના ટેસ્ટ થયા છે. મુંબઈમાં જાન્યુઆરીથી અત્યાર સુધીના છ મહિનામાં કોરોનાના કુલ ૮૨૯ કેસ નોંધાયા હતા, જેમાં ફક્ત મે મહિનામાં જ ૮૨૩ કેસ નોંધાયા છે. ■

### આજે રેલવેની ત્રણેય

લાઈન પર પનવેલ-વાશી વચ્ચે સવારે ૧૧થી સાંજે ૪ વાગ્યા સુધી અપ-ડાઉન સ્લો લાઈન પર મેગા બ્લોક હાથ ધરવામાં આવશે. બ્લોકના સમય દરમિયાન સીએસએમટીથી પનવેલ, બેલાપુર અને બેલાપુર-પનવેલથી સીએસએમટી માટે રવાના થનારી લોકલ ટ્રેનો બંધ રહેશે. પનવેલથી સવારે ટ્રાન્સ હાર્બર લાઈન પર પણ ટ્રેનો રદ રહેશે. બ્લોકના સમયે સીએસએમટી-વાશી વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવશે. આ સાથે થાણે-વાશી, નેરુલ વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવશે. પશ્ચિમ રેલવેમાં સવારે ૧૦.૩૦ કલાકથી સાંજે ૩.૩૫ કલાક કરવા માટે અપ-ડાઉન ફાસ્ટ લાઈન પર ચર્ચગેટથી મુંબઈ સેન્ટ્રલ વચ્ચે બ્લોક હાથ ધરવામાં આવશે. બ્લોકના સમય દરમિયાન અપ-ડાઉન ફાસ્ટ લોકલ અપ-ડાઉન સ્લો લાઈન પર દોડાવવામાં આવશે. મેગા બ્લોકને કારણે લોકલ ટ્રેનો ૧૫-૨૦ મિનિટ મોડી પડી શકે છે. ■

### મેડિકલ પ્રવેશ પરીક્ષા

૦૨૦૨૫) માટે નોંધણી કરાવી હતી. કુલ ૨,૪૨,૮૫૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી અને ૧,૨૫,૭૨૭ વિદ્યાર્થીઓ પાત્ર ઠર્યા હતા. ૨૦૨૪માં કુલ ૨,૮૨,૦૫૧ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાંથી ૨,૭૫,૪૪૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી અને ૧,૪૨,૮૨૯ વિદ્યાર્થીઓ પાત્ર ઠર્યા હતા. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે મહારાષ્ટ્રમાં લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યામાં ૧૭,૧૦૨નો ઘટાડો થયો છે.

સૌથી વધુ માર્ક મેળવનારી ૨૦ છોકરીઓની યાદીમાં મહારાષ્ટ્રની સિદ્ધિ બઢેએ ત્રીજો (નીટ રેન્ક ૨૬), ઊર્જા શાહ પાંચમો (નીટ રેન્ક ૩૧) અને ઇશ્મિત કૌરે ૧૨મો (નીટ નંબર ૮૫) ક્રમ મેળવ્યો છે. ટોપ ૨૦ છોકરાઓની યાદીમાં મહારાષ્ટ્રના કૃષ્ણાંગ જોશીએ ત્રીજું (નીટ નંબર ૩), આરવ અગ્રવાલે નવમું સ્થાન (નીટ નંબર ૧૦) અને ઉમેદ ખાને ૧૯મું સ્થાન (નીટ નંબર ૨૧) મેળવ્યું હતું. નેશનલ ટેસ્ટિંગ સેલ (એનટીએ) દ્વારા મેડિકલ, ડેન્ટલ અને મેડિકલ સપ્લીમેન્ટરી કોર્સ માટે નીટનું આયોજન કરવામાં આવે છે. ■

### મુંબઈ, થાણેમાં

૧૫ અને ૧૬ જૂનના યલો એલર્ટ સાથે અમુક વિસ્તારોમાં વરસાદના ભારે ઝાપટાં પડવાની શક્યતા છે. તો થાણેમાં ૧૫ જૂનના ઓરેન્જ અને ૧૬ જૂન સોમવારના યલો એલર્ટ રહેશે.

આ વર્ષે ચોમાસાનું આગમન ૨૬ મેના થયા બાદ એકાદ બે દિવસ ધોધમાર પડયા બાદ વરસાદ લગભગ ગાયબ થઈ ગયો હતો. વચ્ચે વચ્ચે છૂટક વરસાદ પડી જતો હતો. આ દરમ્યાન મુંબઈ સહિત રાજ્યમાં ૧૩ જૂનથી નૈઋત્યનું ચોમાસું ફરી સક્રિય થવાની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી હતી અને મુંબઈ, થાણે માટે શનિવારે ઓરેન્જ એલર્ટ આપીને ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. જોકે શનિવારે દિવસભર તડકો અને વાદળિયું એવું મિશ્ર વાતાવરણ રહ્યા બાદ લગભગ આઠ વાગ્યા બાદ મુંબઈ શહેર અને ઉપનગરના મોટાભાગના વિસ્તારમાં વીજળીના ગડગડાટ સાથે વરસાદ પડવાનું ચાલુ થઈ ગયો હતો.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ ૧૩ જૂને દક્ષિણ-કોંકણ-ગોવામાં નૈઋત્યનું ચોમાસું સક્રિય થયું છે, જેને કારણે આ પ્રદેશના અલગ અલગ સ્થળોએ ભારેથી અતિભારે વરસાદ પડી રહ્યો છે. દક્ષિણ-કોંકણ ગોવાના મોટાભાગના વિસ્તારોમાં ભારે પવન ફૂંકાવાની સાથે ભારે વરસાદ પડયો હતો, જેમાં અલીબાગ (ઉત્તર કોંકણ)માં ૪૮ કિલોમીટર પ્રતિ કલાક, દેવગઢ (દક્ષિણ-કોંકણ ગોવા)માં બાવન કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. મુંબઈ ઉત્તર-કોંકણ રિજનમાં આવે છે.

મહારાષ્ટ્રમાં ૧૪ જૂનથી ૧૮મી જૂન, ૨૦૨૫ સુધી વરસાદ ચાલુ રહેવાની ધારણા છે, એ બાબતે હવામાન વિભાગે જણાવ્યું હતું કે ઉત્તર-પશ્ચિમ રાજસ્થાન ઉપરનું અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન હવે પશ્ચિમ રાજસ્થાન અને પાકિસ્તાન નજીકના વિસ્તારોમાં ખસી ગયું છે, જે સરેરાશ સમુદ્ર સપાટીથી ૧.૫ કિલોમીટર સુધી વિસ્તરેલું છે. આ સિસ્ટમ સાથે સંકળાયેલ એક ટ્રફ પશ્ચિમ રાજસ્થાન અને એની સાથે પાકિસ્તાનથી ઉત્તર-મધ્ય મહારાષ્ટ્ર સુધી ફેલાયેલું છે, જે ગુજરાતથી પસાર થાય છે. જે સરેરાશ સમુદ્ર સપાટીથી લગભગ ૧.૫ કિલોમીટર ઉપર પર પણ છે. અગાઉ ઉત્તર કર્ણાટક અને બાજુમાં રહેલા તેલંગણા અને રાયલસીલા પર અન્ય એક અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન હતું, જે હવે મરાઠવાડા અને નજીકના વિસ્તારોમાં છે. આ સિસ્ટમ સરેરાશ સમુદ્ર સપાટીથી ૫.૮ કિલોમીટર સુધી વિસ્તરેલી છે. આ સર્ક્યુલેશનના પટ્ટામાંથી એક ટ્રફ મરાઠવાડાથી તેલંગણા અને આંધ્રા પ્રદેશ સુધી ફેલાયેલો છે, જે સરેરાશ સમુદ્ર સપાટીથી ૩.૧થી ૫.૮ કિમીની વચ્ચે છે.

હવામાન વિભાગે ૧૪ જૂનથી ૧૮ જૂન, ૨૦૨૫ દરમ્યાન ઉત્તર કોંકણ દરિયાકાંઠે અને તેની બહાર ૪૦થી ૫૦ કિમી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈને તોફાની હવામાન રહેવાની શક્યતા હોવાથી માછીમારોને દરિયામાં નહીં જવાની ચેતવણી આપી છે. ■

### ઘાટકોપરમાં સોમવારે

કલાક માટે ઘાટકોપર (પૂર્વ)માં પાણીપુરવઠો બંધ રાખવામાં આવશે. સાંજના પાંચ વાગ્યા બાદ પાણીપુરવઠઓ પૂર્વવત્ કરવામાં આવશે. નાગરિકોને આગલા દિવસે પાણીનો સ્ટોર કરી રાખવાની તથા સંભાળીને પાણીનો ઉપયોગ કરવાની અપીલ પાલિકાએ કરી છે. ■

### મુંબઈ એરપોર્ટ પર

બંનેને અદાલતી કસ્ટડી ફટકારી હતી.

ગિરીશ પિંગળે શુક્રવારે ફ્લાઇટમાં ન્યૂ યોર્કથી મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આવ્યો હતો. તેણે કસ્ટમ્સની ગ્રીન ચેનલ આસાનીથી પાર કરી, પરંતુ એક્ઝિટ ગેટ પર તેને ડીઆરઆઇના અધિકારીઓએ શંકાને આધારે આંતર્યો હતો. તેની પાસેથી રસિદ મળી હતી, જેને આધારે તેની પાસે સોનું હોવાનું જણાયું હતું. પૂછપરછમાં તેણે બેગેજ સર્વિસ એરિયા નજીક સોફાની બાજુમાં પાઉચમાં સોનું છુપાવ્યું હોવાનું જણાયું હતું. પાઉચની શોધી કાઢ્યા બાદ તેમાંથી ૧.૪૨ કરોડ રૂપિયાનું સોનું મળી આવ્યું હતું.

ઊલટતપાસમાં તેણે જણાવ્યું હતું કે સિન્ડિકેટનો ફાઇનાન્સર અને મુખ્ય સૂત્રધાર રાકેશ રાઠોડ છે. યોજના મુજબ ગિરીશ વિદેશ જતો, જ્યાં રાઠોડનો સાગરીત તેને યુએસ ડોલરની વ્યવસ્થા કરી આપતો. ગિરીશ તેનાથી સોનું ખરીદતો, જે મુંબઈમાં લાવીને રાઠોડને સોંપવામાં આવતું હતું. રાઠોડ તેને કિલો દીઠો બે લાખ રૂપિયા આપતો હતો. ગિરીશે અગાઉ આ રીતે સોનું લાવીને આપ્યું હતું, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. ■

## જૈન મરણ

**ઝાલાવાડ વિશા શ્રીમાળી મૂર્તિપૂજક જૈન**

વઢવાણ નિવાસી, હાલ વસઈ મુંબઈ કુસુમબેન રમેશચંદ્ર શાહ (ઉં. વ. ૭૩) તા. ૧૩-૦૬-૨૦૨૫ શુક્રવારના રોજ અરિહંતશરણ પામેલ છે. તે રમેશભાઈ હરજીવનદાસ શાહના ધર્મપત્ની તે ભાવેશ હિરેનના માતુશ્રી તે અલ્પાના સાસુ. તે સ્વ.જ્યોત્સનાબેન પરમાનંદભાઈ શાહના ભાભી તે સ્વ. નારંગીબેન નરસીદાસ શાહના સુપુત્રી તે સ્વ. હસમુખભાઈના બેન. લૌકિક વેહવાર બંધ રાખેલ છે.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ વણોઇ હાલ સુવઇના સ્વ. ખેતઇબેન તેજશી શામજી બૌવા (ઉં. વ. ૯૩) તા. ૧૩-૬-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. તેજશી શામજીના ધર્મપત્ની. મણી, જવેર, શાંતી, ભીમશી, સંતોષના માતુશ્રી. લતા, સ્વ. હીના, હીના, સ્વ. (આસધીર, પ્રેમજી), નવીનના સાસુ. કેકીન, નતેશ, નિકુંજ, તનીષ, ક્રિષા, હીતાંશના દાદી. પ્રીતી, સ્વ. (ખીરેશ, પ્રજ્ઞા) શૈલેષ, સચીન, સંદીપ, પીયુષ, હીરેનના નાની. સુવઇના સ્વ. લાડુબેન ભચુ જેઠા કારીઆના દીકરી. પ્રાર્થનાસભા તા. ૧૫-૬-૨૫ રવિવારના બપોરે ૩થી ૪.૩૦. ઠે. પરમ કેશવ બાગ, નવરોજી લેન, ઘાટકોપર (વેસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

હાથસુણી હાલ કાંદીવલી દોશી નાનચંદ ઠાકરશીના ધર્મપત્ની ગં. સ્વ. સૌભાગ્યાબેન (ઉં. વ. ૯૭) શુક્રવાર તા. ૧૩-૬-૨૫ના સ્વર્ગવાસ થયેલ છે. તે સ્વ. લલિતચંદ્ર, ચંદ્રકાંત, પંકજના માતુશ્રી. સ્વ. રીટાબેન, ભાવનાબેન, રેખાબેનના સાસુ. તે સ્વ. કનકબેન ગીરધરલાલ શાહ, ગુણવંતીબેન ચીમનલાલ મહેતા, કોકીલાબેન ધીરજલાલ લાખાણી, જયોતિબેન જીતેન્દ્ર શાહ, રંજનબેન કીર્તિકુમાર વોરા, છાયાબેન બીપીનકુમાર દોશીના માતુશ્રી. તેમ જ હાર્દિક, રેહાંશુ, મનીશ, ખુશ્બુ અંક્તિ કોરડીયા, મૈત્રીના દાદી. તે વૈશાલી, દષ્ટિ,શ્વેતલના મોટી સાસુ. લૌકિક વ્યવહાર રાખેલ નથી. ઠે. ૪/ડી, રાજરતન પેલેસ ૨, શંકર ગલી, કાંદિવલી (વેસ્ટ).

**મચ્છુકાંઠા વિશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વાંકાનેર નિવાસી હાલ ઘાટકોપર કાંતાબેન પ્રવીણચંદ્ર શાહના પુત્ર. નેમિષ (ઉં.વ. ૬૪) તે સોનલબેન તથા સ્વ.આશાબેન શાહના પતિ. દેવાંશ-કવિતા, મિત-ઉર્વશી તથા આરઝુના પિતા. સ્વ. કમલેશભાઇ, સ્વ. રાજેશભાઇ, અશોકભાઇ તથા તુષારભાઇના નાનાભાઇ અરિહંતશરણ પામેલ છે. તે નિરંજનભાઇ ધોળકિયા તથા મહાસુખભાઇ મહેતાના જમાઇ. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૫-૬-૨૫ના. ઠે. ધનજી દેવસી રાષ્ટ્રીયશાળા, એરકન્ડિશન હોલ ગ્રાઉન્ડ ફલોર, ઉપાશ્રય લેન, ઘાટકોપર (ઇસ્ટ), સાંજે ૪થી ૬.

**દશા શ્રીમાળી જૈન**

શ્રી સુમન મન્સુખલાલ કમદાર નિધન તા. ૧૩/૦૬/૨૦૨૫ પત્ની શ્રીમતી લીના કમદાર, પુત્ર શ્રી સનત કમદાર અને શ્રી પંકજ કમદાર. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી જૈન**

ગારીયાધાર નિવાસી હાલ સાયન મુંબઈ સ્વ. જસવંતલાલ વલ્લભદાસ શાહના ધર્મપત્ની મૃદુલાબેન (મધુબેન ), (ઉં. વ. ૯૩) તે જયંતભાઇ - નયનાબેન, પારૂલબેન - અશ્વિનભાઈ કામદાર, રોહિતભાઇ- દીપાબેન , મનોજભાઈ - શિલ્પાબેનના માતુશ્રી. તે સ્વ હિંમતભાઈ, સ્વ અનંતરાય, સ્વ ગુણવંતભાઈ, ભારતીબેન, અનસુયાબેન, કુમુદબેનના ભાભી. તે સ્વ વાડીલાલ ચત્રભુજ ગાંધીના સુપુત્રી. તે મહેશભાઈ, રાજેન્દ્રભાઈ, હરીશભાઈ, સ્વ ચંદ્રીકાબેન, દેવયાનીબેન, રેખાબેન, વર્ષાબેન ના બહેન, શનિવાર તા. ૧૪ જૂન, ૨૦૨૫ના અરિહંત શરણ પામેલ છે. તેમની પ્રાર્થના સભા ૧૬ જૂન ૨૦૨૫, સોમવાર, સાંજના ૪ - ૬, માનવ સેવા સંઘ, સાયન વેસ્ટ, કિંગ સર્કલ સ્ટેશન ની બાજુમાં રાખેલ છે. ત્વચાદાન કરેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ડુમરાના કેશવજી દેવજી ગોસર (ઉં. વ. ૭૫) તા. ૧૨-૬-૨૫ના અવસાન પામ્યા છે. જેઠીબાઈ દેવજીના સુપુત્ર. વર્ષાના પતિ. સ્વ. નયન, બીજલના પિતા. વિશનજી, મણીલાલ, તલકશી, નિર્મળા, પુષ્પા, દમયંતી, ચંચલના ભાઈ. ભુજપુરના મણીબેન કલ્યાણજી ભેદાના જમાઈ. પ્રાર્થના સભા રાખેલ નથી. નિવાસ : શ્રી કેશવજી ગોસર, સી/૧૬-૨૦૧, અનમોલ સોસાયટી, સેક્ટર-૪, શાંતિનગર, મીરારોડ (ઈ).

મોથારા હાલે સુરતના પ્રફુલ રવજી નાગડા (ઉં. વ. ૬૦) ૧૦-૬ના અવસાન પામેલ છે. ભાવનાના પતિ. નેહલના પિતાશ્રી. હીરબાઇ રવજીના પુત્ર. સુરતના મંગીબેન ચુનીલાલ પટેલના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. પ્રફુલ રવજી નાગડા, ૧૪ ગંગાનગર સોસાયટી, ૨-ભેસાણ રોડ, ઉગત બોટનીકલ ગાર્ડનની સામે, સુરત.

ડેપાના લક્ષ્મીચંદ મારૂ (ઉં. વ. ૮૨) તા. ૧૩-૬-ના અવસાન પામેલ છે. મણીબેન (મઠુ ભાઇ) ટોકરશી વેલજીના સુપુત્ર. ઈંદિરાબેનના પતિ. વિપુલ, આરતીના પિતાશ્રી. ટુંડા હીરબાઈ ગાંગજી, તુંબડી લક્ષ્મીબેન (નિર્મળાબેન) માવજી, વાંકી કાન્તાબેન હરીલાલના ભાઈ. ગુંદાલા મુલબાઈ ચિમનલાલ પોપટલાલના જમાઈ. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં. કરશન લધુભાઈ નિસર હોલ (દાદર). ટા. ૨ થી ૩.૩૦.

કાંડાગરાના શાંતિલાલ રતનશી ગાલા (ઉં. વ. ૭૯) તા. ૧૧-૬-૨૫ ના અવસાન પામ્યા છે. હીરબાઈ રતનશી દેરાજના પુત્ર. સવિતાના પતિ. લીના, સચિનના પિતા. જયંતિ, પ્રવિણ, નયનાના ભાઈ. ત્રગડીના ઉમરબાઈ ટોકરશી કરમશી ગોગરીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. સચિન ગાલા, ૭૦૨-રામકુંજ, આર. કે.વૈદ્ય માર્ગ, રાનડે રોડ પાસે, દાદર (વે).

## હિન્દુ મરણ

**દેસાઈ સઈ સુતાર જ્ઞાતી**

સથરા નિવાસી, હાલ વસઈ ધરમશીભાઈ (ઉં.વ. ૭૮) તા. ૧૩-૬-૨૦૨૫નાં રામચરણ પામ્યા છે. તે સ્વ. ભીખાભાઈ ગીગાભાઈ વાઘેલાના પુત્ર. ગુણવંતીબેનના પતિ. રાજેશ, હર્ષા, જોગેશ, લખધીર, આરતી દિનેશ રાઠોડના પિતા. રૂપાબેનના સસરા. માનસી, શશાંકના દાદા તેમની પ્રાર્થના સભા સોમવાર તા. ૧૬-૬-૨૦૨૫ના રોજ બપોરે ૩થી ૫. ઠે.: નવું સ્વામીનારાયણ મંદિર, પાર્વતી સિનેમા પાછળ, સાંઈનગર, વસઈ રોડ (વેસ્ટ).

**હાલાઇ લોહાણા**

બીલખા નિવાસી હાલ મુંબઇ કાંદીવલી શશીકાંત કોટડીયા (ઉં. વ. ૮૩) તા. ૧૪-૬-૨૫ના શ્રીજીચરણ પામેલા છે. તે વૃંદાવનદાસ ધરમશી કોટડીયાના પુત્ર. તે સ્વ. ગોર્વધનદાસ ગણાત્રાના સ્વ. મોહનલાલ સાકરીયાના જમાઇ. તે સ્વ. ચંદ્રીકાબેન તથા ગં. સ્વ. નયનાબેનના પતિ. તે અલ્પા સુકેતુ સાવલા, હેતલ ધર્મેશ શાહ, ધરા વિકાસ મિતલના પિતા. તે જીત, રીયાન, પ્રાયતી તથા યાશીના નાના. તે સ્વ. વસંતભાઇ, હસમુખભાઇ, વાસંતી, ભરતભાઇ, અરુણાબેન, હર્ષદભાઇના ભાઇ. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૫-૬-૨૫ના ૪થી ૬. ઠે. જૈન સ્થાનકવાસી હોલ, ગ્રાઉન્ડ ફલોર, ઓપ ડાયમંડ ટોકીઝ, એલ. ટી. રોડ, બોરીવલી (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**નાથળીયા ઉનેવાળ બ્રાહ્મણ**

કથીવદર નિવાસી હાલ સુરત ગીતાબેન મનસુખભાઇ ઓઝા (ઉ.વ. ૬૭) ગામ કથીવદર સુરત તા. ૧૨-૬-૨૫ ગુરુવારના કૈલાસવાસી થયા છે. પ્રાર્થનાસભા તા. ૧૫-૬-૨૫ રવિવારના ૪થી ૬. ઠે. ડાઇમોડા (બીએપીએસ) સ્વામીનારાયણ સંસ્કાર કેન્દ્ર પેટ્રોલ પંપની બાજુમાં, દહીસર (ઇસ્ટ), મુંબઇ. ઉત્તર ક્રિયા તિર્થ સ્થાને રાખેલ છે. નિવાસ સ્થાનઃ સી-૨૦૨, સિલિકોન એવન્યુ, ચોકી ધાણી સામે, ચલથાણ કડોદરા, સુરત-૩૯૪૩૦૫, ગુજરાત.

**કચ્છી લોહાણા**

હાલ ટિળક નગર સ્વ. અરવિંદભાઇ તુલસીદાસ ઠક્કર ગામ દુધઇના પત્ની ગં. સ્વ. પ્રફુલ્લાબેન (ઉં. વ. ૭૯) તા. ૧૨-૬-૨૫ના ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. તુલસીદાસ લધાભાઇ કતીરા અને સ્વ. દાઇબેન તુલસીદાસના પુત્રવધૂ. તે સ્વ. મોતીલાલ ગાંધી અને સ્વ. જયાબેન ગાંધીના પુત્રી. તે સ્વ. રુત્વી અને સિદ્ધાર્થના માતુશ્રી. માનસીના સાસુ. સ્વ. મૃદુલાબેન, નિરંજનભાઇ, યોગેશભાઇના ભાભી. લતાબેન અને સ્વ. અંજનાબેનના જેઠાણી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મેઘવાળ**

ગામ ચુડી હાલ મુંબઇ સ્વ. ગંગાબેન ડાયાભાઇ કણબી (ઉં. વ. ૭૬) રવિવાર તા. ૮-૬-૨૫ના સ્વર્ગવાસ પામેલ છે. બારમાની વિધિ રવિવાર, તા. ૧૫-૬-૨૫ના સાંજેઃ૫ વાગે રાખેલ છે. સ્વ. ડાયાભાઇ દાનાભાઇ કણબી તથા સ્વ. આલુબાઇ ડાયાભાઇ કણબીની પુત્રી. તથા ભાનુભાઇના ફૂઇ, દીનાબેનના ફઇજી સાસુ. ભાવિન અને ઇતેશાના દાદી. ઠે. ૮/૮૦૨, આરોહી બિલ્ડિંગ, ડો. કમ્પાઉન્ડ દત્તારામ લાડ માર્ગ, ચિંચપોકલી (ઇસ્ટ). મુંબઇ-૧૨.

**ગામડીયા દરજી**

ગામ સેગવી હાલ દહીસર મુંબઇ સ્વ. ઠાકોરભાઇ ગોપાલજી બલસારાના ધર્મપત્ની ગં. સ્વ. મધુબેન ઠાકોરભાઇ બલસારા (ઉં. વ. ૮૫) તા. ૧૩-૬-૨૫ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. કુમુદબેન, વિજયભાઇ, મુકેશભાઇના માતુશ્રી. દિનેશભાઇ ભરુચાના સાસુ. કુંવરજી મકનજીના દીકરી. વેણીલાલ, હરિલાલ, જયંતીલાલ વિજયાબહેનના બહેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપડવંજ દશા પોરવાડ વણિક**

કપડવંજ નિવાસી હાલ મુંબઇ મલાડ (પ.) ગં. સ્વ. પ્રેમીલાબેન હસમુખલાલ પરીખ (ઉં.વ. ૮૯) તા. ૧૦-૬-૨૫ના મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. હસમુખલાલ ઓચ્છવલાલ પરીખના ધર્મપત્ની. સ્વ. અંબાલાલભાઇ, સ્વ. પ્રમોદભાઇ તથા સ્વ. જયેન્દ્રભાઇના ભાભી. અમદાવાદ નિવાસી સ્વ. સુભદ્રાબેન, સ્વ. જયંતીભાઇ તથા ઉર્મિલાબેનના બેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

પરવડી નિવાસી હાલ કાંદિવલી સ્વ. હીરાલક્ષ્મી હીરાલાલ દાણીના પુત્ર સતીષભાઇ (ઉં. વ. ૭૬) તે આશાના પતિ. સ્વ. વિનાયક અને સોનલ મિલીન્દ પટવર્ધનના પિતા. દીપકભાઇ તથા હર્ષાબેન કમલેશભાઇ દોશી અને રક્ષાબહેન અલખભાઇ શાહના ભાઇ. પ્રતિભાના જેઠ. નિખીલ તથા જાહન્વીનાં નાના શુક્રવાર તા. ૧૩-૬-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૫ના રોજ ઠક્કાઇ ભાટીયા સેવાફંડ હોલ નં.૨, નમહ હોસ્પિટલની સામે, શંકરલેન, એસ. વી. રોડ, કાંદિવલી (પ.), સાંજે ૫થી ૭.

**હાલાઇ ભાટિયા**

રતનશી પરસોતમ આશર (ઉં. વ. ૯૭) (જેરામ હરીવાલા) તે સ્વ. પરસોતમ પોપટભાઇના પુત્ર. તે સ્વ. મથરાદાસ જમનાદાસ વેદ (અફીણી)ના જમાઇ. સ્વ. હરીશ, ભારતી અને મુકેશના પિતા. સ્વ. ભારતી, હર્ષા તથા શૈલેષ સંપટના સસરા. સ્વ. નારણદાસ, સ્વ. પ્રતાપસિંહ, સ્વ. ભુપેન્દ્ર, સ્વ. કૃષ્ણકુમાર, સ્વ. મધુરીબેન, સ્વ. કુસુમબેન, સ્વ. મંજુબેનના ભાઇ. ખંજન, મિહીર, નિશાંત, સિદ્ધિના દાદા-નાના. તા. ૧૩-૬-૨૫ શુક્રવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૫-૬-૨૫ રવિવારના. ઠે. સભા દોસ્તી ફલેમિંગો, કલબ હાઉસ, ટોકરશી જીવરાજ રોડ, શીવરી, મુંબઇ-૧૫, સાંજે ૫થી ૬.૩૦. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

ગં. સ્વ. મંગળાબેન શામજી ગોવિંદજી તન્ના કચ્છ મોટી ધૂફી હાલે મુલુંડવાળાની પુત્રી સૌ. લતાબેન (ઉં. વ. ૫૮) તે સંજયભાઈ પાંડુરંગ સાખરે ના ધર્મપત્ની. તે હિતેશ તથા સૌરભના માતૃશ્રી. તે અ.સૌ. ફ્લોરસ હિતેશ સાખરેના

## પારસી મરણ

પઓલી દોસાભાઇ પોલ તે ઝરીનના ધની. તે મરહુમો ગુલબાઇ દોસાભોય પોલના દીકરા. તે એમીના ભાઇ. તે તીના નેવીલ મહેતાના કાકા. (ઉં. વ. ૯૩) રે. ઠે. ઇ-૬, ખુશરુબાગ, બીજે માળે, શહીદ ભગતસિંહ રોડ, કોલાબા કોઝવે, મુંબઇ-૪૦૦૦૦૫.

વીરા કેરસી દારૂવાલા તે કેરસી કેકી દારૂવાલાના ધનીયાની. તે કેશમીરા મેહેરજી દસ્તુરના માતાજી. તે મેહેરજી કેરસી દસ્તુરના સાસુ. હોમાય, પરવેઝ ને મરહુમ ગેવના બહેન. તે શૈનાઝ ને મેહેરદાદના મમયજી. તે રશના ને કેરસી દસ્તુરના વેવાણ. (ઉં. વ. ૬૭) રે. ઠે. ૧૧, પટેલ એપાર્ટમેન્ટ, ટેંભી નાકા, થાણા (વેસ્ટ),૪૦૦૬૦૧. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૬-૬-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે તારદેવ બોઇસ અગિયારીમાં છેજી.

---

સાસુજી . તે રાજેન્દ્ર, રમેશ, ભાવનાબેન મનસુખ કારિયા તથા પ્રિતીબેન રાજેન્દ્ર પોપટના બેન. શુક્રવાર તા. ૧૩.૬.૨૫ ના રોજ ખારઘર મધ્યે રામશરણ પામ્યાં છે. તેમની બંને પક્ષની પ્રાર્થના સભા રવિવાર તા. ૧૫.૬.૨૫ સાંજના ૫.૩૦ થી ૭.૦૦ ઠે. સારસ્વત વાડી ઝવેર રોડ મુલુંડ (પશ્ચિમ) બહેનોએ તેજ દિવસે આવી જવું. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી મોઢ વણિક**

મુંબઈ નિવાસી સ્વ. શારદાબેન ગોરધનદાસ વોરાના પુત્ર જયેશભાઈ (ઉં. વ. ૬૮) તે સરલાબેન નટવરલાલ દેસાઈના જમાઈ, જ્યોતિબેનના પતિ, ફોરમ મોર્ય શાહ અને દર્શન-મિતાલીના પિતા. મીના જગદીશ મેહતા. કૌમુદીની ભદ્રેશ શેઠ, રોશની વિનય શાહના ભાઈ તા ૧૩/૦૬/૨૫ ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે. સદગત ની પ્રાર્થના સભા રવિવાર તા ૧૫/૦૬/૨૦૨૫ સાંજના ૫:૦૦ થી ૭:૦૦. ઠે. કેવલબાગ ટ્રસ્ટ હોલ કિલચંદ રોડ, ફલાયઓવર બ્રિજ ની નીચે કાંદિવલી વેસ્ટ.

**રાધનપુર તીર્થ**

રાધનપુર હાલ કાંદિવલીના નીતિનભાઈ વોરા (ઉં. વ. ૭૮) તેઓ, જીવીબેન મુક્તીલાલ વોરાના પુત્ર. દીપિકાબેનના પતિ, જીજ્ઞા તથા ચિંતનના પિતા. તુષારકુમાર ભણસાલી અને નિકિતાના સસરા. હસુબેન શાંતિલાલ મેમાયાના જમાઈ તા. ૧૩-૬-૨૦૨૫ ના અરિહંત શરણ પામેલ છે. લૌકીક વ્યવહાર બંધ છે. સરનામુઃ- બી-૫૦, વર્ધમાન કુટીર, શંકર ગલી, કાંદિવલી વેસ્ટ.

**પુષ્કર્ણા બ્રાહ્મણ**

સ્વ. ભરતભાઈ જોશી (ઉં. વ. ૭૪) તે ક્રિષ્નાબેન મહેન્દ્રભાઈ જોષી પણીયાના પુત્ર રેખાબેનના પતિ. હંસા દામોદર જોષી, ધનંજય, દીપકભાઈના મોટાભાઈ, પ્રભાબેન પ્રભુલાલ ઢાંકીના જમાઈ, સુશીલાબેન કોકિલભાઈ, પન્ના કિરીટ જોષી ના ભત્રીજા. તે ૧૩/૬/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૧૫/૬/૨૫ ના રોજ ૪ થી ૬ કલાકે લોહાણા મહાજનવાડી, એસ વિ રોડ, શંકર મંદિર પાસે, કાંદિવલી વેસ્ટ રાખેલ છે.

**કચ્છી રાજગોર બ્રાહ્મણ**

ગં સ્વ ગીતાબેન ગૌરીશંકર માકાણી (ઉં. વ. ૬૬) ગામ ભીટારા હાલે મુંબઈ વિરાર અગાસી તા.૧૩/૦૬/૨૫ના શુક્રવારના સ્વર્ગવાસ થયેલ છે તે સ્વ જશુબેન માધવજીના પુત્રવધૂ. ભાવનાબેન અને નિલેશ ભાઈના માતૃશ્રી અવનીબેન અને લાભશંકરના સાસુ ક્રિષા અને વેદના દાદી. સ્વ કસ્તુરબેન હીરજી સ્વ શાંતાબેન કાકુભાઈ સ્વ ઝવેરબેન મગનલાલ અને ઉર્મિલાબેન ગીરીશભાઈના ભાભી. સ્વ પાર્વતીબેન મીઠુભાઈ મોતા ભુજના સુપુત્રી. સાદડી તા. ૧૫/૦૬/૨૫ શ્રી વિરાર અચલગછ જૈન સંઘ ગીતા સ્મૃતિ ભવન ૧માળે શ્રેયા હોટેલ ની ગલી મા રેલવે સ્ટેશન ની બાજુમાં વિરાર વેસ્ટ સમય ૩થી૫ (બન્ને પક્ષની સાદડી રાખેલ છે લૌકિક વ્યવહાર બંધ છે)

**કચ્છી લોહાણા**

ગામ મોડસર હાલે મુંબઈ નિવાસી સ્વ. જશોદાબેન ઓધવજી ગણાત્રાના સુપુત્ર તરૂણ, (ઉં. વ. ૫૭) તે સ્વ. વીરમતી વસનજી (શંભુભાઈ) લોહાણા (આઈયા)ના જમાઈ, તે મીનલ(મૂર્તી)ના પતિ. આશના ગૌરાંગ ખાનવિલકર નાં પિતા, તે સુનીલ, પંકજ, રીટા રાજેશભાઈ સોમૈયાના નાના ભાઈ તા. ૧૩ જૂન ૨૦૨૫ નાં શ્રીરામશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થના સભા રવિવાર તા. ૧૫ જૂન ૨૦૨૫નાં સાજે ૫ થી ૬.૩૦ પાખેલ છે. સ્થળ : લખમશી નમ્પૂ હોલ, ૩૧૧, ચંદાવરકર રોડ,માટુંગા (સેંટ્રલ) મુંબઈ - ૪૦૦૦૧૯. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે, બૈરાઓ એ તેજ દિવસે આવી જવું.

**કચ્છ વાગડ લોહાણા**

ગામ ખારોઈ ના હાલે પનવેલ નિવાસી સ્વ. દયાલજીભાઈ મોરારજી સોનેતા (રામાણી)ના પુત્રવધૂ. ગં. સ્વ.મુક્તાબેન તે સ્વ.પ્રવીણભાઇના પત્ની તે સ્વ. હીરજીભાઈ, સ્વ. ચીમનભાઈ, સ્વ.શાંતાબેન ચુનીલાલ રાજદે તથા સ્વ. ભાનુબેન બાબુલાલ મીરાણીનાના ભાઈના પત્ની. ચી.રાજેન્દ્ર , સૌ. આરતી પ્રભુલાલ કાથરાણી , સૌ. જસ્મીના નિમેશકુમાર ચોથાણી , સૌ. હેતલ મનોજકુમાર નાથાણી તથા સૌ. જીગ્ના કમલકુમાર મીરાણીના માતુશ્રી સૌ.પૂજાના સાસુ . સ્વ. જમનાદાસ રણછોડદાસ મીરાણના દીકરી. બંને પક્ષની પ્રાર્થના સભા તા. ૧૫.૦૬.૨૦૨૫. રવિવાર ના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ જયેષ્ઠ નાગરિક હોલ , જુના થાણા નાકા રોડ, પનવેલ મુકામે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દેસાઈ સઈ સુતાર જ્ઞાતી**

સથરા નિવાસી, હાલ વસઈ ધરમશીભાઈ (ઉં.વ. ૭૮) તા. ૧૩-૬-૨૫નાં રામચરણ પામ્યા છે. તે સ્વ. ભીખાભાઈ ગીગાભાઈ વાઘેલાના પુત્ર. ગુણવંતીબેનના પતિ. રાજેશ, હર્ષા, જોગેશ, લખધીર, આરતી દિનેશ રાઠોડના પિતા. રૂપાબેનના સસરા. માનસી, શશાંકના દાદા તેમની પ્રાર્થના સભા સોમવાર તા. ૧૬-૬-૨૫ના રોજ બપોરે ૩થી ૫. ઠે.: નવું સ્વામીનારાયણ મંદિર, પાર્વતી સિનેમા પાછળ, સાંઈનગર, વસઈ રોડ (વેસ્ટ).

### ગોવંડીમાં ડમ્પરે

ટક્કર મારી હતી. ડમ્પરની ટક્કરને કારણે ચારેય જણ માર્ગ પર પટકાયા હતા અને ગંભીર રીતે ઇજા પામ્યા હતા. ચારેય જણને સારવારાર્થે નજીકની હૉસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા, જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

આ અકસ્માત બાદ લોકો ઉશ્કેરાયા હતા અને તેમણે ડમ્પરની તોડફોડ કરી હતી. બાદમાં લોકો મોટી સંખ્યામાં રસ્તા પર ઊતરી આવ્યા હતા અને વિરોધ પ્રદર્શન કર્યું હતું, જેને કારણે માર્ગ પર ટ્રાફિક જૅમ સર્જાતાં વાહનચાલકો અટવાયા હતા. વિરોધ પ્રદર્શન કરનારા લોકોએ ડમ્પરચાલક સામે કાર્યવાહી કરવાની માગણી કરી હતી.

બીજી તરફ બનાવની જાણ થતાં દેવનાર પોલીસ સ્ટેશનના અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને તેમણે વિરોધ પ્રદર્શન કરી રહેલા લોકોને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે તેઓ ત્યાંથી હટવા તૈયાર નહોતા, જેને કારણે ટોળાને વિખેરવા માટે પોલીસે હળવો લાઠીચાર્જ કરવો પડ્યો હતો.

પોલીસે અમુક લોકોને તાબામાં લીધા હતા અને બાદમાં તેમને પોલીસ સ્ટેશનમાં લઇ જવામાં આવ્યા હતા. દરમિયાન આ વિસ્તારમાં વધારાનો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. ■

મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

**અમદાવાદ** વિમાન દુર્ઘટના

# આંચકો - અવાક - આઘાત ને પછી આક્રંદ...



**૨૪૧ પ્રવાસી સહિત કુલ ૨૭૫ જેટલા લોકોએ જીવ ગુમાવ્યો એવી સ્તબ્ધ કરી મૂકે એ ‘ડ્રીમલાઈનર’ બોઈંગના હવાઈ અકસ્માતે અનેક પરિવારનાં ડ્રીમ-સપનાંને વેર-વિખેર કરી નાખ્યા છે ત્યારે આ દુર્ઘટનાની આસપાસનો માહોલ એક તમાશો ન બની જાય એની સાવચેતી પણ આપણે રાખવી રહી...**

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

**અમદાવાદમાં** ‘એર ઈન્ડિયા’નું પ્લેન તૂટી પડ્યું એ ઘટનાનો આઘાત હજુ શમ્યો નથી. આ દુર્ઘટનામાં માત્ર પ્લેનમાં સવાર લોકોનાં જ મોત નથી નીપજ્યાં, પણ એ પ્લેન તૂટીને મેડિકલ કોલેજની હોસ્ટેલ પર પડ્યું તેમાં કેટલાક ભાવિ ડોક્ટરો પણ માર્યા ગયા, હોસ્ટેલના સ્ટાફના કેટલાકે પણ જીવ ગુમાવ્યા. (આ લખાઈ રહ્યું છે ત્યારે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિત મરણનો આંક ૨૭૫ સુધી પહોંચી ગયો છે.)

જેમણે પોતાના સ્વજનો ગુમાવ્યાં એમનાં દિલ પર શું વીતી રહી હશે તેની કલ્પના પણ કરી શકાય તેમ નથી.

‘એર ઈન્ડિયા’ દ્વારા દરેક મૃતકદીઠ પરિવારને એક-એક કરોડ રૂપિયા આપવાની જાહેરાત કરાઈ છે. વિમાના પણ દોઢ-દોઢ કરોડ મળશે પણ આ બધા રૂપિયાથી સ્વજન ગયાનું દુ:ખ હળવું થવાનું નથી. કોઈએ પરિવારના મોભી ગુમાવ્યા છે તો કોઈએ લાડકી દીકરી ગુમાવી છે. કોઈએ પોતાની જીવનસંગિની ગુમાવી છે તો કોઈએ પરિવારની એક માત્ર કમાતી વ્યક્તિ ગુમાવી છે. હોસ્ટેલમાં કામ કરનારાં એક બહેનની તો બે વર્ષની પૌત્રી એમની સાથે હતી ને એનો પત્તો નથી. દીકરી ગુમાવનારી માતા હૈયાફાટ રૂદન કરી રહી છે.

આવી જ હાલત તમામ પરિવારોની છે. આખા દેશે આ પરિવારોની સંવેદનામાં ભાગીદાર બનવું જોઈએ પણ તેના બદલે આપણે ત્યાં આટલી મોટી દુર્ઘટનાનો પણ તમાશો બનાવી દેવામાં આવ્યો છે. ભારતમાં કોઈ પણ દુર્ઘટના બને કે તરત કોન્સ્પિરસી થિયરીઓ - કહેવાતાં કાવતરાંની વાત વહેતી થઈ જાય છે. સોશિયલ મીડિયા પર કહેવાતા એક્સપર્ટ્સ મેદાનમાં આવી જાય છે અને આપણે કલ્પના પણ ના કરી શકીએ એવી વાતો વહેતી કરી દે છે. અમદાવાદ પ્લેન ક્રેશ પછી પણ ખેલ શરૂ થઈ ગયો છે.

આ પ્લેન કોઈ ટેકનિકલ ખામીના કારણે નથી તૂટ્યું, પણ ભાંગફોડના કાવતરાના ભાગરૂપે વિમાન તોડી પડાયું છે એવા દાવા કરવામાં આવી રહ્યા છે. એવી વાતો ચગાવાઈ રહી છે કે મૂળ તો પ્લેન સિવિલ હોસ્પિટલ પર પાડીને હજારોની સંખ્યામાં લોકોની હત્યા કરવાનું કાવતરું હતું, પણ થોડીક સેકન્ડોની ચૂકમાં પ્લેન હોસ્ટેલ પર પડી ગયું તેથી મૃત્યુ આંક ઓછો થયો !

આવી વાતોના કોઈ પુરાવા નથી. જે લોકોએ કદી પ્લેનનું એન્જિન જોયું પણ નહીં હોય એવા લોકો બેસીને પ્લેન કઈ રીતે કામ કરે છે તેની ગોળીઓ દર્શકોને ગળાવી રહ્યા છે... પ્લેનનાં બન્ને એન્જિન કદી પણ એક સાથે બંધ જ ના થાય એવી વાત કરી રહ્યા છે. બોઈંગ વિમાને કરેલા બચાવને કોન્સ્પિરસી થિયરીઓ માટેનો આધાર બનાવી રહ્યા છે. બીજી તરફ, સરકાર કાવતરાની વાત દબાવી દેવા માગે છે એવી બકવાસ વાતો પણ ધૂમ ચાલી રહી છે...

આઘાતની વાત પાછી એ છે કે, આપણે ત્યાં લોકો આવા વીડિયોને વાયરલ કરી રહ્યા છે. કોન્સ્પિરસી થિયરી વહેતી કરનારાની કોઈ લાયકાત છે કે નહીં તે સમજ્યા વિના તેનાં જૂઠાણાં આ લોકો ફેલાવી રહ્યા છે. બોઈંગ કંપની તો પોતાના પ્લેનનો બચાવ જ કરવાની એટલી સાદી સમજ પણ એમનામાં નથી.

પ્લેન ભાંગફોડ કે આતંકવાદી કાવતરાનો ભોગ બન્યું હોય એવી શક્યતાને નકારી ના શકાય, પણ તેના નક્કર પુરાવા જરૂરી છે. પ્લેનનું બ્લેક બોક્સ કોકપીટ રેકોર્ડર મળી ગયું છે. તેનું અધિકૃત એનાલિસિસ પૃથકરણ કરીને કોકપિટની વાતચીતના આધારે પ્લેન ક્રેશનાં કારણ સુધી પહોંચવાનો પ્રયાસ ચાલી રહ્યો છે. અઠવાડિયા કે દસ દિવસમાં એ તારણ અને કારણ બહાર આવી જશે. આપણે ત્યાં સુધી રાહ જોવી જોઈએ પણ તેના બદલે દુર્ઘટનાને ૨૪ કલાક પણ નહોતા થયા ત્યાં જાતભાતનાં કાવતરાંની વાતો વહેતી કરવી કે ‘સરકાર કંઈક છુપાવી રહી છે’ એવો બકવાસ કરીને અવિશ્વાસનું વાતાવરણ ઊભું કરવું જરાય યોગ્ય નથી.

આ બધા વચ્ચે બોઈંગ કંપની ભલે ગમે તે દાવા કરે પણ તેનાં વિમાનો સંપૂર્ણ સલામત નથી જ. ભૂતકાળમાં ટેક્નિકલ ખામીના કારણે બોઈંગનાં ઘણાં વિમાનો તૂટ્યાં જ છે. ઈન્ટરનેટ પર સર્ચ મારશો તો એક શોધશો તો એકવીસ ઘટનાઓ મળી આવશે. આ સંજોગોમાં બોઈંગના દાવાના આધારે એનાં આવાં ‘ડ્રીમલાઈનર’ પ્લેનને ક્લીન ચીટ આપવી મૂર્ખામી છે.

એક અહેવાલ મુજબ જે ‘ ડ્રીમલાઈનર’ બોઈંગ અમદાવાદમાં અકસ્માતનો ભોગ બન્યું એ જ વિમાન છેલ્લાં ૧૫ દિવસથી ભારત અને વિદેશો વચ્ચે સતત પ્રવાસ કરતું હતું અને વચ્ચે એને પણ કોઈ ટેક્નિકલ મુશ્કેલી નડી હતી. એને જોઈતો આરામ આપીને વિમાનની જરૂરી જાંચ-તપાસ ન થઈ અને રહી ગયેલી તકનિકી ખામી એના માટે ઘાતક બની ગઈ હોય એવી સંભાવના નકારી કાઢવામાં આવતી નથી...

એક વર્ગ દુર્ઘટનાને ધર્મ સાથે જોડી રહ્યો છે. ‘જીવન ક્ષણભંગુર છે ને ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે’ એવાં ઉપદેશાત્મક વીડિયોનો તો મારો ચાલી રહ્યો છે, પણ પ્લેન ક્રેશમાં ૨૪૧ પ્રવાસી માર્યા ગયાં, પણ ‘ભગવદ્ ગીતા’ના પુસ્તકને આંચ પણ ન આવી...

બધાં મળીને ૨૯૦થી વધુ લોકોનાં મોત આ દુર્ઘટનામાં થયાં છે તેનો અફસોસ કરવાના બદલે એક પુસ્તક બચી ગયું એની ખુશી વ્યક્ત કરનારા પણ છે... પ્લેન ક્રેશમાં લંડનના રમેશ વિશ્વાસકુમાર નામનો એક પ્રવાસી આબાદ ઊગરી ગયો અને એક દીકરી ટ્રાફિકમાં ફસાઈ ગઈ તેમાં પ્લેન ચૂકી ગઈ તેથી બચી ગઈ. આ યુવક-યુવતીની જિંદગી ના છિનવાઈ તેનો આપણને આનંદ છે, પણ ગુજરાતના પૂર્વ મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણી સહિત બાકીનાં ૨૪૧ વત્તા પ્લેન હોસ્ટેલ પર પડ્યું એના કેટલાક યુવા મેડિકલ સ્ટુડન્ટ્સના પણ ‘રામ રક્ષક ના બન્યા’ એવું કહીને શું સાબિત કરવા માગીએ છીએ એ જ લોકોની માનસિકતા સમજાતી નથી.

ધર્મ સંવેદનશીલ વિષય છે તેથી તેના વિશે ટીકા-ટિપ્પણી ના કરવી જોઈએ પણ આટલી મોટી સંખ્યામાં લોકોનાં મોત થયાં છે, અનેક પરિવારો પર દુ:ખનો પહાડ તૂટી પડ્યો છે ત્યારે તો ધર્મને આ વાતોથી દૂર રાખવાની વિવેકબુદ્ધિ હોવી જોઈએ. ■

## ફેક વીડિયોની પરાકાષ્ઠા...



કેપ્ટન સુમિત સભરવાલ

ચીન દુનિયાભરનાં શ્રેષ્ઠ ઉત્પાદનોની નકલ કરીને આર્થિક મહાસત્તા બન્યું છે જ્યારે ભારતીયો ફેક પોસ્ટ્સમાં મહારત હાંસલ કરી રહ્યા છે.

એપલનો આઈફોન હોય કે મેટાનું ફેસબુક હોય, ચીન પાસે બધાંની કોપી છે અને ચીના તેમાંથી નાણાં રળે છે જ્યારે ભારતમાં કોઈ પણ ઘટના બને એટલે તરત તેનો ફેક વીડિયો કે પોસ્ટ બનાવીને ફરતી કરી દેવામાં સમય વેડફાય છે. આ પ્રવૃત્તિમાં કદાચ લોકોને વિકૃત આનંદ આવે છે, પણ પ્લેન જેવાં અકસ્માતમાં માર્યા ગયેલા માણસને પણ એ લોકો છોડતા નથી.


અમદાવાદ પ્લેન ક્રેશમાં જેમનું નિધન થયું એ પાઈલોટ કેપ્ટન સુમિત સભરવાલનો પણ મૃત્યુ પહેલાંનો કહેવાતો આવો જ ફેક વીડિયો વાયરલ થયો છે. ૫૪ વર્ષના સભરવાલના બદલે કોઈ ફિલ્મ કે બીજા કશામાંથી કોઈ યુવાનનાં વિઝ્યુઅલ્સ લઈને બનાવી દેવાયેલા વીડિયોમાં ફિલ્મી સ્ટાઈલની વાતો છે. આ વીડિયો ભારતમાં યુવાઓ કઈ હદે દિશાહીન છે તેનો પુરાવો છે.

ક્રેશના સ્થળે સેલ્ફી લેવા જામી રહેલી ભીડ પણ આઘાતજનક છે. મોતનું માતમ કરવાના બદલે આપણે તેને પણ તમાશો બનાવી દીધો છે.

ટેક વ્યૂહ
વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# આ ફ્લાઈટ દુર્ઘટનાને કઈ રીતે ઉકેલશે ‘એર ક્રેશ ડિટેક્ટિવ’ ટીમ?

**ક્રેશ ડિટેક્શન ટેકનોલોજીની આજ-કાલ**



**અમદાવાદ** શહેર માટે ૧૨ જૂન ૨૦૨૫નો દિવસ બ્લેક- ડે પૂરવાર થયો... દિલ્હી- અમદાવાદ અને પછી અમદાવાદથી લંડન જતી ફ્લાઈટ ટેકઓફ થયાની દોઢ જ મિનિટમાં મેડિકલ હોસ્ટેલની ઈમારત પર ક્રેશ થતા જાણે આકાશમાંથી મોત ત્રાકટ્યું... લંડન જતા પ્રવાસીઓની સફર અધુરી રહી ગઈ અને જીંદગી પર પૂર્ણવિરામ મુકાઈ ગયું. ટેકઓફની ગણતરીની સેકંડમાં બન્ને પાઈલટે ‘મે ડે ...મે ડે’નો ઈમરજન્સીનો સંકેત આપ્યા અને કોઈને કશું સમજાય એ પહેલાં જ ફ્લાઈટના ત્રણ કટકા થઈ ગયા અને ૨૪૨ પ્રવાસીઓ ભડથું થઈ ગયા.

જે વિમાન ક્રેશ થયું એ બોઈંગનું ‘ડ્રીમલાઈનર’ કેટેગરીનું હતું, જે એવિએશન ક્ષેત્રે કાયમી ચર્ચામાં રહેતી કેટેગરી રહી છે. એડવાન્સ ટેકનોલોજીની ઊંચાઈ આ ક્રેશ વખતે લોકોના જીવન બચાવવામાં ઓછી પડી.

દુનિયામાં કોઈ પણ જગ્યાએ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ ક્રેશ થાય ત્યારે આંતરરાષ્ટ્રીય નિયમો, સિવિલ એવિએશન સિક્યોરિટી લો અને ક્રેશ ડિટેક્શન એનાલિસીસ સ્ટેપ્સ લાગુ પડે છે.

આવે વખતે ‘એર ક્રેશ ડિટેક્ટિવ’ તરીકે ઓળખાતા નિષ્ણાતો દૃશ્યમાં આવે છે. આવા એવિયેશન એક્સપર્ટની એજન્સીઓ જ્યાં જ્યાં વિમાની અકસ્માત થાય તો ઘટનાસ્થળે પહોંચી જઈને એની કામગીરી શરૂ જ કરે છે.

ક્રેશ સાઈટ પર રાહત કામગીરીને પ્રાધાન્ય આપી વિમાનના ચોક્કસ પાર્ટ્સને શોધીને અકસ્માત પાછળનું કારણ શોધવાની કામગીરી આ નિષ્ણાતો બજાવે છે.

સામાન્ય રીતે જ્યારે પણ વિમાન કે હેલિકોપ્ટર ક્રેશ થાય ત્યારે સૌથી વધારે ચર્ચા એના બ્લેકબોક્સની થાય છે. હકીકતમાં બ્લેકબોક્સની સાથે ઘણી એવી ટેકનિક્સ છે જે અકસ્માત પાછળના કારણોને શોધવામાં સફળ પૂરવાર થઈ છે. વિમાન અકસ્માતને એવિએશન ક્ષેત્રમાં ‘એક્સિડન્ટ’ કે ‘ફ્લાઈટ ઈન્સીડન્સ’ તરીકે ઓળખવામાં આવે છે.

આવા કિસ્સા વખતે ‘એડહોક નેટવર્ક’ની મદદથી ક્રેશ થયેલા વિમાન કે હેલિકોપ્ટરનું ડિટેક્શન થાય છે. એડહોક નેટવર્કની ખાસિયત એ છે કે, એ કોઈ રૂટ, ખાસ પ્રકારના સાધન, આંતરમાળખા, એક્સેસ કે પોઈન્ટ ટુ પોઈન્ટ વિગત પર આધારિત નથી. વિમાન બનાવતી કંપનીઓ એક સમયે મશીન આધારિત સિસ્ટમ તૈયાર કરતી હવે નેટવર્ક આધારિત સિસ્ટમ તૈયાર કરે છે, જેના કારણે હજારો ફીટની ઊંચાઈ પર કોઈ ઈમરજન્સી ઊભી થાય તો વીજળીવેગે જે તે એરપોર્ટનો સંપર્ક કરીને પ્રાથમિક બચાવના પગલાં લઈ શકાય. આને ‘મલ્ટીલેયર સિક્યોરિટી વીથ પ્રોટેક્શન સિસ્ટમ’ કહે છે.

અગાઉના પેસેન્જર વિમાન પાઈલટ મોડના આવતા હવે ઓટોમોડના આવે છે, જેમાં સંપૂર્ણ કંટ્રોલ પાઈલટ પાસે રહે છે. ફલાઈનું ટેકઓફ, નેવિગેશન, ઊંચાઈ, ઓટો પાયલટથી લઈ મોકલવામાં આવતા કમાન્ડ પર જેની બાજ નજર રહે છે અને જે નજર રાખે છે એ સિસ્ટમને ‘એવિઓનિક્સ સિસ્ટમ’ કહે છે. એ એર ટ્રાફિક કંટ્રોલ ટાવરમાં તથા વિમાનમાં હોય છે. વિમાન તૈયાર થાય ત્યારે એની સાથે આ સિસ્ટમ તૈયાર થાય છે, જેમાં સુરક્ષાના પાસાને વધુ મજબૂત કરવા ઘણા ટેસ્ટ કરવામાં આવે છે. આ સિસ્ટમ ડાયરેક્ટ ઈન્ટરનેટ કે પબ્લિક નેટવર્ક સાથે જોડાયેલી હોતી નથી. એટલે લોકો તેને ડાયરેક્ટ એક્સેસ કરી શકતા નથી. સેટેલાઈટ જીપીએસ અને ફ્લાઈટ રડાર સિસ્ટમ એમ બન્નેના સહયોગથી એના ફીચર્સ ડિઝાઈન થાય છે.

વર્ષ ૧૯૩૫માં ઓસ્ટ્રેલિયાના વિજ્ઞાની ડેવિડ વોરેને સૌ પ્રથમવાર બ્લેકબોક્સ તૈયાર કર્યું, જેમાં વોઈસ રેકોર્ડર ઓફ કોકપિટ કેબિન ડિવાઈસ મૂક્યું. એમાં એન્જિનના અવાજથી લઈને પાઈલટે આપેલા કમાન્ડ સુધી બધી જ વસ્તુ રેકોર્ડ થાય છે. ૪ ચેનલ અને ૧૨ કલાકનું વોઈસમીટર રેકોર્ડર સતત ત્રણ દિવસ સુધી ચાલું રહે તો પણ એને કંઈ થતું નથી.

સુરક્ષાની દ્રષ્ટિએ અતિ મહત્ત્વનું હોવાનું માલૂમ પડ્યા બાદ દુનિયાભરની ફ્લાઈટ માટે આ બોક્સ ફરજિયાત છે,

CVR અને FDR સિસ્ટમ એ કોઈ પણ ફ્લાઈટનું હાર્ટ છે. જે બ્લેકબોક્સમાં પેક હોય છે. જેમ હાર્ટ ધબકતું હોય તો માણસ જીવતો હોય એ રીતે ફ્લાઈટ ક્રેશ થયા બાદ બ્લેકબોક્સ મળે એટલે ફ્લાઈટમાં ખરેખર શું થયું હતું એની વિગત મળે, જે માટે તેને આંતરરાષ્ટ્રીય લેબમાં લઈ જઈ ખોલવામાં આવે. એને ફ્લાઈટ ક્રેશ ડિકોડ પ્રોસિજર કહેવાય. વિમાનમાં જે જગ્યાએ આ ફીટ કરાયું હોય છે ત્યાં મોટા અને ઘાટા અક્ષરે લખ્યું હોય છે કે, ‘મહેરબાની કરીને ખોલશો નહીં...’ અકસ્માત પછી બ્લેક બોક્સની શોધ કરનારને પણ કડક સૂચના હોય છે કે, બોક્સને ભૂલથી પણ ખોલવું નહીં. કોકપિટ વોઈસ રેકોર્ડરમાં તમામ પ્રકારના વોઈસ હોય છે. એને ચોક્કસ ડિવાઈસ સાથે કનેક્ટ કરી લેબમાં સાંભળવામાં આવે છે. જ્યારે FDRમાં ફ્લાઈટનો તમામ ડેટા હોય છે. વિમાન સંબંધીત ૮૮ માપદંડ અને ૧૦૦૦થી વધારે કોડિંગ કોડથી એમાં ડેટા જમા થતો હોય છે. બ્લેકબોક્સ મળ્યા બાદ આ તમામ કોડની એક સ્ક્રિપ્ટ બનાવવામાં આવે છે. જે વિમાનમાં થયેલી કે વિમાન સાથે બનેલી ઘટનાની સિકવન્સ બતાવે છે. આ બોક્સ એવી રીતે તૈયાર કરાય છે કે, એ ઊંચા તાપમાને બળતું નથી. અમદાવાદ અકસ્માત વખતે વિમાન આગની જ્વાળામાં લપેટાઈ ગયું ત્યારે ટેમ્પરેચર તાપમાન ૧૦૦૦ ડિગ્રીએ પહોંચી ગયું હતું!

ફ્લાઈટ પાણીમાં ક્રેશ થાય તો પાણીથી ડેટાલોસ થતો નથી. બોક્સનો રંગ નારંગી એટલા માટે રખાય છે કે, બ્લાસ્ટ વખતે બધુ બ્લેક થઈ જાય તો આ રંગથી એને ઓળખી શકાય. ૨૫૦૦૦ ફૂટની ઊંડાઈએથી પણ તે સિગ્નલ મોકલી શકે છે અને ૧૩૦૦ ડિગ્રીથી વધુની આગ વચ્ચે પણ ચાલું રહી શકે છે. બોક્સ મળ્યા બાદ એક-એક સિગ્નલને ખોલવામાં આવે છે. જે માટે મશીન લર્નિંગ લોકિંગ સિસ્ટમ હોય છે.

ફ્લાઈટ ક્રેશ ડિટેક્શનમાં કુલ ૧૬ સ્ટેપ હોય છે. આ પછી એક જનરલ રિપોર્ટ તૈયાર થવામાં આવે છે, જેને ક્રેશ કોઝ ફાઈલ કહેવાય છે. વર્ષ ૨૦૧૩માં પેરીસમાં થયેલી ફ્લાઈટ ક્રેશની ઘટનામાં ફ્યૂલનોબ પરથી ઈન્વેસ્ટિગેશન થયું જેમાં છેલ્લે બ્લેકબોક્સ મળ્યું હતું. ■

**આઉટ ઑફ બોક્સ**

**૨૦૧૪માં ૨૩૯ પેસેન્જર સાથે કુઆલાલુમ્પુરથી ઉપડીને બીજિંગ જતી ‘મલેશિયા એરલાઈનસ’ની ફ્લાઈટ- ૩૭૦ અધરસ્તે કેવી રીતે લાપતા થઈ ગઈ કે એનું રહસ્ય હજુ સુધી ઉકેલાયું નથી...**

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




એસીપી મોરેએ ઠીક હૈ.....કહીને જેવો ફોન કટ કર્યો કે ફરી ફોનની ઘંટડી વાગી. મોરેએ ઝટથી ઊંચક્યો.

'મોરે, ખૂની કો પકડા કી નહીં.? એક હપ્તા પૂરા હોને કો હૈ.' અપ્પા સાહેબનો કટાક્ષભર્યો કડક અવાજ મોરેના કાનમાં અફળાયો.

'અપ્પા સાહેબ દો દિન બાકી હૈ. આપકો ખૂની મિલ જાયેગા.' મોરેએ શિંદેની સામે જોતા કહ્યું.

'દેખ ઇલેક્શન સર પર હૈ. મુઝે કેસે ભી કર કે ઇસ કેસ કો ક્લોઝ કરના હૈ.'

'હો જાયેગા.' મોરે બોલ્યા. અપ્પા સાહેબે પછાડીને મૂકેલા ફોનનો કટ થવાનો અવાજ શિંદેના કાને પણ પડ્યો. ડેડલાઇન સાંભળીને શિંદેના ચહેરા પર લાચારી ફરી વળી. બે દિવસમાં કઇ રીતે ખૂની પકડાશે? એને માથા પર ડેડલાઇનની લટકતી તલવાર દેખાઇ રહી હતી. એ એસીપી મોરેની ફોન પરની ટૂંકી વાતચીતનો વિચાર કરવા લાગ્યો. એને એટલું તો સમજાયું હતું કે મામલો અભિ મર્ડર કેસનો હોવો જોઇએ, પણ એને એ નહીં સમજાયું કે સામેની વ્યક્તિ કોણ હતી અને મોરેએ મભંમ વાત કેમ કરી.

'સર, હમારે સર પર ડેડલાઇન લટક રહી હૈ. અબ ક્યા કરેંગેં?' એણે પૂછ્યું.

'સોચતે હૈ કૂછ..' મોરે ક્યાંક ખોવાયેલા હતા.

'સર, સીમા ક્યા છુપા રહી હોગી?'

શિંદે, યહી તો પતા કરના હૈ. પોલીસ સબ ઇન્સપેક્ટર શાંતા સાબડે કો બુલાઓ.' આ વળી નવું શું આવ્યું વિચારતો શિંદે ઉતાવળે જઇને પીએસઆઇ શાંતા સાબડેને બોલાવી લાવ્યો.

'શાંતાબાઈ, તૂમ હંમેશાં બોલતી હો ના કી સા'બ બડે કેસ મેં મુઝે સાથ રખો...મૈં ભી કૂછ સિખેગી....તો ચલો આજ. શિંદે જીપ નીકાલો.'

અભિ મર્ડર કેસમાં એસીપી મોરેએ સાથે રાખી એની ખુશીમાં શાંતા સાબડેએ મોરેને સેલ્યુટ કરી. પોતાની સર્વિસ રિવોલ્વરના હોલ્સ્ટર પર હાથ મુક્યો. કેપ સરખી કરી. હરખાતી પીએસઆઈ શાંતાબાઈ સાબડે બે વાર થેન્ક યુ બોલી.

***************

જીપ અભિના બંગલાની બહાર ઊભી રહી કે તરત જ બહાદુરે સલામ મારીને ગેટ ખોલ્યો. શિંદેએ જીપ અંદર પાર્ક કરી. ત્રણેયે અંદર જઇને ડ્રોઇંગ રૂમનો દરવાજો બંધ કરી દીધો. સીમા વિખરાયેલા વાળ, લઘરવઘર સાડી અને ચકળવકળ આંખો ફેરવતી બેઠી હતી. બાજુમાં શફીના ઊભી હતી. એસીપી મોરે અને શિંદેને સીમાની હાલત કરતા વધુ આંચકો શફીનાની હાજરીએ આપ્યો હતો.. શફીના અહીં શું કરે છે. એવું વિચારતા મોરેએ સીમા અને શફીનાને વારાફરતી જોઇ.

'શાંતાબાઇ, તુમ શફીના કો અંદર લે જાઓ.' અચાનક આવી ચડેલી પોલીસને જોઇને શફીના ડઘાઇ ગઇ. અંદર લઇ જવા પાછળનું એને કારણ નહીં સમજાયું.

'સર, ક્યું ક્યા હુઆ ? જો પૂછના હૈ યહાં સબ કે સામને પૂછો.' એણે કહ્યું.

'તુમકો બાદ મેં પૂછતા હું. તુમ અંદર બૈઠો.' એસીપી મોરે બોલ્યા.

'ચલા ચલા અંદર ચલા' કહીને શાંતાબાઇ એનો હાથ ઝાલીને અંદર લઇ ગઇ.

'સીમાદેવી, આપસે કૂછ પૂછના હૈ.' મોરે સામેની ખુરસી ખેંચીને બેઠા. શિંદે સીમા પર નજર રાખતો ઊભો રહ્યો.

'પૂછો..' સીમાએ છુટા વાળનો અંબોડો વાળતાં કહ્યું.

'સચ બતાઓ આપકો કિસ સે ડર લગતા હૈ.?' સીમા ચૂપ રહી.

'વો કૌન લડકી હૈ જિસને આપકો માર ડાલને કી ધમકી દી હૈ? નામ બોલો.' સીમા નીચું જોઇ ગઇ.

'આપ નહીં બતાયેગી તો હમ આપકે પતિ કે ખૂની કો પકડેંગેં કેસે?' શિંદેએ કહ્યું.

'નામ નહીં પતા' સીમાએ મોં ઊંચું કર્યા વિના જ કહ્યું.

'તો ફિર આપને નીલમ શાહ કો ઐસા ક્યું કહા કી પ્રિયા, શીલા, આકાંક્ષા....બહુત સારી લડકિયાં હૈ....કોઇ તો મુઝે માર દેગી.' મોરેએ પૂછ્યું.

સીમાએ ઊંચું જોયું અને આસપાસ નજર ફેરવતા બોલી: 'પ્રિયા. મુઝે પ્રિયા સે ડર લગતા હૈ. ઉસને મેરે સામને અભિ કો કહા થા કી મૈં તુમ્હારા ખૂન કર દુંગી. મૈંને આપકો સ્ટેટમેન્ટ ભી દિયા થા.....આપને કૂછ એક્શન નહીં લિયા.'

એસીપી મોરે જમણો ગાલ સહેજ ખેંચીને હસ્યા. 'સીમાદેવી, માન લો કી પ્રિયાને મર્ડર કિયા હૈ તો વો તુમ્હારા મર્ડર ક્યું કરેગી.?'

'મુઝે લગતા હૈ કી વો.' સીમાએ કહ્યું.

'સીમાદેવી, લગના ઔર રિયાલિટી મેં બહુત ફર્ક હૈ.....જેસે મુઝે લગતા હૈ કી આપ એક્ટિંગ કર રહી હો....લેકિન યે રિયાલિટી નહીં હૈ.' એસીપી મોરેએ કહ્યું. સીમાએ બાંધેલા વાળ છુટા કર્યા.....ચકળવકળ આંખો ફેરવવા લાગી....

'શફીના, મુઝે તુમ્હારા બુરખા દો...મુઝે સાયકોલોજિસ્ટ કે પાસ જાના હૈ.' સીમા બરાડી ઊઠી. અંદરથી શફીના દોડી આવી. એની પાછળ શાંતા સાબડે આવીને ઊભી રહી ગઇ.

'તુમ દોનો અંદર રહો.' મોરેએ મોટેથી કહ્યું. શાંતાબાઈ શફીનાને અંદર લઇ ગઇ. એસીપી મોરે સીમા તરફ ફર્યા.

> 'ઇન્સિક્યોરિટી અને ડિપ્રેશનથી આગળ વધીને માનસિક અસ્થિરતા સુધી પહોંચેલી સીમા ક્યું રહસ્ય છુપાવી રહી હતી?'

'સીમાદેવી, અબ આપકો સાયકોલોજિસ્ટ કે પાસ બુરખે મેં જાને કી ઝરૂરત નહીં, વો ખુદ યહાં આયેગી તુમ્હારી ટ્રીટમેન્ટ કરને.' મોરેએ કહ્યું.

'શિંદે, તુમ યહાં રહો....ઇનકે પાસ. ઇશારેથી સીમા પર નજર રાખવા કહીને એ અંદર ગયા. એસીપી મોરેને જોઇને શફીના અને શાંતાબાઈ ઊભાં થઇ ગયાં. શાંતાબાઈની ખુરસી પર બેસતા જ મોરેએ પૂછ્યું: 'શફીના, તુમ વાપિસ ક્યું આઇ હો.?'

'સર, બહાદુર કા અકબર પર ફોન આયા કી સીમામેડમ પાગલ હો ગઇ હૈ....કૂછ કરો.....અકબરને મુઝે વાપસ થોડે દિન ઉસકી દેખભાલ કે લિયે ભેજા હૈ.'

'તુમને સાયકોલોજિસ્ટ કા કોન્ટેક્ટ ક્યું નહીં કિયા.?'

'મૈંને કહા કી ચલો ઉસકે પાસ મગર સીમાને ના કહા.'

'શફીના તુમકો સચ મેં લગતા હૈ પાગલ હો ગઇ હૈ? ડરી હુઇ હૈ?'

'વો કઇ બાર ઐસા બોલતી રહેતી હૈ કી મેરા જીવન બરબાદ કર દિયા ઇન લોગોંને......' શફીનાએ કહ્યું.

'નામ બતાયા કિસી કા?' મોરેએ પૂછ્યું.

'નહીં...નામ નહીં બોલી કિસી કા'

'ઠીક હૈ...તુમલોગ બહાર આ સકતે હો..' બધા બહાર આવ્યા.

'સીમાદેવી. મુઝે લગતા હૈ આપકો ટ્રીટમેન્ટ કી ઝરૂરત હૈ.'

'મુઝે કહીં નહીં જાના.'

'અભી તો આપને શફીના કો કહા...બુરખા દો....જાના હૈ....'

'મૈં ઠીક હું...નહીં જાના મુઝે.' સીમાએ અકળાઇને કહ્યું ને દરવાજા પર ટકોરા પડ્યા. શિંદેએ જઇને દરવાજો ખોલ્યો. સામે સાયકોલોજિસ્ટ નીલમ શાહ ઊભી હતી.

એને જોઇને સીમા બૂમો પાડવા લાગી: 'મુઝે નહીં મિલના....નહીં કરની ટ્રીટમેન્ટ...ચલી જાઓ યહાં સે'

'હમને બુલાયા હૈ ઇનકો...' મોરેએ કહ્યું.

'સીમા, કોઈ ટ્રીટમેન્ટ નહીં કરુંગી.....બસ સિર્ફ બાત કરની હૈ તુમસે.'

નીલમ શાહે એસીપી મોરેની સામે જોયું. એમણે ઇશારો કરીને સીમાને અંદર લઇ જવાની સંમતિ આપી ને શાંતાબાઈને કહ્યું: 'તુમ સાથ રહેના.....ધ્યાન રખના.'

'સર, યે ક્યા પાગલપન હૈ.?' એસીપી મોરે જે કહે તે ચૂપચાપ કર્યા કરતા શિંદેએ પૂછ્યું.

'શિંદે, પાગલપન કો જાનને કે લિયે થોડા પાગલપન ઝરૂરી હૈ. શફીના, તુ અંદર જા કર આરામ કર. બાદ મેં તુમકો બુલાતા હું.' શફીના સીમાને લઇ જવાયેલા રૂમના બંધ દરવાજા પર નજર કરીને બીજા રૂમમાં ગઇ.

***************

એસીપી મોરેએ કોઇ ચોક્કસ કારણસર સાયકોલોજિસ્ટ નીલમ શાહને બોલાવી હતી, પરંતુ શું એસીપી મોરે અને સાયકોલોજિસ્ટનો પ્લાન સફળ થશે ખરો? એમની આ કવાયતથી ખૂનીની ભાળ મળી જશે.? ઇન્સિક્યોરિટી અને ડિપ્રેશનથી આગળ વધીને માનસિક અસ્થિરતા સુધી પહોંચેલી સીમા ક્યું રહસ્ય છુપાવી રહી હતી? ચૌબેજી લિખિત સ્ક્રિપ્ટની ચાલે ચાલી રહેલા એસીપી મોરેની ચાલ ખોડંગાઇ તો નહીં જાયને.?

*****************

'તને ભૂખ લાગે છે? ઊંઘ બરાબર થાય છે.?' નીલમ શાહે સીમા સાથે વાત શરૂ કરી કે તરત જ શાંતાબાઈ વચ્ચે ટપકી: 'મેડમ, પ્લીઝ હિન્દી મેં બોલા.....મુઝે સમઝને કા હૈ.' નીલમ શાહે એની સામે જોતાં ફરી પૂછ્યું: 'સીમા, તુજે ભુખ લગતી હૈ...નીંદ ઠીક સે આતી હૈ.?'

'દેખો મેડમ, મેરી મેન્ટલ હેલ્થ ઠીક નહીં....મુઝે અકેલા છોડ દો પ્લીઝ.'

'ઇસકા એક હી ઇલાજ હૈ બાતચીત તુમ્હે ભૂખ લગતી હૈ? નીંદ આતી હૈ.?'

'હાં...આતી હૈ.....મુઝે પાની પીના હૈ.' સીમાએ કહ્યું. નીલમે શાંતાબાઈની સામે જોયું. શાંતાબાઈ પાણી લેવા ગઇ કે તરત જ સીમાએ કહ્યું: 'તમને ખબર છે એસીપી મોરે કોઇ ફિક્શનલ સ્ક્રિપ્ટને આધારે ઇન્વેસ્ટિગેશન કરી રહ્યા છે. સીધાસાદા ખૂની સુધી લઇ જતા કેસને અવળે રસ્તે લઇ જઇ રહ્યા છે.' નીલમ શાહે ન આશ્ચર્ય વ્યક્ત કર્યું ન એની વાતમાં ધ્યાન આપ્યું....કેમ કે એમને ખુદને સચ્ચાઇની જાણ નહતી. શાંતાબાઈ પાણી લઇને આવી ને વાતનો દોર બદલાઇ ગયો.

'તુમ્હારે પિતાજી કે બારે મેં એક લાઇન મેં બતાઓ.'

ઉસકી હવસખોરી કો કૈસે ભૂલ સકતી હું. સીમાએ પાણી પીતાં કહ્યું.

'ઔર ચંદન કે બારે મેં કભી સોચતી હો.?'

'બેકાર આદમી થા.....નિકમ્મા એક નંબર કા.'

'મોતીબાબુ.....વો બંદા કૈસા થા.?'

'ભોલા...ઇમાનદાર...ઔર બેવકૂફ થા....મેરે સાથ શાદી કરને કા સપના દેખતે દેખતે મર ગયા.'

'તુમને મુઝે બતાયા થા કી પ્રિયા અભિ કે બહુત નઝદીક થી..?'

'વો હી ખા ગઇ અભિ કો.....પુલીસ સમઝતી નહીં....ઉસને હી મર્ડર કિયા હૈ.' સીમા એકદમ સ્વસ્થતાથી બોલી.

'તુમકો પ્રિયા સે ક્યું ડર લગતા હૈ.....તુમકો માર કે ઉસકો ક્યા મિલેગા.?'

'મુઝે લગતા હૈ અભિ કે સાથ ઉસને શાદી કર લી થી....મુઝે માર કર વો યે સબ વો હડપ લેગી.'

'તુમકો કેસે પતા ઉસને અભિ સે શાદી કર લી થી....કોઇ પ્રૂફ હૈ તુમ્હારે પાસ.?'

'મુઝે લગતા હૈ.' સીમાએ કહ્યું..

'સીમા, અબ તુમ્હે પ્રિયા સે ડરને કી ઝરૂરત નહીં હૈ ક્યું કી પુલીસને પ્રિયા કો પકડ લિયા હોગા.'

'સચ.....આપકો કૈસે પતા ચલા...?'

'શિંદે સાહબ પ્રિયા કો ગિરફતાર કરને ગયે હૈ..' નીલમ શાહે કહ્યું. શાંતાબાઈ સાયકોલોજિસ્ટ નીલમ શાહ અને સીમાના હાવભાવ જોઇ રહી હતી.

'મૈં પહેલે સે બોલ રહી હું. પ્રિયા હી હૈ ખૂની.' સીમાના ચહેરા પર ખુશીની લહેર ઊપસી આવી. નીલમ બહાર આવીને એસીપી મોરેને માથું હલાવીને હા પાડી. આ શેનો સંકેત હતો એની ખબર મોરે સિવાય કોઇને ન પડી.

'શાંતાબાઈ, સીમાદેવી કો બહાર લે આઓ. મોરેએ કહ્યું. બંને બહાર આવ્યા. સામે પ્રિયા અને પિન્ટો ઊભાં હતાં.

'આખિર હમને ખૂની કો પકડ લિયા..' એસીપી મોરેએ મોટેથી ઘોષણા કરી. સીમાનો ચહેરો ખીલી ઉઠ્યો.

'મોરે સાહબ યે કામ બહુત જલ્દી કરને કા થા...બહુત દેર કર દી આપને' સીમાએ ઠંડે કલેજે કહ્યું.

'મૈં ભી યહી કહેતા હું બહુત દેર કર દી મૈંને.' એસીપી મોરે બોલ્યા અને ધડામ કરતોક દરવાજો ખુલ્યો ને બબલુએ એન્ટ્રી મારી.

(ક્રમશઃ)■

## આકાશ મારી પાંખમાં

ડૉ. કલ્પના દવે
feedback@bombaysamachar.com

# લવ યુ, બેટા

આજે જૂન મહિનાનો ત્રીજો રવિવાર છે. નવી પેઢી એને ફાધર્સ ડે (પિતૃદિવસ) તરીકે મનાવે છે. કૌટુંબિક આત્મીયતાના આ ભાવને સમજવા થોડી વાત માંડીએ.

મારા પિતાશ્રીનાં ચરણોમાં સમર્પિત ભાવઃ- પૂજ્ય પપ્પાજીને

*પૂજ્ય પપ્પાજી આજ આપનું સ્મરણ થતાં,*
*ચક્ષુભીના નયન, નમણાં હૈયાને ભીંજવી રહ્યાં,*
*કંટકોને મારગે ચાલી નવી કેડી કંડારી ગયા,*
*સંઘર્ષોના અડાબીડ વનને ભેદતા ગયા,*
*કર્મનિષ્ઠા ને આતમબળના પીયુષ આપી ગયા,*
*જીવનપંથના અમ પ્રેરક બની દિવ્યપંથે સીધાવી ગયા.*



ભારતીય સંસ્કૃતિ મુજબ જે બાળકને નવ મહિના કૂખમાં ઉછેરીને માતા બાળકને જન્મ આપે છે તેને માતા, જનની કે જનેતા કહેવાય છે, જયારે પિતાના આત્માનો જે અંશ છે તે પુત્રને આત્મજ અને પુત્રીને આત્મજા કહેવાય છે. એક જ માતા-પિતાનાં બાળકો જેની લોહીની સગાઈ છે તેને સહોદર કહેવાય છે. આ કૌટુંબિક સંબંધો અતૂટ છે, પણ એને સમૃદ્ધ રાખવાની જવાબદારી આપણી જ છે.

માતા-પિતાના નામથી આગવી ઓળખ આપણી સંસ્કૃતિનું પ્રતીક કહી શકાય. મા પાર્વતીને શૈલજા, તો જનકતનયા- જાનકી, શ્રીકૃષ્ણ- યશોદાનંદન તો રઘુવંશમાં જન્મેલા રાઘવ કે શ્રીરામ. કુંતીપુત્ર-કૌંતેય.

માતૃપ્રેમની અનેક વાતો આપણે કરીએ છીએ, પણ જેના વાત્સલ્યની અતૂટ ધારા આપણા પર વરસે છે તેને આપણે ભાગ્યે જ સમજી શકીએ છીએ.

દીકરો સાત-આઠ વર્ષનો થાય ત્યારે પપ્પા એના માટે સુપર હીરો હોય છે પણ સમય જતા એમાં ઓટ આવે, એના આદર્શ બદલાય અથવા વૈચારિક મતભેદને લીધે પપ્પા જોડે મતભેદ અને ઘણી વખત મનભેદ થાય, પણ કહેવાય છે ને કે-છાતી તો વ્રજના જેવી, હૈડું જાણે હિમાલય. એ પિતાના હૃદયની વિશાળતા આપણે પામી શકતા નથી.

દીકરા કે દીકરીને કોઈ પણ આપત્તિ હોય ત્યારે પહાડની જેમ તેનું રક્ષણ કરે, તે પિતા.

સંતાનને ખુશ રાખવા, તેમની દરેક ઈચ્છા પૂરી કરવા તનતોડ મહેનત કરે, તે પિતા.

રાતના બાર વાગે ડોરબેલ વાગે અને સૌથી પહેલાં સફાળો જાગે, કુટુંબનો રક્ષક, તે પિતા.

એજ્યુકેશન માટે, લોન લેવી હોય કે ઘરમાં કોઈ શુભપ્રસંગ હોય ત્યારે નાણાંની વ્યવસ્થા કરે તે પિતા. જીવન જીવવાની સાચી તાલીમ આપીને, કૌટુંબિક-સામાજિક કે વ્યવસાયિક જીવનના પડકારો કેવી રીતે ઝીલવા, કપરાસંજોગોમાં યોગ્ય નિર્ણય લેવા, જરૂર પડે ત્યારે લાગણીને સંયમિત રાખવાની હિંમત પિતા જ આપી શકે.

પ્રતિકૂળ પરિસ્થિતિમાં સાચો માર્ગ ચીંધે તે પિતા.

મા ગૃહિણી તરીકે પોષણ કરે જયારે પિતા આંગળી પકડીને બહારનું વિશ્વ બતાવે છે. ભણવામાં, આર્થિક આયોજનમાં કે તમારો વ્યવસાય કરતી વખતે તમે કોઈ પણ પરિસ્થિતિનો કેવી રીતે સામનો કરશો એ પિતા સમજાવે છે.

પિતાના આ પ્રેમને ઓળખવાનો અને પામવાનો પ્રયત્ન કરીએ અને સંતાન તરીકે આપણે એમને અઢળક પ્રેમ આપીએ, એમની કાળજી રાખીએ એ જ સાચો ફાધર્સ ડે.

આજની યુવાપેઢી ખૂબ સમજુ અને વિવેકી છે પણ તે છતાં ય સમયના અભાવે કે બદલાયેલી જીવનશૈલીને લીધે વૃદ્ધ માતા-પિતાને પોતે વધુ સમય આપી શકતા નથી.

મિત્રો, યાદ રાખજો કે પિતા કદાચ હું તને ખૂબ ચાહું છું- એવું શબ્દોમાં વ્યક્ત નહીં કરે પણ એમનો એ અવ્યક્ત પ્રેમ એમની આંખોમાં અને હૈયે નીતરતો રહે છે. નિર્વ્યાજ શુદ્ધ પ્રેમને પામવા એમના નિર્મળ મનમાં ડોકિયું કરજો.

મિત્રો, તમારામાં આત્મવિશ્વાસ જગાડનાર એ પિતાનો કોઈ પણ રીતે વિશ્વાસઘાત ન કરતા. યાદ રાખજો કે માતા-પિતાના પ્રેમમાં કોઈ શરત નથી. માત્ર આત્મિક પ્રેમ છે. પિતા પોતાના આંસુ હૈયે ધરબી રાખે છે, એમનો પ્રેમ પણ મૂક હોય છે, પણ સંતાનોની કાળજી અને સુરક્ષા માટે પિતા શક્તિનો સ્તંભ છે.

છેલ્લાં દશ વર્ષથી પોતાના યુવા દીકરાના વિયોગમાં તડપતા એક વિદેશી વૃદ્ધ પિતાની મનોવ્યથા આ કવિતામાં આલેખાઈ છે.

*દીકરા, તું દૂરના દેશે ઊડી ગયો!*
*આપણા આ ઘરના માળાને, મેં મારા હાથે સજાવ્યો'તો*
*હૈયાની હૂંફથી એમાં પૂર્યા હતા પ્રાણ,*
*ઓ,દીકરા તું કયાં છે, મને સાંભળે છે?*
*તું જ તો મારું જીવન છે.*
*દીકરા, પાછો આવને આપણા આ માળામાં-*
*આકાશ સામે મીટ માંડી જોઉં છું તારી વાટ.*
*દિવસ ઉગતા જ સૂર્યને પૂછું છું,*
*પ્રત્યેક રાત્રિએ તારલાને પૂછું છું-*
*કે મારો દીકરો આવશે ને?*
*આકાશ, તારાઓ, સૂર્ય-ચંદ્ર બધા ચૂપ-*
*ચારેકોર એક સન્નાટો અને અંધારું.*
*દીકરા, આવ કદાચ હું કાલે ન હોઉં તો?*
*બસ, મોડું થાય તે પહેલાં, એક વાર આવી જા.*
*તું નાનો હતો હું તને ટોપી પહેરાવતો,*
*ત્યારે તું કેવું મીઠું હસતો હતો-*
*તારા ગળે ટાઈ બાંધતા હું તને બથમાં લેતો-*
*પછી,તું કહેતો- પપ્પા, આય લવ યુ.*
*અને મોટો થયો,જગતમાં ઊડવાની પાંખો મળતાં જ-*
*તું દૂરદેશ ઊડી ગયો.*
*આ ઘરમાં તારા પહેલા પગલાંની છાપ પણ,*
*આજે હું જોઈ શકું છું.*
*પ્રેમના અતૂટ વિશ્વને છોડીને, તું ગયો તે ગયો, પાછો ના જ ફર્યો!*
*તારી મા પણ મને ગરીબને છોડીને ચાલી ગઈ.*
*હવે હું વદ્ધ થયો છું- હવે થાક્યો છું.*
*ભેંકાર એકલતામાં શ્વસી રહ્યો છું, મને ભય લાગે છે.*
*બેટા, એક વાર આવ, હું હજુ તને ચાહું છું.*
*તું આવે કે ન આવે પણ, હું તને પ્રેમ કરતો જ રહીશ.*


■

## વિશેષ પ્લસ

કે. પી. સિંહ
feedback@bombaysamachar.com

# માત્ર માનવ નહીં પશુ-પંખી પણ હોય છે સમજદાર!

**ભગવાને** ફક્ત માનવજાતિને જ બુદ્ધિ નથી આપી. પશુ-પંખીઓ પણ પોતાના વર્તનથી દેખાડે છે કે તેઓ પણ બુદ્ધિમત્તા રાખે છે. જાપાનનો એક પોપટ યૂસૂકી પાંજરામાંથી નીકળીને આઝાદ તો થયો, પરંતુ થોડા દિવસો બાદ તે પાછો માલિકના ઘરે આવી ગયો. તેને ઘરનું પૂરું સરનામું ખબર હતું.



આવી જ ચતુરાઈ કાંઈક ખિસકોલી કરે છે. આપણે જોઈએ છીએ કે તે માટીને ખોદીને ફરીથી એને ઢાંકી દે છે. ખરેખર તો તે જમીનની અંદર દાટેલા દાણાને પોતાની બુદ્ધિમતાથી ખાય છે.

ઠીક એ રીતે વાંદરાઓ પણ ચપળ હોય છે. એવું માનવામાં આવે છે કે તેમનો શબ્દકોષ ઘણો સમૃદ્ધ હોય છે. ડિસ્કવરીએ પોતાની રિસર્ચમાં જણાવ્યું કે તેમની ભાષા આપણી ભાષા સાથે મળતી આવે છે. જોકે તેઓ પોતાના વિચારોને સારી રીતે વ્યક્ત નથી કરી શકતાં.

શું તમે સાંભળ્યું છે કે વ્હેલ માછલી સિન્ગિંગ કરે છે? તેઓ ખૂબ સરસ રીતે ગાય છે. દર વર્ષે નર વ્હેલ માછલી ૩૦ મિનિટનું ગીત તૈયાર કરે છે. એની એક થીમ હોય છે. આ તેમની એક વાર્ષિક પ્રક્રિયા હોય છે. એનાથી વ્હેલ માછલીની રચનાત્મકતાની જાણ થાય છે.

ન્યુઝીલેન્ડમાં એક ડોલ્ફિન માછલીએ બે વ્હેલ માછલીને મદદ કરી હતી. આ બે વ્હેલ સમુદ્રના કિનારે આવી ગઈ હતી અને પાછી પાણીમાં જઈ શકવામાં અસમર્થ હતી. લોકોએ તેમને પાણીમાં પાછી મોકલવા માટે ખૂબ મહેનત કરી હતી, પરંતુ તેઓ સફળ થયા નહીં. એ જ વખતે ડોલ્ફિન આવી અને વ્હેલ સાથે પોતાની ભાષામાં વાત કરી. ત્યારે તેઓ સલામત પાછી પાણીમાં જઈ શકી હતી.

આવો જ એક કિસ્સો છે કેસ્યુ નામના લેબ ડૉગનો જેને દેખાતું નથી અને સાંભળી પણ નથી શકતો. તેની બેસ્ટ ફ્રેન્ડ વિવી નામની એક બિલાડી છે. વિવી તેનું ખૂબ ધ્યાન રાખે છે. તેના માટે ભોજન લાવવાથી માંડીને તેની સાથે પડછાયાની જેમ સાથે રહે છે.

સાથે જ એક સર્વેમાં એવું જાણવા મળ્યું છે કે નીલકંઠ એક બુદ્ધિમાન પંખી છે. તેનું દિમાગ વટાણાના આકારનું હોય છે. તેની ડોક પર નાના-નાના ધબ્બા હોય છે, જેને એ પોતે જ અરીસામાં જોઈ શકે છે.

નીલકંઠ અરીસામાં પોતાને જોઈને પોતાને ઓળખી લે છે. અરીસામાં પોતાને ઓળખવું એ બુદ્ધિમત્તાની નિશાની છે. નીલકંઠ અન્ય પંખીઓના માળામાં ઘૂસીને એને પોતાનું બનાવે છે.

કાગડો રંગે કાળો છે, પરંતુ તે પણ ચાલાક ઘણો છે. ભોજન ભેગું કરવા માટે એ અન્ય પંખીઓ સાથે મિત્રતા કેળવે છે અને લાગ જોઈને તે ભોજન છીનવી લે છે.

એથી કહી શકાય કે પક્ષીઓમાં પણ બુદ્ધિ હોય છે. જાનવરની સરખામણીએ પંખીઓ વધુ ચતુર હોય છે. ■

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

## ટ્રમ્પ-મસ્કની ટક્કર

# આત્મમુગ્ધ ને અહંકારી લીડરોમાં સહાનુભૂતિ જેવું કશું હોતું નથી



અમેરિકન પ્રેસિડેન્ટ ડોનલ્ડ ટ્રમ્પ અને અબજોપતિ બિઝનેસમેન ઈલોન મસ્ક વચ્ચે લડાઈ થઇ ગઈ છે. ટ્રમ્પ પ્રશાસનમાંથી મસ્કની વિદાઈ, ટેક્સ બિલને લઈને કૉંગ્રેસની વારંવાર ટીકા, ટ્રમ્પને 'ઉઘાડા' પાડવાની ધમકી, મસ્કની કંપનીઓ પર લગામ કસવાની ટ્રમ્પની વળતી ધમકી અને આરોપ-પ્રતિઆરોપનો સિલસિલો, ઈત્યાદિ એ દુશ્મનીથી કંઈ ઓછો નથી.

ટ્રમ્પ કહે છે કે મસ્કનું દિમાગી સંતુલન બગડી ગયું છે. મસ્ક કહે છે કે અમેરિકામાં હવે ત્રીજી પાર્ટી બનાવવાનો સમય આવી ગયો છે.

એ બન્ને એવી રીતે ભેગા થયા હતા જાણે વર્ષો પહેલાં મેળામાં છૂટા પડી ગયા હોય અને હવે એવી રીતે વર્તે છે જાણે બાપે માર્યા વેર હોય. ટ્રમ્પને એમના ચૂંટણી પ્રચાર દરમિયાન મસ્કના પૈસા અને સોશિયલ મીડિયાના પ્રભાવની જરૂર હતી. મસ્ક પોતે (દક્ષિણ આફ્રિકામાં જન્મ્યો હોવાથી) રાષ્ટ્રપતિ બની શકે તેમ ન હોવાથી એને વ્હાઈટ હાઉસમાં પોતાનો માણસ જોઈતો હતો.

બીજી તરફ, અમેરિકન વહીવટીતંત્રની સાફસફાઈ કરવા માટે ટ્રમ્પે જે રીતે મસ્કને બિનશરતી ટેકો અને અમાપ સત્તા આપી હતી અને મસ્કે જે રીતે ચારેબાજુથી કચરો વાળ્યો હતો (અને વળતામાં નવો કચરો વેર્યો હતો), તે પછી તે ટ્રમ્પની દરેક નીતિ-રીતિમાં સલાહ-સૂચન આપતો હતો. એમાં એને એવું લાગવા માંડ્યા હતું કે એ ખુદ જ સુપર-પ્રેસિડેન્ટ છે.

ટ્રમ્પે ઇલેક્ટ્રિક વાહનો પરથી ટેક્સ ક્રેડિટ દૂર કરી તેના પગલે મસ્કની 'ટેસ્લા' કાર કંપનીને મોટો ફટકો પડ્યો અને તેમાંથી બંને વચ્ચે ફટક્યું હતું.

જાણકાર લોકો કહે છે કે વહેલું કે મોડું, આવું થવું અનિવાર્ય હતું. મનોવિજ્ઞાનઓ કહે છે કે બંને અહંકારી છે, બંને આત્મમુગ્ધ છે. આપણે ત્યાં કહેવત છે કે એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે, તેના જેવું છે આ.

મનોવિજ્ઞાનમાં 'આલ્ફા મેલ'ની એક ધારણા છે. થોડા વખત પહેલાં, અભિનેત્રી અને સાંસદ કંગના રાણાવતે એક વિવાદાસ્પદ પોસ્ટ કરી હતી, જે પાછળથી ભાજપના અધ્યક્ષ જે.પી. નડ્ડાના કહેવાથી હટાવવી પડી હતી. તેમાં કંગનાએ લખ્યું હતું, 'એમાં કોઈ બેમત નથી કે ટ્રમ્પ એક આલ્ફા મેલ છે, પરંતુ આપણા પીએમ સૌ આલ્ફા મેલના બાપ છે.'

પીએમની તો ખબર નથી, પણ ઈલોન મસ્ક જરૂર ટ્રમ્પનું માથું ભાંગે તેવો આલ્ફા મેલ છે. અમેરિકાની રાજનીતિમાં અત્યારે જે તમાશો થઇ રહ્યો છે તે આ બે આલ્ફા મેલની ટક્કર છે.

આલ્ફા મેલની ધારણાને સમજવા જેવી છે. તેની કલ્પના જંગલી વરુ (આલ્ફા વુલ્ફ) સાથે જોડાયેલી છે. ઘણા લોકો શિયાળને વરુ કહે છે, પણ બંને શ્વાન કુળનાં ભિન્ન પ્રાણી છે. વરુ, માંસાહારી શ્રેણીના કેનિડે કુળનું સસ્તન વન્ય પ્રાણી છે. ગુજરાતી સ્થાનિક બોલીમાં તેને નાર, ભાગડ, લાગડ કહે છે. તેની ૩૨ ઉપજાતિ છે અને તેમાં નર માદા

કરતાં મોટો હોય છે. વરુ સૂકા જંગલોમાં અને ગાંડા બાવળની ઝાડીઓવાળા મેદાનવાળા વિસ્તારોમાં જોવા મળે છે.

તે એકલવાયું જનાવર છે. મતલબ કે તે ટોળામાં નથી ફરતું. તાકતવર અને આગેવાન પુરુષોને આલ્ફા મેલ કહેવામાં

આવે છે તે પણ આ જ કારણથી... એ સૌથી આગળ અને એકલા હોય છે. વરુ દેખાવમાં કૂતરાં જેવું હોય છે, પરંતુ તે વાઘને પણ ઊભી પુંછડીએ ભગાડવા સક્ષમ હોય છે. માણસ આજ સુધી તેના ગળે પટ્ટો બાંધી શક્યો નથી. એટલા માટે તમને પ્રાણી સંગ્રહાલયમાં વાઘ જોવા મળશે, પણ વરુ નહીં !

વરુ તેના પ્રદેશમાં સૌથી શાતીર અને તાકાતવર શિકારી છે. તે કોઈનાથી ડરતું નથી. તેની પ્રકૃતિ જ એવી છે કે તે તેના પિતરાઈ શ્વાનની જેમ માણસોના પંપાળવાથી ન તો ભરમાઈ જાય છે કે ન તો માસિયાઈ બહેન શિયાળની જેમ તેનાથી મોટાં શિકારી પ્રાણીથી ડરી જાય છે.

એવું કહેવાય છે કે તેના બાળકને જો કોઈ પશુ ઉઠાવી જાય તો, તે પૂરા પ્રદેશને તબાહ કરી નાખે છે. તે જ્યારે શિકાર પર જાય ત્યારે તેની સાથે વૃદ્ધ વરુઓને નથી રાખતું. તેમના માટે શિકાર કરવો એ યુદ્ધથી કમ નથી અને એમાં યુવાન અને તેજ વરુઓ જ ઉપયોગી હોય છે. વરુઓની આવી અનોખી લાક્ષણિકતાઓના કારણે જ માણસે તેની વાર્તાઓમાં માનવ વરુ (વેયરવુલ્ફ)ની કલ્પના કરી છે.

વરુઓની વસતિમાં એક જોડી એવી રહેતી હતી જે પૂરા જૂથ પર, આહાર પર અને સમાગમ પર નિયંત્રણ રાખતી હતી. અર્થાત, વરુઓ આપસમાં લીડર બનવા માટે લડાઈ કરતાં અને એમાંથી એક જોડી 'વરુ સમાજ'માં પોતાનું પ્રભુત્વ સ્થાપતી. આ બંને આલ્ફા મેલ અને આલ્ફા ફીમેલ કહેવાય છે.

ઉત્ક્રાંતિવાદી મનોવૈજ્ઞાનિકોનો દાવો છે કે માનવ સમાજમાં પુરુષોનો સામાજિક વ્યવહાર પણ વરુઓ જેવો જ છે.

પુરુષ પણ એના જૂથમાં લીડર બનીને બીજા પર શાસન કરવા, સંસાધનો પર કાબૂ જમાવા અને સ્ત્રીને એની મેટિંગ પાર્ટનર બનાવવા માટે લડાઈ કરતો રહે છે.

પુરુષોમાં કુદરતી રીતે જ બીજાઓ પર પ્રભુત્વ જમાવાની વૃત્તિ હોય છે, અને જે પુરુષ આત્મવિશ્વાસ, દઢતા, કરિશ્મા અને શારીરિક શક્તિનું પ્રદર્શન કરે છે તે વધુ આકર્ષક અને જીવનમાં વધુ સફળ હોય છે. આવા માણસો 'આલ્ફા' કહેતા અને જે નબળા, આજ્ઞાકારી, અસુરક્ષિત અને બોરિંગ હતા તે 'બીટા' તરીકે ઓળખાતા હતા.

'આલ્ફા' શબ્દ ગ્રીક બારાખડીમાંથી આવે છે. તેના પહેલા અક્ષરને આલ્ફા કહે છે. છેલ્લાં અક્ષરને 'ઓમેગા' કહે છે.

તદ્દનુસાર, જે પ્રથમ છે, પ્રાથમિક છે, અગ્રણી છે, સૌથી ઉપર છે, એક નંબર પર છે તે આલ્ફા છે. ઈસાઈ ન્યૂ ટેસ્ટામેન્ટમાં, ઈશ્વર પોતાને આલ્ફા અને ઓમેગા ગણાવે છે; હું જ પ્રારંભ છું અને હું જ અંત છું.

અમેરિકાને ફરીથી મહાન બનાવવાની રાજનીતિમાં ટ્રમ્પ અને મસ્કની મનઃસ્થિતિ પણ આવી જ છેઃ હું જ પ્રારંભ છું અને હું જ અંત છું. પણ આવું માનવાવાળો એક હોય, બે નહીં. બે હોય તો મતભેદ અને મનભેદ થવો અનિવાર્ય છે.

જેમ વરુ તેની ટેરેટરી માટે લડાઈ કરે તેમ આ બે ટ્રમ્પ અને મસ્ક પણ તેમની સત્તા અને સર્વોપરિતા માટે લડી પડ્યા છે.

ટ્રમ્પ-મસ્કનો ઝઘડો વ્યક્તિગત છે અને તેમાં અમેરિકાની જનતાનું અને લોકશાહીનું નુકશાન છે. આત્મમુગ્ધ લોકોના

હાથમાં રાજકીય અને પૈસાની સત્તા આવી જાય ત્યારે એ કેવી ઘટિયા રીતે વર્તે છે તેનું આ બંને ઉદાહરણ છે.

આત્મમુગ્ધ અને અહંકારી લીડરો નિર્દયી હોય છે અને તેમનામાં સહાનુભૂતિ જેવું કશું હોતું નથી.


આજુબાજુના લોકો પર એ પોતાનો કંટ્રોલ સ્થાપીને અથવા સતત વાહવાહી અને એટેન્શન મેળવીને એમની અણઆવડતની ભાવનાથી પીછો છોડાવાનો પ્રયાસ કરે છે. પોતે કેટલા યોગ્ય છે તે સાબિત કરવા માટે સતત પ્રયત્નશીલ હોય છે. આત્મમુગ્ધ લીડરો એટલા માટે જ પોતાની ટીકા કે રિજેક્શન સહન નથી કરી શકતા અને જે કંઈ ખરાબ હોય તેના માટે બીજા લોકોને દોષિત ઠેરવીને પોતાને પીડિત તરીકે પેશ કરે છે. ટ્રમ્પ અને મસ્ક અત્યારે એ જ કરી રહ્યા છે. ■

ઈકો-સ્પેશિયલ

જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

# છલકાઈ જતા તમામ આઈપીઓ સારા જ હોય એ જરૂરી નથી

- દરેક ઓવરસબ્સ્ક્રિપ્શનની સફળતાથી અંજાઇ જવું નહીં.
- શું બધાં આઈપીઓ રોકાણ કરવા લાયક હોય ખરા?
- રોકાણકારોએ પણ આઈપીઓને જોવા-સમજવાની દ્રષ્ટિ કેળવવી જોઈશે.




જાહેર ભરણાં (આઈપીઓ-ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ) કંપનીઓ માટે પરિવર્તનકારી સીમાચિન્હ સમાન હોય છે. આ સાથે કંપની પબ્લિક સમક્ષ આવે છે, વધુ પારદર્શક અને જવાબદાર બને છે. તેના શૅરોમાં લાખો લોકો લે-વેચ કરે છે. તેણે સતત નીતિ-નિયમોના પાલન કરવાના આવે છે. કંપનીઓ માટે જાહેર ભંડોળ મેળવીને બિઝનેસ વધારવાની તક ઊભી થાય છે. મોટા આઈપીઓ ઘણી વાર મીડિયાનું ધ્યાન આકર્ષિત કરતા હોય છે, જ્યારે અમુક નાની તથા મધ્યમ કદની કંપનીઓના આઈપીઓ ભલે બહુ પ્રચાર ન પામે, પરંતુ એવા શક્તિશાળી રૂપમાં ઊભરી આવે છે. મોટો આધાર કંપનીઓના મેનેજમેન્ટ અને તેના બિઝનેસમાં રહેલી સમર્થતા પર હોય છે.

જોકે આ બધાં વચ્ચે એક ચિંતાજનક બાબત છુપાયેલી હોય છે. કથિત રિટેલ ઈન્વેસ્ટમેન્ટ, સટ્ટાખોરી અને મધ્યસ્થીઓની શંકાસ્પદ પ્રવૃત્તિઓ પ્રેરિત કૃત્રિમ ઓવરસબ્સ્ક્રિપ્શન, વગેરેને લઈને આઈપીઓનો ખરો ઉદ્દેશ્ય માર્યો જાય છે. તે વાસ્તવિક મૂડી સર્જનના સાધનને બદલે તે સટ્ટાકીય સાધન બની જાય છે. લઘુ અને મધ્યમ ઉદ્યોગોના સેગમેન્ટે તેની સુલભતાને કારણે લોકપ્રિયતા હાંસલ કરી છે. કદ નાનું હોય પણ વૃદ્ધિ દર ઊંચો હોય. આને લીધે તેના જાહેર ભરણા રિટેલ ઈન્વેસ્ટરોને આકર્ષિત કરે છે, જે ઝડપથી નફો કમાવવાની ઈચ્છા રાખતા હોય છે.

જોકે આ સુલભતા બેધારી તલવાર બની ગઈ છે. એક બાજુ, રિટેલ રોકાણકારો ખૂબ સરળતાથી એમની અરજીઓનો લાભ ઉઠાવી શકે છે, મતલબ કે ભંડોળ ઉધાર લઈને કે ફિનટેક સંચાલિત આઈપીઓ ફાઈનાન્સિંગનો ઉપયોગ કરે છે તો બીજી બાજુ, ઓવરસબ્સ્ક્રિપ્શન, જે સામાન્ય રીતે ઈન્વેસ્ટરોના ભરોસાનું પ્રતીક ગણાય છે તેનો બજારને ગેરમાર્ગે દોરવા ચાલાકીપૂર્વક દુરુપયોગ કરવામાં આવે છે.

### દુરુપયોગના જોખમ...

આ દુરુપયોગ ચિંતાજનક છે. રિટેલ-નાના ઈન્વેસ્ટરોને લિસ્ટિંગના લાભોના વચન આપીને લલચાવવામાં આવે છે. એને લીધે એવા ઈન્વેસ્ટરો ઘણી વાર લોન લઈને કે થર્ડ-પાર્ટીનું ભંડોળ વાપરીને એમની નાણાકીય ક્ષમતા કરતાં વધારે શૅર માટે અરજી કરતા હોય છે. કેટલાક તો નિયામકના પ્રતિબંધોની પરવા કર્યા વગર પરિવારના એકાઉન્ટ મારફત કે બનાવટી ઓળખના માધ્યમથી અનેક અરજીઓ કરતા હોય છે. જ્યારે કે ઈસ્યુ લાવવામાં કંપનીઓને સર્વિસ આપતા મર્ચન્ટ બેન્કરો તો ઓવરસબ્સ્ક્રિપ્શનને મોટી સફળતા તરીકે દર્શાવવા ઉત્સુક રહેતા હોય છે. એને લીધે એ ક્યારેક ગેરપ્રવૃત્તિઓ સામે આંખ આડા કાન કરે છે. જે વધારે હાનિકારક કહેવાય. આના પરિણામે માગનું કૃત્રિમ અને ગેરમાર્ગે દોરતું ચિત્ર ઊભું થાય છે. ભરણાંના વધુ પડતા ઊંચા આંકડા સાચા ઈન્વેસ્ટરો એવું માનવા માટે પ્રેરે છે કે સંબંધિત આઈપીઓ ખરેખર સારો છે અને તેથી ડિમાન્ડમાં છે.

### 'સેબી'ના સાવચેતીનાં પગલાં...

આવી કૃત્રિમ માગના દૂરગામી પરિણામો આવે છે. લિસ્ટિંગ બાદ, ગેરફાયદો ઉઠાવનાર રોકાણકારો લોન ચૂકવવા માટે એક્ઝિટ કરવા એટલે કે શૅરો વેચી દેવા ઉતાવળા બને છે, પરિણામે ભારે અસ્થિરતા સર્જાય છે. ઘણા એસએમઈ આઈપીઓના કેસોમાં પ્રારંભિક ઉછાળા બાદ અમુક અઠવાડિયામાં જ એમના ભાવ નીચે પછડાય છે એને લીધે રિટેલ ઈન્વેસ્ટરોને નુકસાન ભોગવવાનું આવે છે. આ બધાં જોખમોને ધ્યાનમાં લઈને નિયમન સંસ્થા 'સેબી'એ એસએમઈ આઈપીઓ માર્કેટમાં સંતુલન પ્રસ્થાપિત કરવા માટે કેટલાંક સરાહનીય પગલાં લીધાં છે. નિયામકનો હસ્તક્ષેપ પ્રતિબંધાત્મક અને શિક્ષાત્મક એમ બંને છે. આઈપીઓ અરજીઓ માટે અપફ્રન્ટ માર્જિન પેમેન્ટ્સ ફરજિયાત બનાવીને 'સેબી'એ ઉધાર લીધેલા નાણાં પરની નિર્ભરતાને ઘટાડી દીધી છે અને માત્ર ખરા-જેન્યુઈન ઈન્વેસ્ટરો જ ભાગ લે એવી તકેદારી લીધી છે. હવેની મજબૂત નિરીક્ષણ યંત્રણા ઢગલાબંધ અરજીઓની ચકાસણી કરશે, જેથી રિટેલ ક્વોટાનો દુરુપયોગ અટકાવી શકાશે. વધુમાં, 'સેબી'એ ડિસ્ક્લોઝરને લગતા નિયમોને પણ કડક બનાવ્યા છે, જેમાં કંપનીઓને એવો ખુલાસો કરવાનો રહેશે કે એમની આઈપીઓ કિંમત વાજબી છે અને એ આવકનો ઉચિત ઉપયોગ કરવા ધારે છે. આનાથી એ સુનિશ્ચિત થશે કે એકત્ર કરાયેલી મૂડી ખરેખર બિઝનેસ જરૂરિયાતો માટે જ વપરાશે, નહીં કે સટ્ટાખોરી માટે.

આમ નિયામકનાં પગલાંનું મહત્ત્વ તો રહે જ છે, પરંતુ મર્ચન્ટ બેન્કરો તથા મધ્યસ્થીઓની પણ જવાબદારી બને છે.

એસએમઈ આઈપીઓમાં ઈન્વેસ્ટમેન્ટ બેન્કોની ભૂમિકા માત્ર સુવિધા પ્રદાન કરવાથી આગળ વધીને બજારની તંદુરસ્તી જળવાય એવી સક્રિય ભૂમિકાની પણ હોવી જોઈએ. ઓવરસબ્સ્ક્રિપ્શન જો કૃત્રિમ રીતે કરાયું હોય તો એનો પ્રચાર સફળતાના માપદંડ તરીકે કરવો ન જોઈએ. મર્ચન્ટ બેન્કરોએ ઈન્વેસ્ટર અરજીઓ પર કડક કામગીરી બજાવવી જોઈએ.

આઈપીઓના ભાવ બનાવટી માગને બદલે ફંડામેન્ટલ્સને આધારિત હોવા જોઈએ. ઈન્વેસ્ટરોને આસાન લાભના પ્રલોભનોમાં ફસાવવાને બદલે જોખમોથી વાકેફ કરવા જોઈએ. આવી પ્રવૃત્તિઓને કારણે બજારની સ્થિરતાને પણ હાનિ થાય છે.

આમ છલકાઈ જતા આઈપીઓમાં રિટેલ ક્વોટાને વ્યવહારુ બનાવવાનો 'સેબી'નો પ્રસ્તાવ સાચી દિશાનું પગલું છે. ઓવરસબ્સ્ક્રિપ્શન જ્યારે સાચું હોય તો એ કંપનીના ભાવિમાં ભરોસો દર્શાવે છે, પરંતુ જો બનાવટી હોય તો એ છેતરપિંડીનું સાધન બની જાય છે.

અહીં એક વાત સ્પષ્ટ છેઃ સાચી પ્રગતિ ખોટા પ્રચાર દ્વારા અંધાધૂંધીથી નહીં, પરંતુ વિવેકપૂર્ણ વહીવટની સ્થિરતાથી થાય છે. 'સેબી'ની સતર્કતા એ સુનિશ્ચિત કરે છે કે આઈપીઓ, જે ઉદ્યોગોના વિકાસ અર્થે મૂડી એકત્ર કરવા માટેના હોય છે તેનો ખરો ઉદ્દેશ્ય સહેલાઈથી પૈસા કમાઈ લેવાના હુંસાતુંસીમાં ખોવાઈ ન જાય. ટૂંકાગાળાના લાભને બદલે લાંબા ગાળાની પ્રામાણિકતાને પ્રાથમિકતા અપાશે તો એસએમઈ સેગ્મેન્ટનો લાંબા ગાળાનો વિકાસ થશે. ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# ૩૩ હજાર ફૂટથી વગર પેરેશૂટે પડ્યાં ને જીવતાં રહ્યાં, બોલો!



**Vesna** Vulovic. હા, આ મહિલાને નામે અનોખો વિશ્વ-વિક્રમ છે. આમાં એમની કોઈ કરામત, હિંમત કે કાબેલિયત નથી પણ નિયતિ અને નસીબનો ભૂરપૂર સાથ મળ્યો.

વેસ્ના વુલોવિક (૩ જાન્યુઆરી, ૧૯૫૦ - ૨૩ ડિસેમ્બર, ૨૦૧૬) એક સર્બિયન યુવતી અને એર હોસ્ટેસ. ૧૯૭૨ની ૨૬મી જાન્યુઆરીનો દિવસ વેસ્ના ક્યારેય ભૂલી ન શક્યા. તેઓ જાટ ફ્લાઈટ ૩૬૭માં સ્વીડનના સ્ટૉકહોમથી સર્બિયાના બેલગ્રેડ જતા હતા. આ ફ્લાઈટમાં કુલ ૨૮ માનવી હતા. બધુ એક સમુસૂતરું ચાલતું હતું, વિમાન લગભગ ૩૩ હજાર ફૂટની ઊંચાઈએ પહોંચ્યું ત્યાં સુધી.

એર હોસ્ટેસ વેસ્ના વુલોવિક ખાવાનું કે કંઈક ટ્રોલીમાં લઈને પ્રવાસીઓ તરફ આગળ વધી રહી હતી ત્યારે ફ્લાઈટના લગેજ વિભાગમાં જોરદાર ધડાકો થયો. વિસ્ફોટ એટલો ભયંકર હતો કે હવામાં જ વિમાનમાં આગ ફાટી નીકળી અને ત્રણ ટુકડા ધરતીને મળવા ઝડપભેર નીચે ધસવા માંડ્યા. આ ત્રણેય ટુકડા જ્યાં પડ્યાં ત્યાં ચોમેર બરફ જ બરફ હતાં. બરફની ચાદર પર વિમાનના ટુકડા ભડભડ બળી રહ્યા હતા.

આ વિમાન એટલે કે એના ટુકડા પડ્યા હતા ચેકોસ્લોવેકિયાના શ્રીબસ્કા કામેનિસ નામના સ્થળે. યોગાનુયોગે એ સમયે સ્થાનિક ગ્રામજન બ્રુનો હોંકે ત્યાંથી પસાર થયા. તેમણે કોઈકના કણસવાનો અવાજ સાંભળ્યો. બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન તબીબ તરીકે આપેલી સેવાના અનુભવથી તેઓ સમજી ગયા કે કોઈક ભયંકર પીડામાંથી પસાર થઈ રહ્યું છે. આસપાસ જોયું તો ભયંકર રીતે ઘાયલ થયેલી એક યુવતી મદદ માટે આજીજી કરતી દેખાઈ. હોંકેએ ખૂબ કાળજીપૂર્વક એ યુવતીને વિમાનના કાટમાળમાંથી બહાર કાઢી. એના શરીર પર ઠેરઠેર ઈજા થઈ હતી. હોંકેને લાગ્યું કે આનાં પગના હાડકાં તૂટી ગયા હોવા જોઈએ.

બ્રુનો હોંકેએ ઘાયલ યુવતીને શક્ય એટલી ઝડપભેર હૉસ્પિટલ પહોંચાડી, ત્યાં સુધી એ કોમામાં સરી પડી હતી. દસ-દસ દિવસ કોમામાં રહ્યા બાદ હોશમાં આવ્યા બાદ સૌને ખબર પડી કે એનું નામ વેસ્ના વુલોવિક હતું. દુર્ઘટનાગ્રસ્ત વિમાનમાં બેઠેલી એની સિવાયની એક-એક વ્યક્તિ મરણ પામી હતી, પરંતુ ૩૩ હજાર ફૂટની ઊંચાઈએથી પેરેશૂટ વગર પડવા છતાં એ જીવી ગઈ એ કોઈ માની શકતું નહોતું. છતાં ધારણાથી સશક્ત હતી વાસ્તવિકતા ને જીવતીજાગતી વેસ્ના.

જીવી ગયાનો આનંદ સાથે વેદના અને લાચારી ય લાવ્યો હતો. એના શરીરનાં કમર નીચેના ભાગને લક્વો મારી ગયો હતો. બે પગે ચાલવાનું અશક્ય હતું. આ ઉપરાંત માતા બનવાની શક્તિ ગુમાવી દીધી હતી.

વેસ્નાના જીવી જવામાં લોકોને જલદી વિશ્વાસ ન બેઠો. આને લીધે તપાસ-સંશોધન થવા માંડ્યા કે વેસ્ના વુલોવિક કેવી રીતે જીવતી રહી. એ સમયનાં અખબારો એક પછી એક કારણ પીરસવા માંડ્યાં હતાં.

સૌથી પહેલું જે કારણ બહાર આવ્યું એ વિવાદાસ્પદ પણ બની ગયું. જીવતા બચી જવાનું સૌથી પહેલું અને મોટું કારણ એ હતું કે વેસ્ના વુલોવિકનું લો બ્લડપ્રેશર હોવાનું. નિષ્ણાતોએ સમજ પાડી કે બહુ ઊંચાઈ પર કોઈ દુર્ઘટના થાય તો પ્રવાસીઓના બ્લડપ્રેશર ખૂબ જ વધી જાય. એને લીધે ઑક્સિજન ઘટી જવાથી હૃદય ફાટી જાય. દુર્ઘટના ગ્રસ્ત વિમાનના બધા કમનસીબ પ્રવાસીઓ સાથે પણ એવું થયું હતું, પરંતુ વેસ્નાનું બ્લડપ્રેશર પહેલેથી જ ઓછું હોવાથી તેને આ બાબતની ઘણી ઓછી અસર થઈ અને તે બચી ગઈ.

પરંતુ આ કારણ જાહેર થયા પછી સવાલ ઊગી નીકળ્યો કે જો વેસ્નાને લો બ્લડપ્રેશર હતું તો પછી એરહૉસ્ટેસ તરીકે નોકરી મળી કેવી રીતે? આનો ખુલાસો ખુદ વેસ્નાએ વરસો બાદ કર્યો હતો. એને પહેલેથી જ લો બ્લડપ્રેશર રહેતું હતું પણ ઈન્ટરવ્યૂ અગાઉ તેણે ખૂબ કોફી પીને બ્લડપ્રેશરને સામાન્યવત બનાવ્યું હોવાથી તે મેડિકલ ટેસ્ટમાં પાસ થઈ ગઈ અને એરહૉસ્ટેસ તરીકે નોકરી મળી ગઈ હતી.

સૌથી આશ્ચર્ય, અચરજ કે આઘાતની બાબત એ હતી કે દુર્ઘટના ગ્રસ્ત વિમાનમાં વેસ્ના વુલોવિકની ડ્યૂટી જ નહોતી, વેસ્ના નામની અન્ય એક એરહૉસ્ટેસની હતી, પરંતુ સમાન નામને લીધે ગોટાળો થવાથી વેસ્નાએ ફરજ પર હાજર થવું પડ્યું હતું.!

(ક્રમશઃ)■

સ્પોટ લાઈટ

મહેશ્વરી
feedback@bombaysamachar.com

# ‘અફલાતૂન’ને અફલાતૂન આવકાર

‘મહેશ્વરી બહેન, તમારા સીનમાં ડાન્સ રાખીએ.’ ડિરેક્ટર નીરજ વોરાનું સૂચન સાંભળી ક્ષણિક હું વિચારમાં પડી ગઈ, પણ પછી હસી પડી. મેં આ નાટક સ્વીકાર્યું ત્યારે મને કહેવામાં આવ્યું હતું કે નીરજ સાથે કામ કરવાની મજા જરૂર આવશે, પણ એ ધૂની માણસ છે. સ્ક્રિપ્ટ અનુસાર નાટક તૈયાર કરવામાં નથી માનતો. ગમે ત્યારે એ લખેલા સીનમાં બદલાવ કરવા માટે જાણીતો છે કે પછી કોઈ સીન આખેઆખો પડતો મૂકી સાવ નવું જ દ્રશ્ય તૈયાર કરવાની એને આદત છે. આ બધું સાંભળ્યું હતું એટલે છેલ્લી ઘડીએ કોઈ સીન બદલાય?’ એવો વિચાર મને ન આવ્યો અને ન તો મેં એની સાથે કોઈ દલીલ કરી. જૂની રંગભૂમિમાં પણ મને આ પ્રકારના કેટલાક અનુભવ થયા હતા.

મેં કહ્યું સારું અને નીરજે મને સીન સમજાવ્યો. સીન એવો હતો કે છોકરાઓ દાદા સાથે અલકમલકની વાત કરતા હોય છે ત્યારે એમાંથી એક જણ એમને પૂછે છે કે ‘હેં દાદાજી, તમારા તો લવ મેરેજ હતા ને. તો તમે દાદી સામે પ્રેમનો એકરાર કઈ રીતે કર્યો હતો?’ આ મીઠી મધુર વાતચીત થઈ રહી હોય છે ત્યારે દાદા એમને યુવાનીની વાત કરે છે. એ સમયે હું ગીત ગાતી ગાતી નીચે આવું છું અને એ સીનમાં ગીત ગાતા ગાતા મારે એન્ટ્રી લેવી એવું નીરજનું સૂચન હતું. ગીત પસંદ કર્યું હતું રાજ કપૂર - નરગીસ પર ફિલ્માવાયેલું ‘ચોરી ચોરી’ ફિલ્મનું ‘જહાં મૈં જાતી હું વહીં ચલે આતે હો, ચોરી ચોરી મેરે દિલ મેં સમાતે હો’.

હવે જો તમે ૨૦૦૬માં આવેલી રોહિત શેટ્ટીની ‘ગોલમાલઃ ફન અનલિમિટેડ’ જોઈ હશે તો અસ્સલ આવો જ એક સીન તમને જોવા મળ્યો હશે. ફિલ્મમાં દાદાનો રોલ પરેશ રાવલે કર્યો હતો અને દાદીમાની ભૂમિકા સુષ્મિતા મુખરજીએ કરી હતી. સુષ્મિતા એટલે મજેદાર ટીવી સિરિયલ ‘કરમચંદ’માં પંકજ કપૂરની સેક્રેટરી કિટીનો રોલ કરનારી અભિનેત્રી. ‘ગોલમાલ’ ફિલ્મમાં પણ દાદાજી પરેશ રાવલ યુવાનીમાં દાદી સમક્ષ મૂકેલા પ્રેમના પ્રસ્તાવની વાત કરે છે ત્યારે સુષ્મિતા ‘ક્યું આગે પીછે ડોલતે હો ભવરોં કી તરહ’ ગીત ગાય છે. ટૂંકમાં ‘અફલાતૂન’ નાટકની કેટલીક બાબતો આબેહૂબ ‘ગોલમાલ’ ફિલ્મમાં જોવા મળી હોવાનું મને કહેવામાં આવ્યું હતું. અલબત્ત ફિલ્મ મેં નથી જોઈ, પણ સાંભળેલી વાતો પરથી કેટલુંક સામ્ય હોવાનો ખ્યાલ આવે છે. મારી કોલમમાં અગાઉ પણ ગુજરાતી નાટકો પરથી પ્રેરણા લઈ તૈયાર કરવામાં આવેલી હિન્દી ફિલ્મોનો મેં ઉલ્લેખ કર્યો હતો. કોઈ અભ્યાસુ વ્યક્તિએ ખણખોદ કરી વધુ વિગતો મેળવી લોકો સમક્ષ મૂકવી જોઈએ.



આપણે ૧૯૯૦ના દાયકાના ગુજરાતી નાટક ‘અફલાતૂન’ વિશે વાત કરી રહ્યા હતા. નીરજ વોરાએ સૂચવેલો અખતરો અમે બેસાડી દીધો. જોકે, પહેલા શોમાં પ્રેક્ષકો બહુ નહોતા. નીરજનું માનવું હતું કે આ નાટક ઊપડ્યું તો ધમાલ મચાવશે. અલબત્ત દસ શો સુધી નાટકને મળેલો મોળો પ્રતિસાદ જોઈ એને પણ થોડી નિરાશા થઈ હતી. મેં એવું સાંભળ્યું હતું કે ‘અફલાતૂન’ નાટક મૂળ મરાઠી નાટક ‘ઘર ઘર’ પરથી પ્રેરણા લઈ તૈયાર કરવામાં આવ્યું હતું.

નાટક ઊપડે નહીં ત્યારે દિગ્દર્શક કોઈ ફેરફાર કરીને કે કોઈ તુક્કો લડાવી નાટકને આવકાર મળે એ માટે કોશિશ કરતો હોય છે. ચારેક શો પછી નીરજે પણ એવા પ્રયત્ન કર્યા. નાટકની વાર્તા અનુસાર યુએસમાં રહેતા અમારા પૌત્રનું અવસાન થઈ ગયું હોય છે પણ અમને એની જાણ નથી હોતી. નીરજ આવી મને કહેવા લાગ્યો કે ‘મહેશ્વરી બહેન, નાટકનો ક્લાઈમેક્સ બહુ ભારેખમ બની જાય છે. આપણે એ બદલી નાખીએ અને પૌત્રના મૃત્યુની જાણ દાદા - દાદીને છે એવું દેખાડીએ. એ અનુસાર તમે જ તમારો ડાયલોગ તૈયાર કરી નાખો. જરૂર લાગશે તો આપણે મઠારીશું.’ આ હતો નીરજ વોરા. ચોકઠામાં ફિટ બેસી કામ કરવું એના સ્વભાવમાં જ નહોતું.

લાંબો ડાયલોગ મેં તૈયાર કર્યો અને નીરજે એમાં નજીવા ફેરફાર કરી મને અભિનંદન પણ આપ્યા. એ ડાયલોગ એવો હતો જેમાં અમારા ઘરમાં ઘૂસેલા ચાર યુવાનોનું કપટ ઉઘાડું પડે છે. ક્લાઇમેક્સના આ બદલાવથી કે પછી કોઈ અન્ય કારણસર, અગિયારમા શોથી નાટક એવું ઊપડ્યું કે ન પૂછો વાત. દોડવા માટે જાણે ઢાળ મળ્યો હોય એમ નાટક સડસડાટ ચાલવા લાગ્યું. ૪૦૦થી વધુ શો થયા અને એ સુધ્ધાં એક પણ ચેરિટી શો વિના. નાટકને મળેલી અસાધારણ સફળતા એની સાથે સંકળાયેલા દરેક કલાકાર માટે ટોનિક સાબિત થતી હોય છે. ૧૯૯૨થી ૧૯૯૪ એમ સળંગ બે વર્ષ મેં એ નાટકના શો કર્યા.

નાટક હોય ફિલ્મ હોય કે કળાનું બીજું કોઈ સ્વરૂપ હોય, એમાં સંવેદના હોવી જરૂરી છે. વાર્તા, નાટ્યાત્મકતા, સજાવટ, અભિનય આ બધું ફિલ્મ કે નાટકને એક અલગ ઊંચાઈ પર લઈ જાય એ વાત સાચી, પણ જો એ બધું દર્શકના ચિત્તને હલબલાવે નહીં, એના હૃદયને ઢંઢોળે નહીં તો એનો વિસ્તાર સીમિત રહે છે. કૃતિએ જો સીમાડા ઓળંગી, છલાંગ મારી આગળ વધવું હોય તો એમાં કોઈ એવું તત્ત્વ હોવું જરૂરી છે જે દર્શકના લાગણીતંત્રમાં ખળભળાટ મચાવી દે. નીરજ વોરાની એવી કોશિશને કારણે નાટકને જ્વલંત સફળતા મળી એવું મારું માનવું છે.

‘અફલાતૂન’ને મળેલી અફલાતૂન સફળતાથી અમે બધા પોરસાઈ ગયા હતા. નાટકને ધૂઆંધાર સફળતા મળે ત્યારે નવું નાટક કરવાની ઈચ્છા થોડી ઢીલી પડી જતી હોય છે. એવામાં મને એક એવી ઓફર આવી જેની મેં કલ્પના પણ નહોતી કરી. ઓફર અમેરિકામાં નાટક કરવાની હતી, પણ ‘અફલાતૂન’ના શો ચાલુ રાખી હું એ સ્વીકારી શકું એમ નહોતી. એટલે મેં આખી વાત નિર્માતા આશિષ ત્રિવેદી (ઉપેન્દ્ર ત્રિવેદીનો દીકરો)ને કરી. મારા આશ્ચર્ય વચ્ચે તેણે તરત હા પાડી દીધી અને કહ્યું કે ‘મહેશ્વરી બહેન, ઊપડો અમેરિકા.’ કલાકારને સારી તક મળે એમાં રાજી થનારા લોકો પણ હોય છે. આશિષ ત્રિવેદી એવી વ્યક્તિ હતી. ■

## એ જ શૂરા જે મુસીબત જોઈ મૂંઝાતા નથી

કનૈયાલાલ મુનશીની પ્રખ્યાત નવલકથા ‘પૃથ્વીવલ્લભ’નો આધાર લઈ પ્રભુલાલ દ્વિવેદીએ ‘માલવપતિ મુંજ’ નામનું નાટક લખ્યું હતું. આ નાટકમાં કામ કરતા નટ માસ્ટર અશરફખાનના અભિનયની ઘણી પ્રશંસા થઈ હતી. તેમના અભિનય ઉપરાંત દર્દ ભરેલા ઘૂંટાયેલા અવાજમાં રજૂ થયેલા ગીત નાટ્ય રસિકો માટે એક અવિસ્મરણીય ભાથું બની રહ્યા છે. એક ગીત તો અનેક લોકોના અંતરમાં આજે પણ સચવાઈને પડ્યું હશે જેમાં મનુષ્યની બેમિસાલ વ્યાખ્યા થઈ છેઃ *એક સરખા દિવસ સુખના કોઈના જાતા નથી, એથી જ શાણા સાહ્યબી લેશ ફુલાતા નથી. ભાગ્ય રૂઠે કે રીઝે એની તમા તેને નથી, એ જ શૂરા જે મુસીબત જોઈ મુંઝાતા નથી.* * અશરફખાન ઉપરાંત એમના જેવી જ અવ્વલ ગાયકી ધરાવતા નટ ભગવાનદાસ આવ્યા. સંગીત સમ્રાટ તરીકે પણ ઓળખાતા ભગવાનદાસ ‘દેશી નાટક સમાજ’માં પ્રભુલાલ દ્વિવેદી લિખિત ‘સત્તાનો મદ’ નાટકમાં ‘પતંજલિ’ની ભૂમિકાથી લોકપ્રિય બન્યા હતા. એ સમયે અશરફખાન પણ ‘દેશી નાટક’માં હતા અને ભગવાનદાસની સામે એક અલગ પાત્ર ભજવતા હતા. નાટકમાં એક સિચ્યુએશન એવી આવતી જ્યારે એક વીંગમાંથી ભગવાનદાસ અને બીજી તરફથી અશરફી ગાતા ગાતા આવતા. આ અનોખી જુગલબંધી પર પ્રેક્ષકો ઓવારી જતા હતા. એ ગીતની પંક્તિઓ પણ જનમાનસના દિલમાં અડ્ડો જમાવી બેસી ગઈ છે. એ પંક્તિઓ હતીઃ *તું ચેત મુસાફર વહી જશે, સમય ઘડી કે બે ઘડી, એ મસ્તી મનમાં રહી જશે, છે સમય ઘડી કે બે ઘડી. છે આંખ છતાં કાં અંધ બને, લઈ દીવો હાથ કાં કૂવે પડે? અભિમાન અશ્વ પર ચડી ચડી, છે સમય ઘડી બે ઘડી.* * ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી
feedback@bombaysamachar.com

# શું તમારા વ્યવસાયને બ્રાન્ડ બનાવવાની જરૂર છે?

### આ રહ્યા એના પાંચ સંકેત...

આ અઠવાડિયે આપણા કોમર્સ અને ઇન્ડસ્ટ્રી મિનિસ્ટર પીયૂષ ગોયલજીએ એક્સપોર્ટ સંબંધી એક વાત કહી કે એ MSME (મિનિસ્ટ્રી ઓફ માઈક્રો સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈસ) ઇન્ડસ્ટ્રીને એમની પ્રોડક્ટ વિદેશમાં રજિસ્ટર કરવામાં મદદ કરશે. આની સાથે એમણે બીજી મજેદાર વાત એ કહી કે, ફક્ત પ્રોડક્ટ રજિસ્ટર કરવાથી કામ નહિં બને, તમારે બ્રાન્ડ પણ બનાવવી પડશે અને આપણે સાથે મળીને બ્રાન્ડ કેમ્પેન ચલાવવા પડશે. એમણે આ સચોટ વાત કહી, જે ઘણાં મોટા મોટા વેપારીઓ પણ નથી સમજતા. મોટા ભાગે MSME અને તેની ઉપરના વેપારીઓ પણ ફક્ત પ્રોડક્ટ વેચવામાં માને છે અને આખી જિંદગી એક કોમોડિટી બનીને રહી જાય છે.

બ્રાન્ડ બનાવવાના ફાયદા એ જાણતા હોવા છતાં આંખ આડા કાન કરે છે. ગોયલજીએ જે વાત કહી તેનું તાત્પર્ય તે છે કે જો બહારના દેશોમાં પોતાને રજિસ્ટર કરવા હશે તો વેલ્યૂ એડિશન કરવું પડશે અને ત્યાં બ્રાન્ડનું પલ્લું ભારી હશે, કારણ કે ફક્ત સામાન્ય પ્રોડક્ટને કોઈ ભાવ નહિં આપે. આ વાત આપણે આ કોલમમાં હંમેશાં જાણવાની કોશિશ કરીયે છીએ. આજે પાછુ તેને તાજુ કરીએ.

ધારી લો કે તમે એક ઉત્પાદન બનાવ્યું છે. તમે એક કંપની બનાવી છે, પણ શું તમે ખરેખર એક બ્રાન્ડ બનાવી છે?

હું દર અઠવાડિયે આવા વેપારીઓને, બિઝનેસ ઓનર્સને, સ્થાપકોને મળું છું, જે કુશળ સંચાલકો છે. એમણે ડિસ્ટ્રીબ્યુશન ગોઠવ્યું છે, એમનું પ્રોડક્ટ માર્કેટ ફિટ પણ વ્યવસ્થિત રીતે ગોઠવાયેલું છે, અને સ્થિર આવક પણ છે. જોકે, ક્યાંક એમનો ગ્રોથ અર્થાત્ વૃદ્ધિ અટકી જાય છે. માર્જિન ઘટે છે. નવા ગ્રાહકો મળે તેની પહેલાં જૂના ગ્રાહકો એમને ઝડપથી ભૂલી જાય છે. મોટાભાગે અહીં મુદ્દો માર્કેટિંગનો નથી - બ્રાન્ડિંગનો છે.

ફક્ત લોગો કે ટેગલાઇન જ નહીં, પરંતુ બ્રાન્ડને એક વ્યૂહાત્મક સંપત્તિ તરીકે જોવી પડશે. જો તમને ખાતરી ન હોય કે તમારા વ્યવસાયને બ્રાન્ડની જરૂર છે કે નહીં તો અહીં જે પાંચ વાત - સંકેત આપ્યા છે તે જાણવાની કોશિશ કરો. આ વાત હું ઘણીવાર વિવિધ કેટેગરી, વિવિધ સાઈઝની કંપનીઓમાં જોઉં છું, જેમકે ....

૧) સ્પર્ધામાં ટકવા માટે તમારે ડિસ્કાઉન્ટની જરૂર છે.

આ ફક્ત પ્રાઈઝિંગનો અર્થાત્ કિંમતનો મુદ્દો નથી. તે પર્સેપ્શન અર્થાત ધારણા વિશે છે. એક બ્રાન્ડ જોઈએ તેવી વેલ્યૂ ઉભી કરી શકે છે. બ્રાન્ડથી ઉદ્ભવેલી વેલ્યૂ વિનાનો કોઈપણ વેપાર વ્યવસાયમાં ટકી રહેવા માટે સંઘર્ષ કરે છે.

૨) લોકો તમારી કેટેગરી યાદ રાખે છે પણ તમારું નામ નહીં.

જો તમે ‘આ કે પેલું ટેક પ્લેટફોર્મ’ અથવા ‘લાલ કવરવાળો તે સાબુ’ તરીકે જાણીતા છો તો તમે અથવા તમારું નામ લોકોને યાદ નથી. આ મોટો અવરોધ છે તમારા ગ્રોથ માટે. કાલે તમારા જેવું જ પ્રોડક્ટ લઈને કોઈ આવશે અને વેચશે અને તમે કંઈ નહીં કરી શકો.




૩) તમે હંમેશાં ગ્રાહકો શોધો છો અને ક્યારેય એમને આકર્ષિત કરતા નથી.

આનો અર્થ છે કે તમે હજુ પણ પુશ વ્યૂહરચનામાં માનો છો. જો તમારો વ્યવસાય ફક્ત સખત મહેનત કરવાથી જ વિકસે છે. તો તમે બ્રાન્ડ દ્વારા થતા વેચાણને અને ગ્રાહકના ખેંચાણને ગુમાવી રહ્યા છો.

૪) તમે અને તમારી ટીમ તમારી પ્રોડક્ટ યુનિક શા માટે છે તે સમજાવવા માટે સંઘર્ષ કરે છે.

જો તમે ખુદ આંતરિક રીતે અસ્પષ્ટ છો કે તમે શેનાથી ઓળખાવ છો કે યુનિક શું છે તો બહારના લોકોને તમને ભૂલતા વાર નહીં લાગે. જો તમારા સ્ટાફ શા માટેનો જવાબ નહીં આપી શકે તો તમારા ગ્રાહકો પણ હંમેશાં મૂંઝવણમાં રહેશે.

૫) તમારી વૃદ્ધિ ભાવનાત્મક નહીં, પરંતુ ઓપરેશનલ લાગે છે.

જો બધું રાબેતા મુજબનું લાગે છે અને ગતિ જણાતી નથી તો તે એક સંકેત છે કે તમારા વ્યવસાયમાં જાન ઉમેરવાની જરૂર છે અને તે ફક્ત એક બ્રાન્ડ પ્રદાન કરી શકે છે.

વર્ષોથી, મેં પારિવારિક વેપારી પેઢીઓ, સ્ટાર્ટઅપ્સ અને લિગસી ઉત્પાદકો સાથે પણ કામ કર્યું છે અને મારો અનુભવ કહે છે કે મજબૂત બ્રાન્ડ બનાવવા માટે તમારી કંપની મોટી હોવી જરૂર નથી. તમારે બ્રાન્ડિંગને ફક્ત ખર્ચ અથવા બાહ્ય શણગાર તરીકે જોવાનું બંધ કરી તેને દિશા ચીંધનાર તરીકે જોવાનું શરૂ કરવાની જરૂર છે. તેથી જ્યારે તમને તમારા ઉત્પાદનોનું વેચાણ મુશ્કેલ લાગે અથવા તેમાં અટવાઈ જાઓ, લોકોને શું કોમ્યુનિકેટ કરવું તેની અવઢવમાં હોવ, જો તમારી નવી પેઢી તમારા વેપારમાં રસ નથી લેતી અથવા વેપારમાં જોડાવા નથી માગતી ત્યારે તમારી જાતને પૂછોઃ

જે રીતે તમે આજ સુધી ધંધો ચલાવ્યો તે રીતે આગળ ચલાવી શકશો? કન્ઝયુમર બદલાઈ રહ્યો છે ત્યારે તમને તમારા જૂના સ્વરૂપમાં કસ્ટમર અપનાવશે? અને સૌથી મહત્ત્વનો સવાલ : શું આ વ્યવસાયિક સમસ્યા છે કે છુપાયેલી અથવા ના બનાવેલી બ્રાન્ડની સમસ્યા?

જો ઉપરોકત વાતો અથવા સંકેતોને તમે અનુભવો છો અને લાગે છે કે આ તમારી જ વાત છે તો સમય આવી ગયો છે વ્યવસાયને બ્રાન્ડ બનાવી તેના સહારે વેપાર કરવાની, કારણ લોકોને પ્રોડક્ટ નહીં બ્રાન્ડ જોઈએ છે. ■

કેનવાસ

અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# એક રોગે ઘરની ડિઝાઈન બદલી, હવે ઘરની ડિઝાઈન નવા રોગને નોતરે છે?

જૂનાં ઘરો અને નવાં ઘરોની બાંધણીને ધ્યાનથી જોઈ છે?

‘શાંત ઝરુખે વાટ નીરખતી રૂપની રાણી જોઈ હતી, મેં એક શહેજાદી જોઈ હતી’.


ઝરૂખામાં શહેજાદી, રાણી, રાજકુમાર જ કેમ ઉભા હોય? કારણ કે એ ઝરૂખા મહેલોમાં હોય તો હવે બીજો સવાલ, આજથી ત્રણ સદી પહેલાના ઘરોના ચિત્રોમાં સામાન્ય માણસ એટલે કે મધ્યમ આવક ધરાવતા મિડલક્લાસ મેનના મોહલ્લામાં બાલ્કનીઓ દેખાતી હતી? જૂનાં ચિત્રોમાં જો શહેર કે ગલી બતાવવામાં આવી હોય તો બે માળિયા ઘરના છાપરા તો મોટાભાગે ત્રિકોણાકાર જ કેમ રહેતા? બસો-ત્રણસો વર્ષ પહેલા મકાનની હારમાળા ‘C’ કે ‘U’ આકારમાં ભાગ્યે જ જોવા મળતી. અને હવે દરેક ઘરમાં વરંડો, ઓસરી, બાલ્કની, સપાટ અગાશી ચારે દિશામાં ફ્લેટની હારમાળા કેમ દેખાય છે?

એક શબ્દમાં જવાબ જાણવો હોય તો આ રહ્યો જવાબઃ

ટીબી અર્થાત ટ્યુબરકયુલોસીસ.

આ રાજરોગને આજ સુધી શ્રાપ જ મળ્યા છે. તમારા કુટુંબનો આંબો લો. તેમાં ત્રીજી-ચોથી કે સાતમી-આઠમી પેઢીએ કોઈ તો એવા દુર્ભાગી સ્વજન હશે જ, જેનું મૃત્યુ ટીબી-ક્ષય રોગને લીધે થયું હોય. અત્યારે પણ દુનિયાની પચીસ ટકા વ્યક્તિ એટલે કે કુલ વસતિનો ચોથો ભાગ કોઈના કોઈ સમયે ટીબીથી પીડાય છે. ખાંસી, કળતર, તાવ માણસને ઘસી નાખે. કુટુંબના એક સભ્યને થાય એટલે બીજાને થવાની સંભાવના વધી જાય. કોઈ યુદ્ધે નહિ લીધો હોય એટલો ભોગ આદિમાનવયુગથી ચાલી આવતા આ રોગે લીધું છે. ઈજિપ્શિયન મૃતદેહોના પરીક્ષણમાં પણ બહાર આવ્યું કે એમનામાંથી મોટા ભાગના ક્ષયરોગથી પીડાતા. માટે સામૂહિક રીતે કેન્સર કરતાં પણ વધુ ધિક્કારને પાત્ર બનેલો આ રોગાધિરાજ હંમેશાં નફરત પામ્યો છે, પરંતુ ટયુબરક્યુલોસીસે મોડર્ન આર્કિટેક્ચરનો પાયો નાખ્યો એ વાત નજરઅંદાજ ન થવી જોઈએ. આજે આપણે જે ડિઝાઈનનાં ઘરોમાં રહીએ છીએ તે ડિઝાઈનનો અમુક ભાગ આ રોગને આભારી છે.





ટીબીની પરાકાષ્ઠા ઔદ્યોગિક ક્રાંતિ વખતે આવી હતી, કારણ કે ફેક્ટરીઓનું પ્રમાણ વધ્યું. માણસો એકબીજાના શારીરિક સંસર્ગમાં વધુ આવતા થયા. બંધિયાર જગ્યાઓ અને લાંબા સમય સુધી એક જ જગ્યા પર કામ કરવાનું જરૂરી બન્યું. ટીબીનો રોગ વધુ ફેલાયો. ૧૮૧૦ થી ૧૮૧૫ વચ્ચે ન્યુયોર્કની ચોથા ભાગની વસતિ ટીબીમાં ખલાસ થઇ ગઈ. અમેરિકાએ ઔદ્યોગિકરણ તરફ દોટ મૂકી તો તેની સાઈડ ઈફેક્ટ ટીબીના સ્વરૂપમાં આવી. તબીબી સંશોધનકાર રોબર્ટ કોચે ટીબી રોગ માટેના અપરાધી બેકેટેરિયાને છૂટો પાડ્યો ૧૮૮૦ પછી. ત્યાં સુધી એટલો ખ્યાલ આવી ગયો હતો કે ટીબી પેશન્ટને રાહત આપવા માટે એને એકાંતમાં રાખવો. જ્યાં પૂરતો સૂર્યપ્રકાશ હોય, હવા-ઉજાસ આવે અને ચોખ્ખાઈ હોય માટે આ સમયગાળા દરમિયાન સૂર્યસ્નાન માટે સેનેટોરિયમની સ્થાપના થવાનું શરૂ થઇ ગયું.

જર્મની, પોલેન્ડ, સ્વિટ્ઝરલેન્ડ જેવા દેશ મેડિકલ ટુરિઝમ માટે નહિં પણ ખાસ ટીબી-ટુરીઝમ માટે પ્રખ્યાત થઇ ગયા. લોકો સનબાથ લેવા, સ્વચ્છતા વાળી જગ્યામાં એકલા રહેવા માટે આવી જગ્યાઓ ગોતવા લાગ્યા,પણ દરદીઓની સંખ્યા બહુ હતી. માટે હોસ્પિટલો અને સેનેટોરિયમની ડિઝાઈન એવી બનવા લાગી કે તે એકસાથે ઘણાં પેશન્ટને સમાવી શકે અને બધાને પૂરતા સૂર્યપ્રકાશ અને સ્વચ્છતાનો લાભ મળે.

અમેરિકામાં ત્યારે ‘કન્ઝમ્પશન’ તરીકે ઓળખાતા આ રોગ માટે સૌપ્રથમ સેનેટોરિયમ ડોક્ટર એડવર્ડ લિવિંગસ્ટન ટ્રુડોએ સ્થાપ્યું. તેમાં તડકો આરપાર નીકળી શકે એવા કાચ નાખવામાં આવ્યા અને બાલ્કની જેવો ભાગ સહેજ આગળ વધારવામાં આવ્યો. ટીબી પેશન્ટ શક્ય એટલો સમય તડકામાં ખુરશી ઉપર બેઠા બેઠા પસાર કરતો. સોલેરિયમની સંખ્યા પણ વધવા લાગી. પછી હેલીઓથેરાપી એટલે કે સૂર્યસ્નાનનો લાભ વધુ લોકોને મળે તેના માટે અગાશીઓની વ્યવસ્થા ચાલુ થઇ. અણીદાર મિનારાની ફેશનનો ત્યાગ કરવો પડ્યો. પેશન્ટ લાંબા સમય સુધી કેડના દુખાવા વિના બેસી શકે તેના માટે લાકડાની રીક્લાઈનર ખુરશીનું ચલણ વધ્યું. થૂંક જેવા શરીરની બહાર નીકળતા દ્રવ્યોથી પણ ટીબી પ્રસરે માટે વ્યક્તિગત સિન્ક/સેનેટરિવેરનું ચલણ વધ્યું. ટીબીનો દબદબો જોતા નવાં બનતાં બાંધકામો જ એવાં થવા લાગ્યા કે જેમાં દરેક ખૂણે મહત્તમ સૂર્યપ્રકાશ આવે તથા હવાની અવરજવર ચાલુ રહે. સફાઈમાં સરળતા રહે. ૧૯૫૦ થી તો એન્ટીબાયોટિકનો વપરાશ થવા લાગ્યો માટે લોકો ભૂલી ગયા, પણ નવાં મકાનોની ડિઝાઈન એ મુજબ જ થવા લાગી કે ટીબી ન થાય.

ચંદીગઢ જેવાં શહેરોના વિશ્વવિખ્યાત આર્કિટેકટ લે કોર્બ્યુઝિયરે પણ કહ્યું કે દરેક માણસ કુદરતની બને એટલો નજીક રહે અને ખુલ્લામાં રહે તેવી ડિઝાઈન જ બનવી જોઈએ.

મોરલ ઓફ ધ સ્ટોરી ઈઝ, ટીબી નામની ભયંકર વ્યાધિએ મોર્ડન આર્કિટેક્ચરમાં પ્રદાન કર્યું. એક રોગ માનવસભ્યતાની રહેણીકરણી ઉપર કાયમી અસર છોડી જાય તે વાત મોટી છે.

આ દુઃખદાયક ઈતિહાસ કેમ યાદ કર્યો? કારણ કે ભૂતકાળમાં એક રોગે માણસોના ઘરની ડિઝાઈન ફેરવી હતી, આજે માણસો પોતાના એ જ ઘરની ડિઝાઈન બદલાવીને ભવિષ્યની એક મોટી મહામારી બનવા જઈ રહેલા રોગને આમંત્રણ આપી રહ્યા છે. શું છે એ સમજાયું?

ઘરની દરેક દીવાલ ઉપર સ્વીચબોર્ડ હોય અને એમાં એક કરતાં વધુ પ્લગ હોય એવી સવલત ઇન્ટિરિયર ડિઝાઈનર આપી રહ્યા છે. ઘરના કોઈ પણ ખૂણે તમને ફોન ચાર્જ કરવાનું મન થાય કે લેપટોપ લઇને બેસવાનું મન થાય કે ટીવી જોવાનું મન થાય આમ કોઈને કોઈ ઈલેક્ટ્રોનિક ડિવાઈસ ચાલુ રહે તેવી ડિઝાઈનવાળા ઘરમાં આપણે રહીએ છીએ. આ વાત કોઈ સંતની કથા જેવી ઉપદેશાત્મક લાગતી હોય તો એક નક્કર હકીકત જાણો લો કે આવનારા ચાલીસ વર્ષમાં ટકાવારી મુજબ નંબર વન ઉપર કેન્સર કે એઇડ્સ નહિ, પણ ડિપ્રેશન હશે. દુનિયાની અડધી વસતિ ૨૦૫૦ સુધીમાં મેન્ટલ ડિસઓર્ડરથી પીડાતી હશે અને તેમાં વર્ચ્યુઅલ રિયાલિટીમાં જીવાડતાં ઈલેક્ટ્રોનિક ડિવાઈસ કારણભૂત હશે.

ડિઝાઈન બદલો.. રોગ બદલેગા ! ■

સર્જકના સથવારે


રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# પ્રકૃતિના સથવારે અનુભૂતિ અવતારનો શાયર કૈલાસ પંડિત

*રંગ ભીની ને સુવાળી નીકળી*
*યાદ એની બારમાસી નીકળી*

આજે આપણે વાત કરવી છે પરભાષાના સર્જક કે જેમણે ગુજરાતી ભાષાને પોતાની માતૃભાષા હિન્દી કરતા વધારે લાડ લડાવ્યા હતા. આ ચલગારા કવિનું નામ છે કૈલાસ પંડિત. આખી જિંદગી મહાનગર મુંબઈમાં વીતાવી. ગઝલ સર્જન પણ અહીં જ કર્યું. ગુજરાતી મુશાયરાઓમાં સફળતાપૂર્વક ભાગ લીધો. કૈલાસ પાસે સાદગીનો વૈભવ હતો. એમની જીવનશૈલી એવી હતી કે એ પારકાને પોતાના કરે. મુંબઈ અને ગુજરાતમાં એમનું મિત્રવર્તુળ બહુ મોટું હતું. સમર્થ કવિઓ, સંગીતકારો, નામી ગાયકો અને સાહિત્ય સાથે નાતો-નિસ્તબ ધરાવતા અસંખ્ય ભાવકોનો માનીતો શાયર હતો.

કૈલાસ અને સુરેન ઠાકર 'મેહુલ' લગભગ એક જ સમયે ઉદય પામ્યા અને સાથે રહીને ઘણું સર્જન કર્યું: કૈલાસ પંડિત પાસે નોખું વિચારવાનો અને પરિણામે કશુંક આશ્ચર્યજનક આપવાનો અભિગમ હતો. ભાષા બોલચાલની, શબ્દોના ચયનમાં સાદગી, નવા કાફિયા અને રદીફ પ્રયોજવાની ઉત્સુકતા,



છંદને વફાદાર રહેવાની જાગૃતિએ એમની ગઝલોના બાહ્ય દેહને સુંદર રીતે કંડાર્યો હતો. ગઝલના આંતર દેહ એટલે તગઝ્ઝુલ, તસ્વવુફ અને તસ્વ્વુરમાં એમણે પ્રતિભાવંત યોગદાન આપીને ગઝલના આંતરદેહને પણ શણગાર્યો છે. કૈલાસે નાની બહરમાં ગઝલો લખી છે અને ગઝલની રવાની એટલે શું એ સિદ્ધ કરી બતાવ્યું છે.:

ગઝલની રંગીની બહુસ્પર્શી નથી આમ છતાં આ કવિએ ગઝલના રંગને પ્રકટાવવામાં યથાર્થ પ્રયત્નો કર્યા છે. એમની ગઝલમાંથી થોડાં ઉદાહરણો જોઈએ.

*ચહેરો જુઓ છો આપ, હું એ આરસીમાં છું*
*ખેલ્યા કરે છે જુલ્ફથી એ કાંસકીમાં છું*

****

*રંગ ભીની ને સુવાળી નીકળી*
*યાદ એની બારમાસી નીકળી.*

****

*સરખા થવાની વાત તો આકાશમાં રહી*
*ઊડતી લટોની સાથ હું ઊડી ઊડી ગયો.*

****

*સૂતાં હશો તો ખ્વાબમાં આવી જઈશ હું*
*આખા બદનમાં ફૂલ થઈ મહેકી જઈશ હું*

****

*કહેવાય એવા સાવ અમસ્તા પ્રસંગમાં*
*ખૂંપી ગયો છું ખૂબ હું ભીના સંબંધમાં*

****

*વાળ અગાસીમાં એ ઝટકે*
*આખા શહેરે છત્રી ઓઢી!*

મુંબઈ જેવા મહાનગરની યાંત્રિક જિંદગી અને નાના માણસોના જીવનની સાચુકલી રજૂઆત, દર્દ, પીડા અને વ્યથા સુધીની અનુભૂતિઓ કૈલાસના સર્જનમાં અભરે ભરી છે. થોડાંક ઉદાહરણો જોઈએ:

*સાંજે જશે ને આવશે પાછો સવારમાં*
*સૂરજને રહેવા શહેરમાં કોઈ જગા નથી.*

****

*ચમન તુજને સુમન મારી માફક છેતરી જશે*
*પ્રથમ એ પ્યાર કરશે ને પછી જખ્મો ધરી જાશે*

****

*આખો દિવસ જે શેઠને મોટરમાં લઈ ફર્યો*
*રાતે બિચારો ટ્રેનમાં લટકી ઘરે ગયો.*

****

*ખનકે છે એના ખોબલે સૂરજનું પાંચિયું*
*ચગળ્યા કરે હોઠમાં રસ્તાનાં સિગ્નલો*

****

*ઘરનો ઉપાડી બોજને ભટકે છે ક્યારના*
*મારા શહેરમાં કેટલા એવા શ્રવણ હશે.*

****

*આવીશ ત્યારે સાંજના ઢગલો થઈ જઈશ*
*નીકળું છું ઘરની બહાર હું છૂટેલા તીર જેમ*

****

*ઊડતી રહેલી વાતમાં પંખીપણું નથી*
*વસતી ભરેલા શહેરમાં વસતીપણું નથી.*

****

*શોક થયો 'કૈલાસ'નો પૂરો*
*લાશ બળી ગઈ, ચાલો જઈએ.*

ગઝલમાં મિલન અને વિરહના ભાવની દાસ્તાન આપોઆપ આવી જતી હોય છે, કૈલાસ મિલનના કેફને પીધા પછી વિરહના દર્દને જીરવી જવાની વાત કેટલી સચોટતાથી કરે તે જોઈએ:

*એના વિરહના દર્દને જીરવી ગયો છું હું*
*એના મિલનના કેફને પણ પી ગયો છું હું*

****

*શક્ય છે વરસાદનો હિસ્સો હશે*
*આપણો સંબંધ પણ ભીનો હશે.*

****

*રાહ જોતાં એ ઝરૂખે આમ ઊભા હોય પણ*
*આપણાં સ્વપ્નાં જેવાં એનાં સ્વપ્નાં હોય પણ.*

****

*ભૂલી જવાના જેવો હશે એ બનાવ પણ*
*ક્યારેક તમને સાલશે મારો અભાવ પણ*

****

*તારી વ્યથા કબૂલ મને એક હદ સુધી*
*આંસુ બનીને આંખમાં કાયમ ન આવ પણ*

માનવ જીવનના વિવિધ ભાવોને, આશાઓને, અરમાનોને અને ઈચ્છાઓને દરેક કવિ પોતાની રીતે વાચા આપતો હોય છે. કૈલાસની વિશિષ્ટતા એ છે કે અશ્રુ, ડુસકાં, વ્યથા અને વેદના પ્રકૃતિનાં તથ્યો સાથે સંગોપાઈને આવે છે જેમ કે:

*કિરણોની જેમ ફૂલને સ્પર્શી રહ્યો છું હું*
*ભીનાશ એની આંખની લૂછી રહ્યો છું હું*

****

*બેસી ગયું છે ફૂલમાં ઝાકળ થઈ હવે*
*એનું સ્મરણ સવારમાં છલકી ગયું હશે.*

****

*એકાદ એવી યાદ તો છોડી જવી હતી*
*છુટ્ટા પડ્યાની વાતને ભૂલી જવી હતી*
*વહેતા પવનની જેમ બધું લઈ ગયા તમે*
*મુઠ્ઠી ભરી સુગંધ તો મૂકી જવી હતી.*

****

ફરી વરસાદ આવ્યો ને થયું એનું સ્મરણ પાછું
મને ઘેરી વળ્યું છે એનું એ વાતાવરણ પાછું
હવાનો ખાલીપો મહેકી ઊઠ્યો કોયલના ટહુકાથી
કે આવ્યું પહાડથી કિલ્લોલતું 'રમતું' ઝરણું પાછું

કૈલાસ પંડિતે ગુજરાતી કવિતાને છસ્સો જેટલી ગઝલો, મુક્તક, નઝમ, ગીત, અછાંદસ રચનાઓ આપી છે. એમનું પ્રદાન ચિરંજીવી છે.

*જેમને ભૂલી જતાં વર્ષો થયા*
*યાદ આવ્યા એક અમથી વાતમાં* ■

****


સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# બધાને બધું જણાવી દેવાનું આ ઝનૂન શા માટે?

જૂન ૧૨, ૨૦૨૫ના દિવસે અમદાવાદમાં 'એર ઇન્ડિયા'નું પ્લેન તૂટી પડ્યું એ પછી વોટ્સ એપ પર મેસેજિસનો મારો ચાલ્યો. અનેકે 'ફેસબુક' પર પોસ્ટ્સ મૂકી. એમાં ઘણાએ પોતાનું જ્ઞાન પ્રદર્શિત કર્યું. એમણે દાવા સાથે કહ્યું કે આમ કે તેમ જ બન્યું હોવું જોઈએ તો જ પ્લેન તૂટી પડ્યું હોય. કોઈએ કહ્યું કે પ્લેનની ફ્યુએલ ટેન્કનો વાલ્વ ખોલવાનું રહી ગયું હશે એટલે પાઈપમાં થોડુંઘણું ઈંધણ હતું ત્યાં સુધી પ્લેન ચાલ્યું અને પછી ઇંધણનો પુરવઠો મળતો બંધ થઈ ગયો એટલે પ્લેનના એન્જિન બંધ થઈ જતા પ્લેન તૂટી પડ્યું. તો વળી કોઈએ કહ્યું કે પ્લેનની પાંખો નીચે હવાનું દબાણ ઘટી ગયું એટલે પ્લેન તૂટી પડ્યું. કોઈએ વળી કશુંક ભળતું જ કહ્યું. એ બધું જ્ઞાન પાછું લોકોએ બીજાઓ સાથે શેર કર્યું. ઘણાએ 'ગૂગલ' પર સર્ચ કર્યું કે પ્લેન તૂટી પડવાનું કારણ શું હોઈ શકે...

આપણે અહીં એ વિમાન દુર્ઘટના વિષે વાત નથી કરવી, પણ બધાને બધું જાણી લેવાનું ઝનૂન ઊપડતું હોય છે એ વિશે વાત કરવી છે. 'ગૂગલ' આવ્યા પછી તો ઘણા મનુષ્યો માટે 'ઊંટ હતું અને પાછું ઊકરડે ચડ્યું' જેવો ઘાટ થયો છે. 'ગૂગલ' જે કહે એ સાચું એવું એ બધા માનતા હોય છે અને આવા ઘણા 'ગૂગલજ્ઞાની'ઓ પાછા પોતાનું ( 'ગૂગલ'માંથી મેળવેલું) જ્ઞાન સોશિયલ મીડિયા પર હોય છે. 'ગૂગલ' પર ખોટી માહિતી હોય તો પોતે તો એના આધારે ગેરમાર્ગે દોરાય છે, પણ બીજા લોકોને ય ગેરમાર્ગે દોરે છે. હવે બાકી હતું તે ચેટ જીપીટી આવી ગયું છે.



(થોડાં દિવસો અગાઉ એક વિદેશી યુવતીએ પતિથી છૂટાછેડા લઈ લીધા, કારણ કે ચેટ જીપીટીએ એને કહ્યું હતું કે તારા પતિનું બીજી કોઈ યુવતી સાથે અફેર ચાલે છે!).

બધાને બધું જ જાણી લેવું છે. બધું જાણી લેવાની લાહ્યમાં ઘણા માણસો કલાકો સુધી મોબાઈલ ફોન કે કમ્પ્યુટર સામે બેઠા રહીને પોતાની આંખો ટોચી નાખે છે. વાસ્તવમાં સારી રીતે જીવન જીવવા માટે થોડી વસ્તુઓ સમજવાની જ જરૂર હોય છે તે આ લોકો જાણી શકતાં નથી અને પછી ગામ આખાની ગંદકી પોતાના મનમાં ઠાલવતાં રહે છે.

આ સ્થિતિમાં ઉદાલક ઋષિ અને એમના પુત્ર શ્વેતકેતુની કથા યાદ આવી જાય છે.

ઉદાલક ઋષિએ પુત્ર શ્વેતકેતુને અભ્યાસ માટે કાશી મોકલ્યો. શ્વેતકેતુ ઉચ્ચ અભ્યાસ કરીને પાછા ઘરે આવ્યા ત્યારે એમની ચાલવાની ઢબ જોઈને ઉદાલક સમજી ગયા કે પુત્રને જ્ઞાનનો અહંકાર આવી ગયો છે.

શ્વેતકેતુએ પિતાના ચરણસ્પર્શ કર્યા એ પછી ઉદાલકે પૂછયું, 'અભ્યાસ કરી આવ્યો બેટા? શું જાણી આવ્યો?'

શ્વેતકેતુ : 'બધું જ.'

ઉદાલક ઋષિએ પૂછ્યું, 'બધું જ જાણી લીધું?'

શ્વેતકેતુ : 'હા, પિતાજી.'

ઉદાલકે સવાલ કર્યો: 'એ પણ જાણી લીધું કે જે જાણ્યા પછી કશું જ જાણવાની જરૂર નથી?' શ્વેતકેતુ નિરુત્તર થઈ ગયા.

ઘણા માણસોને બધું જાણી લેવાનું જાણે ઝનૂન હોય છે. અને ઘણા લોકો થોડું જાણતા હોય, પણ ડોળ એવો કરે કે દુનિયાનું સૌથી વધુ જ્ઞાન એમની પાસે છે. વાસ્તવમાં એમની પાસે જ્ઞાન નથી હોતું, એમની પાસે માત્ર માહિતી હોય છે.

મુદ્દો એ છે કે બધું જાણી લેવાનું ઝનૂન શા માટે હોવું જોઈએ. દુનિયામાં એવી કોઈ વ્યક્તિ હોતી નથી કે જેની પાસે સંપૂર્ણ જ્ઞાન હોય.

છેલ્લે આ એક પ્રાચીન કથા સાથે વાત પૂરી કરીએ....

એક મહાન ઋષિએ પોતાના જીવન દરમિયાન દુનિયાભરના તમામ ગ્રંથો વાંચી લેવાનો નિશ્ચય કર્યો. એમણે ઈશ્વરની સાધના જેટલો જ સમય વાંચન પાછળ ગાળવાનું શરૂ કર્યું. એમની ઉંમર બસો વર્ષની થઈ ત્યારે એક દિવસ ખુદ ભગવાન એમને લેવા આવી પહોંચ્યા. ઋષિને કહ્યું કે, 'તમારો પૃથ્વી પર સમય પૂરો થઈ ચૂક્યો છે. તમારી આટલી લાંબી સાધનાને કારણે તમે એ કક્ષાએ પહોંચ્યા છો કે હું ખુદ તમને સ્વર્ગમાં લઈ જવા આવ્યો છું.'

ઋષિએ અફસોસ વ્યક્ત કરતા કહ્યું કે, 'તમે ખુદ મને લેવા આવ્યા છો છતાં મારો જીવ અવગતે જશે, કારણ કે મારે થોડા ગ્રંથો વાંચવાના બાકી રહી ગયા છે. મને થોડો સમય આપો તો મારી ઈચ્છા પૂરી થઈ શકશે.'

ઋષિની વાત સાંભળીને ભગવાન હસ્યા અને બીજી ક્ષણે એમણે વિરાટ સ્વરૂપ ધારણ કર્યું. એમણે હવામાં હાથ ફેરવ્યો એ સાથે ગ્રંથોનો પહાડ ખડકાઈ ગયો. વિરાટ સ્વરૂપ ધારણ કરનારા ભગવાને બે હાથની ચપટીમાં ગ્રંથો ઉપાડ્યા અને ઋષિને કહ્યું,

'તમે આટલું વાંચ્યું છે અને આ ગ્રંથોનો પહાડ ખડકાયો છે એટલું વાંચવાનું બાકી છે...!'

ભગવાન આગળ કંઈ બોલે એ પહેલા જ ઋષિએ કહ્યું,

'ચાલો, હું તમારી સાથે આવું છું.!'

મુદ્દો એ છે કે દુનિયામાં કોઈ માણસ બધું જ જાણી શકતો નથી અને કોઈ પણ માણસે બધું જાણી લેવાની જરૂર પણ નથી. જીવન સારી રીતે જીવવા પૂરતું જાણી લઈએ એટલું પૂરતું છે.

બીજું કશું જાણીએ કે ન જાણીએ, પણ ખાસ જાણવા જેવી વાત એ છે કે 'ગૂગલ' આપે છે એ માહિતી છે, જ્ઞાન નથી. જ્ઞાન કે ડહાપણ કોઈ ગુરુ (એટલે કોઈ ફાઇવ સ્ટાર બાવો નહીં) સાચો ગુરુ!) આપી શકે. ■

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# 'પિતૃદેવો ભવ' ન કહેલી કથાનો હીરો

*ટાઇટલ્સ: વેદનામાં 'વેદ' છે! (છેલવાણી)*

પિતા- બાપ- પપ્પા કે ફાધર... એવા શબ્દો છે, જે જીવતર નામનાં ઘરનું અદ્રશ્ય છપ્પર છે. દરેક બાપ, અકથ્ય કથાનો એવો હીરો છે, જેના પ્યાર ને પરસેવા માટે લેખકોની લાગણી અને લેખિનીઓને લકવો મારી જાય છે. ટ્રેન-બસમાં જઇને દિવસભર નોકરી-ધંધામાં વૈતરું કરતા ને વર્ષાનુંવર્ષ પરિવાર સાચવતા એક ખામોશ માણસની મૂંગી ઉજાસ વિનાની ઉજવણીનો આજે દિવસ છે: 'વિશ્વ પિતા દિવસ'.

૮ વરસનો સીમોં પહેલીવાર સ્કૂલમાં પ્રવેશ્યો. એક છોકરાએ સીમોંની મજાક ઉડાવતા કહ્યું,

*'બોલો..આ સીમોંને તો બાપ જ નથી.'*

*બીજા છોકરાએ પૂછ્યુ :'તારાં નામની પાછળ કયું નામ લાગે છે? બોલ બે?'*

*'મને લોકો સીમોં કહે છે.'*

*પેલા છોકરાએ કહ્યું :'જુઓ, આની પાસે બાપનું નામ જ નથી!'*

બધાં સીમોં સામે તિરસ્કારથી જોવા માંડ્યા. ગુસ્સામાં સીમોંએ છોકરાઓ પર પથ્થર ફેંક્યા,પણ એણે નક્કી કર્યું કે એ નદીમાં ડૂબી મરશે ને એ નદી પાસે આવ્યો. એ ડૂસકાં ભરતો હતો એટલામાં કોઈએ એના ખભા પર હાથ મૂકીને પૂછ્યું :

*'બેટા, કેમ રડે છે?'*

*એક લાંબી દાઢી ને વાંકડિયાવાળવાળો પુરુષ ઊભો હતો. સીમોંએ કહ્યું :*

*'મારી પાસે બાપ નથી!'*

*'તું શાંત થા અને તારી મા પાસે ઘરે ચલ. તને પિતા ચોક્કસ મળશે' પછી પેલો સીમોંને ઘરે લઈ ગયો અને સીમોંએ માને વળગીને રડતાં રડતાં કહ્યું, :*

*'મા-મા, મારે ડૂબી મરવું છે. મારી પાસે બાપ નથી એમ બધાં ચીઢવે છે.'*

*મા રડી પડી. પુરુષને સમજાયું નહીં કે શું કરે? સીમોંએ એને પૂછ્યું : 'તમે મારા પપ્પા બનશો? ના પાડશો તો હું ડૂબી મરીશ!'*

*'હા, હું તારો પપ્પા બનીશ.'*

*'લોકો તમારું નામ પૂછે તો શું કહું?*

*'ફિલિપ'*

*બીજા દિવસે છોકરાઓએ ફરી મજાક કરી ત્યારે સીમોંએ કહ્યું :*

*'મારા બાપનું નામ ફિલિપ છે.'*

*'કોણ ફિલિપ... રાતોરાત કોને ઉપાડી લાવ્યો?'*

સીમોંએ કોઈ જવાબ ન આપ્યો. હવે સીમોં રોજ સાંજે ફિલિપ સાથે ફરવા જતો ને સ્કૂલમાં પણ સૌનો રૂઆબથી સામનો કરતો.




એકવાર મિત્રોએ પૂછયું : 'જૂઠ્ઠાડા..ફિલિપ તારા સાચા પપ્પા નથી. સાચો બાપ હોત તો તારી મા સાથે રહેતને?'

સીમોં ગૂંચવાયો. ફિલિપ જ્યાં લુહારી કામ કરતો હતો ત્યાં જઇને ફિલિપને પૂછ્યું : 'લોકો કહે છે કે તમે મારા સાચા પિતા નથી. મારે શું કહેવું?'

ફિલિપ પાસે કોઈ જવાબ નહોતો.

પછી રવિવારની રાતે ફિલિપે સીમોંના બારણે ટકોરા માર્યા. સીમોંની માએ પૂછ્યું : 'ફિલિપ, આટલી રાત્રે? તમે જાણો છોને કે મારા વિશે લોકો કેવી વાતો કરે છે?'

'તમે મારાં પત્ની બનશો?' ફિલિપે પૂછ્યું અને ઘરમાં આવ્યો. સૂતેલા સીમોંને કહ્યું : 'હવે તારા મિત્રોને કહેજે કે મારા પપ્પા ફિલિપ રેમી છે ને એ લુહાર છે '

બીજા દિવસે સીમોંએ બધાંને કહ્યું, 'મારા પિતા લુહાર ફિલિપ રેમી છે ને હવે તમારી ખેર નથી.'

પિતૃત્વનું કથન બસ આટલું જ. મહાન વાર્તાકાર મોંપાસાની પિતા વિશેની આ કથા જગતમાં અમર છે

*ઇન્ટરવલ:*
*'મૈં' નહીં, 'તું' નહીં, 'આપ' 'હૂં મૈ, દો બચ્ચોંકા બાપ હૂં મૈં!'*
*ઇસ સે બડા કોઇ ખિતાબ નહીં! (આનંદ બક્ષી)*

'મા' પર કવિતા-વાર્તા-નવલકથાઓમાં ખૂબ લખાયું છે, પણ બાપ, જગતભરની વાર્તામાં- એક ખામોશ ને ભાર વેંઢારતું મૌન પણ મહાન પાત્ર છે.

૧૦ વર્ષની નીનાએ એના સાત વર્ષના નાના ભાઈ કમલને રડતાં જોઈને પૂછ્યું :

*'તું હજી જાગે છે ને તું રડે છે કેમ?'*

*કમલએ રડતાં રડતાં નીનાને પૂછ્યું :*

*'દીદી, પપ્પા ક્યારે આવશે?'*

'પપ્પા જેલમાં છે. ત્યાં આપણાંથી ન જવાય.' નીનાએ રૂંધાયેલા અવાજે કહ્યું :

'હવે મારે માસીને ત્યાં નથી રહેવું. એ બહુ વઢે છે.' કમલના ડૂસકાં ચાલુ જ હતા. ત્યાં માસી આવીને પૂછે છે :

'કેમ નીના? ભાઈને બહુ લાડ લડાવે છે? મારું તો નસીબ જ ખોટું છે. તમારો બાપ તો આરામથી જેલમાં છે ને બહેન તો સ્વર્ગમાં પહોંચી ગઈ... મારે માથે આ ભાર નાખી ગઈ. તારા બાપને ૨૦ રૂ.ની લાંચ લેતાં પણ ન આવડી.' માસીએ બળાપો કાઢ્યો.

એટલામાં માસા પણ બાળકોને વઢવા લાગ્યા :

'મેં તમારા બાપને કહ્યું, ૨૦૦-૩૦૦ની વ્યવસ્થા કરી દે, તો છોડાવી નાખીશ. તો એ મોટા સત્યવાદી બોલ્યા કે હું લાંચ આપીશ નહીં.'

'અરે, મેં કહ્યું આપવી નો'તી તો લીધી શા માટે?'

નીના અને કમલને રડતાં રડતાં યાદ આવ્યું કે પપ્પાએ એકવાર કહેલું કે- 'લાંચ લેવી એ પાપ છે. તો પછી એમણે લીધી કેમ?' કમલના મનમાં વિચારો ચાલુ હતા.

એ લોકોએ સાંભળેલું કે એક જજસાહેબે ૨૦૦૦ રૂપિયા લઈ કોઇ ચોરને છોડી દીધેલો એટલે સાંજે બેઉ ભાઇ-બહેન, સ્કૂલથી આવતા હતા ત્યારે હિંમત કરીને જજને બંગલે મળવા ગયાં. ત્યાં પાર્ટી ચાલતી હતી. કમલે જજસાહેબને પૂછ્યું :

'અમારી પાસે ૫૦ રૂ. છે. તમે તો ૨૦૦૦ લઈને એક ચોરને છોડી દીધો હતો ને? અમારા પપ્પા ચોર નથી. મોંઘવારીને કારણે ફક્ત ૨૦ રૂ.ની લાંચ લીધેલી.'

જજ ચૂપ.

'રૂપિયા ઓછા પડે તો હું એક બે દિવસ તમારે ત્યાં રહેવા તૈયાર છું.', નીનાએ કહ્યું.

કમલે કહ્યું, 'મારી દીદી બહુ સુંદર છે. તમે તો સુંદર છોકરીઓ લઈને પણ કામ કરી આપો છોને?'

જજને ત્યાં ચાલતી ઐયાશ પાર્ટીમાં સન્નાટો છવાઈ ગયો.

બાપ વિનાનાં બાળકોની આ વિચિત્ર વ્યથા આપણને હચમચાવી નાખે છે. બાપ જ્યારે જીવનમાંથી જાય છે ત્યારે એક હૂંફભર્યો અવાજ સંભળાતો બંધ થઇ જાય છે.

*એન્ડ -ટાઇટલ્સ:*
*આદમ: મારે બાપ બનવું છે*
*ઈવ: મમ્મીને પૂછ્યું?* ■

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# બિલકુલ ખાનગી વાત



કાન પાસે હોઠ લાવીને કહેવી પડે એટલી ખાનગી વાત. એને આજે ખુલ્લી કરવા બેઠો છું. તે વાત એમ કે જન્મ અને ઉછેર અત્યંત વહાલભર્યા વાતાવરણમાં પણ સાવ અકિંચન હાલતમાં થયો. એ પછી કોલેજના ત્રીજા વર્ષમાં ગઝલથી ગિરફતાર થયો. કેવી રીતે થયો એની વાત ફરી ક્યારેક. પણ ગઝલે જો શોભિત દેસાઈ નામનો ગુન્હો આદર્યો હોય તો એના તકસીરવાર જનાબ બરકત વિરાણી બેફામ. બેફામ વગર શોભિત ન હોત... અથવા હોત તો સાવ સામાન્ય જીવન જીવતો સદાનો સ્ટ્રગલર શોભિત હોત, મશરુની તળાઈ ના હોત.

તે એક દિવસ આ બધા વડીલોને માથે બેસાડી નાચવાનું મન થયું તે અલગ તારવ્યા દસ-બારને એમાંથી... ને કાઢી એમની એક એક ગઝલ. ચાળ્યા એમના રદીફ-કાફીયા અને એ દરેકના જીવનને દર્શાવતી ગઝલ રચી. તાદૃશ્ય ચિતાર મળે તમને, આ બધાની જિંદગીનો. ‘નવનીત સમર્પણ’માં દીપક દોશીએ છાપી ત્યારે તો હંગામો થઈ ગયેલો. of Course કેટલાક ચીકણા ચીવટીયા ગુંદરીયાને ત્યારે ય નહોતી ગમી... પણ અમુકને તો કશું પણ ક્યાં ગમે જ છે? જવાદો. આજે તમારી સેવામાં છે એ રસથાળ. આજે તો તૃપ્તિના ઓડકારની ગેરંટી આપું છું.

* * *

*પરિચય છે મંદિરમાં દેવોને મારો અને મસ્જિદોમાં ખુદા ઓળખે છે,*
*નથી મારું વ્યક્તિત્વ છાનું કોઈથી, તમારા પ્રતાપે બધા ઓળખે છે*

શૂન્ય પાલનપુરીને અર્પણ

### હવા ઓળખે છે

*નિરાકાર થઈને ગગન ખૂંદવાનો મને ગર્વ છે બહુ હવા ઓળખે છે*
*સદાકાળ ચાહ્યું છે શુભ મેં ગઝલનું મને એટલે શ્રી સવા ઓળખે છે*

*પ્રયોજું છું હું મારી બાની છતાં તમને લાગે તમારી જ ભાષા મળી ગઈ*
*તરી આવું છું એટલે તો હું જુદો, મને રૂપ કૈં જૂજવાં ઓળખે છે*

*લવરમૂછિયા જો પૂછે તો કહું, કેમ કહેવું નર્યું સત્ત્વ મોઘમ રહીને*
*કદી પણ ન મંજૂર છે હાથચાલાકી સહેજે, મને ક્યાં નવા ઓળખે છે?*

*જરા કોઈ સમજાવો જઈને તબીબોને: ‘ઉપચાર છે સૌ નકામા તમારા’*
*દરદ જાનલેવાને પૂરી ખબર છે કે છે મોત એની દવા, ઓળખે છે*

*નથી સાવ આવી ગઝલ એમની એમ બુલબુલના કંઠેથી ગુજરાતમાં કંઈ*
*મેં ખેડ્યું છે સહરા, ઉગાડ્યાં છે ફૂલો, સહ્યો છે સૂરજ, ઝાંઝવા ઓળખે છે.*

* * *

*સામે નથી કોઈ અને શરમાઈ રહ્યો છું*
*હું પોતે મને પોતાને દેખાઈ રહ્યો છું*

સૈફ પાલનપુરીને અર્પણ

### ખોવાઈ રહ્યો છું

*એથી જ તો દુનિયામાં વગોવાઈ રહ્યો છું*
*કોઈ નથી સાથે અને હરખાઈ રહ્યો છું*

*દરરોજ સવારે મને તોલે છે નવાં માપ*
*ચળકાટ છું આદિ અને પરખાઈ રહ્યો છું*

*જોઈને ઝરૂખે ઊભી એક રૂપની રાણી*
*હું મનમાં ને મનમાં બહુ શરમાઈ રહ્યો છું*

*એક જ આ વિમાસણ લઈ ઊભો છું બજારે*
*વેચાઈ રહ્યો છું કે ખરીદાઈ રહ્યો છું?*

*સૂનું બહુ લાગે છે મને આપ વિના અહીં*
*ખીલવાની છે મોસમ અને કરમાઈ રહ્યો છું*

*ઝળહળનું ભલે શ્રેય મળે પૂરું બીજાને*
*હું પાયો બની ભોંયમાં ધરબાઈ રહ્યો છું*

*ક્યારેક મળી જાઉં અનાયાસ હું તમને,*
*બસ એ જ અપેક્ષાથી હું ખોવાઈ રહ્યો છું*

* * *

*મારી મહેંદીનો રંગ ઊડી જાય રે, સૂરજ ધીમા તપો!*

ઝવેરચંદ મેઘાણીને અર્પણ

### ધીમા તપો રે સૂરજ!

*ગતિ જરાક તો આપો! ધીમા તપો રે સૂરજ!*
*બધું જ ભાંગીને ભુક્કો, ધીમા તપો રે સૂરજ!*

*ગયાં સુકાઈ, નદી-નાળાં-વહેણ-વાવ-તળાવ*
*અને ઊડી ગયો દરિયો, ધીમા તપો રે સૂરજ!*

*અફાળી માથું, એ બદલી રહ્યો છે ખુદનું નામ,*
*ન જડતો શોષને જોટો, ધીમા તપો રે સૂરજ!*

*તમારી સામે વળી મારું શું ગજું! નહીં તો-*
*ઉગામી લેત હું મુક્કો! ધીમા તપો રે સૂરજ!*

*છું સૂક્કોભઠ ’ને છતાં નીતરે છે પરસેવો*
*ભીનો થયો છું હું કેવો! ધીમા તપો રે સૂરજ!*

*પવનની લહેરખી સાથે ધરા-નિવાસીઓ*
*રમે છે ક્યારનો થપ્પો, ધીમા તપો રે સૂરજ!*

*સડક-મજૂર ખરેખરના કર્મકાંડી છે*
*જરા તો જાળવો મોભો! ધીમા તપો રે સૂરજ!*

*જી, ટાઢા પાડવા તમને, શીતળ હવાઓનાં*
*મશીન શોધે છે કીમિયો, ધીમા તપો રે સૂરજ!*

*હું ઊંડા નાકથી ખેંચું છતાં નીકળતો નથી*
*ગળામાં બાઝેલો ગળફો, ધીમા તપો રે સૂરજ!*

*દિવસનો ઘામ ઊડી રાતે ચોંટે તન ઉપર*
*હજીય પીછો પકડશો? ધીમા તપો રે સૂરજ!*

* * *

*જીવનભરનાં તોફાન ખાળી રહ્યો છું ફક્ત એના મોઘમ ઈશારે ઈશારે*

મરીઝને અર્પણ

### ખુમારે ખુમારે...

*બહુ જૂનવાણી થતા જાય છે, કાટ ચઢતો રહ્યો છે વિચારે વિચારે*
*નવા માર્ગ દેખાડતા હોય જે એ બધી બાજુએથી પધારે પધારે*

*ગજું હો બધાનું ભલેને અલગ, મૂળ જીવન છે એક જ સહુનું જગતમાં*
*શમાવે જરા માંડ ગઈકાલને, આજ પડકાર ઊભા નવા રે! નવા રે!*

*ફૂટ્યા આછા દોરા, યુવાની પધારી; સ્વમાની બન્યો છું, મેં સરહદ વધારી*
*બધીયે જફાઓ બનાવીને તારી, હું પામી રહ્યો છું, શુમારે શુમારે*

*ખરેખર ખરાં કામ ચાલી રહ્યાં છે, નથી ભાવ કર્તૃત્વનો ક્યાંય મોજૂદ*
*નથી કંઈ જ કરતા એ બોલ્યા કરે છે, ઉઘાડા પડે છે પ્રચારે પ્રચારે*

*નજાકતભરી મારી ભાષા નથી કે નથી કલ્પનોની સ્વરૂપવાન સૃષ્ટિ*
*લઈને અભિવ્યક્તિ નિર્દંભ, નિર્દોષ, ખોડું ગઝલ હું ખુમારે ખુમારે*

* * *

આજે આટલું જ. ■

ટ્રાવેલ પ્લસ

કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

# રંગબેરંગી પક્ષીઓ ને એમની દુનિયાનું અનોખું વિશ્વ...

**સારસ** અને સાંજ આ બંને મારા ખૂબ જ પ્રિય અને એમાં ઉપરથી ગમતું સ્થળ એટલે રાજસ્થાનમાં આવેલ કેઓંલાદેવ નેશનલ પાર્ક. એક સાંજે ભરતપુર નેશનલ પાર્કમાં કેમેરા લઈને સાઈકલને પેન્ડલ માર્યા ત્યારથી મનમાં નક્કી કર્યું હતું કે સારસ સાથે સાંજને માણવી છે. લગભગ દોઢેક કલાક સુધી શોધ્યા પછી સારસ ન જડ્યા એટલે નિરાશ થઈને એ ટ્રેલ છોડી દેવાનું નક્કી કરીને પરત ફરવા લાગ્યો. લગભગ એકાદ કિલોમીટર ચાલ્યો હોઈશ કે સારસનો મનમોહક અવાજ ગુંજ્યો અને ફરી જ્યાંથી આવ્યો ત્યાં જ પરત જવા પગ ઉપાડ્યા. સારસ બેલડી બોલે એટલે જાણે એવું લાગે કે આપણને જ બોલાવે છે. ફરી અર્ધો કિલોમીટર ચાલ્યો કે દૂર એક ઝાડ નીચે સારસની જોડી દેખાઈ. એ સારસ સુધી પહોંચવા હજુ એકાદ કિમી જેટલું વગડામાં ચાલવું પડે તેમ હતું. ચાલવાનું શરૂ કર્યું અને સારસ જાણે મારી જ રાહ જોઈને ઉભા હોય એમ જ, હું પહોંચ્યો કે મન મૂકીને નાચવાનું શરૂ કર્યું અને સૂર્ય ક્ષિતિજ પર ડૂબું ડૂબું થતો હતો. સોનેરી લાઈટ, આછેરા પ્રકાશમાં કોઈ ચિત્રની માફક દીસતા વૃક્ષોનું બેકડ્રોપ અને સારસ બેલડીનું દિલધડક પરફોર્મન્સ. આ બધું જ જાણે મારા જ માટે સર્જાયું હોય એવું અનુભવ્યું. સારસ અને સારસીનો ઉલ્લેખ સાહિત્યમાં ખાસ્સો થયો છે. સારસ અને સારસી જીવનપર્યંત એક જ જોડી બનાવે છે અને એકમેકને વફાદાર રહે છે. કોઈ એક પણ પક્ષીનું મૃત્યુ થાય તો બીજું ઝૂરી ઝૂરીને પોતાનો દેહ ત્યાગ કરે છે.

ભરતપુરની સાંજ આજે ભરપૂર જીવી અને માણી. કેટલીક ક્ષણો મેળવવા કુદરત પાસે દોડીને જવું પડે અને આજીજી કરવી પડે દોસ્ત, ખરેખર આવી ક્ષણોને દિલથી જીવવાની ઈચ્છા હશે તો પ્રકૃતિ એનું બધું જ તમારી સમક્ષ ખુલ્લું મૂકી દેશે. આવી જ સાંજ ફરીથી અમદાવાદનાં થોળ પક્ષી અભયારણ્યમાં અનુભવાઈ. એ જ રીતે સારસ અને સારસીનું એકમેકમાં ઓતપ્રોત હોય એવું દ્રશ્ય અને એને કંપની આપવા માટે આવેલા હજારોની સંખ્યામાં ગ્રેટર ફ્લેમિંગોઝ એટલે આનાથી વિશેષ તો કુદરત પાસે શું માગી શકાય?

જંગલ દરેક ક્ષણે બદલતું રહે છે જેમ માણસની પ્રકૃતિ, રંગો અને સ્વભાવ બદલે છે એમ જ પણ







જંગલનો અનુભવ હંમેશાં તરોતાજા અને હકારત્મક જ હોય છે. જંગલમાં કેટલીક વિરલ ઘટનાઓ ઘટતી હોય છે અને નસીબથી ક્યારેક આપણે એવી ઘટનાઓનાં ક્ષણભર માટે સાક્ષી બની જતા હોઈએ છીએ. કુદરત જાણેઅજાણે આપણી સમક્ષ તેનો સાક્ષાત્કાર કરતું જ હોય છે, આપણે ભૌતિક આનંદમાં ધ્યાન ન ભટકાવીએ તો. નાના બાળકોમાં એક ગજબ સ્ફૂર્તિ અને નિર્દોષતા છલકાય છે. એ પછી ભલે બાળક હોય, ગલૂડિયું હોય કે પછી કોઈ પક્ષીનું નાનકડું બચ્ચું હોય. એને જોતા જ વહાલનો સાગર ઉમટી પડે. ધીરે ધીરે એ બાળક એની પ્રકૃતિમાં ઢળે અને એનાં મૂળભૂત ગુનો પ્રકૃતિ જ એને પ્રદાન કરે જે એને જીવનનાં સંઘર્ષમાં મદદરૂપ નીવડે. એ દરેક જીવમાં સતત ઘટતી રહેતી કુદરતી પ્રક્રિયા છે. વડોદરા નજીક આવેલા જાબુંઘોડા પક્ષી અભયારણ્યમાં બ્લેક નેપ્ડ મોનાર્ક નામનાં પક્ષીને ચોમાસાની લિજ્જત માણતું જોયું અને વરસાદની બૂંદો સાથે સાથે હું પણ ગોઠવાયો એને એકીટશે જોવા માટે. આ ખૂબસૂરત અને નાનકડાં એવા પક્ષીની ત્વરા જોઈને હું ઘડીભર અચંબિત થઇ ગયો. મા માળો છોડે કે ફરી એ, માળામાં લપાઈ જાય, એની નિર્દોષતાને જોઈને કોણ કહી શકે કે આ જ નાજુક પંખી એક દિવસ આસમાનની ઊંચાઈએ પાંખો ફેલાવશે અને જે આજે એની મા પાસેથી મેળવે છે એ સઘળું એના બાળકોને વણકહ્યે આપશે, આ જ નિર્દોષ ચહેરો એક નવી જ દુનિયા બનાવશે.



માનવ સ્વભાવમાં પણ કંઈક એવું જ હોય છે. પ્રકૃતિ સઘળા ગુણો અને અવગુણો એક સાથે પ્રદાન કરે છે, આપણે કાયા ગુણોને મહત્ત્વ આપીને કોનું સિંચન વધારે કરવું એ આપણે જ નક્કી કરવાનું હોય છે. છતાં પણ વન્ય સૃષ્ટિ માનવ કરતા ઘણા દરજ્જે આગળ છે એવું હું મારા જંગલના અનુભવો પરથી સ્પષ્ટપણે કહી શકું. લગભગ બધા જ પંખીઓમાં આ ગુણો કુદરતી રીતે જ સિંચાયા છે જેને આપણે સ્પષ્ટપણે જોઈ અને અનુભવી શકીયે.

ધરતી અને આકાશની વચ્ચે એક સરસ મજાની જગ્યા છે. પૂર્વ સિક્કિમમાં ઓલ્ડ સિલ્ક રૂટ પર લુથૂંગ ગામ પહેલા જ આવતી જગ્યા મને બહુ જ ગમે. ગમે તેટલાં વર્ષ પછી પણ જાઉં એક પથ્થર મૂકેલો છે એ ત્યાંનો ત્યાં જ હોય જ્યાંથી મને કાંચનજંઘા દેખાય અને એક તરફ ભુતાનના કોઈ ગામડામાં વહેતી નદીનું વહેણ અને નીચેની તરફ નાનું સરખું ઝૂલુક ગામ. હિમાલયન મોનાલ પાછળ ભાગતા ભાગતા આ જગ્યા મળી હતી. વરસાદ રોકાયો જ હતો કે સાઈકલ થોભાવીને ત્યાં પડેલા પથ્થર પર બેસીને કુદરતને મેં કહ્યું, ચાલને બે ઘડી વાતો કરીએ. જાણે કુદરત મારી વાતનો પ્રત્યક્ષ જવાબ આપતો હોય એમ વાદળો રમતાં રમતાં મારી આસપાસ આવી ગયાં, કાંચનજંઘા વાદળોમાં સંતાઈ ગયો અને સૂરજનાં કિરણો પણ જાણે વાદળોને છેતરીને ધરતીને મળવા દોડી ગયાં. પહાડોમાં બધાથી અલિપ્ત અને હિમાલયની ગોદમાં માના ખોળામાં સૂતા હોઈએ એટલી શાંતિથી સૂવું હોય તો આ જગ્યાથી સારી બીજી કોઈ જગ્યા ન હોય શકે. એકદમ નિર્જન છતા તમારી જાતને એકલું ન લાગે એટલા રંગબેરંગી અને સંગીતમય પંખીઓ, પ્રકૃતિનું મધુર ગાન અને ઈશ્વરની હાજરીનો અનુભવ - આ સઘળું અહીં હાજર છે. અહીં હિમાલયન મોનાલ એનાં બચ્ચાઓ સાથે ગમ્મત કરતું અચૂકપણે હાજર હોય ને હોય જ.

કરોડો વર્ષોથી જમીન, આકાશ અને સમુદ્ર પર રાજ કરતાં પક્ષીઓનો હું ખૂબ જ મોટો ચાહક છું. ઘર પાછળનો વાડો હોય કે ગામનું તળાવ હું પંખીઓને જોયા વિના ન રહું. કોઈને ડેટ પર પણ લઇ જવાનું થાય તો મારી પહેલી પ્રાયોરિટી કોઈ સરસ અને શાંત તળાવ જ હોઈ શકે જ્યાં પક્ષીઓનો કલરવ હોય. પંખીડાઓને આનંદ કિલ્લોલ કરતા જોવા, એમની સોશિયલ લાઈફમાંથી ઘણું બધું શીખવા મળે છે મને સતત. વર્ષોથી મનમાં એક ઈચ્છા સેવી હતી કે હિમાલયન મોનાલને હું તાજા જ બરફમાં મહાલતા જોઉં, લીલોતરી, પહાડી માર્ગો જેવી જગ્યાએ એમને હંમેશાં જોયા છે પણ આમ બરફમાં મહાલતા જોવા માટે આ વર્ષે ચોપતાના પહાડોમાં અજાણ્યા રસ્તાઓ પર રખડ્યો અને આ મનોરમ્ય પક્ષીને ખૂબ જ નજીકથી જોઈ શક્યો. હિમાલયન મોનાલને જોઈને આંખ ભીની થયા વિના ન રહે. હિમાલયનાં ઉત્તરાખંડમાં ચોપતા વેલીની પહાડીઓમાં તાજો જ છંટકાવ થયેલો બરફ હોય અને અહીં મોનાલની જોડી અને ક્યારેક બચ્ચાંઓ કૂમળાં સૂર્યપ્રકાશમાં આંટો મારવા નીકળી પડે કે એમને એકીટશે જોવાનું મન થાય.

કુદરત, આટલા સુંદર વિહંગના વિશ્વને આપ્યા પછી હવે તારી પાસે બીજી શું આશા રાખું દોસ્ત? બસ આ જ ક્ષણને જીવવા માટે હિમાલયની આકરી મુસાફરી કરું છું અને લોકોને કહેવા માટેની વાર્તાઓ જીવું છું. ■

ફોકસ

લોકમિત્ર
feedback@bombaysamachar.com

# સૌંદર્ય પ્રસાધનથી પૃથ્વી પર ઠલવાય છે કચરો



અલગ અલગ પ્રકારનાં સૌંદર્ય પ્રસાધનો આપણને વધારે સારા દેખાડે છે, પરંતુ આ જ સૌંદર્ય ઉદ્યોગથી વધતો કચરો આજની તારીખમાં પણ પર્યાવરણ માટે ભયનું કારણ બની ગયો છે. બાથરૂમના કેબિનેટમાં રાખેલા અલગ અલગ ટાઈપના શેમ્પૂ, મોઈસ્ચરાઈઝર અને બીજા બ્યૂટી પ્રોડક્ટ્સ જેમકે મેકઅપ બોકસમાં રાખેલી અલગ અલગ શેડસની લિપસ્ટિકસ, બોડી સીરમ, જેની સુંદર આકર્ષક પેકેજિંગ અને તેના પર લખેલી એક્સપાયરી ડેટ ગ્રાહકને જલ્દીથી તે પ્રસાધનો વાપરી બીજાં પ્રસાધનો લેવા માટે લલચાવે છે. ઘણા સમયથી સૌંદર્ય પ્રસાધનોની પ્લાસ્ટિક પેકેજિંગ પર્યાવરણ માટે એક ચુનોતી સાબિત થઈ છે. સુંદર અને આકર્ષક પેકેજિંગને લીધે જ આ પ્રસાધનો વેચાય અને ખરીદાય છે. મોટા ભાગની કોસ્મેટીક પેકેજિંગને કચરામાં નાખી દેવામાં આવે છે. એ સિંગલ યુઝ પ્લાસ્ટિક લેન્ડફિલનો ભાગ બની જવાથી તેને નષ્ટ થવામાં હજારો વર્ષ લાગી જાય છે. સૌંદર્ય ઉદ્યોગની સામે માત્ર આ જ એક સમસ્યા નથી. એક્સપાયરી ડેટવાળા વધેલા પ્રોડકટ, ન વેચાયેલાં, ઉપભોકતાઓ દ્વારા નકારાયેલા, આ બધા ન વપરાયેલા પ્રોડકટ્સ પણ પર્યાવરણ માટે ભયજનક જ છે.

કોઈ પણ સૌંદર્ય પ્રસાધનને ખરીદતી વખતે આપણે તેની આકર્ષક અને સુંદર પેકેજિંગને જ જોઈએ છીએ. ઘણી વખત તો પ્રોડકટ્સની તુલનામાં પેકેજિંગ પર વધારે ખર્ચ કરવામાં આવે છે.

પેકેજીંગને વધારે આકર્ષક અને ચમકદાર બનાવવા માટે રિ-સાઈકલ્ડ પ્લાસ્ટિકની બદલે બીજી મિશ્ર વસ્તુઓનો પણ ઉપયોગ કરવામાં આવે છે. આ પેકેજિંગને રિ-સાઈકલ કરવું પણ વધારે અઘરું છે. તેથી જ આ વસ્તુને સીધા લેંડફિલમાં જ મોકલવામાં આવે છે. આ જ રીતે બ્યૂટી ઈંડસ્ટ્રી દર વર્ષે ૧૨૦ બિલિયનથી પણ વધારે પેકેજિંગ યુનિટોનું ઉત્પાદન કરે છે. જે લેંડફિલમાં જઈને પર્યાવરણ માટે મોટો ખતરો સાબિત થાય છે. બ્યૂટી ઈંડસ્ટ્રીની આ સમસ્યાનું સમાધાન કરવું એટલે પ્રોડકટ્સની પેકેજિંગની માત્રા સાવ ઓછી કરી નાખવી કે સાવ રદ કરી નાખવી.

આનાથી આ ઈંડસ્ટ્રીથી ઉત્પન્ન થનારો કચરો ઘણી માત્રામાં ઓછો કરી શકાશે. લોકોમાં એ જાગરુકતા લાવવી જરૂરી છે કે સૌંદર્ય પ્રસાધનો ખરીદતી વખતે આકર્ષક અને મોંઘા પેકેજિંગવાળા પ્રોડકટ્સની બદલે એવા પ્રોડકટસ પસંદ કરો જેની પેકેજિંગ ઓછી હોય. શૈંપૂના નાના પેકેટની બદલે એવા શેમ્પૂ લો કે જે પ્લાસ્ટિકની બોટલમાં મળતાં હોય કે જેના રિ-યૂઝ તેમ જ રિ-સાઈકલ થઈ શકે.

### રિ-યૂઝ

આ ઈંડસ્ટ્રીથી જોડાયેલાઓને પેકેજિંગની નવી નવી ટેક્નિક લાવવી જોઈએ જેમાં રિટર્ન અને રિફિલ જેવા ઓપસન્સ હોવા જોઈએ. જેથી કરી પેકેજિંગ અને કંટેનરોને રિ-સાઈકલિંગ કરતા પહેલાં જ બીજી વખત પણ વાપરવામાં આવે. આનાથી સૌંદર્ય પ્રોડકટ્સને પેક કરવા માટે વપરાતા પ્લાસ્ટિકની માત્રા પણ ઓછી થશે. આનાથી શિપિંગ અને પ્રોડકટસની કિંમત પણ ઓછી થઈ શકે છે. આ ઉપભોક્તાઓએ તેમના માઈન્ડસેટ બદલવાની જરૂર છે.

આમ જોઈએ તો બ્યૂટી ઈંડસ્ટ્રી નવું શું લાવીએ તે સિધ્ધાંત પર જ આધારિત છે. નવું ક્રીમ પહેલાની સરખામણીમાં વધારે સારી હશે. આને જલ્દી પૂરી કરી નવી ક્રીમ ખરીદીયે.

આ માઈંડસેટને પણ બદલવાની જરૂર છે. આના લીધે જ ન વપરાયેલા બ્યૂટી પ્રોડકટ્સ લૈંડફિલનું એક મુખ્ય કારણ બને છે. આ બ્યુટી પ્રોડકટસમાં વાષ્પશીલ કાર્બનિક સંયોજનો હોય છે, જે કાર્બનડાયોકસાઈડ ઉત્પન્ન કરવામાં મદદરૂપ થાય છે.

આ પર્સનલ કેર પ્રોડકટસમાં પાલ્મ ઓઈલનો પણ ભરપૂર વપરાશ કરવામાં આવે છે. એક જાગરૂક ઉપભોક્તા હોવાને કારણે પર્યાવરણને સાચવવા માટે આવા પ્રોડકટ્સને ઓછા ખરીદવા જોઈએ. એવાં સૌંદર્ય પ્રસાધનો ગોતવા કે જે મલ્ટી પરપઝ હોય, અથવા તો એવા પ્રોકટસ લેવા કે જે ઓછી માત્રામાં કાર્બનડાયોકસાઈડ ઉત્પન્ન કરે અને જેમાં પામ ઓઈલનો સૌથી ઓછો ઉપયોગ થયો હોય.

આ પ્રોડકટ્સની સૌથી મોટી ખાસિયત એ છે કે, કે જેવો આનો ઉપયોગ ચાલુ કરીએ કે તરત જ એક્સપાયરી ડેટ આવી જાય છે જેને લીધે તે પ્રોડકટસ આપણાં માટે નુકસાનકારક સાબિત થાય છે. તેથી જ જેટલી જરૂર હોય તેટલા પ્રોડકટ્સ જ લેવા. જો કોઈ પ્રોડકટ્સ ન વાપરવાના હોવ તો તેને લૈંડફિલમાં નાખવાને બદલે કોઈને દાન કરી દેવું. ■

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# બાપનો કૂવો હોય એટલે એમાં ડૂબી ન મરાય



આજે ફાધર્સ ડે. આમ તો વિદેશી વિચાર- ખ્યાલ છે, પણ આપણા દેશમાં જે ફોરેન માલનો ખપત વધ્યો છે એમાં **Day Celebration** - વિવિધ દિવસની ઉજવણીનો પણ સમાવેશ થાય છે. અંગ્રેજીમાં પેરન્ટ્સ એક શબ્દ છે પણ આપણે માતા - પિતા કહીએ છીએ. આપણે ત્યાં માતાનું મહત્ત્વ અને માહાત્મ્ય (મહિમા) એટલા ઊંચા છે કે માતા - પિતા જ બોલવામાં આવે છે. કોઈને ક્યારેય પિતા - માતા બોલતા - લખતા જોયા? હાલાંકી બીજા કેટલાક સંબંધમાં પુરુષનું સ્થાન પહેલા આવે છે જેમ કે દાદા - દાદી, નાના - નાની, કાકા - કાકી, મામા - મામી ઈત્યાદિ. જનનીની જોડ સખી નહીં જડે રે લોલ એ વાત સર આંખો પર. પણ આજે બાપુજી ફાધર બની ગયા છે અને પ્રોવાઇડર (સંતાનની જરૂરિયાતો પૂરી પાડવાનું કામ)ની વ્યાખ્યામાંથી બહાર નીકળી નર્ચરર (પાલનહાર પિતા) બનવા પર ભાર મુકાઈ રહ્યો છે. ફાધર્સ ડે નિમિત્તે એટલું તો જરૂર કહીએ કે **દેવકી - યશોદાના પ્રેમના ગુણગાન ચોક્કસ ગાઓ, કરંડિયામાં બાળકને લઇ જનારા વાસુદેવનું પણ સ્મરણ કરી જુઓ.** ઉત્તર પ્રદેશના કેટલાક વતનીઓ પિતાનું નામ દેતા નથી, કારણ કે નામ દેવાથી પોતાના પ્રિયજનનું આયુષ્ય ક્ષીણ થાય છે એવો વહેમ ચાલે છે. મતલબ કે બાપ પ્રિયજન પણ આલેખવામાં આવ્યો છે.

બાપ કહેવત અને રૂઢિપ્રયોગમાં પણ વણાઈ ગયો છે. **બાપ બાવળ ને મા બોરડી** કહેવત ઠેકાણા વગરની કે આડેધડ વાત હોય ત્યારે વપરાય છે. દૂર દૂરનાં સંબંધ નહીં ધરાવતા બાવળ અને બોરડી એટલે જ જોવા મળે છે. **બાપનું તોલડું** રૂઢિપ્રયોગ સમજવા જેવો છે. તોલડું એટલે નાનું માટીનું વાસણ. અવસાન પામેલા માણસને સ્મશાનમાં લઈ જાય ત્યારે તેનો સંબંધી હાથમાં તોલડી જઈને આગળ ચાલે છે. એ તોલડી મરણની મોકાણના સમાચારનું પ્રતિનિધિત્વ કરે છે. એ જ પ્રમાણે આવડતની જરૂર વિનાનું કામ સોંપાયા બાદ જો એ વ્યક્તિ નિષ્ફળ થાય એના પરથી કામને યોગ્ય ન્યાય ન આપી શકતા લોકો માટે આ રૂઢિપ્રયોગ વપરાય છે. પિતાના ગુણગાન ગાતી કહેવત છે **બાપા બાપા! ઝાંપો ઢાંકું. તો કહે દીકરા ઝાંપો શું કરવા ઢાંકે, મારું હૈયું ઝાંપા કરતા મજબૂત છે.** પુત્રની દરેક પ્રકારની વ્યથા ઝીલવાની તાકાત પિતામાં હોય છે એ એનો ભાવાર્થ છે. આપણા સમાજમાં અનેક જૂની રૂઢિઓ આજે કાળ બાહ્ય થઈ હોવા છતાં એને સમાજ વળગી રહેલો જોવા મળે છે. આ વૃત્તિ પર કટાક્ષ કરતી કહેવત છે **બાપનો કૂવો હોય એટલે એમાં ડૂબી ન મરાય.** ટૂંકમાં હાનિકારક રીત રિવાજને વળગી ન રહેવાય. પિતાની પરિસ્થિતિની દરકાર ન હોય એ વ્યથા **બાપને બોખારાં વાગે ને દીકરીને જોઈએ ઘરચોળાં** કહેવતમાં સુપેરે પ્રગટ થાય છે. બોખારાં એટલે વરાળ. મતલબ કે બાપ મુશ્કેલીથી દાઝતો હોય - હેરાન થતો હોય. કેવી માર્મિક વાત છે. બાપનો હાથ ભીડમાં હોય, ઘરે ઉઘરાણી માટે તકાજા થતા હોય ત્યારે દીકરી ઘરચોળું માગે એ પરિસ્થિતિ બાપ માટે કેવી વસમી હોય એનું વર્ણન કરવા શબ્દોનો પનો ટૂંકો પડે.

ENગ્લિશ વિંGLISH

## FATHER'S DAY

સ્વતંત્રતા એ કાયમી અવસ્થા છે, પણ સ્વાતંત્ર્ય દિન એક જ હોય છે. એ જ રીતે જીવનમાં પિતાની હાજરી, એમણે અદા કરવાની જવાબદારી સતત પ્રક્રિયા છે, પણ વર્ષનો એક દિવસ ફાધર્સ ડે તરીકે ઉજવવામાં આવે છે. Father's Day is celebrated around the world to honor fathers and father figures. While the date varies by country, many celebrate it on the third Sunday in June. પિતાશ્રી કે પિતાતુલ્ય વ્યક્તિ પ્રત્યે આદર વ્યક્ત કરવા એક દિવસ નક્કી કરવામાં આવ્યો છે. અનેક દેશોમાં એની ઉજવણી થાય છે અને તારીખ અલગ અલગ હોઈ શકે છે. જોકે, ઘણા ખરા દેશો જૂન મહિનાના ત્રીજા રવિવારે ઉજવણી કરતા હોય છે. Now we will see how Papa, Dad - Daddy, Father is reflected in proverbs and idioms. અંગ્રેજી કહેવતો - રૂઢિપ્રયોગોમાં ડેડીની હાજરી જોઈએ. Mama's baby, Papa's maybe.This phrase is a playful way of saying that a child might be more like their mother or father. બાળકમાં પિતાશ્રી કરતા માતાના ગુણ - સ્વભાવ વધુ ઊતરી આવ્યા હોય એ કહેવાનો અહીં આશય છે. Father figure એટલે વડલાનો છાંયડો, પ્રભાવી વ્યક્તિ. This term refers to a male role model who provides guidance and support, often like a father. પિતાશ્રીની જેમ આધાર બનતી, માર્ગદર્શન કરતી વ્યક્તિ માટે આ રૂઢિપ્રયોગ વપરાય છે. The Daddy of them all: The biggest, oldest, most impressive, or most respected person or thing of a certain kind. કદમાં અને ઉંમરમાં સૌથી મોટી તેમજ અત્યંત પ્રભાવી અથવા અત્યંત આદરણીય વ્યક્તિ અથવા કોઈ વિશિષ્ટ વસ્તુ માટે આ રૂઢિપ્રયોગ વપરાય છે. Grand Daddy of them all: The first, oldest, or most respected of its kind, as in That computer is the grand daddy of them all. સૌથી પહેલો, સૌથી ઉંમરલાયક અથવા સૌથી વધુ આદરણીય વ્યક્તિ કે વસ્તુ માટે આ શબ્દપ્રયોગ થાય છે. કમ્પ્યુટરને ઉપકરણના ગ્રાન્ડ ડેડીનું બિરુદ આપવામાં આવ્યું છે. Disney Dad એટલે એવા પિતા જેના તાબામાં બાળક કોઈ કારણસર ન હોવા છતાં એ બાળક પ્રત્યે અનેક જવાબદારી અદા કરતા હોય છે. વિખૂટા પડી ગયેલા પતિ - પત્નીમાં આવું જોવા મળે છે. Bonus Dad - An alternative to the title step-dad ટૂંકમાં સાવકો પિતા.

રાષ્ટ્ર ભાષા

## पिताजी की कहावतें

હિન્દીમાં પણ પિતાશ્રીને કેન્દ્રમાં રાખી કેટલીક કહેવતો જોવા મળે છે. **पिताजी की कुछ मशहूर कहावत इस प्रकार हैं.** કેટલાક ઉદાહરણ જોઈએ. **बाप पे पूत, नस्ल पे घोडा ज्यादा नहीं तो थोडा थोडा.** બાપ તેવા બેટા ને વડ તેવા ટેટાની યાદ અપાવે છે આ કહેવત. **यह कहावत बताती है कि बच्चों में पिता के गुण अधिक भले न हो. थोडे जरूर पाए जाते हैं.** ટૂંકમાં સંતાનમાં પિતાનો પડછાયો જોવા મળે છે. **बाप न मारी मेंढकी, बेटा तीरंदाज.** બાપ કરતા બેટો સવાયો કહેવત જેવો ભાવાર્થ અહીં જોવા મળે છે. **यह कहावत तब बोली जाती है जब कोई व्यक्ति अपनी हैसियत से बडा काम करने या बडी कहने की कोशिश करता है, जबकी उसके परिवार में ऐसा कोई काम करने वाला नहीं होता है.** પિતાએ નાનકડી દેડકી પણ ન મારી હોય પણ બેટો બને અવ્વલ તીરંદાજ. પારિવારિક પરંપરાને અતિક્રમી જવાની વાત છે. દૈનિક પ્રક્રિયાનો ઉલ્લેખ કરતી એક કહેવત જાણવા જેવી છે. **एक अच्छा पिता बनना शेविंग करने जैसा है.** શેવિંગ એટલે કે દાઢી કરવી એ દૈનિક ધોરણે થતું કામ છે. **यह कहावत पिता बनने की जिम्मेदारी और महेनत को दर्शाती है, जो एक सतत प्रक्रिया है.** પિતા તરીકે જવાબદારી પાર પાડવા સતત મહેનત કરતા રહેવું જરૂરી છે એ આ કહેવત સમજાવે છે.

સગ્ગી बहिण

## बाबा म्हणजे काय?

મરાઠીમાં પિતા માટે શબ્દ છે બાબા. પિતા એટલે શું? એની વ્યાખ્યા શું કરવી? અંત્યાનુપ્રાસ અલંકારને અનુસરતી કેટલીક પંક્તિઓમાં પિતાના મહિમાનું વર્ણન બહુ સુંદર અને પ્રભાવી રીતે કરવામાં આવ્યું છે. **बाबा म्हणजे काय? बाबा म्हणजे पंखातलं बळ, सावली प्रेमळं.** પિતા એટલે શું? પિતા એટલે ઊડવાની પાંખોને બળ આપે. મતલબ કે 'મૈં હૂં ના' જેવા ભાવ. **बाबा म्हणजे सुखांची ओंजळ, काळजाचा नारळ.** સુખાચી ઓંજળ એટલે સુખનો અનુભવ. કાળજાચા નારળ એટલે કાળજાનો કટકો - અત્યંત વહાલા એવો અર્થ અભિપ્રેત છે. પિતાને સુખના અનુભવની અને વ્હાલપની ઉપમા આપી છે. **बाबा म्हणजे आयुष्याचा आरंभ, माथ्यावरचे गंध.** આરંભ અને ગંધ બે અંત્યાનુપ્રાસ શબ્દ દ્વારા પિતાની મહત્તા સમજાવી છે. જીવનના પ્રારંભે પિતાની આંગળી પકડી આગળ વધાય છે અને એ જ પિતાએ આપેલું જ્ઞાન માથા પરની ગંધ એટલે ઉન્નતિનું પ્રતીક માનવામાં આવે છે. **बाबा म्हणजे संसाराची ढाळ, हातातली मशाल** ઉપમા તો જીવનના ગણિત જેવી છે. સંસારાચી ઢાલ એટલે કે પિતા કાયમ ઢાલ બની રક્ષણ કરવા હાજર હોય છે. એટલું જ નહીં, એ જ પિતા મશાલ બની અંધારામાં એટલે કે મુશ્કેલીમાં માર્ગદર્શક બનવાની જવાબદારી પણ નિભાવે છે. **बाबा म्हणजे भात्यातला बाण, उपकारांची खाण.** ભાથામાં રહેલું બાણ જેમ સંકટ સમયે રક્ષા કરે એમ પિતા દરેક મુશ્કેલીમાં આપણી પડખે ઊભા હોય છે. એ જ પિતા ઉપકારની ખાણ પણ છે. એમના અનંત ઉપકાર છે. **बाबा म्हणजे अपरिमित कष्ट करणांर शरीर, बाबा म्हणजे अपरिमित काळजी करणारं मन.** અપરિમિત એટલે અથાક કે જેનો કોઈ અંત નથી એવું. પિતા એટલે મર્યાદા ઓળંગી મહેનત કરનારું શરીર અને પિતા એટલે આજીવન કાળજી કરનારું મન. ■

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# માથા પર ભમતી અમેરિકી 'ઘાત'




'ગિધુ, સાતે કામ પડતા મેલીને આવો.' રાધારાણીએ રસોડામાંથી બૂમ મારી.અમે સરકારની જેમ સાંભળ્યું ન સાંભળ્યું કર્યું. જો કે, સરકારની માફક અમારા કાન બહેરા નથી. અમારા વિરુધ્ધની કાનાફૂસી અમે સાંભળી લઇએ છીએ.

'સાંભળો છો કે નહીં? હું અહીં ઘાંટા પાડું છું. કાનપુરમાં હડતાળ હોય તો સમેટી લો. અહીં કિચનમાં આવો.' રાધારાણીએ અવાજનું વોલ્યુમ વધાર્યું. અમે અથડાતાં કૂટાતા રસોડામાં ગયા.

'પ્રલય આવ્યો છે તે બૂમાબૂમ કરે છે?' અમે પૂછ્યું.

અરે, તમને કહેવાનું રહી ગયું કે અમે દીકરા સાથે રહેવા કેલિફોર્નિયા-અમેરિકા આવ્યા છીએ. અમેરિકા આવ્યા પછી રાધારાણીના તોરતરીકા બદલાઇ ગયા છે.આખી જિંદગી રસોડું શબ્દ બોલનાર બાઇ હવે રસોડાને કિચન કહે છે. બપોરના જમવાને લંચ, સાંજના જમવાને ડિનર કહે છે. એની અમદાવાદી ડિક્શનરી હવે વેબસ્ટરની બનવા લાગી છે.

રાધારાણીએ રસોડામાં પથારો પાથર્યો હતો. અહીં આપણા જેવો ગેસનો ચૂલો ન હોય. ઇલેકટ્રિક કોઇલ-ચૂલો છે. ચૂલા પર જલેબી આકારની સપાટ રીંગ છે. ચૂલા પર ચિમની પણ છે. રાધારાણી ઇન્ડિયાથી (અહીંના લોકો ભારતને ભારત ન કહેતાં ઇન્ડિયા કહે છે.)કપડાંમાં લપેટીને માટીની તાવડી લઇ આવેલ. એના પર રોટલી શેકતા હતા. આપણા ગેસ સ્ટવ જેવું ન ફાવે. તાવડીને બરાબર સપોર્ટ મળતો ન હતો. અમને જોયા એટલે રાધારાણીને અમને ખખડાવવા, ખંજવાળ આવી. દરેક પત્નીને એના પતિને ખખડાવવાની ખુજલી આવતી હોય છે. અમારા સંસારમાં રાધારાણીને મને ફાયર કરવાની ખંજવાળ આવે તો કુછ બાત બની કહેવાય.

'ઉંદરની જેમ દરમાં પેસીને શું કરતા હતા? 'ફેસબુક' કે મેસેન્જરમાં કોઇ સગલી ચાંપલી સાથે રોમાન્સના રાસડા લેતા હતા?' પત્નીના નામ બદલાય, પરંતુ સવાલ શંકા- કુશંકા બદલાતા નથી.

'રાધુ, અમે શું કરતા હોઇએ? કાં તો વર્તમાનપત્રના પ્રકાશક સહિતની વિગતો બેત્રણ વાર વાંચીને પાંચ રૂપિયાના વર્તમાનપત્રનો પૂરો કસ કાઢતા હોય. મગજ ન ચાલતું હોય તો શૂન્યમનસ્કપણે મોબાઇલ મચડતાં હોઇએ. જો મગજ ચાલતું હોય તો વાહિયાત લેખ લખતા હોઇએ. જો કે, બગાસા ખાવા, આળસ મરડવી, છીંકો ખાવા જેવી જીવનાવશ્યક અને જીવનવૃદ્ધિ પ્રવૃતિ કરતા હોઇએ. તું ધારે કે ન ધારે તેવી પત્ની વિરોધી કોઇ પ્રવૃતિ કરતા ન હતા.' અમે આરોપોનું ખંડન કર્યું.

'ઠીક છે, તમે પત્રકાર છો એટલે બહાના બનાવતા સારા આવડે છે.' રાધારાણીએ વ્યાજસ્તુતિ (કોઇ રકમનું રોકાણ કર્યું હોય અને તેના પર વ્યાજ મળે તેની સ્તુતિ કે પ્રસંશા કરવી એવું હરગિજ માનવું નહીં. અહીં વખાણમાં ટીકા અને ટીકામાં વખાણ કરવા તેને વ્યાજસ્તુતિ અલંકાર કહે છે તેની વાત છે!) કરી.

'રાધુ, ફાલતુ વાત તડકે મેલ. અરે કામ શું છે એ કહે? જેના માટે મને બોલાવ્યો છે. મેં અકળાઈને કહ્યું.

'કયાંકથી પેપર કે પંખો લઇ આવો. હવા નાખો.'

બંદૂકની ગોળીની જેમ રાધારાણીનો ઓર્ડર છૂટ્યો. અહીં મકાનોમાં સેન્ટ્રલ એસી હોય. એટલે કાળઝાળ ગરમીનો સવાલ જ ન હોય. રાધારાણીના કોઠી જેવા શરીરમાં પરસેવો તો ઠીક પરસેવડું પણ દેખાય નહીં. અમેરિકામાં લગભગ કોઇ પેપર મંગાવે નહીં એટલે પંખાનો કોન્સેપ્ટ અહીં હોય નહીં. ક્યાંકથી પેકિંગના ખોખામાંથી પૂંઠું શોધ્યું. રાધારાણી પાસે જઇ હવા નાખવાનું શોભાસ્પદ કામ આદર્યું.

' અરે, તમે તો સાવ ડોબા છો ડોબા.' રાધારાણીએ અમારા કામનો શિરપાવ આપ્યો. અમે સ્તબ્ધ થઈ ગયા. આનું કામ ન કરીએ તો તકલીફ. કામ કરીએ તો વધારે તકલીફ. કરે તો ક્યાં કરે?

'કેમ શું થયું?' મેં ગુસ્સો કર્યો.

'મને ક્યા ગરમી થાય છે?'

માથા પર હાથ પછાડી રાધારાણી બોલ્યાં. એવામાં પાટલી પરનું વેલણ ઊછળ્યું. વેલણે રાફેલ વિમાનની જેમ રાધારાણીના કપાળને આતંકી અડો સમજી પ્રહાર કર્યો. અમારા ઘરમાં 'ઓપરેશન સિંદૂર'ની જગ્યાએ: 'ઓપરેશન લાલ લોહી' થઇ ગયું. અમે કયાંકથી ડેટોલ શોધ્યું. બોટલનું ઢાંકણું ખોલી રૂ પલાળી રાધારાણીના કપાળ પરના ઘા પર લગાડી. લોહી બંધ થઇ ગયું.

'રાધુ, તને હવે કેવું લાગે છે?' મેં સહાનુભૂતિથી પૂછ્યું.

'ગિધુ, આ અમેરિકાવાળા ડરપોક છે. ઘરમાં ફાયર એલાર્મ લગાડે છે. આપણાં ઘરોમાં ફાયર એલાર્મ હોતું નથી. આપણી સરકાર સરકારી ઇમારતોમાં ફાયર એલાર્મ લગાવે છે. તેના બિલો ચૂકવાય છે, પરંતુ ખરેખર આગ લાગે ત્યારે ફાયર એલાર્મ વાગતા નથી. રોડ પર સીસીટીવી લગાડે છે, જે અણીના સમયે બંધ હોય છે. અહીં એવું હોતું નથી.'

રાધારાણી ઢંગધડા વિનાનું બોલ્યા.

'આ કથા કરવાનું શું પ્રયોજન છે?' મેં મૂંઝાઈને પૂછ્યું.

'બળ્યું , મુંઉં ફાયર એલાર્મ. મેં ગેસ પર પાપડ શેકવાનું શરૂ કર્યું કે પીટ્યું લાલ લાઇટ કરીને 'ફાયર... ફાયર... ફાયર' બોલવા માંડ્યું. હવે અટકવાનું નામ લેતું નથી.' રાધારાણીએ ફાયર એલાર્મ પારાયણ વાંચ્યું. હવે અમને લાઇટ થઇ કે રાધારાણી કોને હવા નાખવાનું કહેતા હતા. અહીં ફાયર એલાર્મ લાંબો સમય બોલતું રહે તો ઘડીના છઠા ભાગમાં 'ફ્લેક્સ' તરીકે ઓળખાતી ફાયર બ્રિગેડ સાયરન વગાડતું ધસી આવે.

અમે ફડાક દઇને પૂંઠાથી ફાયર એલાર્મને હવા નાખવાનું શરૂ કર્યું. એક બે મિનિટ પછી ફાયર એલાર્મમાં લાલને બદલે લીલી લાઇટ થઇ. ફાયર એલાર્મ શાંત થયું બધા ચક્રવાત શમી ગયા.

આમ જુઓ તો અમારા માથા પરથી અમેરિકી ઘાત ગઈ! ■

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# પશુપંખીની સૌંદર્યમંડિત શિલ્પાકૃતિ

**વૈવિધ્યની** ચાહક માનવવૃત્તિ કલાની અભિવ્યક્તિમાં હંમેશાં અવનવાં રૂપાન્તરો ખોળતી જ રહે છે અને એના એ પ્રયત્નોમાંથી આપણને અસંખ્ય સુંદર નવસર્જનો મળતાં રહ્યા છે.

ભારતીય શિલ્પસ્થાપત્યની પરંપરાના મહાપ્રવાહને પોતાનું આગવું ગતિશીલ અને સમૃદ્ધ કલા વૈવિધ્ય આપનાર ગુજરાતે એ ક્ષેત્રે અનેક અભિનવ પ્રયોગો કરીને ઉચ્ચતર શિખરો સર કર્યાં છે જેની અસર કચ્છ સુધી પણ વિસ્તરી છે, પરંતુ કચ્છમાં અન્ય એક કોલોનિયલ પ્રભાવ પણ સારા પ્રમાણમાં જોઈ શકાય છે.

કચ્છનું સ્થાપત્ય તેમનાં ઐતિહાસિક, સામાજિક અને ભૌગોલિક પરિપ્રેક્ષ્યના સંયોજનથી વિકસેલું છે. અહીંનો વસવાટ પ્રાચીન યુગોથી ચાલુ રહ્યો છે અને ત્યાંથી શરૂ થયેલી લોકપરંપરાની ભૌતિક રજૂઆતો સ્થાપત્યમાં રૂપાંતરિત થઈ છે.

**જ્યાં કલ્પના પાસે માળખું મળે, ત્યાં સ્થાપત્ય જન્મે;**

**અને જ્યાં પથ્થર બોલવા લાગે, ત્યાં શિલ્પ જીવંત બને.**

શિલ્પ આભૂષણોથી વિભૂષિત દેવપ્રતિમાઓ, અલંકારમંડિત અન્ય ભૌમિતિક આકારો સાથે સંસારની સમસ્ત જીવનલીલાને સમાવી લેતાં અનેક ભવ્ય મંદિરો, મહેલો અથવા અન્ય જાહેર કે ખાનગી સ્થાપત્યો બન્યાં છે જેમાં નૈસર્ગિક રંગછટાઓનું સમાવેશી સંયોજન તેની એક અલગ જ સુંદરતા સાથે નિખરી આવે છે.

આમ કરવામાં એણે પોતાના કલ્પનાવિહાર અને કલાકૌશલનો જે પરચો બતાવ્યો છે તે દાયકાઓ ને સદીઓ પછીયે એટલો જ રોચક રહ્યો છે. કાલાનુક્રમે એની શૈલી કે વિષય બદલાતાં હશે, પણ કંઈક વધુ સુંદર, કંઈક ઓર નવું કરી બતાવવાની મૂળભૂત ઝંખનાનો પ્રવાહ તો એક જ સરખો વહેતો રહ્યો છે.



એ સ્રોતમાં વહેવા આજે વાત કરીએ કચ્છના શોભન-સંયોજનમાં પશુપક્ષીઓનાં સ્થાપત્ય શિલ્પોની. બિંદુ, રેખા કે વર્તુળની અવનવી અટપટી રચનાઓમાંથી માનવ હૃદયે ભૌમિતિક આકૃતિઓનું વૈવિધ્ય સર્જાવ્યું. એટલું જ નહીં તેમાંથી આગળ વધીને રંગબેરંગી પુષ્પો, વેલપત્તી ને ઘાટીલાં ફળો ઉપરાંત પશુપંખી જેવી કુદરતી સમૃદ્ધિમાંથી પ્રેરણા લઈ અનેકાનેક અવનવી ભાતો કલ્પીને એણે તેને પથ્થર, ધાતુ, કાષ્ઠ કે આલેખનમાં ઉતારી છે. એથીયે આગળ જઈ છેક માનવપાત્રોની હૂબહૂ નકલ ઉતારવા એ પ્રેરાયો છે, એટલું જ નહિં પણ એ બધાંને પ્રકૃતિમાં ક્યાંયે જોવા ન મળે એવી અદ્ભુત રીતે ગોઠવીને કોઈ અનન્ય અભિનવ આકૃતિ કે રચના પણ ઉપજાવે છે.

સ્વાભાવિક દર્શને ભયપ્રેરક લાગતા નાગ અને સિંહના અંગ-વળાંકની એટલી સુંદર ગૂંથણી કરી બતાવી છે કે દૃષ્ટિ સંતોષ પામે જોઈને. એક જ સરખાં પ્રાણીના સમૂહની આવી કલામય ઉપરાંત પ્રાણીઓની અવનવી ગૂંથણી આ સુંદર રચનાઓમાં માણી શકાય છે. તદ્દન સાદી ગણાય તેવી રચનાથી માંડી વિવિધ આકારોમાં ને અટપટી ગૂંથણીમાં પણ આ સંયોજનાઓ મળી આવે છે. કચ્છના નજરે જોયેલા વિવિધ સંયોજનની વાત કરીએ તો હાથીની પ્રતિમા ભુજના હમીરસરની પાળની દીવાલ ઓગન પર તથા કિનારે આવેલ જૂના સત્યનારાયણ મંદિર પરિસરમાં આવેલ સૂર્ય નારાયણ મંદિરના બારસાખ પર, છતરડીના દાદર પર, કલેકટર ઓફિસ પાસે આવેલ ભારતીય સંસ્કૃતિ દર્શનમાં શોભાયમાન અલંકૃત દ્વારના તોરણની કોતરણીમાં (અહીં અન્ય વાઘ અને સિંહની પ્રતિમા પણ માણી શકાય છે) તથા વિવિધ મંદિરોમાં જોવા મળ્યા છે. કચ્છ મ્યુઝિયમના ટ્રેડમાર્ક સ્વરૂપ એક કાષ્ઠની પ્રતિમા પણ હાથીની જ છે. તે સિવાય પ્રાગ મહેલ સંકુલમાં મહેલ દીવાલની જાળીઓમાં, સ્તંભ તથા બ્રેકેટ્સ તરીકે મોર, સસલું, નાગ, વાંદરો, તથા અન્ય પક્ષીઓ જોવા મળે છે. થાન મઠ, માંડવી, મુન્દ્રાની જૂની હવેલીઓ તથા જૈન તથા શિવ અને સ્વામિનારાયણ મંદિરો તો ક્યાંક વાવ સ્થાપત્ય કે મહેલ કે ગઢ કિલ્લાની દીવાલોમાં આ કુદરતી વિશ્વ આજે પણ કોતરેલા સમયની સાક્ષી પૂરે છે. લાકડું અને પથ્થરના કોતરકામની પરંપરાને જાળવી રાખતા વિવિધ શિલ્પીઓએ પોતાની કલા કારીગરીના અદ્ભુત દર્શન કરાવીને પોતાનું નામ અમર કરી દીધું છે.

ક્યારેક એ શિલ્પો ઘમંડ અને શક્તિનો સંદેશ આપે છે, તો ક્યારેક એ શાંતિ અને શૃંગારનો ભાવ વ્યક્ત કરે છે. નાગ અને સિંહ જેવા ભયાનક જણાતાં પ્રાણીઓના શિલ્પો પણ એટલી નમ્રતા અને સૌંદર્ય સાથે ગોઠવાયા છે કે તેઓ ભયજનક નહીં પણ શોભાયમાન લાગે છે. અને અંતે આ લેખ વાંચતા સૌ પ્રવાસીઓને વિનંતી કે આપણે સ્થાપત્યોની ઉપરછલી મોજણી કરવાની બદલે તેની અલંકૃત વિશિષ્ટતાને બારીકાઈથી માણી એનું ગૌરવ વધારીએ.

(સંદર્ભઃ ડો મંજુલાલ મજમુદાર) ■

## ૬. પરચુરણ

**R. K. ANTIQUE ARTS**
**ઓલ્ડ જુના જરી બોર્ડર સાડી પાટણના પટોલા જુના ઘરચોળા જુની નોટ કોઈન ચાંદીના સિક્કા ચાંદીના વાસણ જુના મોતી બસેરા ઘડિયાળો પેન જરમન સિલ્વર સાડી બોર્ડર ગારા ફર્નિચર 9082131691/ 9082804900. (૨૫૬)**

## ૯. લગ્ન સંબંધી

**વૈષ્ણવ**
યુવતી 1993 MBA સર્વે ઉચ્ચ જ્ઞાતિ યુવકો સંપર્ક - 9924096403. (દહેજ નહીં.). (બી-૧૬૧૨૨)

■ ઘાટકોપરમાં B.E. MBA, 1982, સ્માર્ટ ડાયવોર્સીને એજ્યુકેટેડ કન્યા આવકાર્ય 9920817551. (દહેજ નહીં). (૨૦/એફ)

■ MBA, 1995, બ્યુટીફૂલ એક્ટિવ પટેલને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય 9920817551. (દહેજ નહીં). (૨૦/એફ)

■ CA, 1991, 5'4", હેન્ડસમ બ્રાહ્મણને ક્વોલિફાઈડ કન્યા આવકાર્ય 9920817551. (દહેજ નહીં). (૨૦/એફ)

■ CA, 1993, બ્યુટીફૂલ ઇન્ટેલીજન્ટ વૈષ્ણવને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય 9920817551. (દહેજ નહીં). (૨૦/એફ)

■ HSC, 1978, 4'10", ડાયવોર્સી જૈનને વેલસેટ યુવક આવકાર્ય 9920817551. (દહેજ નહીં). (૨૦/એફ)

■ B.A. B.Ed. 1985, બ્યુટીફૂલ એક્ટિવ બ્રાહ્મણને વેલસેટ યુવક આવકાર્ય 9920817551. (દહેજ નહીં). (૨૦/એફ)

## ૯. લગ્ન સંબંધી

■ ખુશાહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૫૯૮૩-આઈ)

**પરિચય સંમેલન**
15/06/2025, રવિવારે કાંદીવલીમાં સમસ્ત ગુજરાતી સમાજના/ દરેક જ્ઞાતીના કુંવારા દિકરા/ દિકરીઓ માટે. શ્રી હરિઈચ્છા ફાઉન્ડેશન 9082825482. (દહેજ નહીં.). (૧૫૩૫૯-એ)

**બ્રાહ્મણ સેવા સમાજ**
49મું વર્ષ 107મો પરિચય મેળો મલાડ ખાતે તા. 24/08/2025 પ્રવેશ ફી યુવક Rs. 500/-, યુવતી Rs. 300/-, સંપર્ક: અલકેશભાઈ વ્યાસ- 8779177080, જય- 9870756615, દિપકભાઈ- 8828221010. (દહેજ નહીં.) (૧૫૯૫૪-એ)

## ૧૦. મહિલાઓ માટે

**બાંધણી - સાડી**
**સેલ - ડીફેક્ટીવ 70% સુધી. (ફ્રેશમાં 20%) શક્તિ સદન, રૂમ 18, લાડવાડી, જુની હનુમાન ગલી, કાલબાદેવી. 8108023025. (૨૦/એ)**

## ૧૪. નોકરી ખાલી છે

**ફિમેલ**
એડવર્ટાઇઝિંગ કંપનીમાં જાહેરાતની જાણકાર ફિમેલ 25થી 35 વર્ષની ગુજરાતી લખતા/ વાંચતા આવડવું+કોમ્પ્યુટર જાણકારી જરૂરી માલાડથી બોરીવલી વચ્ચે રહેનાર. બાયોડેટાસહ વહાર્ટસપ-9820454421. (૬-એ)


## મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722
DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993
BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.
KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.
MALAD
SIGNATURE ADVERTISING
Mobile: 9820489442 / 9819454050
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 28891428/9869101801/ 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.
GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
S. ARTS ADVERTISING
M: 8356803979/ 9867615899
JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.
ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960
VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941
SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.
KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675
MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.
MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.
DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.
TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032
OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769
GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470
BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.
BYCULLA
COLOR SPOT
Tel: 23748048/23714748
Tel. Fax:23732511.
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.
ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.
MASJID BUNDER
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.
C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500
KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755
NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.
MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070
THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269
MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105
GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116
CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2
BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986
NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684
VIRAR (EAST)
AAKAR PUBLICITY
Mobile: 9768110020 / 9892780722


## ૧૬. પેઈંગ ગેસ્ટ

**પેઈંગ ગેસ્ટ**
વિલે-પારલા વેસ્ટમાં સ્ટેશન/ કોલેજ નજીક સ્ટુડન્ટ/ વર્કિંગવુમન, છોકરીને જગ્યા મળશે. 9920111654- 8850048973. (૪-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**સાન્તાક્રુઝ વેસ્ટ**
1 બેડ 525 કારપેટ નિયર સ્ટેશન સેલ/ ભાડા પર 7045622403. (બી-૧૬૦૯૦)

**વિલેપાર્લે વેસ્ટ**
**લીવ લાઇસન્સથી 4 બેડરૂમ્સ સેમી ફર્નીશ્ડ ફ્લેટ 1236' 11th ફ્લોર નવું મકાન બજાજ રોડ, આપવાનો છે. એજન્ટ: અશ્વીન મરચન્ટ ૯૮૧૯૮૭૪૫૧૫. (૭-સી)**

**વિલેપાર્લે વેસ્ટ**
**ઓનરશીપથી 4 બેડરૂમ્સ 1305' 12th ફ્લોર 2 ફ્લેટ નવું મકાન ૭૪૦' ૨ બેડરૂમ્સ ૧૧મે અને 10મે માળે, બજાજ રોડ, આપવાના છે. એજન્ટ: અશ્વીન મરચન્ટ ૯૮૧૯૮૭૪૫૧૫. (૭-ડી)**

**શાંતાક્રુઝ (ઈસ્ટ)**
સ્ટેશન/દેરાસર/ઉપાશ્રય નજીક-૧ બેડરૂમનો વેલડનઅપ ફ્લેટ એરિયા ૫૬૫', જૂનું બિલ્ડિંગ, તુરંત વેચવાનો છે.''અંબિકા એસ્ટેટ એજન્સી'' ૯૮૨૧૯૮૧૭૪૪. (બી-૧૬૦૨૫)

**સાંતાક્રુઝ (ઈસ્ટ)**
સ્ટેશન નજીક, 3 BHK, 1050 કાર્પેટ, per floor-1 Flat, 1 કવર્ડ પાર્કિંગ, લીફ્ટ, 3,75,00,000/= cr. Contact- Pankaj Parmar- 9821026788. (૧૫૩૫૯-સી)

**સાંતાક્રુઝ (વેસ્ટ)**
જુહુ રોડ, 2.5 અને 3 બેડરૂમ, નવા બિલ્ડિંગમાં, રેડી પઝેશન, ઓસી એપ્લાઈડ. સંપર્ક: 9619007799. (૧૫૯૮૭-એ)

**JVPD SCHEME**
10th રોડ, 3 બેડરૂમ, Approx 1600', હાયર ફ્લોર વેચાણથી. સંપર્ક - 9820122892. (૧૫૯૮૭-બી)

**ખાર (વેસ્ટ)**
ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦' કારપેટ અને ૬ બેડરૂમની જોડી એરિયા ૨૩૦૦' કારપેટ, ૬ બાથરૂમ, ૨ કિચન, સ્પેશિયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ''ઓનર''- 9820156133. (બી-૧૫૮૮૧)

**કાંદિવલી (વેસ્ટમાં)**
ભુરાભાઈ હોલની પાસેઃ ૨ બેડ (૬૫૧ કાર્પેટનો) ફુલી ફર્નિશ્ડ - બીજે માળે જુના બિલ્ડિંગમાં વેંચાણથી સંપર્ક - 8080832228, 8591954566. (બી-૧૬૦૫૬)

**દહીંસર (વેસ્ટ)**
સ્ટેશન અને જૈન દેરાસર નજીક ૧/૨ બેડરૂમના ફ્લેટો સાથે/ અલગ (સેમ્પલ ફ્લેટ રેડી) પઝેશન ટૂંક સમયમાં. સરળ પેમેન્ટની સુવિધા ઉપલબ્ધ. કિંમત ૧,૦૦,૦૦૦,૦૦/-થી શરૂ+ ગવર્મેન્ટ ટેક્ષ અલગથી ફોન- 8828277511. (બી-૧૬૦૫૦)

**કાંદીવલી (વેસ્ટ)**
૧/૨/૩ બેડરૂમના ફ્લેટો- ચારકોપ સેક્ટર ૨, (સેમ્પલ ફ્લેટ રેડી) ૧૫ માળ સુધીના સ્લેબ પૂર્ણ થઈ ગયેલ છે. પોડીયમ રેમ્પ કાર પાર્કિંગ, પઝેશન ટૂંક સમયમાં. પેમેન્ટની સરળ સુવિધા ઉપલબ્ધ. કિંમત ૧,૦૦,૦૦૦,૦૦/ - થી શરૂ + ગવર્મેન્ટ ટેક્ષ અલગથી ફોનઃ 8433576269. (બી-૧૬૦૫૧)

**ગોરેગાંવ (ઈસ્ટ/વેસ્ટ)**
(સિલ્વર ગ્રુપ) ૨/૩/૪ બેડરૂમના ફ્લેટો - જોડી/ અલગ (સેમ્પલ ફ્લેટ રેડી) બિલ્ડિંગનું બાંધકામ પૂર્ણ થવાની દિશામાં. સરળ પેમેન્ટની સુવિધા ઉપલબ્ધ. કિંમત ૨,૦૦,૦૦,૦૦૦/- થી શરૂ + ગવર્મેન્ટ ટેક્ષ અલગથી. ફોનઃ- 7738900988/ 9004339998. (બી-૧૬૦૫૨)

**બોરીવલી (વેસ્ટ)**
2 બેડરૂમ 1.55 કરોડ + વેચાણથી (બાલકનીવાળા ફ્લેટો ઉપલબ્ધ) એલટી રોડ, 13 માળના નવા ટાવરમાં, સ્ટેશનથી પાંચ મિનિટ ચાલતા, સાઈટ-9324158672/ 9320705166. (જેપી/૪૯૯૫-સી)

**બોરીવલીમાં**
ઓબેરોયની બાજુમાં સ્ટેશન/ હાઈવે નજીક 3 બેડરૂમ 1050' બાલકની, હવા ઉજાસ, પાર્કિંગ, ગેસ્ટ પાર્કિંગ, સુંદર સોસાયટી, વેંચાણથી આપવાનો. ઓનરઃ- 9820177738. (૨૦/સી)


**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઇપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઇપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર ઈસ્ટ, વેસ્ટ**
૧થી ૬ બેડરૂમના ફ્લેટ તૈયાર, બંધાતામાં લેવા, વેચવા, ભાડેથી હિતેશભાઈ 9920927958, 9820008003. (૨૨/એ)

**થાણા**
ઘોડબંદર રોડ, માજીવાડા, માનપાડા, પોખરણ ૧થી ૪ બેડરૂમના ફ્લેટ તૈયાર, બંધાતામાં લેવા, વેચવા હિતેશભાઈ 9920927958, 9820008003. (૨૨/બી)

**સાંતાક્રુઝ વેસ્ટમાં**
ફુલ્લી ફર્નીશ્ડ ૨ માસ્ટર બેડરૂમ, હોલ, કીચન અને ૧ કોમન બાથરૂમ સાથે 780' કારપેટ એરિયા અને ૧ પાર્કીંગ- આઉટરાઈટથી આપવાનો. 4.21 કરોડ દત્તાત્રય રોડ સરલા હોસ્પિટલની સામે, સાંતાક્રુઝ વેસ્ટ 9820032150 (૯/એ)

**અંધેરી (વેસ્ટ)**
2 BHK ગ્રીનકોર્ટ- (2.50 કરોડ). 3 BHK (4.25 કરોડ). પાર્લા (વેસ્ટ) 3 BHK (6.90 કરોડ) તથા પંચવટી, લલ્લુભાઈ પાર્ક, એસ. વી. રોડ, પાર્લા (વેસ્ટ), જુહુ-જુહુ સ્કીમ લીવલાયસંસથી. ''ગૌતમ જોષી'' 9322236433/ 9821069632. (૮-એ)

**લોનાવાલા**
પાવના, ખંડાલા, જમીન, બંગલો-લેવા-વેચવા, વાગડ સેનેટરીની બાજુમાં 3, 4 બેડરૂમનો બંગલો વેચવાનો. મિનાક્ષીઃ 9930107664 (૧૫૩૬૩/એ)

**કાંદિવલી (વેસ્ટ)**
એમ. જી. રોડ, સ્માર્ટ 1 બેડ માસ્ટર બેડ સાથે @ 90L, 2 બેડ @ 1.19 Cr, પઝેશન ટૂંક સમયમાં, ઈન્ડોર ગેમ ઝોન, રૂફટોપ એમેનીટીઝ, મેટ્રો, દેરાસર, સ્કૂલ, હૉસ્પિટલ, સ્ટેશન નજીક. (P51800056407). 8104282352/ 8108439084. (જેપી/૪૯૯૯-એ)

**બોરીવલી ઈસ્ટ**
નજીકમાં પજેશન, 1 બેડ 350 કાર્પેટ, માસ્ટર બેડ, 1.05 Cr ફુલ પેકેજ. દેવાંગ - 9773701111. (જેપી-૪૯૯૮-એ)

**મુલુન્ડ (વેસ્ટ)**
2 BHK, 705' અને 3 BHK, 951', વાલજી લધા રોડ, પોડિયમ પાર્કિંગ સાથે ફ્લેટ વેચવાનો છે. 2-વે રેમ્પ. સંપર્ક - 9930333456 (P51800055546). (૨૩/એ)

**ઘાટકોપર**
ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે/ વેચાણથી લેવા/ વેચવા રમેશ નિમાવત 9320571016- 9082933313. (૧૫૯૬૦-એ)

**કેમ્પસ કોર્નર**
2 બેડરૂમ- 850' કાર્પેટ- ગેરેજ પાર્કીંગ 4,50,00000/= શાહ- 9820068382. (૧૫૩૬૧/ડી)

**નાનાચોક**
1 બેડરૂમ - 400' - કાર્પેટ - પાર્કિંગ - 1,50,00,000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૬૧/સી)

**ગામદેવી**
3 બેડરૂમ - 1400' - યુઝેબલ કાર્પેટ - પાર્કિંગ - 9,50,00,000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૬૧/બી)

**મલબારહીલ**
6 બેડરૂમ - 3500' - કાર્પેટ - 2 ગેરેજ પાર્કિંગ - 30,00,00,000/= નેગોશીએબલ - 9820068382. (૧૫૩૬૧/એ)

FOR SALE LUXURIOUS 3 BHK Flat fully furnished Shilaj Opp. Taj Ahmedabad. 8153888008. (B-16091)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવધર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**GHATKOPAR (WEST)**
**Heavy Industrial Gala, Free-hold, for Sale at Ghatkopar Industrial Estate, 1050', 1st Floor, 12' Ht. Call: 9167472774/ 9323907774. (15972-A)**

**INDUSTRIAL - PLOTS**
Asangaon - Atgaon Close to Highway, Rly Station, 850 on-wards Outright Sale. Contact Madhukar Thakkar 9820016348. (280)

## ૨૦. ધંધાદારી જગ્યા

**Juhu Scheme**
ભાડેથી Shop 240' carpet વૈશાલી શોપીંગ, આપવાની છે. યશ મહેતાઃ 9833766747. (૧૫૯૮૦-એ)

**માટુંગા (સેન્ટ્રલ)**
ભાઉદાજી રોડ નવા મકાનમાં (મોતીલાલ મેન્શન) મોકાની દુકાન 475' હાઈટ 14' (સેલ્ફ કન્ટેન્ડ) લીવ લાઈસન્સથી રેડી પઝેશન ડૉક્ટર, પોલીક્લીનીક, નર્સરી, ક્લાસીસ તથા ઓફિસ માટે ઉત્તમ 9821392329. (એસએ/ ૨૬૨૦-એ)

## ૨૦. ધંધાદારી જગ્યા

**વિલેપાર્લે વેસ્ટ**
**લીવ લાઇસન્સથી ઓફિસો ડી જે રોડ ૧૧૫૦' 603' 450' 1030' 225' + 225' આપવી છે. એજન્ટ: અશ્વીન મર્ચન્ટ 9819874515. (૭-એ)**

**મલાડ (વેસ્ટ) સ્ટેશન પાસે**
**UNDER CONSTRUCTION કોમર્શિયલ બિલ્ડિંગમાં, 200'-400' ઓફિસ (જોડીમાં ઉપલબ્ધ). (IDEAL FOR PROFESSIONALS) 9769605225. (૨૦/ડી)**

**કોમર્શિયલ ઓફિસ**
વેચાણથી-270'થી 400' નવા ટાવરમાં 1.08 કરોડ onwards, બોરીવલી (વેસ્ટ) એલ.ટી.રોડ, સ્ટેશનથી પાંચ મિનિટ ચાલતા, સાઈટ 9833110859. (જેપી/૪૯૯૫-ડી)

**નાગદેવીમાં દુકાન**
૨૨૦ કાર્પેટ, રોડ ફેસીંગ, મોકાની, કોમર્શિયલ, ઓફિસ લાયક, પહેલે માળે, નાગદેવીમાં મોહમ્મદઅલી રોડ નજીક, ઓનરશીપથી વેચાણમાં (૧,૧૦,૦૦,૦૦૦). ઓનર- 9004030903. (૧૫૯૯૦-એ)

COMMERCIAL PROPERTY Near Bhavan's College for Leave & License In Gilbert Hill, Andheri (W) Gr. Flr + Parking. 500 sq.ft. 9322061410. (B-16123)

**LOWER PAREL**
1200 sqft Office Premises available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2660)

## ૨૩. મનોરંજન

**''પ્રાર્થના- 6500/-''**
''દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''ડીજે'':- 9820889938. (૧૬૦૦૦-એ)

**હાસ્ય ધમાકા**
**હાસ્ય દરબાર + ડાયરો + સંગીત સંધ્યા + લગ્ન ગીત + ગેમ્સ. 9820464530. (૧૫૯૬૨-એફ)**

## ૩૨. જમીન-મિલકત

■ રેડીથી ફ્લેટ વેચવાનો છે. બે બેડરૂમ. ૬૪૦ કાર્પેટ એરિયા. અપર જુહુ. હ્યુસ્તોમજી મહાલક્ષ્મી ટાવર. અગિયારમે માળે. પોતાના કવર પાર્કિંગ સાથે. ૨.૪ કરોડ. કોન્ટાક્ટ: 9821312002. (બી-૧૬૧૦૧)

■ ફ્લેટ વેચવો છે- ચારકોપ સેક્ટર ૫, કાંદિવલી વેસ્ટ-મેન રોડ-૯૪૦ Sq Ft, ચોથા માળે, લિફ્ટ છે. સ્કૂલ બજાર હૉસ્પિટલ અને મંદિરથી નજીક. ક્લિયર અને લોન ફ્રી ટાઈટલ. સંપર્ક માટે મોબાઈલ 8554992541. (બી-૧૬૦૭૬)

SHED FOR SALE 50,000 SQ feet new constructed shed in pirana, Ahmedabad, GUJ with 350kw power, 3 offices and 12 Labour Rooms. Call 9512758151. (B-16121)

**AGRICULTURE PLOT SALE AT KARJAT**
**Agricultural Plot 30000 Sq. Ft. Rate 300/- per Sq. Ft. Available for Sale. Complete Tar Fencing, Main Entrance Gate, Single Owner. Ideal for Resort, Farmhouse, Home Stay, Etc. Contact: 9821114355/ 9321807605. (15992-G)**

## ૩૩. ધંધાદારી

**એકાઉન્ટ**
કોઈપણ પ્રકારનું એકાઉન્ટ રેગ્યુલર - તાત્કાલિક તૈયાર કરીને આપીશું. પિયુષભાઈ - 9869587290. (બી-૧૬૧૦૭)

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

■ ચારેબાજુ ધમધોકાર બિઝનેશ, સલામત આવક છતાં ક્યાં સુધી દુઃખ વેઠશો, 9377992110, 9867510027. (બી-૧૬૦૮૭)

■ અમેરિકા, લંડન, કેનેડા, યુરોપ, વિદેશોમાં પાર્સલ મોકલવા. ક્વિક ઍર- 9619756991. (બી-૧૬૦૪૮)

**''કેસર કૈરી''**
વલસાડની પ્રખ્યાત (વર્લ્ડ ફેમસ) ઘેર બેઠા મંગાવો 9427577771. (૧૫૮૭૪-એ)

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025 / 26822572. (બી-૧૫૯૯૬)

STOCKS 5YRS RETURNS: Risk 266:1; 9470%, Rs. 1Cr 9916671155. (B-16119)

STRUCTURAL AUDIT, REpair Consultancy, Thermography, Civil, Waterproofing, Plumbing, Painting. - 9222212231. (B-16060)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**TOTAL સમાધાન**
ફોન ઉપર - લવ પ્રોબ્લેમ - લગ્ન વિલંબ - જન્મ કુંડલી - વ્યાપાર - શત્રુ - છુટાછેડા. ડોંબીવલી (વેસ્ટ) - 9892085247. (એસડીબી-૨૬૮૦)

# અયોધ્યા મંદિરમાં રામ દરબાર ભક્તો માટે ખુલ્લો મુકાયો

અયોધ્યાઃ અયોધ્યામાં રામ મંદિરના પહેલા માળે સ્થાપિત રામ દરબાર શનિવારે ભક્તો માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

રામ મંદિરમાં આવનારા ભક્તો શનિવારથી રામ દરબારમાં પ્રવેશ કરી શકશે. આ સંદર્ભે શુક્રવારે મોડી સાંજે મંદિર ટ્રસ્ટ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો હતો. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના સભ્ય અનિલ મિશ્રાએ જણાવ્યું કે મોડી સાંજે નિર્ણય લેવામાં આવ્યો હોવાથી શનિવારે દર્શન માટે માત્ર બે સ્લોટ- સાંજે ૫ થી ૭ વાગ્યા સુધી અને સાંજે ૭ થી ૯ વાગ્યા સુધી મર્યાદિત સંખ્યામાં પાસની વ્યવસ્થા કરવામાં આવી છે.

મિશ્રાએ જણાવ્યું કે સ્થાનિક વહીવટીતંત્ર સાથેની બેઠક બાદ શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયે ભક્તોને રામ દરબારમાં દર્શન કરવાની પરવાનગી આપી છે. તેમણે કહ્યું કે રામ લલ્લાના દર્શન માટે જારી કરાયેલા પાસની જેમ રામ દરબારની મુલાકાત લેવા માંગતા લોકો માટે પણ પાસ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

મિશ્રાએ જણાવ્યું કે સવારે ૭ થી ૯, સવારે ૯ થી ૧૧, બપોરે ૧ થી ૩, બપોરે ૩ થી ૫, સાંજે ૫ થી ૭ અને સાંજે ૭ થી ૯- બે કલાકના દરેક સમય સ્લોટ માટે ૩૦૦ પાસ ઉપલબ્ધ રહેશે. રામ દરબારમાં ભગવાન રામની મૂર્તિની સાથે સીતા, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન અને હનુમાનની મૂર્તિઓ પણ છે. ■

# હવે આખા અમેરિકામાં ફેલાશે વિરોધ પ્રદર્શનો

## રાષ્ટ્રપતિ ટ્રમ્પની વિરોધમાં 'નો કિંગ્સ' પ્રદર્શનની તૈયારી

લોસ એન્જલસઃ ફેડરલ ઇમિગ્રેશન દરોડાની વિરુદ્ધ એક અઠવાડિયાથી ચાલી રહેલા વિરોધ પ્રદર્શન પછી શુક્રવારે લગભગ ૨૦૦ મરીન લોસ એન્જલસમાં એક ફેડરલ ઇમારતની સુરક્ષા માટે તૈનાત કરવામાં આવ્યા હતા. હવે આખા અમેરિકામાં આ સપ્તાહના અંતે રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પની નીતિઓના વિરોધમાં મોટા પાયે રાષ્ટ્રવ્યાપી પ્રદર્શનોની તૈયારીઓ ચાલી રહી છે.

રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પ વિરુદ્ધ અમેરિકાભરમાં યોજાનાર 'નો કિંગ્સ' નામના વિરોધ પ્રદર્શન માટે મોટા પાયે તૈયારીઓ ચાલી રહી છે. આ દરમિયાન અધિકારીઓએ લોકોને શાંતિ જાળવવા અપીલ કરી હતી.

ગયા અઠવાડિયે હિંસક વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યાં પછી શહેરમાં નેશનલ ગાર્ડના સભ્યો અને મરીન સૈનિકોને તૈનાત કરવામાં આવ્યા હતા. આ વિરોધ પ્રદર્શનોએ દેશભરમાં ઘણા દિવસોમાં ડઝનેક વધુ લોકોને પ્રદર્શન માટે તૈયાર કર્યા. હિંસક પ્રદર્શનો બાદ સેંકડો લોકોની ધરપકડ કરવામાં આવી છે. શુક્રવારે મરીન સૈનિકોએ શહેરના પશ્ચિમમાં ફેડરલ ઇમારતનું રક્ષણ કરતા ગાર્ડ સભ્યોનું સ્થાન લેવાની શરૂઆત કરી હતી. જેથી દરોડા દરમિયાન તપાસ એજન્સીઓના અધિકારીઓની સુરક્ષા માટે ગાર્ડ સૈનિકોની નિયુક્તિ કરી શકાય. લોસ એન્જલસ વિરોધ પ્રદર્શનમાં તૈનાત ૪,૭૦૦ સૈનિકોના કમાન્ડરે આ વાત કહી હતી.

ટ્રમ્પની નીતિઓ સામે શનિવારે રાષ્ટ્રીય સ્તરે આયોજિત ''નો કિંગ્સ'' પ્રદર્શનો પહેલાં મરીન લોસ એન્જલસ પહોંચ્યા હતા જે વોશિંગ્ટન, ડીસીમાં એક સૈન્ય પરેડની સમાન હશે.

મરીનનું આગમન પણ ૯મા યુએસ સર્કિટ કોર્ટ ઓફ અપીલ્સ દ્વારા ફેડરલ ન્યાયાધીશના આદેશને અસ્થાયી રૂપે અવરોધિત કર્યાના એક દિવસ પછી થયું હતું, જેમાં ટ્રમ્પને ગાર્ડ સૈનિકોને કેલિફોર્નિયામાંથી પરત કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. ન્યાયાધીશે નિર્ણય આપ્યો હતો કે ગાર્ડની તૈનાતી ગેરકાયદેસર હતી, દસમા સુધારાનું ઉલ્લંઘન કરે છે જે રાજ્ય અને સંઘીય સરકારો વચ્ચે શક્તિને પરિભાષિત કરે છે અને ટ્રમ્પના બંધારણીય અધિકારથી આગળ છે. ન્યાયાધીશે મરીનની હાજરી પર કોઇ ચુકાદો આપ્યો નહોતો.

આ અઠવાડિયે લોસ એન્જલસમાં લગભગ ૨,૦૦૦ નેશનલ ગાર્ડ સૈનિકો તૈનાત કરવામાં આવ્યા હતા. સેંકડો ધરપકડ કરનારા ઇમિગ્રેશન એજન્ટોને સુરક્ષા પૂરી પાડી છે. ■

## ૩૯. જેમ એન્ડ જ્વેલરી

**LOOKING FOR DIAMOND Jewellery Salesman for USA [Only Male] Speak perfect English Have USA Visa Be able to Drive Car Must be connected with the Diamond Market. Position is to work 6-8 months per year in USA Selling Diamond Jewellery. (2-3 trips of 2-3 months each) Contact Premal: +91 79774 27785. (B-16097)**

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ



(બી-૧૬૦૬૫)

## ૪૬. વોટર પ્રુફિંગ

**વોટરપ્રુફીંગ વર્ક**
PU ફોમ. ઈન્જેકશન ગ્રાઉન્ટીંગ, તોડયા વગર વોટર પ્રુફીંગ વર્ક- બાથરૂમ, ટોયલેટ, સ્વિમીંગ પુલ, વોટર ટેન્ક, પોડિયમ સાથે ટેરેસ. 9136328369. (૧૫૩૫૯-ડી)

**વોટરપ્રુફીંગ એક્સપર્ટ**
બિલ્ડિંગ રીપેરીંગ, છજ્જા, ટેરેસ, બાથરૂમ, આઉટસાઈડ વોલ. 7977141377. (૧૫૩૫૦-બી)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

**ઑપરેશન સિંદૂર પછી**

# જમ્મુમાં લશ્કરી નાગરિક સંપર્ક પરિષદનું આયોજન

જમ્મુ : ઓપરેશન સિંદૂર શરૂ થયાના એક મહિનાથી વધુ સમય પછી, ભારતીય સેનાએ શનિવારે જણાવ્યું હતું કે, સરહદી વિસ્તારોમાં સ્થાનિક વસ્તીને ટેકો આપવાના ચાલુ પ્રયાસો સહિત મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવા અને સિનર્જી વધારવા માટે બે દિવસીય લશ્કરી નાગરિક સંપર્ક પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું.

૧૨ અને ૧૩ જૂનના રોજ સતવારી છાવણી ખાતે આયોજિત આ પરિષદમાં ટાઈગર ડિવિઝનના જનરલ ઓફિસર કમાન્ડિંગ મેજર જનરલ મુકેશ ભાનવાલા અને જમ્મુના ડિવિઝનલ કમિશનર રમેશ કુમારે હાજરી આપી હતી, એમ સંરક્ષણ પ્રવક્તાએ જણાવ્યું હતું. ''ઓપરેશન સિંદૂરમાં દુશ્મનના નાપાક ઈરાદાનો સામનો કરવા માટે ટાઈગર ડિવિઝન, અર્ધ લશ્કરી દળો અને નાગરિક વહીવટ વચ્ચે ગાઢ સંકલન અને એકીકરણ જોવા મળ્યું હતું. આ સિનર્જીને વધુ મજબૂત બનાવવા માટે આ પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું,'' એમ તેમણે ઉમેર્યું હતું.

પ્રવક્તાએ જણાવ્યું હતું કે ઉચ્ચ સ્તરીય બેઠકમાં વ્યૂહાત્મક અને નાગરિક મહત્ત્વના મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે જમ્મુ વિભાગના વરિષ્ઠ સૈન્ય અધિકારીઓ અને મુખ્ય સરકારી વિભાગોના પ્રતિનિધિઓને ભેગા કરવામાં આવ્યા હતા.

તેમણે ઉમેર્યું હતું કે આ પરિષદ માળખાગત વિકાસ, દૂરના વિસ્તારોમાં નાગરિક-લશ્કરી તાલમેલ અને સરહદી વિસ્તારોમાં સ્થાનિક વસ્તીને ટેકો આપવા માટે ચાલુ પ્રયાસો જેવા મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે એક પ્લેટફોર્મ તરીકે સેવા આપી હતી.■

# મલ્લિકાર્જુન ખડગે અને આપ નેતા આતિષી ઈજાગ્રસ્તોને મળ્યાં: ટ્રોમા સેન્ટરની મુલાકાત લીધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં સર્જાયેલી ઇન્ડિયન એરલાઇન્સના વિમાન ક્રેશની ગોઝારી દુર્ઘટનામાં ૨૬૫ જેટલા લોકોનાં કરુણ મોત નીપજ્યાં છે. આ ભયાવહ ઘટના બાદ મૃતકોના પાર્થિવ દેહને તેમના પરિવારજનોને સોંપવા માટે વડોદરાની એક સંસ્થાને એર ઇન્ડિયા દ્વારા ૧૦૦ કોફીન બનાવવાનો ઓર્ડર આપવામાં આવ્યો છે, ત્યારે વડોદરાથી ૧૦૦ કોફીન તૈયારી કરીને શનિવારે (૧૪ જૂન) મોડી રાત સુધીમાં અમદાવાદ પહોંચાડી દેવાશે.

આ દરમિયાન કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અમદાવાદ પહોંચ્યા હતા. તેમણે દુર્ઘટનામાં ઇજાગ્રસ્ત થયેલા લોકોને મળવા ટ્રોમા સેન્ટરની મુલાકાત લીધી હતી. મલ્લિકાર્જુન ખડગે અને કર્ણાટકના નાયબ મુખ્ય પ્રધાન ડી.કે. શિવકુમાર સાથે અમદાવાદ એરપોર્ટ પહોંચ્યા હતા. ત્યાર બાદ તેઓ સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા, જ્યાં વિમાન દુર્ઘટનામાં ઇજાગ્રસ્ત થયેલા લોકો સારવાર લઈ રહ્યા છે.

મલ્લિકાર્જુન ખડગે સાથે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહ ગોહિલ અને પાર્ટીના સાંસદ સૈયદ નસીર હુસૈન પણ ઉપસ્થિત રહ્યા હતા.

તેમણે હૉસ્પિટલમાં દાખલ ઇજાગ્રસ્તોની મુલાકાત લીધી હતી અને તેમના સ્વાસ્થ્ય વિશે માહિતી મેળવી હતી. આ દુ:ખદ ઘટનામાં જીવ ગુમાવનારા અને ઇજાગ્રસ્ત થયેલા લોકોના પરિવારો પ્રત્યે તેમણે ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી.

આ ઉપરાંત દિલ્હીના પૂર્વ મુખ્ય પ્રધાન અને દિલ્હી વિધાનસભાના વિરોધ પક્ષના નેતા અતિષી અમદાવાદ પહોંચ્યાં હતાં. એર ઇન્ડિયાના વિમાન દુર્ઘટનાને હૃદયદ્રાવક ઘટના ગણાવતા અતિષીએ જણાવ્યું હતું કે, આ દુર્ઘટનામાં ૨૪૧ મુસાફરોના કરુણ મોત થયાં છે, જેમાં ઘણા મેડિકલ વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે, અને ઘણા લોકો ઇજાગ્રસ્ત થયા છે. અમે અહીં ટ્રોમા સેન્ટરની મુલાકાત લેવા આવ્યા છીએ.

# પ્લેનની ટેલમાંથી વધુ એક મૃતદેહ મળી આવ્યો, શબ એર હોસ્ટેસનું હોવાની આશંકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: એર ઈન્ડિયાનું વિમાન ૧૨ જુન ગુરુવારના રોજ ક્રેશ થયું હતું, જો કે હજુ પણ કાટમાળમાંથી મૃતદેહો મળી રહ્યાં છે. જેથી એજન્સીઓ દ્વારા ઘટના સ્થળ પર સતત કામગીરી કરવામાં આવી રહી છે. શનિવારે વિમાનના પાછળના ભાગેથી વધુ એક મૃતદેહ મળી આવ્યો હતો. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે કાટમાળ નીચે ઉતારતા સમયે પ્લેનના પાછળના ભાગમાંથી આ મૃતદેહ મળી આવ્યો હતો. આ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે અમદાવાદ સિવિલ હૉસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે પ્લેનના પાછળનાં ભાગેથી આ મૃતદેહને નીચે ઉતારીને પોસ્ટમોર્ટમ કામગીરી હાથ ધરવામાં આવશે. પ્રાથમિક જાણકારી પ્રમાણે આ મૃતદેહ એર હોસ્ટેસનો હોવાની આશંકા છે, જો કે, પોસ્ટમોર્ટમ અને ડીએનએ ટેસ્ટ બાદ જ જાણ થશે કે આ મૃતદેહ કોનો છે. અમદાવાદ પ્લેન દુર્ઘટનામાં હોસ્ટેલમાં રહેલા મેડિકલ કોલેજના ૪ વિદ્યાર્થીઓના મોત થયા હોવાની પુષ્ટિ કરવામાં આવી છે. જ્યારે બાકીના ૨૫૦ લોકોના ડીએનએ માટે સેમ્પલ લેવામાં આવ્યા હતા, જેથી મૃતદેહની ઓળખ થાય અને તેને પરિવારને સોંપી શકાય.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ સિવિલ ખાતે ડોક્ટરોએ સતત કામગીરી કરીને ૨૭૫ પોસ્ટમોર્ટમ કર્યા છે. અને હજી પણ મૃતદેહો મળી રહ્યાં છે. જેથી મૃત્યુનો આંકડો હજી પણ વધી શકે તેવી આશંકા છે. પ્લેન ક્રેશની ઘટના એટલી ભયાનક હતી કે, કોઈનું બચવું શક્ય નહોતું. પ્લેનમાં ૧.૨૫ લાખ લિટર ઈંધણ હતું. જેથી ક્રેશ થતાની સાથે જ બ્લાસ્ટ થયો હતો. આ સમગ્ર દુર્ઘટનામાં એક વ્યક્તિનો ચમત્કારિક રીતે બચાવ પણ થયો છે. જેની અત્યારે હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

# અમદાવાદમાં એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટના સ્થળે એનએસજી ટીમ તહેનાત કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં એર ઇન્ડિયાના વિમાન દુર્ઘટના સ્થળે કેન્દ્ર અને રાજ્ય સરકારની એજન્સીઓ ઉપરાંત, નેશનલ સિક્યુરિટી ગાર્ડ (એનએસજી) ની એક ટીમ તૈનાત કરવામાં આવી છે, જ્યાં ૨૬૫ લોકોએ જીવ ગુમાવ્યા હતા. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, એનએસજી ટીમ રાહત કામગીરીમાં અન્ય એજન્સીઓને મદદ કરવા માટે સ્થળ પર છે, અને તેમની પાસે સત્તાવાર રીતે કોઈ તપાસ અંગેની સત્તા નથી.

હોસ્ટેલ બિલ્ડિંગમાં એનએસજી કમાન્ડો વિમાન દુર્ઘટના સ્થળે જોવા મળ્યા હતા, જ્યાં દુર્ઘટના પછીથી દુર્ઘટનાગ્રસ્ત વિમાનનો પાછળનો ભાગ ફસાયેલો છે. એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરો, ડીજીસીએ, અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ અને સ્થાનિક પોલીસ સહિત અન્ય એજન્સીઓ ઘટનાની તપાસમાં સામેલ છે. સૂત્રોએ જણાવ્યું હતું કે રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ) ના અધિકારીઓએ શુક્રવારે મેઘાણીનગરમાં અકસ્માત સ્થળની પણ મુલાકાત લીધી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, લંડન જતી એર ઇન્ડિયાની ફ્લાઇટ- બોઇંગ ૭૮૭ ડ્રિમલાઇનર - ૨૪૨ લોકો સાથે, ગુરુવારે બપોરે એરપોર્ટ પરથી ઉડાન ભર્યા પછી તરત જ મેઘાણીનગર વિસ્તારમાં મેડિકલ કોલેજ કેમ્પસમાં ક્રેશ થઈ ગઈ હતી. આ દુર્ઘટનામાં લગભગ ૨૬૫ લોકો મૃત્યુ પામ્યાં હતાં.

# અમદાવાદ વિમાન દુર્ઘટના અંગે બ્લેક બોક્સથી મહત્ત્વની જાણકારી મળશે: નાગરિક ઉડ્ડયન મંત્રાલય

(અમારા પ્રતિનિધિ તરફથી)

*અમદાવાદ:* અમદાવાદ એરપોર્ટ પરથી ૧૨ જૂને ઉડાન ભરેલું એર ઈન્ડિયાનું પ્લેન એઆઈ-૧૭૧ ગણતરીની મિનિટોમાં બી જે મેડિકલ કોલેજ પરિસરમાં દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. જોતજોતામાં એર ઈન્ડિયાનું વિમાન આગનો ગોળો બની ગયો હતો. દુર્ઘટનામાં વિમાનમાં સવાર ૫૨ બ્રિટિશ નાગરિકો સહિત ૨૪૧ લોકોનાં મોત થયા હતા, એક વ્યકિતનો આબાદ બચાવ થયો હતો. આ મામલે કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન પ્રધાન રામ મોહન નાયડૂ અને નાગરિક ઉડ્ડયન મંત્રાલયના સચિવ સમીર કુમાર સિન્હાએ પ્રેસ કોન્ફરન્સ યોજીને જાણકારી આપી હતી. જેમાં જણાવવામાં આવ્યું કે દુર્ભાગ્યપૂર્ણ વિમાનના બ્લેક બોક્સ ડેટાને ડીકોડ કરવામાં આવી રહ્યો છે, અનેક એજન્સીઓ અને ઉચ્ચ-સ્તરીય પેનલો આ ઘટનાની વ્યાપક તપાસ કરી રહી છે. બ્લેક બોક્સનો ડેટા વિમાન દુર્ઘટનાગ્રસ્ત થવાના કારણ વિશે નિર્ણાયક માહિતી પૂરી પાડશે તેવી અપેક્ષા છે.

સમીર કુમાર સિન્હાએ જણાવ્યું હતું, ૧૨ જૂને બપોરે આશરે બે વાગે અમને અમદાવાદથી ગેટવિક લંડન જતું પ્લેન દુર્ઘટનાગ્રસ્ત થયું હોવાના સમાચાર મળ્યા હતા. અમે તરત જ એટીસી અમદાવાદનો સંપર્ક કરીને વિસ્તૃત જાણકારી મેળવી હતી. પ્લેનમાં ૨૩૦ મુસાફરો, ૨ પાઇલટ અને ૧૦ ક્રૂ મેમ્બર સવાર હતા. બપોરે ૧.૩૯ કલાકે ઉડાન ભર્યાની થોડી જ સેકંડમાં આશરે ૬૫૦ ફૂટની ઊંચાઈ પર પહોંચ્યા બાદ વિમાન નીચે આવવા લાગ્યું હતું.

તેમણે આગળ જણાવ્યું હતું કે, ૧.૩૯ કલાકે પાઇલટે અમદાવાદ એટીસીને મે ડેની સૂચના આપી હતી. એટીસી મુજબ, જ્યારે વિમાનનો સંપર્ક કરવાની કોશિશ કરવામાં આવી ત્યારે કોઈ જવાબ મળ્યો નહોતો. એક મિનિટ બાદ વિમાન મેઘાણીનગરમાં દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. જે એરપોર્ટથી આશરે બે કિલોમીટર દૂર છે. વિમાનના કેપ્ટન સુમિત સભરવાલ અને ફર્સ્ટ ઓફિસર ક્લાઈવ સુંદર હતા. વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું તે પહેલા પેરિસ-દિલ્હી-અમદાવાદ સેક્ટરની ઉડાન કોઈપણ જાતની પરેશાની વગર પૂરી કરી હતી. દુર્ઘટના બાદ બપોરે ૨.૩૦ કલાકે રન વે બંધ કરવામાં આવ્યો હતો અને તમામ પ્રોટોકોલ પૂર્ણ કર્યા બાદ સાંજે ૫ વાગ્યાથી અમદાવાદના રન વેને મર્યાદિત ઉડાન માટે ખોલવામાં આવ્યો હતો.

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન પ્રધાન રામ મોહન નાયડૂએ કહ્યું હતું કે, છેલ્લા બે દિવસ મુશ્કેલ રહ્યા છે. અમદાવાદ એરપોર્ટ નજીક થયેલી દુર્ઘટનાથી સમગ્ર દેશ હચમચી ઉઠ્યો છે. આ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા લોકોના પરિવારજનો પ્રત્યે મારી સંવેદના છે. શું કરવું જોઈએ, કેટલી સહાય કરવી જોઈએ તે બધું જાણવા હું વ્યક્તિગત રીતે ઘટના સ્થળ પર ગયો હતો. ગુજરાત સરકારે પણ આમ કર્યું હતું. ભારત સરકાર અને મંત્રાલયના અન્ય લોકોએ પણ આમ કર્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જ્યારે અમે ઘટના સ્થળ પર પહોંચ્યા ત્યારે જોયું કે તમામ સંબંધિત વિભાગની ટીમો કામ કરી રહી હતી અને બચાવ કામગીરી કરતી હતી. મૃતદેહોને વહેલી તકે હોસ્પિટલ મોકલી શકાય તે માટે આગ પર કાબૂ મેળવીને કાટમાળ હટાવવામાં આવતો હતો.

આ ઉપરાંત તેમણે કહ્યું, આપણા દેશમાં સુરક્ષાના કડક માપદંડ છે. જ્યારે આ ઘટના બની ત્યારે અમને લાગ્યું કે, બોઈંગ ૭૮૭ સીરિઝની તપાસ જરૂરી છે. સરકારે આ તમામની તપાસનો આદેશ આપ્યો છે. ૩૪ વિમાન પૈકી ૮ વિમાનની પહેલા જ તપાસ થઈ ચુકી છે અને બાકીના તમામ પ્લેનની ટૂંક સમયમાં તપાસ કરવામાં આવશે.

કેન્દ્રીય પ્રધાને જણાવ્યું કે એરક્રાફ્ટ એક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરો (એએઆઈબી) દ્વારા ચાલી રહેલી ટેક્નિકલ તપાસમાં એક મહત્ત્વપૂર્ણ અપડેટ શુક્રવાર સાંજે ૫ વાગ્યા આસપાસ ઘટનાસ્થળેથી બ્લેક બોક્સ મળ્યું છે. એએઆઈબી ટીમ માને છે કે બ્લેક બોક્સનું આ ડીકોડિંગ ઊંડાણપૂર્વક જાણકારી આપનારું છે. દુર્ઘટનાની પ્રક્રિયા દરમિયાન અથવા દુર્ઘટના પહેલાંની ક્ષણોમાં ખરેખર શું થયું હશે? તેની જાણકારી પણ બ્લેક બોક્સ દ્વારા જ મળશે. એએઆઈબી દ્વારા સંપૂર્ણ તપાસ પછી શું પરિણામ અથવા રિપોર્ટ બહાર આવશે તેની અમે રાહ જોઈ રહ્યા છીએ. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન પ્રધાને એમ પણ કહ્યું હતું કે અત્યારે જે પણ થિયરી ચાલી રહી છે, તપાસમાં તેનાથી સંબંધિત દરેક પાસાનું વિશ્લેષણ થશે. ત્રણ મહિનામાં વિસ્તૃત રિપોર્ટ બહાર પાડવામાં આવશે. રિપોર્ટમાં અકસ્માત ઉપરાંત ભવિષ્યમાં આવી ઘટના ન બને તે અંગે ભલામણો કરવામાં આવશે.

# મૃતદેહોને પરિવારજનોને સોંપવા માટે સિવિલ બહાર ૧૯૨ એમ્બ્યુલન્સ અને શબવાહિનીઓ તહેનાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદ વિમાન દુર્ઘટનામાં અનેક લોકોના અકાળે મોત થયા હતા. આ લોકોના મૃતદેહોને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. સિવિલમાં પોસ્ટમોર્ટમ કર્યા બાદ સિવિલમાં ૨૩૦ લોકોના ડીએનએ માટે સેમ્પલ લેવામાં આવ્યા હતા, જેથી મૃતદેહની ઓળખ થાય અને તેને પરિવારને સોંપી શકાય. હવે આ મૃતદેહોને તેમના પરિવારને સોંપવા માટેની તૈયારી કરવામાં આવી છે. આના માટે ૧૯૨ એમ્બ્યુલન્સ અને શબવાહિનીઓને સિવિલ ખાતે સ્ટેન્ડબાય રાખવામાં આવી છે.

તંત્ર દ્વારા તમામ મૃતદેહોને તેમના પરિવારને સન્માન સાથે સોંપવામાં આવશે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. નોંધનીય છે કે, શનિવારે પણ ઘટનાસ્થળ પરથી કાટમાળ કાઢતી વખતે પ્લેનના પાછળના ભાગેથી એક મૃતદેહ મળી આવ્યો હતો. જેને પોસ્ટમોર્ટમ માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

નોંધનીય છે કે, આ પ્લેન દુર્ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણી સહિત કુલ ૨૪૨ મુસાફરો સવાર હતા. ૧૬૯ ભારતીય, ૫૩ બ્રિટિશ, ૭ પોર્ટુગીઝ અને એક કેનેડિયન નાગરિક સહિત ૧૨ ક્રૂ-મેમ્બર હતા. આ પ્લેનમાં સવાર ક્રૂ- મેમ્બર અને પ્રવાસીઓ મળીને ૨૪૧નાં મોત થયા હોવાની પુષ્ટિ કરવામાં આવી છે. એટલું નહીં પરંતુ એકનો ચમત્કારિક રીતે બચાવ પણ થયો હતો.

# વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા મેડિકલના વિદ્યાર્થીઓને સહાય માટે આઈએમએ ટાટા સન્સને પત્ર લખ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં થયેલી વિમાન દુર્ઘટના એટલી ભયાનક હતી કે તેમાં અનેક લોકોનું અકાળે મોત થયું હતું. પ્લેનમાં બેઠેલા દરેક મુસાફરો, ક્રૂ મેમ્બરો અને પાઇલોટનું પણ મોત નીપજ્યું હતું. વિમાન સીધું જ મેડિકલ કોલેજની હોસ્ટેલની ઈમારત સાથે ટકરાતા કેટલાક મેડિકલ વિદ્યાર્થીઓના અને અન્ય લોકોનાં પણ મૃત્યુ થયાં હતાં.

જો કે એર ઈન્ડિયાના માલિક ટાટા ગૃપ દ્વારા માત્ર જે મુસાફરનું આ દુર્ઘટનામાં મોત થયું છે તેમના પરિવાર માટે જ એક-એક કરોડ રૂપિયા આપવાની જાહેરાત કરવામાં આવી હતી. જેથી બીજે મેડિકલના મૃતક અને ઈજાગ્રસ્તોને પણ સહાય કરવા માટે માગણી કરવામાં આવી છે.

ઈન્ડિયન મેડિકલ એસોસીએશન (એએમએ) દ્વારા ટાટા સન્સના ચેરમેનને પત્ર લખીને સહાય કરવા માટે માગણી કરવામાં આવી છે. પત્ર લખીને આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા અને ઘાયલ થયેલા બીજે મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓને પણ સહાય કરવા માટે વિનંતી કરવામાં આવી હતી. પત્રમાં લખ્યું છે કે, આ વિદ્યાર્થીઓ ભવિષ્યમાં આરોગ્ય સંભાળ માટે આધાર સ્તંભ હતા જેથી તેમના પરિવારને સહાયની જાહેરાત કરવી જોઈએ. ઈન્ડિયન મેડિકલ એસોસિએશને ટાટા સન્સના ચેરમેન ચંદ્રશેખરનને પત્ર લખીને આ વિનંતી કરી હતી. મહત્ત્વની વાત એ છે કે, જો મુસાફરોને સહાયની જાહેરાત કરાઈ છે તો પછી આ વિદ્યાર્થીઓને પણ સહાય મળવી જોઈએ.

ટાટા સન્સ દ્વારા એર ઈન્ડિયા પ્લેન દુર્ઘટનામાં જેમના મોત થયા તેમના પરિવારને એક એક કરોડ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. જે નિર્ણયની ઈન્ડિયન મેડિકલ એસોસિએશને ખૂબ પ્રશંસા પણ કરી છે. આ સાથે ટાટાએ બીજે મેડિકલના નવીનીકરણ માટે પણ મદદ કરવાની જાહેરાત કરી છે તેના પણ વખાણ કર્યાં હતા અને ટાટાનો આભાર માન્યો હતો, પરંતુ સાથે સાથે આ વિદ્યાર્થીઓને પણ સહાય કરવામાં આવે તેવી માગણી પણ કરવામાં આવી છે. કારણ કે, આ મેડિકલ વિદ્યાર્થીઓના મોત પણ પ્લેન ક્રેશ થયું તેના કારણે થયાં હતાં, તેવો તર્ક પણ આપવામાં આવ્યો છે.

# બીજે મેડિકલ કોલેજની હોસ્ટેલને ખાલી કરાઈ, વિદ્યાર્થીઓ માટે વૈકલ્પિક વ્યવસ્થા કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: એર ઇન્ડિયા વિમાન દુર્ઘટનામાં નુકસાન પામેલા બીજે મેડિકલ કોલેજની હોસ્ટેલને ખાલી કરાવવામાં આવી રહી છે કારણ કે એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરો (એઆઈઆઈબી) તપાસ કરવા માગે છે, એમ સંસ્થાના ડીન મીનાક્ષી પરીખે શનિવારે જણાવ્યું હતું.

પત્રકારો સાથે વાત કરતા, મીનાક્ષી પરીખે જણાવ્યું હતું કે, દુર્ઘટનામાં નુકસાન પામેલી ચાર ઇમારતો - અતુલ્યમ ૧, ૨, ૩ અને ૪ - ખાલી કરાવવામાં આવી રહી છે અને તેમાં રહેતા વિદ્યાર્થીઓને વૈકલ્પિક રહેવાની વ્યવસ્થા આપવામાં આવશે.

બોઇંગ ૭૮૭ ડ્રીમલાઇનર (એઆઈ ૧૭૧) વિમાન, જેમાં ૨૪૨ મુસાફરો અને ક્રૂ સભ્યો હતા, ગુરુવારે બપોરે સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ઉડાન ભર્યા પછી તરત જ મેઘાણીનગરમાં એક મેડિકલ હોસ્ટેલ અને તેના કેન્ટીન પરિસરમાં ક્રેશ થયું હતું. આ દુર્ઘટનામાં કુલ ૨૭૦ લોકોનાં મોત થયાં હતાં, જેની અનેક એજન્સીઓ તપાસ કરી રહી છે.

મીનાક્ષી પરીખે વધુમાં જણાવ્યું હતું કે, નાગરિક ઉડ્ડયન મંત્રાલય હેઠળનું એરક્રાફ્ટ એક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરો (એઆઈઆઈબી) આ (હવાઈ દુર્ઘટના)ની તપાસ કરવા માગે છે. આ માટે, અતુલ્યમ ૧, ૨, ૩ અને ૪ ને કાં તો ખાલી કરાવવામાં આવી રહ્યા છે. અમે ત્યાં રહેતા અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે વૈકલ્પિક વ્યવસ્થા કરી છે.

# વિમાનોના સતત આવનજાવનથી અમદાવાદના મેઘાણીનગર વિસ્તારના લોકો પરેશાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના મેઘાણીનગરનાં બાળકો માટે પોતાનાં ઘરો ઉપર ઊડતા વિમાનો જોવા એ એક મનોરંજક પ્રવૃત્તિ હતી, પરંતુ તેમના વિસ્તારમાં એર ઇન્ડિયાના વિમાનના જીવલેણ અકસ્માતે તેમનામાંથી આ સરળ આનંદ છીનવી લીધો છે. સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય વિમાનમથકની નજીક સ્થિત મેઘાણીનગર અને અસારવા વિસ્તારના લોકો માટે પરિસ્થિતિ ફરી ક્યારેય પહેલા જેવી નહીં રહે, આ વિસ્તાર દેશના સૌથી ખરાબ ઉડ્ડયન અકસ્માતોમાંના એકનો સાક્ષી બન્યો હતો, આ ભયાવહ દુર્ઘટનાની થોડી જ સેકન્ડોમાં ૨૬૫ લોકોના જીવ ગયા હતા.

બોઇંગ ૭૮૭ ડ્રીમલાઇનર (એઆઈ ૧૭૧), જેમાં ૨૪૨ લોકો હતા, ગુરુવારે બપોરે સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પરથી ઉડાન ભર્યા પછી મેઘાણીનગર વિસ્તારમાં મેડિકલ કોલેજ હોસ્ટેલ કેમ્પસમાં ક્રેશ થયું હતું.

જો કે સ્થાનિક લોકો સતત વિમાનોની આવનજાવનથી પરેશાન થઈ ગયા છે. લોકોએ જણાવ્યું હતું કે, જ્યારે પણ કોઈ વિમાન અમારી પાસેથી પસાર થાય છે ત્યારે અમે ગભરાઈ જઈએ છીએ. એન્જિનનો અવાજ હવે અમને બેચેન બનાવે છે. અકસ્માત પછી વિશાળ અગ્નિનો ગોળો જોનારા અસારવાના રહેવાસી હિતેશ શાહે કહ્યું હતું કે અકસ્માત પછી લોકોનો વિમાનો પ્રત્યેનો અભિગમ બદલાઈ ગયો છે.

આ વિસ્તારના લોકો દર કલાકે તેમનાં ઘરો ઉપર ઊડતાં મોટાં વિમાનો જોવા ટેવાયેલા હતા. અમે ક્યારેય વિચાર્યું ન હતું કે વિમાન ક્રેશ થશે. પરંતુ હવે, દરેક વ્યક્તિ ડરી ગઈ છે, અને જ્યારે પણ તેઓ વિમાનના એન્જિનનો અવાજ સાંભળે છે ત્યારે તેઓ પ્રાર્થના કરે છે. હવે અમે દરેક વિમાનને શંકાની નજરે જોઈએ છીએ, આશા રાખીએ છીએ કે તે આપણા પર ન પડે.

સ્થાનિકોએ વધુમાં જણાવ્યું હતું કે, ઓછી ઊંચાઈએ ઊડતા વિમાનો અને અમારાં ઘરોની અંદરના કંપનો અમારા જીવનનો ભાગ હતા, અને અમને ક્યારેય પરેશાન કરતા નહોતા. પરંતુ હવે, જ્યારે પણ બપોરે કોઈ વિમાન પસાર થાય છે ત્યારે અમે અમારાં ઘરોમાંથી બહાર નીકળીએ છીએ અને આશા રાખીએ છીએ કે તે દુર્ભાગ્યપૂર્ણ વિમાનની જેમ ક્રેશ ન થાય. ઘણા લોકો ડરને કારણે યોગ્ય રીતે સૂઈ શકતા નથી.

# ગુજરાતના પાટણમાંથી વધુ ત્રણ બાંગ્લાદેશી મહિલાની ધરપકડ કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જમ્મુ કાશ્મીરના પહલગામ આતંકવાદી હુમલા બાદ દેશભરમાં ગેરકાયદે રહેતા પાકિસ્તાની અને બાંગ્લાદેશીઓ સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. ગુજરાતભરમાં પણ આ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે પાટણ જિલ્લા એસઓજી શાખાએ ગેરકાયદેસર રીતે ત્રણ બાંગ્લાદેશી મહિલાઓની ધરપકડ કરી હતી. પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેક્ટરની ટીમે આ કાર્યવાહી કરી હતી.

આ પકડાયેલી મહિલાઓમાં તસ્કુરાનાખાતુન (ઉ.વ.૩૧), પોલીબેગમ (ઉ.વ.૪૦) અને સામસુન્નાહાર (ઉ.વ.૩૫)નો સમાવેશ થાય છે. આ ત્રણેય મહિલાઓ પાસે પાસપોર્ટ કે કાયદેસરના વિઝા નથી. મળતી માહિતી મુજબ તસ્કુરાનાખાતુન જાન્યુઆરી ૨૦૨૪માં સુનાબેરી બોર્ડર થઈને ભારતમાં પ્રવેશી હતી. પોલીબેગમ પાંચ વર્ષ પહેલા બેનાફુલ બોર્ડર થઈને આવી હતી. તે અમદાવાદના વટવામાં રહેતી હતી અને છેલ્લા એક વર્ષથી સુરતમાં રહી રહી હતી. સામસુન્નાહાર ૧૦મી માર્ચ ૨૦૨૪ના રોજ બેનાફુલ બોર્ડર થઈને ભારતમાં આવી હતી અને અમદાવાદના ગોતા વિસ્તારમાં રહેતી હતી.

ત્રણેય મહિલાઓ હાવડા થઈને અમદાવાદ આવી હતી અને મજૂરી માટે પાટણ આવી હતી. પોલીસે તેમની સામે ફોરેનર્સ એક્ટ, ૧૯૪૬ હેઠળ કાર્યવાહી શરૂ કરી છે. આ કાર્યવાહી રાજ્ય સરકારની ગેરકાયદેસર વિદેશી નાગરિકો વિરુદ્ધની ઝુંબેશનો ભાગ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ પૂર્વે પણ પાટણમાં બે બાંગ્લાદેશી મહિલાઓની અટકાયત કરવામાં આવી હતી. જેમાં સુલતાના (ઉ.વ.૩૨) અને બ્યુટી બેગમ (ઉ.વ.૩૭) તરીકે ઓળખ થઇ હતી. આ મહિલાઓ ૨૦૨૨ માં ગેરકાયદે રીતે ભારતમાં પ્રવેશી હતી અને પોતાની મૂળ ઓળખ છુપાવીને પાટણ શહેરમાં સ્થાયી થઈ હતી. આ બંને પાટણમાં એક હોટલમાં નોકરી કરતી હતી. જેમાંથી સુલતાનાએ ગેરકાયદે રોકાણ દરમિયાન રાજ્યમાં બે વખત લગ્ન પણ કર્યા છે.

# હિલ સ્ટેશન 'માઉન્ટ આબુ'નું નામ બદલી 'આબુરાજ' કરવા માગ, વિશાળ રેલી કાઢવામાં આવી

## સ્થાનિક સાધુ-સંતોએ પણ આ રેલીને પોતાનો સંપૂર્ણ ટેકો જાહેર કર્યો હતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતની સરહદને અડીને આવેલા અને ગુજરાતીઓને ફરવા માટેનું ખાસ આકર્ષણનું સ્થળ એવા માઉન્ટ આબુનું નામ બદલવાની માગ ઉઠી છે. માઉન્ટ આબુનું નામ બદલીને 'આબુરાજ' કરવાની માંગ સાથે માઉન્ટ આબુના શક્તિ માતા મંદિરથી એક વિશાળ આધ્યાત્મિક રેલી કાઢવામાં આવી હતી. રાજપૂત સમાજના અધ્યક્ષ દલપત સિંહ દહિયાના નેતૃત્વમાં યોજાયેલી આ રેલીમાં હજારોની સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.

આ રેલીમાં મહિલાઓ અને બાલિકાઓ મોટી સંખ્યામાં પરંપરાગત રાજપૂતી પરિધાનમાં જોડાયા હતા, જે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. ૧૦૮ કળશ યાત્રા પણ આ આધ્યાત્મિક રેલીનો એક અભિન્ન અંગ હતી. સ્થાનિક સાધુ-સંતોએ પણ આ રેલીને પોતાનો સંપૂર્ણ ટેકો જાહેર કર્યો હતો. શક્તિ માતા મંદિરથી શરૂ થયેલી આ રેલી બસ સ્ટેન્ડ, રોટરી ચોક, ચાચા મ્યુઝિયમ ચોક, આંબેડકર ચોક, એમ.કે. ચોક અને નકી તળાવ થઈને ઉપખંડ કાર્યાલય સુધી પહોંચી હતી. રેલીમાં સામેલ તમામ યુવા સભ્યો પોતાના હાથમાં 'આબુરાજ' લખેલી તકતીઓ, બેનરો અને ધ્વજ ફરકાવતા જોવા મળ્યા હતા.

આવેદનપત્રમાં જણાવાયું હતું કે 'માઉન્ટ આબુ' એ એક અંગ્રેજી નામ છે અને તેને બદલીને 'આબુરાજ' કરવામાં આવે. સ્કંદ પુરાણમાં પણ આબુ પર્વતનું નામ 'આબુરાજ' નોંધાયેલું છે. આ સ્થળ સપ્ત ઋષિઓની તપોભૂમિ રહ્યું છે. અહીંના તમામ પર્યટન સ્થળો પણ ધાર્મિક મહત્વ ધરાવે છે. ગોવર્ધનની જેમ જ ગરમીના દિવસોમાં હજારો ગ્રામવાસીઓ દ્વારા 'આબુરાજ'ની પરિક્રમા કરવામાં આવે છે. સ્થાનિક લોકો હંમેશાં સવારે 'આબુરાજ'ને નમન કરે છે અને જય આબુરાજનો જયકાર કરે છે. આ ધરતી ૩૩ કોટિ દેવી-દેવતાઓની પૂજ્ય સ્થળી છે. આ રેલી કાર્યક્રમમાં સમાજના આગેવાનો, સંગઠનો સાથે જોડાયેલા આગેવાનો, સ્થાનિક ગામડાઓના સરપંચો સહિત હજારોની સંખ્યામાં યુવાનો, મહિલાઓ, પુરુષો, બાળકો, સાધુ-સંતો અને ગ્રામવાસીઓ ઉપરાંત અંતરિયાળ વિસ્તારોમાંથી પણ લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ રેલીમાં કુલ ૧૬ ગામોના નિવાસીઓ અને ૫૩ સંગઠનોએ ભાગ લીધો હતો.

# ‘ચોકર્સ’ છેક ૯૭૨૨ દિવસે બન્યા ‘વિનર્સ’

## સાઉથ આફ્રિકાએ બે ક્વૉર્ટર ફાઇનલ, બાર સેમિ ફાઇનલ અને એક ફાઇનલ બાદ મેળવ્યું ટેસ્ટના વર્લ્ડ કપનું ચૅમ્પિયનપદ

લૉર્ડ્સઃ ટેમ્બા બવુમાના નેતૃત્વમાં સાઉથ આફ્રિકાએ ઓપનર એઇડન માર્કરમની ઐતિહાસિક બૅટિંગના જોરે શનિવારે ક્રિકેટના મક્કા ગણાતા લૉર્ડ્સમાં ઑસ્ટ્રેલિયાને વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની ફાઇનલમાં પાંચ વિકેટે હરાવીને જે અપ્રતિમ સિદ્ધિ મેળવી એ માટે તેમના દેશે ૯,૭૨૨ દિવસ સુધી રાહ જોવી પડી હતી.

સાઉથ આફ્રિકા ૧૯૯૮માં (૨૭ વર્ષ પૂર્વે) આઇસીસી ચૅમ્પિયન્સ ટ્રોફી જીત્યું હતું. એ ચૅમ્પિયનપદથી માંડીને શનિવારના ડબ્લ્યૂટીસી ટાઇટલ વચ્ચે ૯,૭૨૨ દિવસ વીતી ગયા અને છેવટે સાઉથ આફ્રિકા માટે બવુમા ઇલેવનના પર્ફોર્મન્સ સાથે સોનાનો સૂરજ ઊગ્યો.

૧૯૯૮ની વન-ડે ફૉર્મેટની ચૅમ્પિયન્સ ટ્રોફી (જે આઇસીની નૉકઆઉટ સ્પર્ધા તથા વિલ્સ ઇન્ટરનૅશનલ કપ તરીકે પણ ઓળખાતી હતી)ની ઢાકા ખાતેની ફાઇનલમાં સાઉથ આફ્રિકાએ હન્સી કૉન્યેના સુકાનમાં વેસ્ટ ઇન્ડિઝને ચાર વિકેટ હરાવ્યું હતું. ત્યારે બ્રાયન લારા કૅરિબિયન ટીમનો સુકાની હતો. સાઉથ આફ્રિકાની ટીમમાં ડેરિલ કલિનન, માર્ક બાઉચર, જૅક કૅલિસ, જૉન્ટી રહોડ્સ, નિકી બૉયે, પૅટ સિમકૉક્સ અને સ્ટીવ એલવર્ધી જેવા જાણીતા ખેલાડીઓ હતા.

એ જીત બાદ સાઉથ આફ્રિકાએ કુલ બે ક્વૉર્ટર ફાઇનલ, ૧૨ સેમિ ફાઇનલ અને એક ફાઇનલ (ગયા વર્ષે ટી-૨૦ વર્લ્ડ કપમાં)માં પરાજય જોયા બાદ છેવટે ટેસ્ટના વર્લ્ડ કપની ટ્રોફી (ગદા) જીતી લીધી અને એ સાથે સાઉથ આફ્રિકાના માથેથી ‘ચૉકર્સ’ની છાપ ભૂંસાઈ ગઈ અને હવે તેઓ ‘વિનર્સ’ તરીકે ઓળખાશે.



ટેમ્બા બવુમાના નેતૃત્વમાં ડબ્લ્યૂટીસીનું નવું ચૅમ્પિયન બનીને સાઉથ આફ્રિકાએ ટેસ્ટ ક્રિકેટને સજીવન કરી છે.

## સાઉથ આફ્રિકાના આઘાતમય પરાજયો

(૧) ૧૯૯૨ વર્લ્ડ કપઃ ઇંગ્લૅન્ડ સામેની સેમિ ફાઇનલમાં સાઉથ આફ્રિકાએ સાત બૉલમાં બાવીસ રન કરવાના બાકી હતા. બ્રાયન મૅકમિલન અને ડેવિડ રિચર્ડસન ક્રીઝમાં હતા. વરસાદ પડવાનો શરૂ થયો અને છેવટે સમીકરણ બન્યું જેમાં તેમણે એક બૉલમાં બાવીસ રન કરવાના આવ્યા હતા. જોકે સુધારેલા લક્ષ્યાંક વિશે માહિતીની આપ-લેમાં થયેલી ગેરસમજ જવાબદાર હતી.

(૨) ૧૯૯૯ વર્લ્ડ કપઃ ઑસ્ટ્રેલિયા સામેની સેમિ ફાઇનલમાં સાઉથ આફ્રિકાએ ડેમિયન ફ્લેમિંગની અંતિમ ઓવરમાં જીતવા માત્ર નવ રન કરવાના હતા. લાન્સ ક્લુઝનરના પ્રયાસથી સમીકરણ એવું બન્યું જેમાં ચાર બૉલમાં એક રન બાકી હતો. જોકે બે ડૉટ બૉલ બાદ સિંગલ દોડવાના પ્રયાસમાં અંતિમ બૅટ્સમૅન ઍલન ડોનાલ્ડ રનઆઉટ થઈ ગયો હતો. મૅચ ટાઇ થઈ અને સુપર સિક્સમાં સાઉથ આફ્રિકા સામે વિજય મેળવ્યો હોવાથી ઑસ્ટ્રેલિયા ફાઇનલમાં પહોંચી ગયું હતું જેમાં એણે પાકિસ્તાનને હરાવ્યું હતું.

(૩) ૨૦૧૫ વર્લ્ડ કપઃ ન્યૂ ઝીલૅન્ડ સામેની સેમિ ફાઇનલમાં સાઉથ આફ્રિકાએ ૨૮૧ રન કર્યા હતા. વરસાદને કારણે મૅચ ૪૩-૪૩ ઓવરની થઈ ગઈ. કિવીઓએ છેલ્લી ત્રણ ઓવરમાં ૩૦ રન કરવાના હતા. જોકે કિવી પ્લેયર ગ્રાન્ટ ઇલિયટે ડેલ સ્ટેનના અંતિમ બૉલમાં સિક્સર ફટકારીને સાઉથ આફ્રિકાની આશા પર પાણી ફેરવી દીધું હતું.

(૪) ૨૦૨૪ ટી-૨૦ વર્લ્ડ કપઃ ભારત સામેની ફાઇનલમાં સાઉથ આફ્રિકાએ ૨૯ બૉલમાં ૨૬ રન કરવાના હતા. છ વિકેટ પડવાની બાકી હતી. ક્લાસેન અને મિલર ક્રીઝમાં હતા. જોકે હાર્દિકે પહેલાં ક્લાસેનને પૅવિલિયનમાં મોકલ્યો અને છેલ્લી ઓવરમાં હાર્દિકના બૉલ પર સૂર્યકુમાર યાદવે બાઉન્ડરી લાઇનની આરપાર જઈને ડેવિડ મિલરનો અફલાતૂન કૅચ પકડ્યો હતો. એ થ્રિલરમાં સાઉથ આફ્રિકા સાત રનથી હારી ગયું હતું. ■


**લૉર્ડ્સમાં ક્રિકેટોત્સવના ચૅમ્પિયનપદની સપરિવાર ઉજવણીઃ** સાઉથ આફ્રિકાએ શનિવારે લૉર્ડ્સમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન ઑસ્ટ્રેલિયાને ફાઇનલમાં પાંચ વિકેટે હરાવ્યું ત્યાર બાદ વિજેતા ટીમના સેન્ચુરિયન સુપર-હીરો માર્કરમે પત્ની સાથે ભાવાત્મક પળો માણી હતી. કૅપ્ટન ટેમ્બા બવુમા અને તેની પત્ની પણ ભાવુક થઈ ગયાં હતાં. ભારતીય મૂળના સ્પિનર કેશવ મહારાજે પત્ની-બાળકી સાથે પોઝ આપ્યો હતો.

# આર્યા-અર્જુનની ‘ગોલ્ડન જોડી’ ચીનના ચૅમ્પિયનોને ભારે પડી

મ્યૂનિકઃ ભારતની આર્યા બોરસે અને અર્જુન બબુટાની જોડીએ અહીં શનિવારે શૂટિંગના આઇએસએસએફ વર્લ્ડ કપમાં ચીનની ઑલિમ્પિક વિજેતા જોડીને પરાજિત કરીને ગોલ્ડ મેડલ જીતી લીધો હતો. વધુ નવાઈની વાત એ છે કે આર્યા-અર્જુને ચીની હરીફો પર સંપૂર્ણ પ્રભુત્વ જમાવ્યું હતું અને તેમને સુવર્ણ ચંદ્રક માટેની રેસની બહાર કરીને પોતે એ ચંદ્રક પર કબજો જમાવી લીધો હતો.




આર્યા-અર્જુનની જોડીએ ૧૦ મીટર ઍર રાઇફલ મિક્સ્ડ-ટીમ ઇવેન્ટમાં ચીનનાં ઑલિમ્પિક ચૅમ્પિયન તથા વર્લ્ડ ચૅમ્પિયન ઝિફી વૉન્ગ અને લિહાઓ શેન્ગની જોડીને ૧૭-૭થી પરાજિત કરી હતી.

ભારતીય જોડીએ આ પ્રતિષ્ઠિત સ્પર્ધાની ફાઇનલમાં પોતાના પર વર્ચસ્વ જમાવવાની ચીની હરીફોને જરા પણ તક નહોતી આપી.

ફાઇનલમાં પહોંચવા માટેના ક્વૉલિફિકેશનમાં ભારતીય જોડીએ ૬૩૫.૨ પૉઇન્ટ નોંધાવ્યા હતા. એ જ ક્વૉલિફિકેશન રાઉન્ડમાં ચીની જોડીએ ૬૩૫.૯ પૉઇન્ટ નોંધાવીને વર્લ્ડ રેકૉર્ડ નોંધાવ્યો હતો. જોકે ફાઇનલમાં ભારતીય જોડીએ એ વિશ્વવિક્રમ ધારક જોડીને માત આપી હતી. ■

## લૉર્ડ્સની જગવિખ્યાત બાલ્કનીઃ ૧૯૮૩માં કપિલનું ભારત, ૨૦૨૫માં બવુમાનું સાઉથ આફ્રિકા



૧૯૮૩માં કપિલ દેવના સુકાનમાં ભારતીય ટીમે વર્લ્ડ કપની ફાઇનલમાં વેસ્ટ ઇન્ડિઝને પરાસ્ત કરીને ઐતિહાસિક વિજય મેળવ્યો હતો. ભારત ત્યારે પહેલી વાર વન-ડેનું વર્લ્ડ ચૅમ્પિયન બન્યું હતું. શનિવારે ટેમ્બા બવુમાના સુકાનમાં સાઉથ આફ્રિકાએ પહેલી વાર ટેસ્ટનો વર્લ્ડ કપ જીતી લીધો.



# સ્ટીવ સ્મિથની ટચલી આંગળી તૂટી ત્યારે જ ઑસ્ટ્રેલિયાના હાથમાંથી ટાઇટલ છીનવાઈ ગયું હતું

▸ બવુમાને બે રને મળ્યું હતું જીવતદાન, સાઉથ આફ્રિકાએ ચૅમ્પિયન બનવાની તક ઝડપી લીધી અને આઈસીસીની ઈનામી-ગદા જીતી લીધી


**સ્મિથને ઈજા અને બવુમાને મજા, ‘ફાધર્સ ડે’ વહેલો આવ્યોઃ** ગઈ કાલે લૉર્ડ્સના મેદાન પર સ્ટીવ સ્મિથ. તેને ટચલી આંગળીમાં ગંભીર ઈજા થઈ. ટેમ્બા બવુમાએ એક હાથમાં બાળક અને બીજા હાથમાં ગદા સાથે અભૂતપૂર્વ સેલિબ્રેશન કર્યું હતું. બવુમા માટે ‘ફાધર્સ ડે’ એક દિવસ વહેલો આવ્યો. (એપી)

લૉર્ડ્સઃ અહીં ઑસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા વચ્ચેની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં શુક્રવારના ત્રીજા દિવસે ડિફેન્ડિંગ ચેમ્પિયન ઑસ્ટ્રેલિયાના ખેલાડી સ્ટીવ સ્મિથની જમણા હાથની ટચલી આંગળીમાં ફ્રેક્ચર થતાં તે ફાઇનલની બહાર થઈ ગયો હતો. જોકે તેની આ ઈજા ઑસ્ટ્રેલિયાને ખૂબ ભારે પડી. તેનાથી કૅચ છૂટી ગયો અને સાઉથ આફ્રિકાને ઐતિહાસિક લાભ મળી ગયો.

સાઉથ આફ્રિકાનો કૅપ્ટન ટેમ્બા બવુમા માત્ર બે રન પર હતો એ સમયે પ્રથમ સ્લિપમાં સ્મિથ તેનો કૅચ પકડવા ગયો ત્યારે બૉલ તેને ટચલી આંગળી પર વાગ્યો હતો અને ગંભીર ઈજા થઈ હતી. શુક્રવારે ત્રીજા દિવસની રમત બંધ રહી ત્યારે બવુમા ૬૫ રને રમી રહ્યો હતો અને સાઉથ આફ્રિકાએ જીતવા માટે ફક્ત ૬૯ રન કરવાના બાકી હતા. બવુમા અને ઓપનર એઇડન માર્કરમ વચ્ચે ત્રીજી વિકેટ માટે ૧૪૩ રનની અતૂટ ભાગીદારી થઈ હતી. શનિવારના ચોથા દિવસે એ પાર્ટનરશિપ ૧૪૭ રન સુધી લંબાઈ હતી અને ત્યારે બવુમાએ વિકેટ ગુમાવી હતી. જોકે માર્કરમે (૧૩૬ રન, ૩૮૩ મિનિટ, ૨૦૭ બૉલ, ૧૪ ફોર) બાજી સંભાળી લીધી અને જોશ હૅઝલવૂડના બૉલમાં વિકેટ ગુમાવતાં પહેલાં ટીમને વિજયના દ્વાર સુધી પહોંચાડી દીધી હતી. આઠમી સદી ફટકારનાર માર્કરમનો ટ્રૅવિસ હેડે અફલાતૂન ડાઇવિંગ કૅચ ઝીલ્યો હતો.

સદનસીબે શનિવારે સાઉથ આફ્રિકાનો ધબડકો ન થયો અને બાકીના ૬૯ રન હેમખેમ પૂરા થઈ ગયા અને સાઉથ આફ્રિકાના ક્રિકેટ ઇતિહાસમાં આ બહુ જ મોટી સિદ્ધિ પોતાના નામે કરી લીધી.

સ્મિથથી છૂટેલો બવુમાનો કૅચ ઑસ્ટ્રેલિયાને મોંઘો પડ્યો અને એ જીવતદાને સાઉથ આફ્રિકાને પહેલી વાર મોટી આઇસીસી ટ્રોફી અપાવી દીધી.

બવુમાનો બે રને કૅચ છૂટ્યો ત્યારે સાઉથ આફ્રિકાનો સ્કોર બે વિકેટે ૭૬ રન હતો અને ત્યાર પછી બવુમા અને માર્કરમ દિવસની રમતના અંત સુધીમાં ટીમના સ્કોરને ૨૧૩/૨ સુધી લઈ ગયા હતા અને ૨૧૭ રનના સ્કોર પર બવુમાની વિકેટ પડી હતી.

શુક્રવારે સ્મિથ સામાન્ય રીતે પ્રથમ સ્લિપમાં સ્ટમ્પ્સથી જેટલો દૂર ઊભો રહેતો હોય છે એટલો દૂર નહોતો. તે સ્ટમ્પ્સની નજીકમાં હતો. તેણે હેલ્મેટ પણ પહેરી હતી. બવુમાથી તે થોડો જ દૂર હતો અને મિચલ સ્ટાર્કે કલાકે ૧૩૮ કિલોમીટરની ઝડપે શૉર્ટ બૉલ ફેંક્યો જેમાં બવુમાના બૅટની કટ લાગ્યા બાદ બૉલ સ્મિથ તરફ આવ્યો હતો જે ખભા જેટલો ઊંચો કૅચ ઝડપથી નહોતો ઝીલી શક્યો. તે બૉલ ઝીલવામાં નિષ્ફળ ગયો હતો અને એ તેને આંગળી પર વાગ્યો હતો. ફિઝિયોથેરપિસ્ટ અને ડૉક્ટર મેદાન પર આવે એ પહેલાં જ સ્મિથ આંગળીમાં ખૂબ દુખાવો થવાને કારણે ઝડપથી ચાલવા લાગ્યો હતો.

સ્મિથને તાત્કાલિક એક્સ-રે માટે હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો.

સ્મિથ હવે કેટલા દિવસ નહીં રમી શકે એ તો સ્પષ્ટ નહોતું થયું, પરંતુ ડબ્લ્યૂટીસીની વર્તમાન ફાઇનલ બાદ વેસ્ટ ઇન્ડિઝમાં ત્રણ ટેસ્ટની શ્રેણી રમવા તે શરૂઆતથી કદાચ નહીં જઈ શકે.

ઑસ્ટ્રેલિયાની વેસ્ટ ઇન્ડિઝ સામેની ટેસ્ટ-સિરીઝ પચીસમી જૂને શરૂ થશે. ■

# એમસીસીએ કહ્યું, બાઉન્ડરી લાઇન નજીકના ‘બની હૉપ’ કૅચ હવે કાયદેસર નહીં ગણાય

## ક્રિકેટના કાયદા ઘડતી સંસ્થાએ કહ્યું, ‘ ફીલ્ડર હવામાં ઉછળીને પણ ફક્ત એક જ વાર બૉલને અડી શકશે’

લંડનઃ દાયકાઓથી ક્રિકેટના કાયદા ઇંગ્લૅન્ડ-સ્થિત મૅરિલબૉન ક્રિકેટ ક્લબ (એમસીસી) ઘડે છે અને ક્રિકેટની રમતનું સંચાલન કરતી ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) દ્વારા એ કાયદાઓનો અમલ કરવામાં આવે છે અને એ સંદર્ભમાં એમસીસીએ ખાસ જણાવ્યું છે કે બાઉન્ડરી લાઇન નજીકના ‘બની હૉપ’ પ્રકારનો કૅચ હવે પછી ગેરકાયદેસર ગણવામાં આવશે.

આ અહેવાલ વાંચીને ઘણા વિચારતા હશે કે ગયા વર્ષે ટી-૨૦ વર્લ્ડ કપની ફાઇનલમાં હાર્દિક પંડ્યાની નિર્ણાયક (૨૦મી) ઓવરમાં બાઉન્ડરી લાઇનને આરપાર જઈને સૂર્યકુમાર યાદવે સાઉથ આફ્રિકાના ડેવિડ મિલરનો જે અફલાતૂન કૅચ ઝીલ્યો હતો એ પ્રકારનો કૅચ ગેરકાયદેસર ગણાશે? એનો જવાબ છે ‘ નહીં.’ એમસીસીએ જણાવ્યું છે કે આ પ્રકારના કૅચ કાયદેસર જ ગણાશે, પરંતુ ૨૦૨૩ની બિગ બૅશમાં માઇકલ નેસરે જૉર્ડન સિલ્ક નામના બૅટ્સમૅનનો જે રીતે કૅચ ઝીલ્યો એ કાયદેસર નહીં ગણાય. બીજું, ૨૦૨૦ની સાલમાં બિગ બૅશમાં જ ટૉમ બૅન્ટને મૅથ્યૂ રેન્શૉની મદદથી વૉલીબૉલની સ્ટાઇલથી મૅથ્યૂ વેડનો જે કૅચ પકડ્યો હતો એવો કૅચ પણ હવે કાનૂની નહીં ગણાય.’

થોડાં વર્ષોથી ભારત, ન્યૂ ઝીલૅન્ડ, ઑસ્ટ્રેલિયા, સાઉથ આફ્રિકા સહિતના કેટલાક દેશોના ફીલ્ડર્સ બાઉન્ડરી લાઇનને આરપાર જઈને કૅચ પકડતા હોય છે અને એવા પ્રકારના કૅચ કાયદેસર ગણાશે એવો ખુલાસો એમસીસી દ્વારા કરવામાં આવ્યો છે.

### નેસરનો કયો કૅચ ગેરકાયદેસર?

૨૦૨૩માં માઇકલ નેસરે અદ્ભુત કૅચ પકડ્યો હતો, પણ એવો કૅચ હવે કાયદેસર નહીં ગણાય. જગલિંગ કૅચ તરીકે ઓળખાતા એ કૅચમાં તેણે બાઉન્ડરી લાઇનની નજીક બૉલ ઝીલી લીધા બાદ પોતે લાઇનની બહાર જતો રહેશે એવા ભયથી બૉલને બાઉન્ડરી લાઇનની બહાર ઊંચે હવામાં મોકલ્યો હતો, પોતે લાઇનની બહાર ગયો અને બૉલ ઝીલી લીધો, પરંતુ તેણે ફરી વાર (લાઇનની બહારના ભાગમાં જ) બૉલ હવામાં ફરી ઉછાળ્યો હતો અને ત્યારે તે કૂદ્યો હોવાથી પોતે પણ હવામાં અધ્ધર હતો અને તેણે અધ્ધર રહીને જ બૉલ બાઉન્ડરી લાઇનની અંદર તરફ હવામાં ફેંક્યો હતો અને લાઇનની અંદર જઈને કૅચ ઝીલી લીધો હતો. આમ, તેણે બૉલને હવામાં બે વખત ઉછાળ્યો હતો. બીજી રીતે કહીએ તો કૅચ આવ્યા બાદ તે બે વખત બૉલને અડ્યો હતો અને કુલ ત્રીજા પ્રયાસમાં તેણે કૅચ પકડ્યો હતો. આમ, તેણે બે વખતે બૉલને અડ્યા બાદ ત્રીજા પ્રયત્નમાં બૉલને પોતાના કબજામાં કર્યો હતો જે કૅચ કહેવાયો હતો.


૨૦૨૩ની બિગ બૅશમાં માઇકલ નેસરે (ડાબે) બાઉન્ડરી લાઈનની અંદરથી બૉલને અડ્યા બાદ હવામાં ઉછાળ્યો હતો અને ત્યાર બાદ લાઈનની બહાર ગયા પછી પણ કૂદીને હવામાં ઉછળેલો બૉલ ઝીલ્યા પછી બાઉન્ડરીની અંદર ફેંક્યો અને અંદર જઈને કૅચ ઝીલી લીધો હતો. એમસીસી કહે છે કે ફીલ્ડર આ રીતે બે વખત બૉલને અડે એ કૅચ ન કહેવાય. જોકે વર્લ્ડ કપમાં સૂર્યકુમાર યાદવે (જમણે) ઝીલેલો કૅચ કાયદેસર છે.

### વૉલીબૉલ સ્ટાઇલનો કયો કૅચ ગેરકાનૂની?

૨૦૨૦ની બિગ બૅશમાં ટૉમ બૅન્ટને મૅથ્યૂ રેન્શૉની મદદથી વૉલીબૉલની સ્ટાઇલથી મૅથ્યૂ વેડનો જે કૅચ પકડ્યો હતો એવો કૅચ પણ હવે કાનૂની નહીં ગણાય. એમાં એક ફીલ્ડર બાઉન્ડરીની બહાર જતાં પહેલાં બૉલ ઝીલ્યા બાદ હવામાં ઉછાળે છે અને બાઉન્ડરીની બહારથી વૉલીબૉલની સ્ટાઇલમાં બૉલને સાથી ફીલ્ડર તરફ મોકલે છે અને તે કૅચ ઝીલી લે છે. આ પ્રકારના કૅચ પર પણ એમસીસીએ પ્રતિબંધ મૂક્યો છે.

### એમસીસીએ ‘બની હૉપ કૅચ’ વિશે કયો ખુલાસો કર્યો?

આઇસીસી આ મહિને એમસીસી દ્વારા થનારા નિયમમાં ફેરફારને લાગુ કરશે. એમસીસીએ જણાવ્યું છે કે ‘જે કૅચ પર અમે પ્રતિબંધ મૂકવા જઈ રહ્યા છીએ એ કૅચ ફીલ્ડરના કૌશલ્યને ધ્યાનમાં લેતાં દર્શનીય કહેવાય, પરંતુ મોટા ભાગની ક્રિકેટપ્રેમી જનતાની દૃષ્ટિએ આવા કૅચ અવ્યવહારું કહેવાય. ખાસ કરીને માઇકલ નેસરના ૨૦૨૩ની સાલના કૅચની વાત કરીએ તો નેસર એમાં બાઉન્ડરી લાઇનની બહાર ઘણો દૂર જતો રહ્યો હતો અને બહાર જઈને પણ તેણે (ભલે હવામાં અધ્ધર રહીને જ) બૉલ ઝીલીને બાઉન્ડરી લાઇનની અંદર ફેંક્યો હતો, પરંતુ અમે સ્પષ્ટ કરી દેવા માગીએ છીએ કે જો કોઈ ફીલ્ડર હવામાં બૉલને પહેલી વાર ઉછાળ્યા બાદ બીજી વાર બૉલને અડે ત્યારે તે બાઉન્ડરી લાઇનની અંદર જ હોવો જોઈએ. તો જ એ કૅચ ગણાશે. નહીં તો, બૅટિંગ કરતી ટીમને ફોર (ચાર રન) આપી દેવાશે. બાઉન્ડરી લાઇનની બહારના બની હૉપ કૅચ પર પ્રતિબંધ જ મુકાશે. જો કોઈ ફીલ્ડર બાઉન્ડરી લાઇનની અંદરથી જ બૉલને હવામાં ઉછાળશે, બાઉન્ડરી લાઇનની બહાર જતા રહ્યા પછી પાછો બાઉન્ડરી લાઇનની અંદર આવીને કૅચ પકડશે એ જ કાયદેસર કૅચ કહેવાશે.’

### રિલે કૅચ વિશે પણ નિયમ

એમસીસીએ રિલે કૅચ વિશે પણ સ્પષ્ટતા કરી છે. ક્રિકેટના કાયદા બનાવતી અને એમાં ફેરફાર કરતી આ બ્રિટિશ સંસ્થાએ જણાવ્યું છે કે ‘ જો કૅચ આવે તો ફીલ્ડર બાઉન્ડરી લાઇનની બહાર જતાં પહેલાં બૉલને હવામાં ઉછાળીને બાઉન્ડરી લાઇનની બહાર જતો રહે અને બહારથી બૉલને ફરી અડીને (હવામાં ઉછાળીને) લાઇનની અંદર ઊભેલા સાથી ફીલ્ડર તરફ ફેંકે અને તે કૅચ ઝીલી લે તો એવો રિલે કૅચ પણ કાયદેસર નહીં ગણાય. ટૂંકમાં, કોઈ પણ ફીલ્ડરે બાઉન્ડરી લાઇનની બહાર જઈને કૂદકો માર્યો હોય તો એ પછી એક જ વાર હવામાં ઉછાળેલા બૉલને અડી શકશે. બીજી રીતે કહીએ તો ફીલ્ડર એકથી વધુ વખત બૉલને અડીને હવામાં ઉછાળતો રહેશે કે એકથી વધુ વખત અડીને પછી સાથી ખેલાડીને પાસ કરશે તો એ કૅચ નહીં ગણાય.’

નવો નિયમ ૧૭મી જૂને શ્રીલંકા અને બાંગ્લાદેશ વચ્ચેની મૅચ સાથેની વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપની નવી સીઝનથી લાગુ કરવામાં આવશે. ■

મુંબઈ સમાચાર ક્લાસિફાઇડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે 30મી સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

વધારાની એક જાહેરાત મફત મેળવો

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી. માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

ક્લાસિફાઈડ રેટ કાર્ડ

ડેઈલી અને વીકલી

ખાસ નોંધ: તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેક્સીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.00 શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.00 શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેક્સીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.00 શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨00.00 દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. 300.00 દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે

૧લી મે, ૨૦૨૫ થી 30મી એપ્રિલ, ૨૦૨૬ સુધી

સ્કીમ*

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# ઈઝરાયલ-ઈરાન વચ્ચે ઘર્ષણ વધતા સોનામાં આગઝરતી તેજી સામે રિટેલ સ્તરની માગમાં સન્નાટો

## વર્ષ ૨૦૨૫ના અંત સુધીમાં સોનાના ભાવ ઔંસદીઠ ભાવ ૩૭૦૦ ડૉલર આસપાસ પહોંચશેઃ ગોલ્ડમેન સાશ

કોમોડિટી

રમેશ ગોહિલ

અમેરિકા ચીન વચ્ચે ટ્રેડ ડીલ થવાના આશાવાદને ધ્યાનમાં લેતા ગત સપ્તાહનાં પ્રથમ ત્રણસત્ર દરમિયાન સોનાના ભાવ બેતરફી વધઘટે અથડાઈને સાધારણ નરમાઈતરફી રહ્યા હતા. જોકે, ત્યાર બાદ ગત ગુરુવારે અમેરિકાએ ઈરાનમાં રહેલા તેના અધિકારીઓને પાછા ફરવાનું જણાવ્યું હોવાથી મધ્ય પૂર્વનાં દેશોમાં સલામતી અંગેની ભીતિને ધ્યાનમાં લેતા વૈશ્વિક સોનામાં તેજીનો સંચાર થયો હતો. જોકે, ત્યાર બાદ શુક્રવારે ઈઝરાયલે ઈરાનનાં અણુ મથકો પર હુમલા કર્યાના અહેવાલો સાથે પુનઃ મધ્ય પૂર્વનાં દેશોમાં ભૂરાજકીય સલામતીની ચિંતા સપાટી પર આવતા ક્રૂડતેલના ભાવમાં અને સોનાના ભાવમાં ભડકો થયો હતો, જેમાં સોનાના ભાવ ઔંસદીઠ ૩૪૦૦ ડૉલરની સપાટી કુદાવીને એક મહિનાની ટોચે પહોંચી ગયા હતા, જ્યારે ક્રૂડતેલના વાયદાના ભાવમાં સાત ટકા જેટલો ઉછાળો આવ્યો હતો. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત વિશ્વ બજારમાં ક્રૂડ તેલના ભાવમાં ઉછાળો આવતા સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં છેલ્લાં બે સત્રમાં જ ૬૦ પૈસાનું ધોવાણ થઈ જતાં સોનાની આયાત પડતરો વધી આવતા સોનાની તેજીને ઈંધણ મળ્યું હતું.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર સપ્તાહના આરંભે હાજરમાં વેરારહિત ધોરણે ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૧૦ ગ્રામદીઠ ભાવ આગલા સપ્તાહના અંતનાં રૂ. ૯૭,૧૪૫ સામે રૂ. નરમાઈના અન્ડરટોને રૂ. ૯૫,૭૧૮ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૯૫,૭૧૮ અને ઉપરમાં રૂ. ૯૯,૧૭૦ની રેન્જમાં રહ્યા બાદ અંતે સાપ્તાહિક ધોરણે રૂ. ૧૯૧૩ અથવા તો ૧.૯૬ ટકાના ઉછાળા સાથે રૂ. ૯૯,૦૫૮ની સપાટીએ બંધ રહ્યા હતા. જોકે, ગત શુક્રવારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. એક લાખની સપાટી કુદાવીને રૂ. ૧,૦૦,૪૦૩ની સપાટી સુધી પહોંચ્યા હતા. એકંદરે સ્થાનિક સ્તરે દેશમાં સોનાના આ ભાવ ઉપરાંત ત્રણ ટકાના વેરાની સાથે ગણતરી કરતાં ભાવે ૧૦ ગ્રામદીઠ રૂ. એક લાખની મનોવૈજ્ઞાનિક સપાટી કુદાવી દેતા રિટેલ સ્તરની માગમાં સન્નાટો વ્યાપી ગયો હોવાનું જ્વેલરી ઉત્પાદકોએ જણાવ્યું હતું. સામાન્યપણે દેશમાં લગ્નસરાની મોસમ પૂરી થવાની સાથે ચોમાસાના સમયગાળામાં સોનામાં રિટેલ સ્તરની માગ શુષ્ક રહેતી હોવાથી તેજીના આ માહોલમાં જ્વેલરી ઉત્પાદકો પણ નવી ખરીદીથી દૂર રહ્યા હતા. તેમ જ ઊંચા મથાળેથી રોકાણલક્ષી માગ પણ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

એકંદરે ગત સપ્તાહે વૈશ્વિક સ્તરે ભૂરાજકીય તણાવ અને આર્થિક અનિશ્ચિતતાઓને ધ્યાનમાં લેતા સલામતી માટેની માગને ટેકે વિશ્વ બજારમાં સોના સહિતની કિંમતી ધાતુઓમાં તેજીની મજબૂત રેલી જોવા મળી હતી. ખાસ કરીને ઈઝરાયલે ઈરાનનાં અણુ મથકો પર હુમલા કર્યા બાદ ઈઝરાયલના સંરક્ષણ ખાતાના પ્રધાને રાષ્ટ્રવ્યાપી કટોકટી અર્થાત્ ઈમર્જન્સી જાહેર કરતાં સોનામાં તેજી ઝડપી બની હતી. વધુમાં ગત સપ્તાહે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પના ટ્રેઝરી સચિવ સ્કોટ બેસન્ટે ટૅરિફનાં અમલ માટેની મુદ્દત લંબાવવાના સંકેત આપવાની સાથે સાથે અમેરિકાના વેપારી ભાગીદાર દેશો પણ વેપાર કરાર કરવા માટે દબાણ લાવવા એકપક્ષીય ટેરિફની ધમકી પણ ઉચ્ચારી હતી. આ સિવાય ગત સપ્તાહે જાહેર થયેલા અમેરિકાના કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ અને પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સ આર્થિક ડેટાને ધ્યાનમાં લેતા ફેડરલ રિઝર્વ આ વર્ષમાં સપ્ટેમ્બર મહિનામાં વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ નિર્માણ થયો છે. જોકે, વિશ્લેષકોનું માનવું છે કે ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કપાતાના સંકેત આપતા પહેલા હજુ થોડા આર્થિક ડેટાઓને ધ્યાનમાં લેશે, એમ એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે હાલના તબક્કે ઈઝરાયલ-ઈરાન વચ્ચેનાં તણાવ, અમેરિકા-ચીન વચ્ચેની ટ્રેડ ડીલ અંગેની અનિશ્ચિતતાઓને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન સોનાના વૈશ્વિક ભાવ માટે ઔંસદીઠ ૩૫૨૦ ડૉલરની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી અને ૩૩૧૦ ડૉલરની સપાટી ટેકાની સપાટી પુરવાર થઈ શકે છે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં સપ્તાહ દરમિયાન સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૫,૫૦૦થી ૧,૦૬,૦૦૦ની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય.

દરમિયાન ગત સપ્તાહના અંતે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સોનામાં રોકાણકારોની સલામતી માટેની માગને ટેકે હાજરમાં ભાવ આગલા બંધ સામે ૧.૩ ટકાના ઉછાળા સાથે ઔંસદીઠ ૩૪૨૮.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જે ગત એપ્રિલ મહિનાની ઔંસદીઠ ૩૫૦૦.૦૫ ડૉલરની સપાટીની નજીક જ છે. તેમ જ વાયદામાં ભાવ આગલા બંધ સામે ૧.૫૦ ટકા ઉછળીને ૩૪૫૨.૮૦ ડૉલર આસપાસ રહ્યા હતા. હાલમાં ઈઝરાયલ ઈરાનના મથકોને લક્ષ્યાંક બનાવી રહ્યું છે અને ઈરાનના વળતા જવાબને ધ્યાનમાં લેતા ઈઝરાયલના સંરક્ષણ પ્રધાને ચેતવણી ઉચ્ચારી હતી કે જો ઈરાન મિસાઈલ હુમલાઓ બંધ નહીં કરે તો તહેરાન ભડકે બળશે. આમ હાલની સ્થિતિને ધ્યાનમાં લેતા સોનામાં તેજીનું વલણ જળવાઈ રહે તેવી શક્યતા આરજેઓ ફ્યુચર્સનાં માર્કેટ સ્ટ્રેટેજિસ્ટ ડેનિયલ પેવિલિયને વ્યક્ત કરી હતી. વધુમાં ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ઈરાન પર પરમાણુ હથિયારો ન બનાવવા અંગેનાં કરાર કરવા માટેનું અલ્ટીમેટમ આપ્યું હતું. જોકે, તાજેતરમાં વૈશ્વિક સ્તરે ભૂરાજકીય તણાવ અને આર્થિક અનિશ્ચિતતાઓના માહોલામાં સોનામાં સલામતી માટેની પ્રબળ માગ ઉપરાંત કેન્દ્રવર્તી બૅન્કોની સોનામાં જળવાઈ રહેલી લેવાલીને ધ્યાનમાં લેતા વર્ષ ૨૦૨૫ના અંત સુધીમાં સોનાના ભાવ ઔંસદીઠ ભાવ ૩૭૦૦ ડૉલર આસપાસ અને વર્ષ ૨૦૨૬નાં મધ્ય સુધીમાં ભાવ ઔંસદીઠ ૪૦૦૦ ડૉલર સુધી પહોંચે તેવી શક્યતા ગોલ્ડમેન સાશે વ્યક્ત કરી છે, જ્યારે બોફા (બૅન્ક ઑફ અમેરિકા)એ આગામી ૧૨ મહિનામાં સોનાના ભાવ ઔંસદીઠ ૪૦૦૦ ડૉલર સુધી પહોંચે તેવી ધારણા વ્યક્ત કરી હોવાના અહેવાલ છે. ■

# વિદેશી હૂંડિયામણની અનામત ₹ ૫.૧૭ અબજ ડૉલર વધી

મુંબઈઃ ગત છઠ્ઠી જૂનના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૫.૧૭ અબજ ડૉલર વધીને ૬૯૬.૬૫ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વે ૩૦મી મેના રોજ પૂરા થયેલા સપ્તાહમાં અનામત ૧.૨૩૭ અબજ ડૉલર ઘટીને ૬૯૧.૪૮૫ અબજ ડૉલરના સ્તરે રહી હતી.

અગાઉ સપ્ટેમ્બર, ૨૦૨૪ના અંતે દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત વધીને ૭૦૪.૮૮૫ અબજ ડૉલરની સર્વોચ્ચ સપાટીએ રહી હતી. જોકે, ત્યાર બાદ વૈશ્વિક પરિબળોને ધ્યાનમાં લેતા ડૉલર સામે રૂપિયામાં થઈ રહેલા ધોવાણને ખાળવા માટે રિઝર્વ બૅન્ક દ્વારા સમયાંતરે હાજર બજારમાં ડૉલરમાં વેચાણ થતું રહ્યું હોવાથી ક્રમશઃ અનામતમાં ઘટાડો થતો રહ્યો હતો.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૩.૪૭ અબજ ડૉલર વધીને ૫૮૭.૬૮ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. નોંધનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર સિવાયનાં યુરો, પાઉન્ડ અને યેન જેવાં મુખ્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવે છે.

વધુમાં સપ્તાહ દરમિયાન સોનાની અનામત ૧.૫૮ અબજ ડૉલર વધીને ૮૫.૮૮ અબજ ડૉલરની સપાટીએ, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૧૦.૨ કરોડ ડૉલર વધીને ૧૮.૬૭ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અસ્ક્યામતો ૧.૪ કરોડ ડૉલર વધીને ૪.૪ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં ઉમેર્યું હતું. ■

# ડ્યૂટી ઘટાડાનો લાભ ગ્રાહકોને પસાર કરવા સરકારનો તેલ ઉદ્યોગને અનુરોધ

નવી દિલ્હીઃ દેશમાં વધી રહેલા ફુગાવને નિયંત્રણમાં રાખવા માટે સરકારે તાજેતરમાં ક્રૂડ પામતેલની બેઝિક કસ્ટમ ડ્યૂટી અડધી કરી છે. આથી અનાજ મંત્રાલયે ખાદ્યતેલ ઉદ્યોગના સંગઠનોને ડ્યૂટી ઘટાડાનો આ લાભ ગ્રાહકોને પસાર કરવાનો અનુરોધ કર્યો છે.

ગત બુધવારે ડિપાર્ટમેન્ટ ઑફ ફૂડ ઍન્ડ પબ્લિક ડિસ્ટ્રિબ્યુશનના સચિવના વડપણ હેઠળ ખાદ્યતેલ ઉદ્યોગના સંગઠનો અને ઉદ્યોગના હિસ્સેધારકો સાથે થયેલી બેઠકમાં ડ્યૂટીમાં કરવામાં આવેલા ઘટાડાના લાભ ગ્રાહરોને પસાર કરવા અનુરોધ કર્યો હતો.

ઉદ્યોગના હિસ્સેધારકો તેનાં ડિસ્ટ્રિબ્યુટરોના ભાવમાં અને મહત્તમ છૂટક વેચાણ ભાવમાં તેઓની પડતર અનુસાર તાત્કાલિક ધોરણે ઘટાડો કરશે, એમ ડિપાર્ટમેન્ટે એક યાદીમાં જણાવ્યું હતું. વધુમાં એસોસિયેશનોએ પણ તેનાં સભ્યોને ભાવમાં ઘટાડો કરવાની ભલામણી કરવાની સાથે મહત્તમ છૂટક વેચાણ ભાવમાં કરવામાં આવેલો ઘટાડાની શીટથી વિભાગને સાપ્તાહિક ધોરણે અપડેટ કરતાં રહેવાનું જણાવ્યું છે.

વધુમાં મંત્રાલયે ખાદ્યતેલ ઉદ્યોગને પ્રાઈસ ટૂ ડિસ્ટ્રિબ્યુટર (પીટીડી) અને મહત્તમ છૂટક ભાવ (એમઆરપી) અંગેનાં રિપોર્ટ પાઠવવા માટેના નમુનાની એક નકલ પણ આપી હતી. તેમ જ ભારપૂર્વક જણાવ્યું હતું કે ગ્રાહકોને સમયસર ડ્યૂટી ઘટાડાનો રિટેલ ભાવમાં ઘટાડા થકી લાભ મળે તેવી બાંયધરી સુનિશ્ચિત કરવા પર ભાર મૂક્યો છે.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત સાલ ખાદ્યતેલની ડ્યૂટીમાં વધારો કર્યા બાદ સમીક્ષા હાથ ધરવામાં આવ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. વધુમાં રિટેલ ખાદ્યતેલના ભાવમાં થતાં વધારાને કારણે ગ્રાહકો પર ફુગાવાલક્ષી દબાણ વધતુ હોય છે. ■

# ક્રૂડ અને રિફાઈન્ડ પામતેલની ટૅરિફ વૅલ્યૂમાં વધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઈઝરાયલ અને ઈરાન વચ્ચેનાં વધી રહેલા તણાવને ધ્યાનમાં લેતા ગઈકાલે વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં જોવા મળેલા ઉછાળા અને કન્ટેનરોના ભાડામાં વધારો શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ભાવ ત્રણ ડૉલર વધીને ત્રણ સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત ગઈકાલે સરકારે મોડી સાંજે આજથી અમલી બને તેમ ક્રૂડ પામતેલ અને આરબીડી પામોલિનની ટૅરિફ વૅલ્યુમાં વધારો કર્યો હતો, જ્યારે સોયા ડિગમની ટૅરિફ વૅલ્યૂમા ઘટાડો કર્યો હોવાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે વેપાર છૂટાછવાયા રહેતાં દેશી-આયાતી તેલના ભાવ સાંકડી વધઘટે અથડાઈને ટકેલા રહ્યા હતા.

પ્રાપ્ત અહેવાલ અનુસાર ગઈકાલે સરકારે મોડી સાંજે નોટિફિકેશન જાહેર કરીને ક્રૂડ પામતેલની ટૅરિફ વૅલ્યૂ જે ટનદીઠ ૯૬૫ ડૉલર હતી તે વધારીને ૯૯૧ ડૉલર કરતાં અસરકારક જકાત રૂ. ૩૭૨ વધીને ટનદીઠ રૂ. ૧૪,૧૮૪ અને આરબીડી પામોલિનની ટૅરિફ જે ટનદીઠ ૧૦૨૬ ડૉલર હતી તે વધારીને ૧૦૩૦ ડૉલર કરતાં અસરકારક જકાત રૂ. ૧૨૪ વધીને રૂ. ૩૧,૯૪૩ની સપાટીએ રહી હતી, જ્યારે અને સોયા ડિગમની ટૅરિફ વૅલ્યૂ જે ટનદીઠ ૧૦૯૨ ડૉલર હતી તે ઘટાડીને ૧૦૬૩ ડૉલર કરતાં અસરકારક જકાત ટનદીઠ રૂ. ૪૧૫ ઘટીને રૂ. ૧૫,૨૧૫ની સપાટીએ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

વધુમાં આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ પતંજલી ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૧૬૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૮૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૩૫, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૧૫૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૨૦, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૧૬૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૮૧, અલાનાના આરબીડી પામોલિનના રૂ. ૧૧૫૫ તથા ગોકુલ એગ્રો અને એવીઆઈનાં સોયા રિફાઈન્ડના અનુક્રમે ૧૧૬૫ અને રૂ. ૧૧૮૦ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ વેપારો છૂટાછવાયા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે ગુજરાતમાં ગોંડલની મંડીમાં જૂની મગફળીની ૬૦૦૦ ગૂણીની અને નવી મગફળીની ૯૦૦૦ ગૂણી મળી કુલ ૧૫,૦૦૦ ગૂણીની આવક હતી, જેમાં જૂની મગફળીનાં વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૧૮૦માં અને નવીના વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૨૫૦માં થયા હતા. આ સિવાય રાજકોટની મંડીમાં આજે નવી આવકો નહોતી, પરંતુ ગઈકાલની શેષ ૮૦૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૧૫૦માં થયાના અહેવાલ હતી. વધુમાં આજે દેશભરમાં સરસવની અંદાજે ચાર લાખ ગૂણીની આવકો થઈ હોવાના તેમ જ જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૭૨૫થી ૬૭૫૦માં થયાના અહેવાલ હતા.

દરમિયાન આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૧૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૭૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૩૫, સિંગતેલના રૂ. ૧૩૮૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૫ અને સરસવના રૂ. ૧૪૩૦ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૧૫ વધીને રૂ. ૨૧૬૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૧૩૫૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# વર્ષ ૨૦૨૪માં દેશમાંથી ચાની નિકાસમાં ૯.૯૨ ટકાનો વધારો

કોલકાતાઃ ગત કેલેન્ડર વર્ષ ૨૦૨૪માં દેશમાંથી ચાની નિકાસ વર્ષ ૨૦૨૩નાં ૨૩.૧૬૯ કરોડ કિલોગ્રામ સામે ૯.૯૨ ટકા વધીને ૨૫.૪૬૭ કરોડ કિલોગ્રામની સપાટીએ રહી છે.

તાજેતરમાં ટી બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલી આંકડાકીય માહિતી અનુસાર ગત કેલેન્ડર વર્ષ ૨૦૨૪માં દેશનાં ઉત્તર ભારતનાં એસ્ટેટોમાં ચાનું ઉત્પાદન આગલા કેલેન્ડર વર્ષ ૨૦૨૩નાં ૧૪.૧ કરોડ કિલોગ્રામ સામે ૯.૭૯ ટકા વધીને ૧૫.૪૮૧ કરોડ કિલોગ્રામની સપાટીએ અને દક્ષિણ ભારતનાં એસ્ટેટોમાં ઉત્પાદન આગલા વર્ષનાં ૯.૦૬૯ કરોડ કિલોગ્રામ સામે ૧૦.૧૧ ટકા વધીને ૯.૯૮૬ કરોડ કિલોગ્રામની સપાટીએ રહ્યું હોવાનું જણાવ્યું છે.

વધુમાં ટી બોર્ડે વર્તમાન કેલેન્ડર વર્ષ ૨૦૨૫નાં પહેલા ત્રિમાસિકગાળા અથવા તો ગત જાન્યુઆરીથી માર્ચ સુધીની પ્રાથમિક આંકડાકીય માહિતી જાહેર કરી છે. જેમાં આ સમયગાળામાં દેશભરમાં ચાનું ઉત્પાદન ગત સાલના સમાનગાળાના ૬.૭૫૩ કરોડ કિલોગ્રામ સામે વધીને ૬.૯૯૨ કરોડ કિલોગ્રામની સપાટીએ રહ્યું છે. આ સમયગાળામાં ઉત્તર ભારતમાં ચાનું ઉત્પાદન આગલા વર્ષનાં સમાનગાળાના ૩.૯૬૫ કરોડ કિલોગ્રામ સામે ૧૨.૫૬ ટકા વધીને ૪.૫૩૫ કરોડ કિલોગ્રામની સપાટીએ અને દક્ષિણ ભારતમાં ચાનું ઉત્પાદન ગત સાલના સમાનગાળાના ૨.૭૮૮ કરોડ કિલોગ્રામ સામે ૧૪.૩૮ ટકા ઘટીને ૨.૩૮૭ કરોડ કિલોગ્રામની સપાટીએ રહ્યું હોવાનું યાદીમાં ઉમેર્યું હતું. ■

# મિડિયમ ગ્રેડની ખાંડમાં ધીમો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૨૦થી ૩૭૭૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સપ્તાહના અંતને કારણે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ અને રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગ ઉપરાંત અમુક માલની ગુણવત્તા પણ સારી આવી હોવાથી ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ ક્વિન્ટલે રૂ. ૧૦ વધી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ માગને ટેકે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૯૨થી ૩૯૫૨માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૯૫૨થી ૪૦૪૨માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૦૦થી ૩૮૪૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૭૦થી ૩૯૧૦માં થયાના અહેવાલ હતા. ■

# ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલીએ બાઉન્સબૅક

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ તાજેતરમાં મધ્ય પૂર્વના દેશોમાં પ્રવર્તી રહેલા ભૂરાજકીય તણાવને ધ્યાનમાં લેતા ક્રૂડતેલના ભાવમાં વધારો અને ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં વિશ્વ બજારમાં વિવિધ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો હતા.

આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ અને ડૉલરમાં મજબૂત વલણ રહ્યું હોવાથી સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે સપ્તાહના અંતે ખાસ કરીને ટીન અને નિકલમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી અને ઔદ્યોગિક માગ પ્રબળ રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૬ અને રૂ. ૧૩નું બાઉન્સબૅક જોવા મળ્યું હતું.

આ સિવાય કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર, કોપર વાયરબાર, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી બેનો સુધારો આવ્યો હતો.

જોકે, આજે એક માત્ર કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. બેનો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હોવાના અહેવાલ હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ટીન અને નિકલમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૬ વધીને રૂ. ૨૮૪૦ અને રૂ. ૧૩ વધીને રૂ. ૧૩૩૫ના મથાળે રહ્યા હતા.

આ સિવાય અન્ય ધાતુઓ જેમાં ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર સ્ક્રેપ હેવી અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૮૩૯ અને રૂ. ૯૧૧ના મથાળે રહ્યા હતા, જ્યારે કોપર આર્મિચર, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૮૨૫, રૂ. ૨૪૭, રૂ. ૨૫૩ અને રૂ. ૧૮૩ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એકમાત્ર કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી સામે નિરસ માગ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૭૬૫ના મથાળે અને ખપપૂરતી માગને ટેકે કોપર કેબલ સ્ક્રેપ, બ્રાસ શીટ કટિંગ્સ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૮૪૯, રૂ. ૫૯૫, રૂ. ૫૫૪ અને રૂ. ૨૦૦ના મથાળે ટકેલા રહ્યા હતા. ■

# એપ્રિલમાં કોલસાની આયાત ચાર ટકા ઘટીને ૨.૪૯૫ કરોડ ટન

નવી દિલ્હીઃ ગત એપ્રિલ મહિનામાં દેશમાં કોલસાની આયાત એપ્રિલ, ૨૦૨૪નાં ૨.૬૧૦ કરોડ ટન સામે ૪.૪ ટકા ઘટીને ૨.૪૯૫ કરોડ ટનની સપાટીએ રહી હોવાના અહેવાલ છે.

તાજેતરમાં બીટૂબી ઈ-કોમર્સ કંપની એમ જંક્શન સર્વિસીસ દ્વારા સંકલિત કરવામાં આવેલી આંકડાકીય માહિતી અનુસાર ગત માર્ચ મહિનામાં થયેલી ૨.૨૭૯ કરોડ ટન કોલસાની આયાતની સરખામણીમાં એપ્રિલ મહિનામાં વધારો જોવા મળ્યો છે.

એકંદરે ગત એપ્રિલ મહિનામાં થયેલી કોલસાની કુલ આયાત પૈકી નોન કૉકિંગ કૉલની આયાત એપ્રિલ, ૨૦૨૪નાં ૧.૭૪૦ કરોડ ટન સામે ઘટીને ૧.૫૯૦ કરોડ ટનની સપાટીએ અને કૉકિંગ કૉલની આયાત એપ્રિલ, ૨૦૨૪ના ૪૯.૭ લાખ ટન સામે વધીને ૫૪.૨ લાખ ટનની સપાટીએ રહી છે. નોંધનીય બાબત એ છે વૈશ્વિક સ્તરે કોલસાના ભાવમાં અન્ડરટોન નરમાઈનો રહ્યો હોવા છતાં સ્થાનિક બજારમાં પર્યાપ્ત સ્ટોકની ઉપલબ્ધિતા હોવાને કારણે આયાતમાં ઘટાડો થયો હોવાનું એમ જંક્શનનાં મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર વિનય વર્માએ જણાવતાં ઉમેર્યું હતું કે આગામી તહેવારોની મોસમ પૂર્વેની માગ ખૂલે નહીં ત્યાં સુધી આ વલણમાં બદલાવ આવે તેવી શક્યતા નથી જણાતી. એકંદરે ગત એપ્રિલ મહિનામાં દેશમાં સ્થાનિક સ્તરે કોલસાનું ઉત્પાદન એપ્રિલ, ૨૦૨૩નાં ૭.૮૭૧ કરોડ ટન સામે ૩.૬ ટકાના દરે વધીને ૮.૧૫૭ કરોડ ટનની સપાટીએ રહ્યું હોવાનું કોલસા મંત્રાલયે પ્રાથમિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. દરમિયાન દેશમાં કોલસાના કુલ ઉત્પાદનમાં ૮૦ ટકા હિસ્સો ધરાવતી કૉલ ઈન્ડિયા લિ.નું ગત એપ્રિલ મહિનામાં કોલસાનું ઉત્પાદન એપ્રિલ, ૨૦૨૪નાં ૬.૧૮ કરોડ ટન સામે સાધારણ વધારા સાથે ૬.૨૧ કરોડ ટનની સપાટીએ રહ્યું હોવાનું કંપનીએ એક ફાઈલિંગમાં જણાવ્યું હતું. જોકે, ગત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં કૉલ ઈન્ડિયાનું કોલસાનું ઉત્પાદન આગલા વર્ષની સરખામણીમાં સાત ટકા વધીને ૭૮.૧૧ કરોડ ટનના સ્તરે રહ્યું હતું. જોકે, ઉત્પાદન ૮૩.૮ કરોડ ટનના લક્ષ્યાંકની સરખામણીમાં ઓછું થયું હતું. જ્યારે વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે કંપનીએ ૮૭.૫ કરોડ ટન કોલસાના ઉત્પાદનનો અને ૯૦ કરોડ ટન કોલસાની રવાનગી અથવા તો ઉપાડનો લક્ષ્યાંક રાખ્યો છે. ■

# ગોવંડીમાં ડમ્પરે બાઈકને કચડતાં ત્રણ બાળક સહિત ચારનાં મોત

**▸ ઉશ્કેરાયેલા લોકોએ રસ્તા પર ઊતરીને વિરોધ પ્રદર્શન કરતાં ટ્રાફિક જૅમ સર્જાયો ▸ ટોળાને વિખેરવા પોલીસે હળવો લાઠીચાર્જ કરવો પડ્યો**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગોવંડીમાં ભરબપોરે પુરઝડપે આવેલા ડમ્પરે બાઇકને અડફેટમાં લેતાં ત્રણ બાળક સહિત ચાર જણનાં મોત થયાં હોવાની ઘટના બની હતી. અકસ્માત બાદ ઉશ્કેરાયેલા નાગરિકોએ ડમ્પરની તોડફોડ કર્યા બાદ રસ્તા પર ઊતરી આવી વિરોધ પ્રદર્શન કર્યું હતું, જેને કારણે ટ્રાફિક જૅમ સર્જાયો હતો. ટોળાને વિખેરવા માટે પોલીસે હળવો લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. દેવનાર પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કર્યો હતો અને અકસ્માત બાદ ફરાર થયેલા ફરાર ડમ્પરચાલકની ધરપકડ કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર ગોવંડીમાં ઘાટકોપર-માનખુર્દ લિંક રોડ પર લોટસ જંક્શન નજીક શનિવારે બપોરેના આ અકસ્માત થયો હતો, જેમાં મૃત્યુ પામેલા ચારેય જણની ઓળખ નૂર મોહંમદ ગાલેન (૪૨), તેનો પુત્ર આર્યન મોહંમદ ગાલેન (૧૧) તથા ભત્રીજા મોહંમદ હુસેન ખાન (૧૧) અને અબ્દુલ ગની ખાન (૯) તરીકે થઇ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર નૂર મોહંમદ સાકીનાકાનો રહેવાસી હતો અને તે તેના બે ભત્રીજાને છોડવા બાઇક પર દેવનાર આવી રહ્યો હતો. એ સમયે નૂર મોહંમદનો પુત્ર આર્યન પણ તેમની સાથે બાઇક પર હતો. ચારેય જણ લોટસ જંક્શન નજીકથી જઇ રહ્યા હતા ત્યારે પાછળથી આવી રહેલા ડમ્પરે તેમની બાઇકને જોરદાર

(જુઓ પાનું ૪) ▸▸

# નીટ યુજી ૨૦૨૫ના ઉમેદવારો સાથે છેતરપિંડી: સીબીઆઇએ બે જણની ધરપકડ કરી

**પૈસાના બદલામાં ગુણ વધારી આપવાનો આરોપીઓ દાવો કરતા હતા**

મુંબઈ: નીટ યુજી ૨૦૨૫માં ઓછા ગુણ મળવાનો ડર હોય એવા ઉમેદવારોને ગુણ વધારી આપવાને નામે મોટી રકમ લઇને છેતરપિંડી આચરવા બદલ સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઇન્વેસ્ટિગેશને (સીબીઆઇ) બે જણની ધરપકડ કરી હતી. આરોપીઓની ઓળખ સોલાપુરના સંદીપ શાહ અને નવી મુંબઈના સલીમ પટેલ તરીકે થઇ હતી. આરોપીઓએ નીટના અનેક ઉમેદવારો અને તેમના વાલીઓને છેતર્યા છે, જે અંગે સીબીઆઇ તપાસ કરી રહી છે.

નેશનલ ટેસ્ટિંગ એજન્સી

(જુઓ પાનું ૪) ▸▸

**▸ મેડિકલ પ્રવેશ પરીક્ષા 'નીટ'માં મહારાષ્ટ્રના સવા લાખ વિદ્યાર્થીઓ પાસ ▸ મહારાષ્ટ્રનો કૃષ્ણાંગ જોશી દેશમાં ત્રીજા ક્રમાંકે**

મુંબઈ: આ વર્ષની રાષ્ટ્રીય સ્તરે લેવામાં આવતી મેડિકલ એન્ટ્રન્સ એક્ઝામ (નીટ)ના પરિણામ જાહેર થયા છે. પરીક્ષામાં મહારાષ્ટ્રના ૧,૨૫,૭૨૭ વિદ્યાર્થીઓ પાત્ર ઠર્યા છે. ટોપ ૧૦ વિદ્યાર્થીઓની યાદીમાં મહારાષ્ટ્રના બે વિદ્યાર્થીઓ છે. મહારાષ્ટ્રમાંથી કૃષ્ણાંગ જોશીએ દેશમાં ત્રીજું અને આરવ અગ્રવાલે ૧૦મું સ્થાન મેળવ્યું છે. મહારાષ્ટ્રના કુલ ૨,૪૮,૨૦૧ વિદ્યાર્થીઓએ મેડિકલ ડિગ્રી પ્રવેશ પરીક્ષા (નીટ

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈ, થાણેમાં મોડી સાંજ બાદ વીજળીના કડાકા સાથે ભારે વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ સહિત થાણેમાં શનિવાર માટે હવામાન ખાતાએ ઓરેન્જ એલર્ટ આપ્યું હતું પણ આખો દિવસ લગભગ કોરો રહ્યા બાદ મોડી સાંજ બાદ મુંબઈ સહિત થાણે અને મુંબઈ મેટ્રોપોલિટન રિજનના વિસ્તારમાં વીજળીના ગડગડાટ સાથે વરસાદના જોરદાર ઝાપટાં પડ્યા હતા. આખો દિવસ વાદળછાયું વાતાવરણ અને હળવા છૂટાછવાયા ઝાપટાં પડવાને કારણે ઓરેન્જ એલર્ટની ચેતવણી ફરી ખોટી પડશે એવું જણાઈ રહ્યું હતું પણ મોડેથી મોટાભાગના વિસ્તારમાં જોરદાર વરસાદના ઝાપટાં પડયા હતા. હવામાન ખાતાની આગાહી મુજબ ૧૮ જૂન સુધી મુંબઈમાં વરસાદ પડવાનો છે. મુંબઈ માટે રવિવારે યલો એલર્ટ અને થાણે માટે ઓરેન્જ એલર્ટની ચેતવણી આપવામાં આવી છે.

મુંબઈમાં મોડી સાંજે દક્ષિણ મુંબઈના ફોર્ટ, કોલાબા, મુલુંડ, ભાંડુપ, વિક્રોલી, પવઈ, દહિંસર, થાણે, કલ્યાણ, ડોંબિવલી અને નવી મુંબઈમાં વીજળીના ગડગડાટ અને ભારે પવન ફૂંકાવાની સાથે જ વરસાદ પડવાનું ચાલુ થઈ ગયું હતું. હવામાન વિભાગના કહેવા મુજબ મુંબઈ સહિત થાણે અને રાજ્યમાં ૧૮ જૂન સુધી વરસાદનું જોર રહેશે, જેમાં મુબઈમાં

(જુઓ પાનું ૪) ▸▸

# રાજ્યમાં કોરોનાના નવા ૫૩ કેસ: બે જણનાં મોત સાથે મરણાંક ૨૭

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રમાં શનિવારે કોરોનાના નવા ૫૩ કેસ નોંધાયા હતા. એ સાથે જ કોરોનાનો જાન્યુઆરીથી અત્યાર સુધી કુલ કેસની સંખ્યા ૧,૯૬૭ થઈ ગઈ છે. આ દરમ્યાન નાગપૂરમાં કોરોનાથી બે દર્દીના મૃત્યુ નોંધાતા જાન્યુઆરીથી અત્યાર સુધીનો મૃત્યુઆંક ૨૭ થઈ ગયો છે.

રાજ્યના આરોગ્ય ખાતાના જણાવ્યા મુજબ શનિવારે મુંબઈમાં ૨૪ નવા કેસ નોંધાયા હતા. પુણેમાં ૧૧, થાણેમાં પાંચ, ત્રણ પિંપરી-ચિંચવડ, બે સાંગલીમાં નોંધાયા હતા. તો એક નવી મુંબઈમાં નોંધાયો હતો. શુક્રવારે નાગપૂરમાં કોરોનાથી બેનાં મૃત્યુ નોંધાયા હતા. એ સાથે જ જાન્યુઆરી, ૨૦૨૫થી અત્યાર સુધીનો કોરોનાથી મૃત્યુઆંક ૨૭નો થઈ ગયો છે. આ મૃત્યુ કોરોનાની સાથે જ અન્ય ગંભીર બીમારી ધરાવતા હોવાને કારણે થયા હોવાનું

(જુઓ પાનું ૪) ▸▸

# ઘાટકોપરમાં સોમવારે નવ કલાક માટે પાણીપુરવઠો બંધ રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઘાટકોપર પાઈપલાઈનનું જોડાણનું કામ હાથ ધરવામાં આવવાનું હોવાથી સોમવારના નવ કલાક માટે પાણીપુરવઠો બંધ રહેશે. તેથી નાગરિકોને પાણી સંભાળીને વાપરવાની અપીલ કરવામાં આવી છે. પાણીપુરવઠા વિભાગના જણાવ્યા મુજબ ઘાટકોપર (પૂર્વ)માં ઘાટકોપર-અંધેરી લિંક રોડ પર લક્ષ્મીબાગ નાળાની બાજુમાં ૬૦૦ મિલીમીટર વ્યાસની પાઈપલાઈનના જોડાણનું કામ હાથ ધરવામાં આવવાનું છે. આ કામ સોમવાર, ૧૬ જૂનના સવારના આઠ વાગ્યે ચાલુ કરવામાં આવશે અને સાંજે પાંચ વાગ્યા સુધી આ કામ ચાલુ રહેશે. પાઈપલાઈન બદલવાનું કામ ચાલુ હશે એ દરમ્યાન લગભગ નવ

(જુઓ પાનું ૪) ▸▸

# આજે રેલવેની ત્રણેય લાઇનમાં બ્લોક

મુંબઈ: સિગ્નલ, ટ્રેક મેઈન્ટેનન્સ જેવા કામ માટે ૧૫મી જૂનના રોજ મેગા બ્લોક હાથ ધરવામાં આવશે.

મધ્ય રેલવેના અધિકારી દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર સીએસએમટી-વિદ્યાવિહાર વચ્ચે અપ-ડાઉન સ્લો લાઈન પર સવારે ૧૧થી સાંજે ૪ વાગ્યા સુધી બ્લોક હાથ ધરવામાં આવશે. બ્લોકના સમય દરમિયાન સીએસએમટી-વિદ્યાવિહાર વચ્ચે અપ-ડાઉન લોકલ અપ-ડાઉન ફાસ્ટ લાઈન પર દોડાવવામાં આવશે. આ લોકલ ભાયખલા, પરેલ, દાદર, માટુંગા, સાયન અને કુર્લા સ્ટેશન પર ઊભી રહેશે. વિદ્યાવિહારથી આ લોકલ ફરી અપ-ડાઉન સ્લો લાઈન પર ડાયવર્ટ કરવામાં આવશે. હાર્બર

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈ એરપોર્ટ પર દાણચોરીનું ₹૧.૪૨ કરોડનું સોનું પકડાયું: ક્રૂ સભ્ય સહિત બેની ધરપકડ

મુંબઈ: ડિરેક્ટરેટ ઓફ રેવન્યૂ ઇન્ટેલિજન્સ (ડીઆરઆઇ)ના અધિકારીઓએ મુંબઈ એરપોર્ટ પરથી દાણચોરીનું ૧.૪૨ કરોડની કિંમતનું સોનું પકડી પાડ્યું હતું અને આ પ્રકરણે ક્રૂ સભ્ય સહિત બે જણની ધરપકડ કરી હતી.

ડીઆરઆઇએ ધરપકડ કરેલા બંને જણની ઓળખ દાદરમાં રહેતા રાકેશ સોહનલાલ રાઠોડ (૫૪) અને થાણેમાં રહેતા અને અગ્રણી વિમાની કંપનીના ક્રૂ સભ્ય ગિરીશ પિંપળે (૫૫) તરીકે થઇ હતી. બંનેને શનિવારે કોર્ટમાં હાજર કરવામાં આવ્યા હતા. રાકેશ રાઠોડના વકીલ તરીકે રાજેશ શાહ અને અડવાની સચવાની હીરા હાજર રહ્યા હતા અને તેમણે કોર્ટમાં દલીલ કરી હતી. કોર્ટે બાદમાં

(જુઓ પાનું ૪) ▸▸

# અમે કૃષિ લોનમાફીનું વચન આપ્યું જ નથી: ભાજપ

મુંબઈ: એક તરફ રાજ્યમાં ખેડૂતોને લોનમાફી આપવાની માગણી જોર પકડી રહી છે ત્યારે ભાજપના અગ્રણી નેતા અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના અત્યંત નજીકના ગણાતા નેતાએ એવું ચોંકાવનારું નિવેદન કર્યું હતું કે ભાજપે ચૂંટણી ઢંઢેરામાં ક્યારેય લોનમાફીનું વચન આપ્યું જ નહોતું.

મહારાષ્ટ્રના પ્રધાન અને ભાજપના નેતા અતુલ સાવેએ શનિવારે કહ્યું હતું કે પાર્ટીએ ૨૦૨૪ વિધાનસભા ચૂંટણી માટેના પોતાના ઢંઢેરામાં કૃષિ લોનમાફીનું વચન આપ્યું જ નથી.

અહીં ઉલ્લેખનીય છે કે વિપક્ષ દ્વારા સતત ભાજપ પર ખેડૂતોને લોનમાફી આપવાની માગણી સાથે પસ્તાળ પાડવામાં આવી રહી છે.

ભૂતપૂર્વ પ્રધાન બચ્ચુ કડુ દ્વારા કરવામાં આવી રહેલી ભૂખ હડતાળ વિશે પૂછવામાં આવતા તેમણે હિંગોલીમાં પત્રકારોને જણાવ્યું હતું કે, 'ભાજપના ચૂંટણી ઢંઢેરામાં કૃષિ લોન માફી આપવાનું કોઈ વચન આપવામાં આવ્યું જ નથી.'

અહીં ઉલ્લેખનીય છે કે પ્રહાર જનશક્તિ પાર્ટીના સ્થાપક બચ્ચુ કડુએ ભાજપની આગેવાની હેઠળની સરકાર દ્વારા સંપૂર્ણ કૃષિ લોન માફીની તેમની મુખ્ય માગણી પર વિચાર કરવાનું સરકાર દ્વારા લેખિતમાં આશ્વાસન આપ્યા બાદ અમરાવતી જિલ્લાના તેવસા તાલુકાના ગુરુકુંજ મોઝારી ખાતે તેમની સાત દિવસની ભૂખ હડતાળ સમાપ્ત કરી હતી. ખેડૂતોને લોનમાફી આપવાનું લેખિત આશ્વાસન આપવામાં આવ્યું હોવા છતાં ભાજપના નેતા દ્વારા કરવામાં આવેલા નિવેદનને કારણે આગામી દિવસોમાં શાબ્દિક યુદ્ધ જોવા મળે એવા અણસાર છે. ■


સ્વિસ-પેરિસ-લંડન
11 ઓગસ્ટ, 7 દિવસ Booking Closing Soon
ઈંગ્લેન્ડ - સ્કોટલેન્ડ આયર્લેન્ડ - વેલ્સ 15 ઓગસ્ટ, 10 દિવસ
સ્પેન-પોર્ટુગલ મોરોક્કો 8 સપ્ટેમ્બર, 10 દિવસ
યુરોપ લંડન સાથે 10 જુલાઈ,11 દિવસ Booking Closing Soon | મોરેશિયસ 4 ઓક્ટો. 6 દિવસ | જાપાન 26 ઓક્ટો. 8 દિવસ
+ 5% TCS. Tour Costs are Dynamic.
વૈષ્ણવી ટુર્સ દાદર
9769318856 9769318872

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"



શ્રી કચ્છી ભાનુશાલી સેવા સમાજ ટ્રસ્ટ



ભાનુ રત્ન ગૌરવ પુરસ્કાર

Bhanu Ratna AWARD



ભાનુ રત્ન ગૌરવ પુરસ્કારથી સન્માનિત શ્રી પ્રતાપભાઈ છગનલાલ જોઈશર (ગોધરા)

શ્રી કચ્છી ભાનુશાલી સેવા સમાજ ટ્રસ્ટ, સમગ્ર કચ્છી ભાનુશાલી જ્ઞાતિની માતૃ સંસ્થા છે જે છેલા ૯૬ વર્ષથી જ્ઞાતિમાં શિક્ષણ, આરોગ્ય અને આવાસ જેવા અનેક ક્ષેત્રોમેં સમાજના વિકાસ માટે સફળતાપૂર્વક અવિરત કાર્ય કરી રહી છે.

કુળદેવી મા હિંગલાજ ની કૃપાદ્રષ્ટિ, ગુરુવર્ય સંતશ્રી ઓધવરામજી મહારાજના આશીર્વાદ, વડીલોના માર્ગદર્શન, દાતાશ્રીઓના દાન અને કાર્યકર્તાઓના કાર્ય અને સમગ્ર ટ્રસ્ટ મંડળ તથા કરોબારી સમિતિની મહેનતથી આજે ભાનુશાલી સમાજ પ્રગતિશીલ થયેલ છે.

ભાનુશાલી સમાજના ઇતિહાસનો સોનેરી પાને લખાયેલો અધ્યાય એટલે શ્રેષ્ટી શ્રી ઉધોગપતિ દાનવીર શ્રી વેલજી નરશી જોઈશર (ગોધરા વાળા) પરિવારનો પ્રચંડ પુરુષાર્થ અને ગૌરવવંતી ભાનુશાલી જ્ઞાતિના વિકાસ માટે તન-મન-ધનથી અપાયેલો તેમનો અણમોલ સહયોગ.

પરમ પૂજ્ય ગુરુવર્ય સંતશ્રી ઓધવરામજી મહારાજના આદેશથી તથા માતૃશ્રી ખેતબાઈ નરશી જોઈશરની પ્રેરણાથી શેઠ શ્રી હરિદાસ વેલજી જોઈશર, શેઠશ્રી પ્રેમજી વેલજી જોઈશર, શેઠશ્રી છગનલાલ વેલજી જોઈશર એવમ સમસ્ત પરિવારના સહકારથી ભાનુશાલી નગરનું નિર્માણ થયું.



આ પરિવારના સભ્ય એવા સમર્પિત કાર્યકર્તા, આદરણીય વડીલ, આજીવન ટ્રસ્ટી અને દિલાવર દાતા શ્રી પ્રતાપભાઈ છગનલાલ વેલજી જોઈશર (ગોધરા) કે જેમણે તન, મન અને ધનથી ભાનુશાલી સમાજને મહત્વનું યોગદાન આપ્યું છે.

એમના અમૂલ્ય અને ભગીરથ યોગદાન બદલ ભાનુ રત્ન ગૌરવ પુરસ્કાર સન્માન આપતા સમસ્ત ભાનુશાલી જ્ઞાતિ ગર્વ સાથે અભિમાન અનુભવે છે.

તારીખ: ૧૪ જૂન ૨૦૨૫

શ્રી કચ્છી ભાનુશાલી સેવા સમાજ ટ્રસ્ટ



bhanusamaj bhanusamaj bhanusamaj.official www.bhanusamaj.org bhanusamaj


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1689/1957.** ''મુંબઈ સમાચાર સાપ્તાહિક'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1689/1957.**